આ ગ્રંથકારનાં બીજાં પુસ્તકો

કર્તાને ત્યાંથી-શ્રી. પી. ઠક્ક, આનંદ બિલ્ડિંગ, મુંબઈ, ૪ અથવા
પુસ્તકવિક્રેતાઓને ત્યાંથી મળશે

ભાંગેલું ગામ	[illegible]
ભક્તકવિશ્રી દયારામનું જીવનચરિત	"
માંડણ બંધારાકૃત ઝોળાણા અથવા પ્રબોધબત્રીશી અને શ્રીધરકૃત રાવણમંદોદરીસંવાદ	શ્રી ફાર્બસ ગુજરાતી મુંબઈ
નરપતિકૃત પંચદંડની વાર્તા	"
મધુસૂદન વ્યાસકૃત હંસાવતીવિક્રમચરિત્રવિવાહ	"
ક્રમિક પાઠ્યપુસ્તક : ૧-૨-૪	એમ. સી. કોઠારી.
ગદ્યસમુચ્ચય : ભાગ ૧	"
ગુજરાતનો નાથ : અવલોકન અને ટીકા	"
ગુજરાતી સાહિત્યના વાત્રાળુઓ : ભાગ ૧	એન. એમ. ત્રિપાઠી ઍ
નવલિકાપુષ્પો : માળા પહેલી	ધી જનરલ બુક ડેપો,

તૈયાર થતાં

ગુજરાતી સાહિત્યના વાત્રાળુઓ : ભાગ ૨ થી ૫
સાહિત્યમંજૂષા ભા. ૧ થી ૩ (શ્રી. ભાનુશંકર વ્યાસ સાથે)
લેખનકલા, નિબંધ અને નિબંધિકાઓ
સાહિત્યવિહાર (વિવેચન) ભાગ ૧-૨
રસવિહાર (કાવ્યસંગ્રહ)
સ્નેહી સંસાર અને બીજી વાતો (નવલિકાસંગ્રહ)
ગુજરાતી શબ્દસિદ્ધિ
માનવજીવનવિકાસનો વર્ણાનુક્રમ

પ્રકાશક : પરમાણંદદાસ પીતાંબરદાસ
માલિક : ધી જનરલ બૂક ડેપો, ૧૧૮, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, નં. ૨
મુદ્રક : મણિલાલ પુરુષોત્તમ મિસ્ત્રી, બી. એ.
આદિત્ય મુદ્રણાલય : રાયખડરોડ : અમદાવાદ

અનુક્રમણિકા

પ્રસ્તાવના

[૧]

માતૃભાષાનું ગૌરવ : શિક્ષણના માધ્યમ તરીકે તેનો ઉપયોગ

ગુજરાતી ભાષા અને તેના સાહિત્યના સદ્ભાગ્યે તેના અંગેઅંગનો વિકાસ શક્ય થઈ રહે તે માટે આપણી મુંબાઈ યુનિવર્સિટીએ ગુજરાતની કેળવણી પ્રજાના પુત્રપુત્રીઓના માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ-ક્રમમાં માતૃભાષાનું સ્થાન ક્રમાનુક્રમનું આગળ પડતું અને મહત્ત્વનું ગણવાનો પ્રબંધ કર્યો છે તે આપણા જીવનવિકાસની દૃષ્ટિએ એક બહુ જ અભિનંદનીય પગલું ગણાય છે. આપણા ગુજરાતીઓની માતૃભાષા ગુજરાતીની એ બાબત હોય કે પછી ભારતના અન્ય પ્રાંતોની માતૃભાષાની એ બાબત હોય, છતાં આપણા પ્રાથમિક શિક્ષણમાં માતૃભાષાને જ પ્રધાન સ્થાન હોય, તે જ માતૃભાષા આપણા માધ્યમિક ને ઉચ્ચ શિક્ષણનું માધ્યમ હોય તો જ ભાષાસાહિત્યાદિ અનેક સાંસ્કારિક ને ઉપયોગી વિદ્યાકળાઓના સંગીન ને વ્યાપક શિક્ષણનો લાભ આપણી પ્રજાની પ્રગતિ વધવા પામે. અંગ્રેજી ભાષાને, તેના વિપુલ સાહિત્યને અને તેના અદ્ભુત વિચારધનને જરા યે તરછોડ્યા વિના આપણે કહી શકીએ કે જેનું પ્રથમ જ સ્થાન યોગ્ય છે એવી માતૃભાષાની જ પ્રથમ પૂજા અને પુનઃસંસ્થાપના તરફ પગલું ભરાવતા આ પ્રબંધ માટે આપણી યુનિવર્સિટીને અને તેના જવાબદાર પ્રેરક આત્માઓને

આપણે ખરેખર ધન્યવાદ આપીશું. અત્યાર સુધીમાં માતૃભાષાઓને બાજુ ઉવેખીને જે શિક્ષણ આપણી પ્રજાને તેના નવીન ઘડતર માટે આપવામાં આવ્યું છે તેમાં અનેક જાતની અયોગ્ય ત્રુટિઓ રહી ગયેલી આપણને જ[illegible] છે; એટલું જ નહીં પણ પરદેશીય ભાષા અને તેના સાહિત્યની [illegible] વંચિત રહેવા સબબથી આપણી આત્મહીન ને નિર્બળ પ્રજાને તો [illegible] બેશુમાર નુકશાન પણ થયું છે અને પ્રજાનો કિમતી જીવનશક્તિનો [illegible] વર્ષો આપી શકે તે જીવનવિકાસ ને હૃદયવિકાસ ઉત્તરોત્તર કુંઠિત થયા છે. નગત ગત્ય આપણી શિક્ષણસંસ્થાઓના સંચાલકોનાં હૃદયો હવે જાગી ઉઠ્યાં એ જોવાને[illegible] આનંદની વાત નથી. જેથી આ શિક્ષણસંસ્થાઓ મા[illegible] ભાષાના આ માધ્યમનો લાભ તેમના વિદ્યાર્થીઓને ને તરફ આપશે[illegible] જેટલા મોટા પ્રમાણમાં આપવા ઉદાર થશે તેટલા જ પ્રમાણમાં તેમ શિખવવાના મોટી સંખ્યાના થઈ પડેલા વિષયો હોવા છતાં તેનું સંગીન તલસ્પર્શી જ્ઞાન તેઓ તેમને સીધી, સરલ અને સંગીન રીતે જરૂર આપી શક[illegible] મુંબાઈ જેવા સર્વસંગ્રાહક શહેરની માધ્યમિક શાળાઓ માતૃભાષાના [illegible] લાભનો પૂરેપૂરો લાભ તેના પચરંગી વિદ્યાર્થીઓને લઈને કદાચ [illegible] ઓછો લે પણ ગુજરાત—તળ ગુજરાત, કચ્છ, કાઠિયાવાડાદિ તેના વિભાગ[illegible] —તો તેના વિદ્યાર્થીઓને માતૃભાષાદ્વારા જ તેમને શિખવવાના પ્રત્યે[illegible] વિષયને જલદી ને સંગીનતાથી હવે શીખવી શકશે; એટલું જ નહીં પ[illegible] માતૃભાષાના માધ્યમથી સરલ થઈ પડેલા વિષયો શીખી લેતાં વિદ્યાર્થી[illegible] પણ ઘણોએક વખત ફાજલ પાડી શકશે અને તેથી તેમનું અંગ્રેજી ભા[illegible] અને તેના સાહિત્યનું જ્ઞાન પણ તેઓ સારી રીતે ઊંડું અને સંગીન ક[illegible] શકશે. અંગ્રેજીના શિક્ષકો અને અધ્યાપકોને હવે કહેવતરૂપ થઈ પડેલ અંગ્રેજીની ભયંકર કચાશ માટે પરીક્ષ્ય વિદ્યાર્થીગણોની જથ્થાબંધ કત[illegible] કરવાનું કે તેમના કમનસીબ અંગ્રેજી સામે ફરિયાદો કરવાનું ઝાઝો વખ[illegible] નહીં રહે. કાલવશાત્ સ્થાનભ્રષ્ટ થયેલી માતૃભાષા પોતાને સ્થાને [illegible] પ્રતિષ્ઠિત થતાં તે અને તેનું સાહિત્ય ઘણીખરી રીતે વિદ્યાર્થીઓ અ[illegible] શિક્ષકોની વહારે ધાશે ને તેમ થતાં તે પોતાનાં વિપુલતા, વિકાસ અ[illegible] ગૌરવને પણ વધારશે જ.

શિક્ષણના વાહન તરીકે માતૃભાષાને પ્રધાનનાએ અવગણવાથી પ્રજા-જીવનને નુકસાન થયું છે તેમ જ માતૃભાષાને અને તેના સાહિત્યને પણ ઓછું નુકસાન થયું નથી. એમના વિકાસ ઘણી રીતે અટક્યા છે. શિક્ષકગણ ને વિદ્યાર્થીગણ બન્ને માતૃભાષાના સ્વાભાવિક પ્રેમ, અભિમાન ને સાહિત્યના જ્ઞાનથી વિહીન થયા છે અને ને એટલે સુધી કે પરદેશીય ભાષા કે તેના સાહિત્યસંસ્કારો પ્રત્યે હૃદયથી અતિ મોહમુગ્ધ બની તેમને શિખવામાં, રાખવામાં ને તેમના ઉપર પ્રભુતા મેળવવામાં સમજ્યેઅણસમજ્યે જે દીર્ઘકાળ, ચોકસાઈ ને ધગશ સમર્પતા તેઓ આવ્યા છે તે કરતાં બહુ જ અલ્પ પ્રમાણમાં તે માતૃભાષા માટે સમર્પતા આવ્યા છે. પરિણામ એ થયું કે થોડાક અપવાદો સિવાય માતૃભાષા કે તેના સાહિત્ય માટે માનવૃત્તિ ને પ્રેમ નષ્ટ થયા. ૬૭ મે મેટ્રિક્યુલેશન જેવી પરીક્ષામા આશરે વીસ ટકા જેટલા વિદ્યાર્થીઓ ગુજરાતીના વિષયમાં પણ નિષ્ફળતા પ્રાપ્ત કરે છે અને જેઓ સફળતા પામે છે તેઓ પણ સારાં કે સંતોષપ્રદ પરિણામ તો નથી જ બતાવી શકતા. ઉચ્ચ પરીક્ષાઓમાં પણ આ જ સ્થિતિ પ્રવર્તે છે. આ દુર્ભાગ્યને દૂર કરવા માતૃભાષા માટે પ્રાપ્ત થયેલા આ વેળાસરના ઉત્તેજનનો લાભ તેને વધુ પ્રિય કરી વિદ્યાર્થીઓને આપવો જોઇએ ને તેમના શિક્ષણને પરદેશીય ભાષાના અસાધ્ય ને અસ્વાભાવિક માધ્યમથી દુર્લભ ને મોઘુ થતું અટકાવીને સુલભ કરવું જોઇએ.

[૨]

ત્વરિત વાચનમાળા તરીકે નવલિકાઓની યોજના

ગુજરાતી ભાષા અને સાહિત્યે તેની વિકટ પરિસ્થિતિઓમા પણ આજ સુધીમા સારો એવો વિકાસ પ્રાપ્ત કર્યો છે પણ જ્યારે તેનો આપણા શિક્ષણમા અને માધ્યમ તરીકે બહોળો ઉપયોગ હવે થશે ત્યારે વધુ મનગમતો એનો વિકાસ થશે એ તો ચોક્કસ જ છે ગુજરાતી સાહિત્યના હાલના વિકાસ-ક્રમમાં તેના અંગોઅંગને ખીલવણી મળી છે તેથી તેના પાઠ્યપુસ્તકોના તેમ જ ત્વરિત યા ઇતર વાચન તરીકેના તેના આદર્શોમા પણ સાહિત્યનાં

નવાંનવાં અંગોના પ્રયોગો દૃષ્ટિગોચર થવા માંડ્યા છે ને તેના [illegible]
પણ આવવા માંડી છે. આ પણ એનું એક નવું પ્રયાણ છે.

ત્વરિત વાચનમાળા તરીકે નવલિકાઓની ઉપયોગિતા ઘણી મોટી છે. આપણા જીવન અને જીવનપ્રસંગોનું વર્ણન કરી, તેને જુદી જુદી કોઈ રીતે ઘડી, તેને કલા સાથે સાકાર કરી, તેને અવનવા વૈચિત્ર્યનું રસકેન્દ્ર બનાવીને આપણા નવલિકાકારોએ તેમની નવલિકાઓ આલેખી છે અને આપણા સાહિત્યના એક વિશિષ્ટ પ્રકાર તરીકે તેને આજકાલ ખીલવી છે તે જોતાં ત્વરિત વાચનમાળા તરીકે એમની ઉપયોગિતા કોઈ રીતે ઓછી કહેવાય નહીં. ગોવર્ધનરામ, કનૈયાલાલ મુનશી વગેરે જે સત્ત્વશાલી નવલકથાકારોએ આપણા નવલસાહિત્યને સુન્દર ને સમૃદ્ધ બનાવ્યું એથી તેમની નવલકથાઓના રસિક સંક્ષેપ કે સાર આપણને હાથ આવી ગયા હોત તો આપણા વિદ્યાર્થીઓની સેવામાં આપણે તેને ત્વરિત વાચન તરીકે બેધડક મૂકી શકત. પણ આવા સાર હાલ તુરત અસ્તિત્વમાં આવે એમ લાગતું નહિ હોવાથી નવલિકાના આપણા આ વિશિષ્ટ પ્રકારની યોગ્યતાને જ આપણે સ્થાપવી જોઈએ; કારણ કે તેમાં બહુ જ ટૂંકાણમાં વિશાળ ને વ્યાપક જીવન અને તેના વિવિધ અને નવાનવા પ્રસંગો સીધી ને સચોટ રીતે ચિતરેલાં હોય છે. ભાષાને સચોટતાથી શીખવાનું એ એક અમોઘ સાધન છે.

[૩]

લોકવાર્તાઓ અને નવલિકાઓ : ઐતિહાસિક રૂપરેખા

"પૃથ્વી ઉપર વસતા ને વિસ્તરતા લોકજીવનના વિકાસની સાથેસાથે આપણી લોકવાર્તાનું વ્યાપક થતું સાહિત્ય ખીલવા લાગ્યું હતું. પ્રત્યેક નાનામોટા મનુષ્યને, પ્રત્યેક દેશમાં અને પ્રત્યેક કાલે, વાર્તા કહેવાનો કહેરાવવાનો, સાંભળવાનો ને સંભળાવવાનો શોખ હતો. પ્રત્યેક પ્રજાએ, પ્રત્યેક દેશે, પ્રત્યેક ભાષાએ વાર્તા પ્રત્યેનો આ સ્વાભાવિક શોખ કેળવીને ખીલવ્યો છે. વાર્તાએ માનવને આનંદ આપ્યો છે, ભૂતવર્તમાનને સજીવ અને

રસિક કર્યો છે, કલ્પનાને જન્માવી છે અને રસવૃત્તિને ઉત્પન્ન કરીને પોષી છે. વાર્તામાં અણુમણુ કલાઓનું સુભગ સંમેલન હોય છે. એમાં રસરસના ભંડાર ભરેલા હોય છે. ધર્મઈતિહાસપુરાણના ઉપદેશ જ્યાં પોતાની આજ્ઞાથી, જૂનાપુરાણા ડહાપણથી કે શિખામણની ક્ષાંભીચોડી ધાતોથી મનુષ્યજીવનને સંસ્કારી કરવામાં નિષ્ફળ નીવડે છે ત્યાં કલામય ટૂંકી વાર્તા મનુષ્યસ્વભાવ અને માનવજીવનનો તાદૃશ અને યથાર્થ ઈતિહાસ કહીને એને રસપુષ્ટ કરી ઉજ્જ્વળ કરે છે ને સંસ્કારી બનાવે છે. એમાં વિનોદ પણ હોય છતાં માત્ર વિનોદ જ હોતો નથી. લોકશિક્ષણનું એ પુરાણપ્રસિદ્ધ જમાનામાં સબળ સાધન છે. ધર્મને જીવંત રાખવાના પ્રયાસ કરતા ધર્માચાર્યોએ, જગતમાં પ્રવાસ ખેડતા પ્રવાસીઓએ, ગૃહસંસારની ઊગતી આશાસ્થાન બાળકો ઊછેરનાર માતાપિતાએ, બહેનોએ ભાઈઓને, ભાઈઓએ બહેનોને ને ગુરુઓએ શિષ્યોને સૌએ રસિક કથા કહીકહીને જ રાષ્ટ્રશિક્ષણ, ગૃહશિક્ષણ, શાળાશિક્ષણ, સંસ્કારશિક્ષણ, ધર્મનીતિશિક્ષણ, પ્રેમશિક્ષણ, અને જીવનશિક્ષણ આપ્યા કર્યું છે અને તેને સતત ચાલુ રાખ્યું છે. વેદના ઋષિઓએ ભગવાન ગૌતમ બુદ્ધે કે મહાવીર સ્વામીએ, ઈસુએ કે તેના શિષ્યગણે, શાસ્ત્રીઓએ અને પુરાણીઓએ, વ્યાસોએ અને માણભટ્ટોએ રસિક વાર્તાસાહિત્યદ્વારા જ પોતપોતાના જીવનસંદેશ જનતાને સંભળાવ્યા છે, અને વાર્તાના પોતાના સ્વાભાવિક રસને લોકસમૂહોએ તે સાંભળવા ને વાંચવા યોગ્ય માન્યો છે. વાર્તાનું સાહિત્ય આમ યુગેયુગે ઉત્તરોત્તર વિકાસક્રમે ખીલતું આવ્યું છે અને હજી એમ ખીલતું જ જાય છે.

ઉત્તરોત્તર ખીલતી આ લોકવાર્તા આમ એનાં જન્મ, વસ્તુસંકલના, રૂપગુણ અને જીવનવિકાસમાં દિવ્ય જ્યોતિઓનો, દેવ અને માનવ વચ્ચેના સેતુરૂપ ધર્મ, અર્થ, કામ અને મોક્ષના પુરુષાર્થોનો આશ્રય કરે છે ને શુદ્ધ પ્રેમને પોતાનો પ્રિય વિષય બનાવીને માનવજાતિથી ઘડાતા સમાજના જીવનમાં અને તેના પ્રસંગોમાં અંગેઅંગે અને આત્માઆત્માએ પ્રવેશ કરે છે. એ દિવ્ય કુમારી પોતાનું નિર્દોષ જીવન વિકસાવી કાલક્રમે યુવતી બને છે. પ્રેમનાં અભિલાષા અને આદર્શ કામના એ પછી નવોઢા બને છે અને

ઉદ્યોતન કહે છે તે પ્રમાણે એ નવોઢા, અલંકારવતી. નૂપુરના રૂમઝૂમ ઝંકાર કરતી, સૌભાગ્યના ઉન્નત ભાવથી ભરીભરી, છટાએ ચાલતી, કોમળ, સુંદર અને ભવ્ય બની પુરૂષના મનને અને જીવનને અનુકૂળ બની રહે છે.''*

× × ×

આપણી ભારતીય વાર્તાઓ અનુક્રમે મહાસંસ્કૃત, પ્રાકૃત, દેશ્ય વગેરે ભાષાપ્રવાહો સાથે પ્રવાસ કરતીકરતી પ્રાચીન અને મધ્યકાલીન અને છેક આધુનિક ગુજરાતમાં આવી છે. પૂર્વપશ્ચિમનો સંગમ થતાં તેને પશ્ચિમની તેની બ્હેનોના નવીન સંસ્કારો પણ પ્રાપ્ત થયા. અને એ રીતે પોતાનું વ્યક્તિગત સ્વરૂપ ખીલવીને એણે પોતાનું સ્થાન આપણા સાહિત્યમાં નક્કી ને અમર કર્યું છે. આપણી લોકવાર્તા ને નવલિકાનો આ ટૂંકો વિકાસક્રમ છે.

અને હાલ તો આપણા ખીલતા સાહિત્યના આમ્રવૃક્ષ ઉપરનું આ નવલિકાફળ કેવું શાખ જેવું સુંદર, સરસ ને સુગંધમય થઈ રહ્યું છે? આપણા હાલના શ્રેષ્ઠ નવલિકાકાર આ વિષે શું કહે છે તે જરા જોઈએ:—

"એટલે જે ટૂંકી વાર્તા સરસ હોય–એક વખત શરૂ થયા પછી અંત સુધી તમને ખેંચી જવાની શક્તિ ધરાવતી હોય અને છતાં એ આકર્ષણ હરપળે તમને જીવનની એક અજાણી દિશા દેખાડતું હોય–જ્યાં જેટલો જોઈએ તેટલો જ સમય લેતી હોય–અને સ્પષ્ટ હોય–તે ટૂંકી વાર્તા ઉત્તમ પ્રકારની કલાકૃતિ કહેવાય.

× × ×

સાહિત્યની કોઈપણ કૃતિ જીવશે કે મરશે—એનો આધાર એના બહારના આકાર ઉપર નથી. એ આકાર એના સર્જકે જે અગ્નિરસ અને તેજતત્ત્વ વડે ઘડ્યો છે એ ઉપર બધો આધાર છે. ઘણી કૃતિઓ ઉત્પન્ન થાય એથી એનો વિનિપાત થવાનો નથી: વિનિપાત વ્યક્તિઓનો

* મારી સંશોધેલી અને સંપાદિત કવિ મધુસૂદન વ્યાસકૃત 'હંસાવતી વિક્રમચરિત્રવિવાહ'ની પ્રસ્તાવનામાંથી ઉધૃત–સંપાદક

ી. હા. એટલું ખરું, એકાદ દોઢ દાયકાને માટે એની ભરતી ઓ
ન તો સાહિત્યનાં ઘણાં અંગોને શિથિલ કરી મૂકશે. પરન્તુ ઉત્તરે
-સાહિત્યની સઘળી ચિરંજીવ કૃતિઓની પેઠે—એ નજર સમક્ષથી ક્ષણ
ક—અને પછી ઉગશે. The story of to-day may destroy itself or be destroyed: but like the Phoenix it is eternal and will renew forever its youth."

—ગૌરીશંકર જોષી (ધૂમકેતુ): રજકણ: તેજ અને છાયા

[૪]

વિદ્યાર્થીવર્ગને આપણી જૂની અને નવી નવલિકાઓનો યથાર્થ સ્વાદ આપવા અને પ્રથમ માળાની વિવિધ દૃષ્ટિએ અનુપૂર્તિ કરવા માટે મેં 'નવલિકાપુષ્પો'ની આ બીજી માળા ગૂંથી છે. આ પુષ્પો યોગ્યતાથી ચૂંટાયાં છે કે કેમ તે બાબત તો મારા કરતાં આ ક્ષેત્રને વિશેષ ફલદ્રુપ કરનાર કોઈ નવલિકાકાર કે વિવેચકની રસિક વૃત્તિ ઉપર છોડવાનું હું યોગ્ય ગણું છું. ગુજરાત અને મહાગુજરાતના મારા વિદ્યાર્થી-બંધુઓ અને શિક્ષકબંધુઓ આવા પ્રકારના શિષ્ટ વાચન વડે ગુજરાતી સાહિત્યના આ અંગથી વધુ પરિચિત થઈ, તેની કલા સાથે સુપરિચિત થઈ, તેદ્વારા તેમના ભાષાજ્ઞાનને સમૃદ્ધ કરશે તો સંપાદનકાર્યના મારા આ સ્નેહશ્રમથી હું કૃતાર્થ થઈશ.

વિદ્યાર્થીવર્ગ માટે પ્રત્યેક લેખકનો ટૂંકો પરિચય ને વાર્તાનું હાર્દ મેં પ્રત્યેક વાર્તાની આગળ આપ્યાં છે. પાછળ 'પ્રકાશિની' આપી અઘરા અને અપરિચિત કેટલાક શબ્દોના પર્યાય પણ આપ્યા છે.

જે જે લેખકબંધુઓએ અને બહેને મારા આ સંપાદનકાર્યમાં પોતપોતાની નવલિકાઓ પ્રસિદ્ધ કરવાની મને ઉદારભાવે તરત જ પરવાનગી આપી છે તે માટે હું તેમનો અત્યન્ત ઋણી છું. તેમના આ બંધુકૃત્યની હું આભારપૂર્વક ખાસ નોંધ લઉં છું. પસંદગી તેમ જ આખા યે કાર્યમાં પ્રેમથી

મને સહકાર આપનાર મારા વિદ્વાન, ઉત્સાહી ને સાહિત્યરસિક મિત્ર શ્રી. ભાનુશંકર વ્યાસનો ઉપકાર તો હું નહીં જ વીસરૂં.

છેવટે આ માળાના પ્રકાશક—શ્રી. પરમાણંદદાસ પીતાંબરદાસ ઠક્કર, માલિક, ધી જનરલ બૂક ડેપો, એઓ—નો પણ હું આભારી છું. તેમના તાત્કાલિક ઉત્સાહને લીધે મને આ કાર્ય કરવામાં અનુકૂલતા મળી અને તેથી જે આ પુસ્તક વેળાસર પ્રસિદ્ધિ પામી શક્યું છે.

સી. પી. ટૅંક,
અનંત ટેરેસિઝ,
મુંબાઈ, નં. ૪
તા. ૩—૬—૧૯૩૭

શંકરપ્રસાદ છગનલાલ રાવલ

નવલિકાપુષ્પો

માળા બીજી

રમણભાઈ નીલકંઠ

[ઇ. સ. ૧૮૬૮–૧૯૨૮]

[સ્વર્ગસ્થ સર રમણભાઈ મહીપતરામ નીલકંઠ અસલ સુરતના નિવાસી, બાલ્યાવસ્થાથી જ અમદાવાદમાં ઉછરી, ત્યાં જ વકીલાત કરી ઉચ્ચ કોટિના વકીલ, લોકસેવક, માર્મિક વિવેચક, કવિ, નવલકાર અને સુધારક તરીકે નિર્મળ કીર્તિ પામી ગયા છે. ઉચ્ચ પ્રકારની ઉદાર માનવતાથી વિભૂષિત એ સજ્જનતાની સાક્ષાત મૂર્તિ હતા. દેખાવે ચિન્તનશીલ પણ સ્વભાવે એ બહુ જ હાસ્યરસિક હતા. આપણા જૂના સાહિત્યમાં હાસ્યરસની માત્ર કહીંકહીં છાંટ જ હતી. નવલરામે એ રસને સાહિત્યમાં ઉતારવાના પહેલા પ્રયત્નો કર્યો. પણ એ રસના યથાર્થ જમાવનાર તો 'ભદ્રંભદ્ર' આદિ સંખ્યાબંધ મોટાનાના લેખોના આલેખક સર રમણભાઈ જ હતા.

રમણભાઈની પ્રવૃત્તિઓ અનેકદેશીય હતી. આમાં સાહિત્ય એ એમનો અપાર પ્રીતિનો વિષય હતો. આ પ્રીતિએ એમની પાસે થોડાં પણ સરસ કાવ્યો, વિવેચનાત્મક લેખમાળાઓ, 'રાઈનો પર્વત' એ એક છતાં સમર્થ નાટક અને વિવિધ પ્રકારના નિબંધો આપણા સાહિત્યના ઇતિહાસમાં નોંધાવ્યા છે.

કોઈક નવલિકાઓ લખી એ નવલિકાકાર પણ થયા છે. 'ચોટ્ટી' નવલિકા એમની અંતિમ નવલિકા છે. બલામણ-ચોટ્ટી-નો વાયુ આપણા માનવસ્વભાવને જ્યાંત્યાં વિનોદપાત્ર કરી રહ્યો છે. આવી ચોટ્ટીના લેવા આવનાર તે સંખ્યાબંધ રમૂજી પાત્રો આ નવલિકામાં એમણે એક પછી એક રજૂ કરીને હાસ્યરસની કલાપૂર્વક જમાવટ કરી એને બહુ જ રસિક અને અસરકારક કરી છે.]

ચીઠ્ઠી

રજાનો દિવસ હતો અને હું ચોકમાં હિંચકે બેસી નવલકથાનું પુ
વાંચતો હતો. નોકરે આવીને કહ્યું, 'કોઈ મળવા આવ્યું છે.' મ
આવનારને અંદર લાવવા મેં સંમતિ આપી. તેને મારી સામે પાટ ઉ
બેસાડી આવવાનું પ્રયોજન પૂછ્યું. તેણે મારા હાથમાં પત્ર મૂક્યો. પ
અક્ષર અજાણ્યા હતા અને તેમાં સહી કરનારનું નામ પણ અજાણ્યું લા
પત્રમાં લખ્યું હતું, "હું ગઈ સાલ આપને આણંદ સ્ટેશને મળ્યો હતો
યાદ હશે. બે ચહા વેચનારા ચહાની તારીફ આપ્યા કરતા હતા ત્યારે
કહેલું કે ટેબલ ઉપર ચહાની દુકાન છે ત્યાંની ચહા આ બંનેથી સારી
કાગળ લાવનારની હકીકત સાંભળી તેની ઈચ્છા પ્રમાણે તેને મદદ કર
મહેરબાની કરશો. તા. ક. આ માણસ મારા સગામાં છે." ચહાનો પ્ર
મારી સ્મૃતિમાં ન હોતો, અને આટલા જૂજ ઓળખાણ ઉપર ભારે બો
મૂકાય છે એમ મને લાગ્યું, પરંતુ 'संबन्धमाभाषणपूर्णमाहुः ।'–વાતચિ
થઈ એટલે તરત મૈત્રી થએલી ગણાય છે–એ રઘુવંશનું વચન લક્ષમાં લ
પત્ર લાવનારને તેની હકીકત કહેવા મેં કહ્યું. તે બોલ્યો:

"મારા ભાણેજ છગનલાલ માટે વહીવટદાર સાહેબ વધારે પગાર
જગાની ભલામણ નથી કરતા. છગનલાલને આ જગાએ અઢી વરસ થ
અને વસતિપત્રકમાં પિંજારાના મહોલ્લામાં એને ગાળો ખાવી પડેલી. પ
છગનલાલ રૂશવત ખાય છે એમ નોંધણી કામદારે વહીવટદાર સાહેબ
મનમાં ખોટો વહેમ ઘાલ્યો છે, પણ નોંધણી કામદારની મરજી એ જગ
પોતાના ભાઈબંધ અમથાલાલના દીકરા છોટાલાલને આપવાની દ
બહારથી એમ બતાવે છે કે અમથાલાલ સાથે મારે ભાઈબંધી નથી. પ
નોંધણી કામદાર અહિં આવ્યા પહેલાં સાવલીમાં હતા ત્યારે અમથાલાલન
ઘરથી ત્રણ ઘર છેટે રહેતા હતા. એ કહે છે કે હું દશ ઘર છેટે રહેતે
હતો તે ખોટું છે. ત્રણ ઘર છેટે રહેતા હતા એવો પુરાવો હું આ
સાહેબને બતાવું."

મેં કહ્યું, "મારે એવો પુરાવો શું કામ જોવો પડે?"

"વહીવટદાર સાહેબની ખાતરી કરાવ કે નોંધણી કામદારને અમથા-લાલ સાથે અણબની છે."

"તમારે તેમની ખાતરી કરવી હોય તો તમે કરો."

"નાયબ ફોજદાર સાહેબને પૂછશો તો તે પણ હા કહેશે."

"શાની હા કહેશે!"

"સાવલીમાં અમથાલાલના ઘરથી ત્રણ ઘર છેટે નોંધણી કામદાર રહેતા હતા તેની, હીંદની ચોરીની તપાસ કરવા નાયબ ફોજદાર સાહેબ ત્યાં ગયા હતા. શેવળીઆનું ઊંટ હતું અને ભાજિયા ચોરી ગયા એવું ચારણ લોક કહેતા હતા."

"આ બધી બલીકત મને કહેવાની શી મતલબ છે!"

"વહીવટદાર સાહેબ ઉપર આપ સાહેબ ચીઠ્ઠી લખી આપો કે છગનલાલ રૂશવત નથી ખાતો અને બચરવાળ છે, તો એની ભલામણ કરે."

"ક્યા ગામના વહીવટદાર અને તેમનું નામ શું?"

ચીઠ્ઠીના પ્રાર્થયિતાએ ગામ અને નામ કહ્યું.

મેં કહ્યું, "પણ હું એઓ સાહેબને ઓળખતો નથી. કોઈ દિવસ એમને મળ્યો નથી."

"પણ આપને તો એ નામે ઓળખતા હશે. આપનું નામ તો જાણીતું છે. એટલું લખી આપો કે છગનલાલ રૂશવત નથી ખાતો અને બચરવાળ છે માટે ભલામણ કરું તો તો ગરીબ માણસનું કામ થાય."

"હું છગનલાલને ઓળખતો નથી. એ ગામે હું કોઈ દિવસ આવ્યો નથી, તો હું શી રીતે કહી શકું કે એ રૂશવત નથી ખાતો? એ બચરવાળ છે તે બતાવવા તો તમે વહીવટદાર સાહેબ આગળ એના છોકરાને લઈ જઈ ઊભાં કરજો. મેં કોઈ એનાં છોકરાં જોયાં છે?"

"નોંધણી કામદારે ખોટો વહેમ ધાર્યો છે તેથી એ માર્યો જાય છે."

"જુઓ ભાઈ, હું તમને નથી ઓળખતો, વહીવટદાર સાહેબને નથી ઓળખતો, નોંધણી કામદારને નથી ઓળખતો, છગનલાલને નથી ઓળખતો. હું આ કામમાં શી રીતે વચ્ચે પડું?"

" [illegible]
[illegible]
[illegible]"

"[illegible]"

"[illegible]
મારે [illegible] આધાર નથી."

"[illegible]
[illegible]"

"[illegible]
થવાની છે."

"તમારી હકીકત મેં સાંભળી લીધી. [illegible]
તેમ નથી."

"પણ સાહેબ, મારો ભાણેજ રૂશવત ખાતો નથી અને અક્કલવાળો છે"

"હું ક્યાં કહું છું કે એ રૂશવત ખાય છે અને અક્કલવાળો નથી"

"તો સાહેબ, ચીઠ્ઠી—"

"ચીઠ્ઠીની વાત કરશો જ નહિ. હવે બંધ કરો."

છગનલાલના પ્રામાણિકપણા વિષે અને ભોળા કુટુંબ વિષે ઘણ આગ્રહનાં વચનો સાંભળી મારે એ માણસને આખરે વિદાય કરવો પડ્યો

નવલકથા આગળ વાંચવી મેં શરૂ કરી. પણ અડધું પાન વાંચ્યું એટલામાં તો બીજો મળનાર આવી પહોંચ્યો. તેણે આપેલો કાગળ વાંચતો હતો, એટલામાં તેણે પાટ ઉપર બેઠાબેઠા ડોકું કરી તથા લાંબો હાથ કરી બૂમો પાડી કે "જગાભાઈ! આવોને! ભગાભાઈ! આવોને! મગાભાઈ! આવોને!" એમ કહી બારણે ઊભેલા પાંચછ માણસોને તે ચોકમાં બોલાવ્યા. અને તેઓ આવી તેની જોડે પાટ ઉપર બેઠા. મ આપેલો કાગળ મારા ઓળખીતાનો હતો. તેથી આ મહાશયને મેં સત્કાર ગણી આગમનનું કારણ પૂછ્યું. પ્રથમ આવનારે કહ્યું, "અમારા ગામમ સરકાર સુધરાઈ ખાતું કાઢે છે."

મેં કહ્યું, "બહુ સારૂં."

બધા બોલી ઊઠ્યા, "શું બહુ સારૂં ! કર નાંખે તેથી અમે બધા મારી માર્યા જઈએ."

"ગામમાં રસ્તા થશે, દીવાબત્તી થશે, નિશાળ નહિ હોય તો નિશાળ થશે, દવાખાનું થશે. એ બધું કંઈ કર નાંખ્યા વગર થાય !"

"અમારે તો એમાંનું કાંઈ ના જોઈએ. નિશાળ તો હોય છે તે સરકારને બંધ કરવી હોય તો બંધ કરે. છોકરા નજીકને ગામ જઈ ભણશે. પણ સુધરાઈ ના જોઈએ. અમારૂં ગામ તો બાપદાદાવારાનું છે. તેમાં સુધરાઈને શું કરવી છે ! આજ લગી સુધરાઈ વિના ચાલ્યું અને હવે સુધરાઈ શા માટે કાઢે છે !"

"એ બધું મને શા માટે કહેવા આવ્યા છો ?"

"દિવાન ઉપર ચીઠ્ઠી લખી આપો કે અમારા ગામમાં સુધરાઈ ના કાઢે !"

"એમ શી રીતે બને ? રાજ્ય દિવાન સાહેબને સલાહ આપે અને હું, અહિં બેઠો બેઠો ચીઠ્ઠીઓ લખું કે "આમ કરજો અને આમ ન કરજો ! રાજ્યકારભારના કામમાં માથું મારવાનો મને શો હક ?"

"આપ દિવાન સાહેબને લખો કે આ ગામ સુધરાઈ કાઢવા સરખું નથી. સુધરાઈથી ગામમાં ખટપટ વધશે માટે સુધરાઈ કાઢવી ન જોઈએ."

"દિવાન સાહેબે તજવીજ કરીને અને કાગળો વાંચીને જે અભિપ્રાય બાંધ્યો હોય તે મારી ચીઠ્ઠીથી ફેરવી નાખે એ આપની માગણી વાજબી છે ? જેને માથે ગામની જવાબદારી હોય તે નક્કી કરે કે કયાં પગલાં લેવાં કે ન લેવાં. હું એમાં મારો અભિપ્રાય આપી શકું નહિ."

"ત્યારે તો ઠીક કે તમે ગયા એટલે ચીઠ્ઠી લખી આપજો."

"મારે કયા રીતે વર્તવું એ નિર્ણય કરવાની મોટીઘણી છૂટ તો મને ખરી કે નહિ !"

"એ ગામમાં સુધરાઈ સ્થપાવાથી પડવાના દુઃખ વિષે અને કલ્પનાઓ સમજાવી ડેપ્યુટેશન ઘણું આનાકાનીથી વિદાય થયું."

નવલકથાનું પાનું હું પૂરૂં કરી રહ્યો એટલે એક વહોરાને લઈ એક માણસ આવ્યો. તેણે કહ્યું, '—ભાઈએ કહ્યું છે કે આ વહોરાજીની હકીકત માટે એને ચીઠ્ઠી લખી આપવા જેવું છે.' સંદેશો કહી તે ચાલતો થયો અને વહોરાજીને બક્ષીસરૂપે મૂકતો ગયો. વહોરાજીને પૂછતાં માલમ પડ્યું કે કૉર્ટમાં તેની અપીલ ચાલવાની હતી. તે કૉર્ટના ન્યાયાધીશ પર ચીઠ્ઠી જોઈતી હતી. મેં કહ્યું.

"ઇન્સાફના કામમાં ચીઠ્ઠી અપાય નહિ."

"મેં બી એવી ચીઠ્ઠી માંગુચ કે ઇન્સાફ કરજો."

"એઓ સાહેબ હમેશ ઇન્સાફ જ કરે છે ત્યારે ચીઠ્ઠીની જરૂર શી?"

"ફક્ત જમની અને દાબી આંખ જેતલો ફરક રાખે એતલી મારી અરજ છે."

"મતલબ કે મારે લખવું કે આ વહોરાજી તરફ પક્ષપાત કરી ગેરઇન્સાફ કરજો."

"નહિ સાબ. આડમજાટને દાબીજમનીમાં ફરક કરવો પરે છ."

"ઇન્સાફ કરનારને તો જેનું ખરું હોય તે જમણો અને જેનું ખોટું હોય તે ડાબો. તમારું ખોટું જણાય તો પણ ન્યાયાધીશ તમને જમણા ગણે એવી ભલામણ શી રીતે કરી શકાય?"

"ભાઈએ ટો કયું કે ટમને જરૂર ચીઠ્ઠી લીખી આપસે."

"એઓ માણસ તો બહુ મોટા માણસ છે. એમણે આવી ભલામણ કરી તે બહુ નવાઈ લાગે છે- પણ ઇન્સાફના કામમાં ન્યાયાધીશને હું કદી ચીઠ્ઠી લખતો નથી કે ભલામણ કરતો નથી."

ડાબીજમણી આંખની ફિલસુફી મને અનેક પ્રકારે ફરીફરીથી સમજાવી વહોરાજી ઘણી નામરજીથી વિદાય થયા પરંતુ નવલકથા આગળ વાંચવાનું મારા નસીબમાં ન હોતું. મારો જૂના વખતનો જાણીતો અને સરકારી નોકરીમાંથી બરતરફ થયેલો એક કારકુન તરત દાખલ થયો. તેની બરતરફીના હુકમમાં રહેલી ભૂલો વિષે વિસ્તારી વિવેચન તેણે મને અનેકવાર સમજાવ્યું હતું, અને તેની પુનરુક્તિ માટે હું સજ્જ થયો. પરંતુ હવે તેણે જૂદી દિશામાં વહાણ વાળ્યું હતું. તે બોલ્યોઃ

"મારી પ્રથમની નોકરી પાછી મેળવવાની માથાકુટ મેં મૂકી દીધી છે. મને બીજી નોકરી મળે તો બસ છે. તમે મારા છોકરાને નિશાળમાં, નોકરી અપાવી પણ ઇજનેર ખાતામાં નોકરી માટે મેં અરજી કરી છે. માટે ઇજનેર સાહેબ ઉપર મને ચીઠ્ઠી લખી આપો કે એમના ખાતામાં જો નોકરી મારા લાયક હોય તો મને રાખે. અને ઇજનેર સાહેબના ઉપરી સાથે તમારે ઓળખાણ હોય તો તેમના પર ચીઠ્ઠી લખી આપો અને વસુલાત ખાતાના મોટામા મોટા અધિકારી સાથે તમારે પીછાણ હોય તો તેના પર ચીઠ્ઠી લખી આપો કે તમારા તાબાના સૌ અધિકારીઓને ભલામણ કરજો કે રૂ. ૭૫ ની જગા ખાલી પડે ત્યારે પહેલી આ માણસને આપે. અને જંગલ ખાતાના ઉપરીને તમે ઓળખતા હો તો તેના ઉપર ચીઠ્ઠી લખી આપો કે ખાલી પડતી જગા આ માણસને આપજો. અને હાલ જગા ખાલી ન હોય તો નવી જગા કહાડી આપજો. તમે લખશો તો જરૂર નવી જગા કહાડશે. મીઠા ખાતાના ઉપરીને તો તમે ઓળખો છો માટે તેના પર ચીઠ્ઠી લખી આપો કે મારો માણસ છે માટે આને જગા આપ્યા વગર ચાલે તેવુ નથી; કોઈ એમની વિરુદ્ધ કહે તો સાંભળશો નહિ."

"તેના કરતાં હું તમને ગવર્નર જનરલ પર ચીઠ્ઠી લખી આપુ તો કેમ?"

"શી ચીઠ્ઠી લખી આપશો?"

"ચીઠ્ઠીમાં એમ લખુ કે આ માણસને સરકારી તીજોરીમાંથી એક લાખ રૂપીઆ આપજો. કેમકે નાણાં વિના એ બહુ દુ:ખી થાય છે."

"તમારે મન તો મશ્કરી છે પણ અમે કામધધા વગર હેરાન થઇએ છીએ."

"ત્યારે તમે જૂદાજૂદા અમલદારો પર મારી પાસે અણુઘટતી ચીઠ્ઠીઓ લખાવી મારી હાસી કરવા પ્રયત્ન કરો છો, એ તમારા ધ્યાનમા નથી આવતુ! એવી માગણી હું કરૂ ને તેઓ સ્વીકારી શકે?"

"માગણી કરવામા તમારુ શુ જાય છે? મારૂં નસીબ સારૂં હશે તો કોઈ જગાએ જોગવાઈ થઈ જશે."

"તમારે [illegible] [illegible] નથી."

"સાહેબ, [illegible] [illegible] [illegible] કેમ આવે છે?"

"મને એવો વિચાર આવે છે કે [illegible] તમારી [illegible] ચીઠ્ઠી લખી આપું કે 'આ માણસે [illegible] ગુણ કર્યો તો [illegible] નથી,' [illegible] પછી તમારે આ દુનિયાની વાતોની કાંઈ પરવા જ કરવાની નહિ. [illegible] તમે સ્વર્ગમાં જશો [illegible] [illegible] બચાવ કરશે."

"બહુ તો મારે આટલું કહેવું છે. રસ્તા બાંધનારા [illegible] લખવાની હંગામી નોકરી મને મળે તેવી ચીઠ્ઠી લખી આપો એટલે બસ છે. હું રૂશવત લીધા માટે બરતરફ થયો નથી પણ વગર રજાએ ગેરહાજર રહેવા માટે બરતરફ થયો છું એટલું ચીઠ્ઠીમાં સમજાવજો."

ચીઠ્ઠી લઈ તે વિદાય થયો. પણ, સૂર્ય આથમે ને ચન્દ્ર ઊગે તેમ તેની પીઠ અદૃશ્ય થઈ ને તરત એક કંટ્રાટી દાખલ થયા. તેણે એક મ્યુનિસિપાલિટીની નિશાળનું મકાન બાંધવાનો કૉન્ટ્રાક્ટ રાખ્યો હતો. પણ બાંધકામમાં ચૂનાને ઠેકાણે છારું વાપર્યું હતું. ઈંટો પાકી લાલને બદલે આમરસી વાપરી હતી. લાકડાં મલબારી સાગને બદલે વલસાડી સાગ વાપર્યાં હતાં પાટિયાં આખાંને બદલે ફાટવાળાં વાપર્યાં હતાં. વળીઓ ઓછી જાડાઈની વાપરી હતી. અને સ્ક્રુને બદલે ખીલા વાપર્યા હતા. પાયા શરત પ્રમાણે ઊંડા કર્યાં ન હોતા; એવા કારણથી મ્યુનિસિપાલિટી તરફથી કૉન્ટ્રાક્ટના પૈસા મળતા ન હોતા.

મેં પૂછ્યું, "મ્યુનિસિપાલિટી આ વાંધા કાઢે છે તે ખોટા છે?"

"બીજા અદાવતીઆ કંટ્રાટીઓની નનામી અરજીઓ પરથી મ્યુનિસિપાલિટીએ આ વાંધા કહાડ્યા છે."

"પણ કોઈએ આ બાંધાના ખરાખોટાપણા વિષે તજવીજ કરી છે?"

"સરકારી ઈજનેર ખાતાના ઓવરસિયરે મ્યુનિસિપાલિટીના લખાણ ઉપરથી તજવીજ કરી છે."

"તેમણે શો રિપોર્ટ કર્યો છે?"

"તેમણે તો લખ્યું છે કે મકાન તદ્દન ખરાબ છે અને પાડી નાંખવું જોઈએ."

"એટલે આ બધા વાંધા એમને ખરા લાગ્યા છે!"

"હા, પણ મારા અદાવતીઆની ખટપટથી આ કામ ઊભું થયું છે?"

"કામ ઊભું થવાનું કારણ ગમે તે હોય પણ તમે કૉન્ટ્રાક્ટ પ્રમાણે બાંધકામ કર્યું નહિ અને નબળું મકાન કર્યું તો તમને મ્યુનિસિપાલિટી નાણાં શી રીતે આપે?"

"સાહેબ, હું માર્યો જાઉં છું. મારે માલ માટે વેપારીઓનાં બિલ ચૂકવવાનાં છે અને કડીઆસૂતારના રોજ ચૂકવવાના છે. મ્યુનિસિપાલિટી પૈસા ન આપે તો હું શી રીતે નાણાં પતાવું?"

"કપટ કર્યું તો તેનું ફળ ભોગવો."

'કપટ શાનું? બધા કંટ્રાટીઓ એમ જ કરે છે. એ તો 'છીંડે ચઢ્યો તે ચોર' કંટ્રાક્ટ પ્રમાણે બધું કામ કરે તો કંટ્રાટીઓ કમાય શું? વચમાંના નાના નોકરોનાં મન મનાવવાં પડે અને હરીફાઈમાં કંટ્રાક્ટની રકમ તો ઓછી નાખવી પડે. ગફલતફારી વિના ચલો ચાલે નહિ."

"એ નીતિશાસ્ત્ર તમને મુબારક હો. પણ હું આ કામમાં શું કરી શકું?"

'મ્યુનિસિપાલિટીના સેક્રેટરી સાહેબ ઉપર આપ ચીઠ્ઠી લખી આપો તો મારું કામ થાય.'

"એવી ચીઠ્ઠી લખી આપું કે મ્યુનિસિપાલિટીનું હિત બગાડી આ માણસને નાણાં આપજો?"

"સેક્રેટરી સાહેબ તો ધારે તે કરી શકે."

"શું ધારે? તમારા બાંધકામ માટે ઇજનેર ખાતાએ રિપોર્ટ કર્યો હશે, એમણે પોતે રિપોર્ટ કર્યો હશે, સરકારી ઓવરસિયરે રિપોર્ટ કર્યો છે, તે છતાં તમને નાણાં આપવાનું શા રીતે ધારે?"

"તેથી શું!"

"એ તુમાર ગૂમ થઈ જાય તો હું બીજા સારા રિપોર્ટ મેળવી શકું."

"સેક્રેટરી સાહેબને દગો કરવા ચીઠ્ઠી લખું એવી સૂચના કરતાં શરમ નથી આવતી?"

"સાહેબ, હું માર્યો જાઉં છું, બચરવાળ છું, ગરીબ માણસ છું. આપ ભલામણ ન કરશો. પણ ચીઠ્ઠી લખી આપો તો બસ છે. હું તે ચીઠ્ઠી લઇને સેક્રેટરી સાહેબને આપીશ. ચીઠ્ઠીમાં ગમે તે લખજો."

"ગમે તે લખીશ તો ચાલશે?"

"હા, સાહેબ." નોટ પેપર લઈ તે પર મેં ચીઠ્ઠી લખી આ પ્રમાણે વાંચી સંભળાવી:

"આ ચીઠ્ઠી લાવનાર જે માગણી કરે છે તે એવી અઘટિત છે કે હું તેની ભલામણ કરું જ નહિ. પણ ગરજવાનને અક્કલ નથી હોતી અને સ્વાર્થથી અંધાપો આવે છે તેના નમૂના તરીકે આ માણસને આપની પાસે મોકલું છું. એ કહેશે તેથી આપને ક્રોધ ચઢશે. પણ કામના બોજામાં રમુજ પણ થશે."

"તે બોલી ઊઠ્યો, "સાહેબ! આવી ચીઠ્ઠી!"

"તમે તો કહો છો ને કે ગમે તેવી ચીઠ્ઠી લખશો તો ચાલશે."

"ગમે તેવી એટલે મને ગમે તે રીતે ફાયદો કરે તેવી."

"હવે તમે અહિંથી ચાલ્યા જાઓ, નહિ તો તમે કરવા ધારેલા દગા વિષે હું પોલિસને ખબર આપીશ."

"કંટ્રાટી ચાલ્યો ગયો. "ગમે તેવી" ચીઠ્ઠી પડી રહી.

ચીઠ્ઠીના પ્રાર્થયિતાની 'લેવી' સાંઝ સુધી ચાલુ રહી. નોકરી માટે, બદલી માટે, ઘર ભાડે આપવા માટે, વરકન્યાના સગપણ માટે, મફત મોતીઓ કાઢવા માટે, વેપારી ભાગીદારીમાં સામેલ કરવા માટે, કરામાં બારણું મૂકવા દેવા માટે વગેરે વગેરે કામ કરવા માટે ભલામણની ચીઠ્ઠીઓ માગનારા એક પછી એક આવતા જ ગયા. મને શક પડ્યો કે મારે બારણે કોઈએ પાટીયું માર્યું હશે કે "આ ઠેકાણે ચીઠ્ઠીઓ અપાય છે." તે માટે હું એટલે જઇને

જોઈ આવ્યો પણ એવું પાટીયું જોવામાં આવ્યું નહિ. પ્રાતઃકાળે આશા રાખી હતી કે આજે રજા છે તેથી આરામ લેવાશે, નવલકથા વંચાશે, અને દહાડાની ઘોડી ઊંઘ લેવાશે, તે બધી આશા વ્યર્થ ગઈ. સૂર્યાસ્ત થયો હતો ત્યારે સ્વ. મણિશંકરના 'વસન્તવિજય'માંના એક શ્લોકમાં થોડા શબ્દ બદલી હું ઉચ્ચારવા લાગ્યો,

"પેલી બની બધી સૃષ્ટિ ચોહ્નીમાં લાલ ન્હાય છે!
હાય! એકજ આ મારા હૈયામાં હૈક થાય છે."

ચોહ્ની લખી આપવાનો હક્ક હોઈને વેચાતો લેવો હોય તો એક પૈસા માટે 'કુલ અભરામ નદાવે' 'અઘાટ' વેચાણ કરી આપવા હું ખુશ છું.

卐

[૨]

[illegible] ત્રિવેદી

[જન્મ : ઈ. સ. ૧૮૯૨]

[કાઠીઆવાડનું ઝવેરાત [illegible] સાહિત્ય [illegible] કરી તેને [illegible] ને રસિક શૈલીમાં ગુજરાત આગળ મૂકનારાઓમાં એક શ્રી [illegible] શંકર ત્રિવેદી છે. વિનય અને નિષ્કામવૃત્તિથી એમણે [illegible] સાહિત્યસેવા બજાવી છે. "કાઠીઆવાડની જૂની વાર્તાઓ"ના રસિક સંગ્રહનું સંપાદનકાર્ય એમણે ૧૯૨૨માં આરંભ્યું હતું. એ સંગ્રહના બે સુંદર ભાગ પ્રસિદ્ધ થઈ ગયા છે.

'પીઠો હાટી અને વેજલ' એ કાઠિયાવાડી જના જીવનની એક જૂની વાર્તા છે. બે વીરો એકબીજાની વીરતાથી આકર્ષાઈ અજાણ્યા છતાં ગાઢ મિત્રો બન્યા છે. એકની ગેરહાજરીમાં બીજો એક રાતે સતી મિત્રપત્નીનો મહેમાન થયો ત્યાં તો ઘેર આવી એ વીરમિત્ર શંકાશીલ થઈ ગયો. શીયળવતી વેજલની કસોટી થઈ પડી. પતિના મેણાથી સતી આખરે પેલા મહેમાનને ઘેર જઈ એની પત્ની બને છે. પરિણામે વીરમિત્રો વચ્ચે કંકાસ રચાયું પણ અંતે ઉદારતા ને શૂરતા પ્રત્યક્ષ થઈ અને બન્ને વીરો વધુ નિકટના સગા ને મિત્રો બન્યા.]

પીઠો હાટી અને વેજલ

મર્દને તો મર્દ જ પીછાણે છે. તેની કિંમત તે જ કરી શકે. હાટીના આળિયાનો પીઠો હાટી પોતાની બહાદૂરી માટે ચારે દિશામાં પોતાનું નામ પ્રખ્યાત કરી રહ્યો હતો. મોટાંમોટાં શહેર લૂંટવાં ને મૂછે તા' દેતાં ચાલ્યા આવવું; પણ કોઈ પીઠાનું નામ લઈ શકતું નહિ. પીઠો જેમ બહાદૂરીમાં જગંજાહેર હતો તેમ જ ભંડારીઆનો ભોજો કામળિયો પણ મર્દાઈમાં તેનાથી જાય તેવો ન હોતો. તેની પણ હેરત પમાડે એવી બહાદૂરી લોકમાં ગવાઈ

રહી હતી હાટી જેવો સ્વરૂપવાન, કોર વર્ણનો હતો તેવા જ કામણગો કાળો ચોગાસ જેવો તથા ખડતલ તે વિરાજ હતો. બહાદુરીમાં તે બને એકબીજાથી જાય તેવા ન હોતા; પણ રૂપમાં, ગુણમાં તો બને એકબીજાથી તદ્દન જુદા પડતા. હાટી સૌન્દર્યનો પૂજારી હતો. બોજને આને પરનું એક વાગણુ લાગતો. પણ બોજના મનમાં એટલો તો પોરસ કે પોતાની સ્ત્રીનું કોઈ નામ લે તો તેનું માથું જ વાઢે. બને વીરની પ્રતિમા ઘેરઘેર થવા લાગી. પીરાના મનમાં કે આવા વીર કામણીઆને કોઈ વાર જોઉં, ને કામણીઆ બોજના મનમાં કે પીરાને કોઈ વાર મળવું. આમ એકબીજા એકબીજાના ગુણાનુરાગી બન્યા. વગર દીઠે મિત્ર બન્યા. વીરત્વ તે મૈત્રીને દૃઢ બનાવી રહ્યું હતું.

એક વખતે બોજો કોઈ ઠેકાણે લૂંટ કરવા ગયો હતો ને એકબે દિવસ થઈ ગયા પણ ઘેર આવ્યો ન હોતો. તેવામાં બહારિયા પાસે થઈને પીરો હાટી કાંઈ ધાડ કરીને નીકળ્યો. તેણે સાંભળ્યું કે આ બોજનું ગામ છે એટલે તેને "રામ રામ" કરી પછી ચડી જવાનો પીરે વિચાર કર્યો. તે બહારિયે આવ્યો. અનુચરને મોકલી બોજને ખબર કહાવ્યા કે પીરો બહાર ઝાંપે છે ને મળવા આવે છે. બોજો ઘેર ન હોતો પણ તેની સ્ત્રી વેજલે તે અનુચરના મુખથી સાંભળ્યું કે પીરો આવ્યો છે. બોજના નોકરે ઘરમાં બાઈને પૂછ્યા વગર જવાબ આપ્યો કે કામળિયો ઘેર નથી અને તેના જવાબમાં પીરાનો અનુચર હજુ તો જવાબ દે છે કે 'કામળિયો આવે ત્યારે પીરા હાટીના "રામ રામ" તેને કહેજો,' ત્યાં તો વેજલે કહાવી મોકલ્યું કે:

"હું હાટી હાલ્યો જાય, કા પાદરથી અમારા પીડીઓ?
પીરો તો અમારા પ્રાણ' રે સગો નાડયુ સામની."

—અરે, એ હાટી' અમારા ગામને પાદરથી શાને માટે ચાલ્યો જાય છે? એ પીરો તો અમારા પ્રાણ સમાન છે, તે તો અમારા પ્રાણની નાડી છે; જીવનનું જીવન છે.

પોતાના પતિનો તે મિત્ર છે, વીર છે, આમ અચભૂચ ચાલ્યો જાય તે ઠીક નથી થતું ગણી વેજલે એકદમ પોતાના નોકરને હાટીને રોકવા દોડાવ્યો.

જેજે કોઇ તેને સામું મળતું તે આવી અસાધારણ સૌંદર્યની મૂર્તિને
રહેતું. વેજલનું ચન્દ્રમુખ તો સાળુમાં ઢંકાયલ હતું, પણ જેમ આછીઆ
વાદળીની ચાદરમાં શરદપૂનમનો ચંદ્ર ઢંકાય તેવું, અંદરથી તેજસ્વી શુક
શુક સમાન નેત્રના ચમકારા ચાલતા હતા. વેજલ ધીમેધીમે ચાલતી હ
પણ સ્વાભાવિક રીતે તેની કોમળ પાની લાલ રંગ ધારણ કરી રહી હ
આ સર્વ જોનારને સાનંદાશ્ચર્યમાં ગરકાવ કરે તેવું હતું. ચાલતીચાલ
હીંચ લેતી વેજલ હવે ચોરા પાસે આવી. હકડે ઠઠ ભરાયેલો દાયરો
અલૌકિક સૌંદર્યવતી કામિની માથે હેલ લઇ ચાલી આવે છે તે કોણ
એમ વિસ્મય પામી રહ્યો. ત્યાં તો વેજલ ચોરા પાસે આવી ઊભી. ર
કોઈ તેને જોઇ રહ્યા. દાસી પડખે ઊભી રહી. પીઠો ઊઠી ઊભો થયો. ..
કોઇ તેની સાથે ઊઠયા ત્યાં તો વેજાલ બોલી:

" ઊજળમાંથી આવતી મેં વાટે નથી કરી વેલ;
હાટી! તું ઊતારને હેલ નૈં તો પગમાંથી નિકળી જા પીઠિયા!"

—અરે મર્દ પીઠા હાટી! હું મારી મરજીથી-હોંશેથી-આવી છું. મેં
કાંઈ મારગમાંથી વેલડું ભાડે કરી લીધું નથી. હે હાટી! તું મારે માથેથી
આ હેલ ઊતાર; અને જો તેમ કરવા તારી હિંમત ન ચાલે તો મારા પગ
નીચેથી નીસરી જા.

એક સ્ત્રીનાં "પગ નીચેથી નીસરી જા" એ વચન તો પોરસેલ
મર્દને અસહ્ય છે. ગમે તે થાય, માથું જાય તો ભલે, પણ સ્ત્રીનાં આવાં
વેણ વીરમર્દ છાનોમાનો સાંભળી ન રહે. પીઠો ઘડી બે ઘડી વિમાસી રહ્યો.
'અરે વેજલ, તું આમ ન બોલ, ભોજો મારો મિત્ર, તેની તું ઓરત, તેને
આમ ઘરમાં બેસારાય નહીં. વેજલ! આમ કાં?' વગેરે વાક્યોથી પીઠો
વેજલને સમઝાવવા લાગ્યો; પણ વિના કારણે અપમાન પામેલ વેજલે કશો
જવાબ ન દેતાં કહ્યું, 'કાં તો આ હેલ ઊતાર, નહિ તો તું તારી સમશેર
નાખી દે. શું થયું! કેમ આવી? એ સર્વ હું તને પછી કહીશ.'
પણ પીઠો કાંઇ માનતો નથી. તે તો વિચારમાં પડી ગયો.
'હવે કરવું શું?' આ સ્ત્રી હઠ લઇને ઊભી છે. દાયરો સર્વ હાજર છે.

ભોજાની ઘરવાળી છે, ને ભોજો મારો મિત્ર! હવે શું થાય? ત્યાં ડાયરામાંથી કેટલાક બોલી ઊઠયા, 'ઊતારો હેલ, ને જોઈ લેશું કામળિયો શું કરે છે!' 'અરે ભાઈ! તમો સમજો નહિ. એ તો એરુના રાફડામાં હાથ નાખવા બરાબર છે, હું ભોજાને જાણું છું. તે મારો મિત્ર છે. નહિ તો વળી મારું કે જાસે થાય તે ખરું.' આમ પીઠે જવાબ આપ્યો, ત્યાં વેજલે કહ્યું: 'રે હાટી! તું મારી અવગણના કરે છે? તું મરદ થઈને આમ બીએ છે! તારી મૂછ જે ફરકી રહી છે તેનું પાણી હવે ઊતરી જવા વારો આવ્યો." આવાં તીખાં ઝેરભર્યાં વાગ્બાણ વેજલે પીઠાને વીંધવા છોડયાં છતાં ય પીઠે હજુ વેજલને કહ્યું, "વેજલ, તું આમ ઘેલાં કાઢ મા; પાછી ભોજાને ઘેર જા. હું તારી સાથે આવી કામળિયાના મનનું સમાધાન કરું." વેજલ કોઈ વાતે માની નહિ; તેણે તો ઊલટું દૃઢતાથી કહ્યું:

"કર કરગઈએ ઈ મડાં પોગે મસાણ;
ઈ તું લે ઓળખાણ; કોઈ પાછું આવ્યું પીઠીઆ?

—રે પીઠા, જે મડદું મેલી પર ચડયું છે એને તો મસાણે જ પહોંચ્યે છૂટકો. એ તે કોઈ પાછું ઘેર આવે? કોઈ પાછું ઘેર આવ્યું છે! ના, નહિ જ.

ત્યારે તું આ દૃષ્ટાંત ધ્યાનમાં લે ને પછી મને આમ સમજાવવાની મહેનત લે. હું તારા વીરત્વની કસોટી જોઉં છું. મને ભોજે તારા ઘરમાં બેસવા મોકલી છે. તો હવે તું કેમ ડરે છે? ખરેખર કામળિયાની તલવારનો તને ભય છે. તું આમ નામર્દ જેવું કેમ બકે છે?

સ્ત્રીના મુખથી છૂટતાં આવાં વજ્રસમાન વચનો મર્દ પીઠાને બીજો કોઈ પણ વિચાર તજાવી વેજલને રક્ષણ આપવા પ્રેરવા માટે પૂરતાં હતાં. સર્વ ડાયરા સમક્ષ પીઠે હેલ ઊતારવા પોતાના બન્ને કર લાંબા કર્યા. ત્યાં તેના હૃદયની કસોટી કાઢવા વેજલ બોલી

"કામળા કેદ પીઠા' તે કે પાલટવા;
આ વાઘરિયા ઘેર વેઠનો વવયો છે."

—સાંભળ પીઠા, તેં તારા બાહુબળથી કંઈક મહાન કિલ્લા તોડી નાખ્યા. પણ આ ભોજાની વેજલના વાઘરાનો ઘેર બહુ જ વસમો છે. મને રાખવી સહેલાં નથી

મર્દ પીઠો કંઈ કરે તેમ ન હતો. પણ ભોજનું નામ તેને આડું જ આડું આવતું હતું. ભોજ કરતાં ય કોઈ વખતે સામાન્ય સ્ત્રી જો આવીને મને કહેતી હોય તો હું તેને ઘરમાં રાખું; પછી જોયું જાઉં. પણ આ તો ભોજો મારો મિત્ર. આમ વીરત્વ નગા મિત્રધર્મ પીઠાને કંપાવવા લાગ્યાં. પીઠો વળી જરા વિમાસણમાં પડી ગયો. ત્યાં વેજલે કહ્યું:

"વગાડવું વાગે નૈં, અવળો કરે અવાજ,
રુવે તારું રવાજ આજ, પાણા પર જે પીઠીઆ!"

—રે પીઠા, તારા હૃદયનું વાજું હું ઘણી ક્યારની વગાડવા મથું છું. છતાં અવાજ કાઢતું નથી. તે તો બુઠ્ઠું થઈ ગયું ને ઊલટો બેસૂર અવાજ બહાર કાઢે છે. અરે, આ હૃદયનું વાજું પથ્થર આગળ જાણે રડતું હોય તેમ લાગે છે.

હવે તો હદ વળી ગઈ. થાય તે ખરું કરી પીઠે હેલ ઊતારી વેજલને પોતાને ઘેર મોકલી દીધી.

આમ પીઠે પોતાનો સત્કાર કર્યો. પોતાનું વેણ રાખ્યું, તેથી પીઠાનો ઉપકાર માનતી વેજલ તેને ઊમંગ ચડાવતી બોલી:

"વાઢે કર વેરી તણા જાતાંવળતાં જેમ;
એ કરમ તારાં કોઈ પાણ ફોડ રે પીઠિયા!"

—રે પીઠા, તારાં નસીબ એવાં સારાં છે કે તું જય જ પામે છે. તારા શત્રુનાં ઘરબારને તું આવતાંજતાં ખેદાનમેદાન કરે છે; તેના હાથ કાપી તલવાર તજાવે છે. અરે! તારું નસીબ તો કઠણ પથ્થરને પણ તોડી ચૂર્ણ કરે તેવું છે.

હવે, ભોજે વેજલને ઘરમાંથી કાઢી મૂકતાંશું મૂકી, પણ તેના ગયા પછી તેને જરા ય સોરવ્યું નહિ. તેણે વેજલ તથા પીઠાની કસોટી કાઢવાનો વિચાર કર્યો. હવે વેજલ વિના જીવતર મિથ્યા છે; ને તેને રાખનાર પીઠાને આ હાથ બતાવ્યા વિના જીવવું મિથ્યા છે એમ ભોજો માનવા લાગ્યો. એક વખત ભોજો તલવાર લઈ ઘોડો તૈયાર કરી માળિયે જવા ઊપડ્યો. કોઈને પણ પોતાની સહાયમાં લીધા વિના એકલા જવાનો સંકલ્પ તેણે કર્યો હતો. આમ ભોજાને જતો જોઈ તેના ભાણેજે તેની સાથે જવાની

ાણી કરી. ભોજે ઘણું ય તેને સમજાવ્યો કે "ભાણેજ, હું કાંઈ પાણી-
રીઆણીઆરી લૂંટવા કે પાણીઆની અનર લૂંટવા નથી જતો. આ"
પીઠાને આગિયે જાઉં છું; મર્દની સામી આથ છે. ત્યાં તારું કામ
ી." ભાણેજે જ્યાં માન્યું નહિ, ત્યારે તેને સાથે લીધો. ભોજે આગિયે
ાવ્યો. મામોભાણેજ અનીતને વેશે એક શિવાલયમાં આંબા નાંખી પડ્યા.
ત્રે પીઠો હમેશાં સંધ્યાવખતે દર્શને આવતો. ઘણી વે વાર ભાણેજને થઈ
ાયું કે પીઠાને ટાળી દેવો. પણ મર્દ ભોજો તેને અટકાવતો કે હજુ વાર
. આ મર્દની મર્દાઈ તથા વચન પાળવાની ટેક કેવી છે તે તો તું જોજે
ને દેખાડીશ તે. આમ કેટલાક દિવસ ચાલ્યું. એક વખત પીઠો રાત્રે
ારા મોડો દર્શને આવ્યો; કારણ કે તેને ઘેર જાન આવી હતી. જાનૈયાને
ાટે ઊતારા વગેરેની તૈયારી કરી જમવા ઊઠવાનું કહી પીઠો મહાદેવને
ર્શને આવ્યો. તેને ટેક હતી કે દર્શન પછી વાળુ કરવું. પીઠો આવ્યો.
લાગ બહુ જ સારો છે એમ ભાણેજે જોયું. પીઠો માથેથી મોળિયું ઊતારી
હાથમાં લઈ શંકરની સ્તુતિ કરવા લાગ્યો. આ તો અતિ ઉત્તમ લાગ છે
કહી ભાણેજ મામા પાસે પોતાની મર્દાઈ બતાવવા ઊંચોનીચો થવા
લાગ્યો. ભોજે તેને હાથ તાણી બેસાડયો. ત્યાં પીઠો સ્તવન પૂરું કરી માથે
મોળિયું મૂકી તે બાવાઓ પાસે આવ્યો. પીઠો ધુમ્રપુંજ પરથી જાણી ગયો
કે આ ભોજો છે. 'ભોજા, રામ રામ,' કહી પીઠે ભોજાને નમસ્કાર કર્યા.
ભાણેજ તલવાર ઊગામવા જાય છે ત્યાં તેની તલવાર હાથમાંથી ઝૂંટી
લઈ ભોજે પીઠાને આપીને કહ્યું 'હાટી, વેજલગઢ રક્ષવો મુશ્કેલ છે.
લડવા તૈયાર થા.' 'હે ભોજા, તું મને ઓળખે છે, તેમ હું તને ઓળખું
છુ. હું તારો અપરાધી છું, માટે પહેલો ઘા કર ને પછી તારા ભાઈના
હાથ જો.' આ વચન બોલતા પીઠાના હૃદયથી કંઈ ઊંડો નિઃશ્વાસ ધીમેથી
બહાર આવ્યો. એ જોઈ વીર ભોજો બોલ્યો, "મરદ હાટી, કાંઈ ઇચ્છા
હોય તો હજુ યે પૂરી કરી આવ. આ બાહુનો ઘા થયા પછી
મનની બધી મનમાં રહી જશે, માટે હજુ જા." "ના, ભાઈ, ના, મને
આ જગતમાં કશાની ઇચ્છા નથી. મૃત્યુ તો મારે રમકડાસમાન છે. તું તે
સારી પેઠે જાણે છે. માટે હવે ઘા કર, ને પછી આ તારા ભાઈનું બળ

[illegible]

"[illegible]

[illegible] તો મર્દ છે. વચન પ્રમાણે એ નક્કી આવશે. [illegible] પણ નહિ કે. આપણે બે છીએ પણ એ [illegible] થઈ પડશે. ફક્ત વેજલ જાણશે કે ભોજો બેટયો."

પીઠો ગયો. જરા વાર થઈ બદલ મહેમાનોની માફી માગી [illegible] જમાડી. વરરાજા ઘેર આવ્યા; કન્યાદાન દેવા વેજલ તથા પીઠો બેઠાં. [illegible] અને પીઠો સર્વ ક્રિયા કરવા લાગ્યો. પણ વેજલ વરની [illegible] કે હાટી કંઈ છે. સદાય મર્દની કૂખ સેવનાર સ્ત્રીઓ પતિના હૃદયની આછીઆછી જણાતી વૃત્તિને પણ ઓળખી જાય છે. વેજલ જાણી ગઈ ને ધીમેથી બોલી "કેમ હાટી, ભોજો બેટયો?" આ અન્ય કોઈ સાંભળી પણ શક્યું નહિ. કન્યાદાન પૂર્ણ થતાં પીઠો ઊઠ્યો. વેજલ સામું જોઈ તલવાર લઈ તેની [illegible] લઈ ત્યાંથી ગયો. કોઈને ખબર ન પડી કે હાટી ક્યાં ગયો.

હાટી આવ્યો. બોલ્યો; "ભોજા, ભાઈ, ઊઠ; તૈયાર થા. તારો ભવોભવનો ઋણી છું. તારો ગુનેહગાર છું. તું ખરો મર્દ છો, દાતાર [illegible]

કે મને તેં આમ જીવન આપી. મારા પર ઘા કર. હું તો તારા સામે તલવાર નાખ્યા સિવાય તારે હાથે મરવામાં મહાપુણ્ય માનું છું. પણ તું મને તેવા તારા મિત્રને ધિક્કારે માટે જ આ તલવાર લાવ્યો છું. ઘા કર." બોઆન બોલ્યો; "શું આજીજ, જોયું! એટલો જ તમારો! વચને આવ્યો ના! હું કહેતો હતો તે ખરના! મર્દની હિંમત તને ન આવે. હવે જા."—કહી બોઆન ઊભો થયો, તલવાર મ્યાનમાંથી બહાર કાઢી. પીકે પણ તલવાર તાણી, પણ ત્યાં, બોઆનના હૃદયમાં કંઈ અકથ્ય ભાવ ઊભરી ઊઠ્યો. ઉગામેલી તલવારનો પીકા પર ઘા કરવાને બદલે તે પોતાના વહાલા મિત્રને હૈયે દેખું લગાવી આગળ પડ્યો. તેની આંખમાંથી આંસુની ધારા ચાલી. "અરે પીકા, એક સ્ત્રી માટે હું આવા વીરરત્નનો નાશ કરું! મારા મિત્રને હણું! ના, નહીં જ. બાઈ ભલે, વેજલ તારે ઘેર રહી. મેં મારે પોતાને હાથે જ તેને તારે ત્યાં મોકલી છે. વેજલ સુખી હોના! આમ કહી કામળિયો ગદ્‌ગદ્ થઈ ગયો. પીકાની મહાનુભાવે તેનું હૃદય હચમચાવી દીધું. વેજલના વહાલે હૈયાને પીગળાવી દીધું. પીકો પણ રડી પડ્યો. તે એકદમ બાપ પર લળી બોઆનના પગમાં પડ્યો. બોઆને તેને હાથ ઝાલી ઉઠાડ્યો. પછી બોઆને પીકાને ઘેર જવા કહ્યું પણ જો કામળિયો સાથે આવે તો જ જવું, નહિ તો આ કટાર ખાઈ અને જ શંકર પાસે મરવાનો મારો દઢ ઠરાવ છે એમ પીકે કહી દીધું. બાઈ બોઆન, વેજલ ગધે ને આપણું જનીએ' એ જ મારા મનની અભિલાષા છે. બોઆને પહેલાં તો આનાકાની કરી. પણ અન્તે તે પીકાની આજીજીને તાબે થયો. તેના હૃદયમાંથી ખારી મરાઈ તો ક્યારની નષ્ટ થઈ ગઈ હતી. પ્રેમે તેનું સ્થાન લીધું હતું. હવે પીકાનો હાથ ઝાલી તે ખુશ થતા તેને ઘેર આવ્યો.

વેજલે પોતાને જ હાથે એમ કેમ કર્યું એ મને મિત્રો એક બાબતમાં જવાબ મળ્યા નહીં. ઘણાં વખતથી વેજલના હૃદય ઉપર કામળિયો ન હોવાથી આખી બેઠી વખતે અસ્કર હૈયે ન જાણતા લાગ્યા. હવે બોઆનને જાન થયું. વેજલનું પોતે અપમાન કર્યું ન માન. પોતે ખરતાવા લાગ્યા એ લાગણી વેજલ હતું કામળિયાને જતા અટકી. અમદાવાદ બેઠી.

[illegible]

[illegible]

[illegible]

—કાઠિયાવાડની જૂની [illegible]

卐

[૩]

કનૈયાલાલ મુનશી

[જન્મ : ઇ. સ. ૧૮૮૭]

[શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશી, ભરૂચના રહીશ ને મુંબઈની હાઇકોર્ટના એડવોકેટ છે. એ સમર્થ ધારાશાસ્ત્રી ને પ્રતાપી લોકનેતા છે. ગુજરાતી સાહિત્યકાર તરીકે એમણે ઘણી કીર્તિ પ્રાપ્ત કરી છે. એ એક અજોડ નવલકથાકાર છે. એ ઉપરાંત નવલિકાઓ, નાટક, નિબંધ, વિવેચન, જીવનચરિત, સાહિત્યનો ઇતિહાસ વગેરે વગેરે આપણા સાહિત્યના વિવિધ અંગો એમણે સફળતાથી ને સરસતાથી ખીલવ્યા છે.

શ્રી. કનૈયાલાલ મુનશીની નવલિકાઓ જેવી હાસ્યજનક તેવી સમર્થ છે. મુનશી માર્મિક કટાક્ષકાર છે. આપણાં જૂનાં ને લોકમાન્ય પાત્રો લઈ એમને આધુનિક યુગમાં લાવી, એ એમને નવી જ રીતે આલેખે છે અને આપણા સામાજિક જીવન ઉપર એક પછી એક ચમચમતા કટાક્ષપ્રહાર કરતા જાય છે. પુરાણું ભારત આ આદર્શભ્રષ્ટ આધુનિક યુગની બુરી અસરથી કેટલું બધું આદર્શભ્રષ્ટ થયું છે તે લેખક આ નવલિકામાં તાતા પ્રહારોથી સ્પષ્ટ કરે છે.]

નવી આંખે જૂના તમાસા

હું અને મારા મિત્ર મિ. રેવડીઆ શિષ્યગુરુ હતા; બૉસ્વેલ અને જૉન્સન કહો તો પણ ચાલે. તેમની રીતભાત, કપડાં, બોલી, બધાંનું હું અનુકરણ કરતો; કારણ કે મારે મન તો તે મહાત્મા હતા; તેમના જીવનસિદ્ધાંતોમાં મને શ્રદ્ધા હતી; તેમના વાક્ચાતુર્ય પર હું રીઝ્યો હતો અને તેમને દુર્જેય માનતો હતો.

મિ. રેવડીઆનો જીવનસિદ્ધાંત ચાલુ જમાનો હતો તે તેના પૂજક હતા. તેની રહેણીકરણીના ભક્ત હતા, અને તેનાથી કંઈ પણ જુદું ન હોય તેના કટ્ટા વેરી હતા. પોતે પૈસાદાર હોવા ઉપરાંત યુરોપ અને અમેરિકા

વગેરેમાં તેમણે મુસાફરી કરી હતી; અને ઘણા જમાનાનું સાહિત્ય તેમણે સારી રીતે વાંચ્યું હતું. તેઓ ઘણા જ ચતુર, ઘણા જ વિદ્વાન, ઘણા જ નવા અને સુધરેલા, ઘણા જ ફૅશનેબલ અને આપણા પ્રાચીન પૂર્વજોની કારકીર્દી તરફ પુષ્કળ તિરસ્કાર બતાવનાર હતા. મારી આર્થિક સ્થિતિ અને બુદ્ધિબળ પ્રમાણે તેમનો અનુયાયી હું પણ થતો ગયો.

અમે બે ઘણા જ ઊંડા તથા ગહેરા વિચાર કરી કરી, ચોક્કસ અને નિષ્પક્ષપાત નિર્ણય પર એકદમ અને જોરશોર આવી ગયા હતા; અને તે નિર્ણય એ હતો કે બધું ડહાપણ, બધી વિદ્યા અને બધી અક્કલ હાલના જમાનામાં જ ટપ દઈને પેદા થઈ ગયાં છે. અમને ખાતરી થઈ ગઈ હતી કે અસલ હિંદમાં જંગલી લોકો હતા; તેમની કારકીર્દી અક્કલહીન અને અમારા જેવા હોશિયાર, સુધરેલા, બાહોશ અને ચાલાક શખ્સો પેદા કર્યા સિવાય તેમણે કંઈ પણ વધુ કર્યું નથી.

આ નિર્ણય અને આ ખામી વિષે અમે અનેક વખત વાતો કરતા હાલની સંસ્કૃતિની ખૂબીઓ વખાણતા; પહેલાંની મૂર્ખાઈ પર હસતા. ઘણી વખત મિ. રેવડીઆ સવારના દશ વાગે ઊઠતા. મોંઢામાં સિગાર અને હાથમાં ચહાનો પ્યાલો રાખતા અને ડ્રેસિંગ ગાઉનમાં સજ્જ રહીને પડ્યા પડ્યા અનેક તર્કો ચલાવતા. તેવે વખતે હું ત્યાં જઈ ચડતો. અને કદરૂપા પૂર્વજોએ બનાવેલી તેમની કાળી ચામડી વીસરી જઈ તે કેવા સુંદર ફૅશનેબલ અને અપ–ટુ–ડેટ છે તે વિષે મનમાં પ્રશંસા કરવા લાગતો. નહીં તો અમે બંને ફૅશનેબલ કપડાં પહેરી બૅન્ડ સ્ટૅન્ડની લટાર મારતા. તે વખત અમે પોતે ઘડીએઘડી ભૂલી જતા કે અમે જંગલી અને અસંસ્કારી દેશના રહીશ છીએ; માત્ર પંચાત એટલી હતી કે કોઈ મૂર્ખ માણસ મને કે મિ. રેવડીઆને ગોંઆનીસ ગૃહસ્થ ધારતા; પણ તેમની અમને પરવા ન હોતી.

મિ. રેવડીઆમાં પ્રશંસાપાત્ર ગુણ એક બીજો હતો. તે માત્ર આત્મસંતોષી ન હોતા. તેમનો ઇરાદો તેમના સિદ્ધાંતોને આખી સૃષ્ટિમાં ખૂણે અને ખોચરે પ્રસારવાનો હતો. તે એમ પણ ચોક્કસ માની બેઠા હતા કે ભૂતકાળના હિંદીઓ અક્કલ વગરના હતા એટલું જ નહીં પણ ચાલુ

જમાનાના સિદ્ધાંતો જો કેટલાક તેમને શીખવ્યા હોત તો તેઓ ચોક્કસ માણસાઈમાં આવત. એમને પોતાના વાક્ચાતુર્ય ઉપર પણ વિશ્વાસ એટલો બધો હતો કે તે ઘણી વખત સૂચવતા કે એમના જેવા બાહોશ અને બુદ્ધિશાળી નરરત્ને જનકવિદેહી કે અશોકના સમયમાં જન્મવાની તસ્દી લીધી હોત તો જરૂર હિંદુસ્તાનનો બેડો પાર થઈ જાત—આપણે બધા જંગલી રહેવાને બદલે સુધરી જાત અને ઇતિહાસક્રમનું પૈડું કંઈ જુદી જ રીતે ગબડવા માંડત.

એક દિવસ રાતના આ વિષય પર અમે ઘણો ઊંડો વિચાર કર્યો. તેને અંતે મારે કહેવું પડ્યુ: "મિ. રેવડીઆ ! તમે આટલા બધા ઉત્સાહી છો અને છેવટે સ્વર્ગે જાઓ તો કંઈ નવુંજૂનું થાય."

"કેમ વારુ ?"

"સ્વર્ગમાં સડતા ડોસાડગરાંને પણ તમારા અભિપ્રાયોનો લાભ મળે અને તે બિચારાં સુધરે."

"ખરી વાત છે. Better late than never. સ્વર્ગમાં તો સ્વર્ગમાં પણ ડોસાંડગરામાં કંઈ અક્કલ તો આવે.

"એ પણ વાત સાચી. ચાલો, સાહેબજી," કહી મેં રજા લીધી.

હું મારે ઘેર ગયો, પણ મારા મગજ આગળથી આ વાત ખસી નહીં. ઊંડો ને ઊંડો વિચાર કરતાં અનેક તરંગો થવા લાગ્યા અને મિ. રેવડીઆ સ્વર્ગમાં જાય અને મહાન મહાત્માઓને મળતાં તેમના પુરાણા જીવનમાં શાથી ફેરફારો થાય ત્યાં પણ મનની પાંખડી ચાલી. એ વિચારો ઘણો જ લાંબો વખત મેં કર્યા અને પછી હું સૂતો–સૂતો અને પાછો જાગ્યો જાગ્યો. આંખો મીંચેલી હતી કે ઉઘાડી તેનું મને ભાન રહ્યું નહીં.

મને એમ લાગ્યું કે હું સૂતો હતો ને એક જણ કોઈ આવ્યો અને મારા મિત્ર અને પૂજ્ય ગુરુ મિ. રેવડીઆનો પેગામ લાવ્યો.

"આજે પાંચપાંચ યુગ થયા તેઓ સ્વર્ગમાં સુધારો કરવા મચ્યા રહ્યા છે અને આપને તેડે છે."

"મને શું કામ ?"

"તે સુધારો જોવાને આપનું [illegible] તૈયાર છે."

મારી પૂજ્યતાની બુદ્ધિએ [illegible] મિ. [illegible] કલાક પહેલાં કે થોડા યુગ પહેલાં [illegible] ને હું આવ્યો; પણ તેમનો વિજય જોવા હું એકદમ [illegible] રહ્યો. [illegible] અને વિમાન [illegible] ગડગ્યો, અમે ઊતર્યા [illegible]. ત્યારે મારા સાથીએ કહ્યું કે આ સ્વર્ગ આવ્યું.

સ્વર્ગ જોઈ મને આસંતોષનો પાર રહ્યો નહીં. મને કંઈ મોટા રસ્તા, ઊંડી ગટરો, ઊંચાં મકાન, બાગબગીચા, મિલનાં ભૂંગળાં વગેરે જોવાની આશા હતી. ત્યારે આ તો એક વિશાળ ઊંડું વન લાગ્યું.

"આ સ્વર્ગ! નૉ-સેન્સ!"

"હા! આ તેનો હિંદવિભાગ છે."

"અહીંઆં પણ લોકોમાં અક્કલ હોય એમ લાગતું નથી!"

"મહારાજ!" મારા સાથીએ કહ્યું. "અહીંઆં હજુ જોઈએ તેવો સુધારો થયો નથી. આ થોડાએક યુગ થયાં મહાત્મા રેવડીઆને પ્રતાપે ઝાડોની ગણતરી થવા લાગી છે અને પછી કંઈ કંટ્રાક્ટ આપવાનો વિચાર ચાલે છે."

હું હરખાયો. મારા મિત્ર તો ખરેખરા નવા જમાનાના જ. સાબાશ! આનું નામ કેળવણી! "મિ. રેવડીઆએ કેવી રીતે આ સુધારો કરવા માંડયો?"

"પહેલાં તો એ સાથે બને એટલો સરસામાન લઈને આવ્યા અને ધીમેધીમે બધાને સુધારાનો સ્વાદ ચખાડવા લાગ્યા."

"એમ! વારુ, ચાલો. મને જલદી બધું બતાવો. હું કંઈ અસલના જેવો આળસુ નથી. વખત ઘણો કિંમતી છે."

"જી હા! આ તરફ ચાલો," કહી મારો સાથી મને લઈ વનમાં દાખલ થયો.

મારા મિત્રે શાશા નવા ફેરફારો કર્યા હશે, હું કોને જોઈશ અને તેઓ કેવા હશે તે સંબંધી મેં વિચાર કરવા માંડયો. મુંબઈજેવા સુધરેલા શહેરમાં રહ્યા પછી જંગલ કંઈ અકારું લાગવા માંડયું; છતાં મારા પૂજ્ય મિ. રેવડીઆનો પ્રતાપ જોવા ખાતર હું આગળ ચાલ્યો. ક્યાં સુધી ગયો, કેટલી વાર ચાલ્યો, તેનો હિસાબ રહ્યો નહીં.

દૂરથી એક બેસૂરી ફિડલનો અવાજ આવ્યો, અને તે તરફ ફરતાં એક તેજસ્વી વૃદ્ધ અને આપણા અજ્ઞાન લોકો જેને મહાત્મા કહે છે એવા દેખાતા પુરુષને ફિડલ વગાડતા જોયા. તેમની આંખમાં તેજ દેખાતું હતું; પણ મારા પોતાના અભિપ્રાય પ્રમાણે દાઢી આટલી મોટી વધવા દઈ તેઓ પોતે અણસુધરેલા છે એમ પુરવાર કરતા હતા. અમારા રેવડીઆપંથ પ્રમાણે સવારના પહોરમાં, અડધી ઘડી સૂર્યોદય પહેલાં દરેક મનુષ્યે પોતાની દાઢીમૂછ કાઢી સ્વચ્છ થઈ જવું જોઈએ. ફિડલ વગાડનાર મહાત્મા મૃગચર્મ ઉપર રૂનો એક ગદેલો નાખી બેઠા હતા. તેમની સામે એ તરફ જુદીજુદી સેંટની શીશીઓ પડી હતી. પાસે તરભાણામાં કંઈ આઈસક્રીમ જેવું દેખાયું. હું ચમક્યો; આ વિચિત્ર મૂર્તિ કોણ હશે તે જાણવાની ઉત્કંઠા થઈ. હું પાસે ગયો અને નમ્યો. ડોસાએ ફિડલ બંધ રાખી.

"મહારાજ! આપ શું કરી રહ્યા છો?"

"બેટા! આટલું સમજતો નથી?"

"અર્થશાસ્ત્રનો નિયમ છે કે માણસને પોતાની જરૂરીઆતો વધારવી. તે વધારવાથી માણસ મહેનતુ થાય છે. મહેનતુ થવાથી દુનીઆમાં સુધારો થાય છે."

મારી અજાયબી વધી. આ તો મિ ફૉસેટના અર્થશાસ્ત્રનું ટાંચણ લાગ્યું. એ વળી અહીંઆ! જરૂર આ મારા મિત્રના પ્રતાપ હોવા જોઈએ.

"પણ આ શું કરો છો?"

"આટલું સમજતો નથી? હું મારી ઇન્દ્રિયો કેળવું છું. વિષયલાલસા વધ્યા વિના જરૂરીઆતો વધે નહીં. રસ કેળવવા આ આઇસ્ક્રીમ છે, ગંધ માટે આ સેંટ રાખ્યું છે, સ્પર્શસુખ ભોગવતાં શીખાય માટે આ ગાદી રાખી છે અને આ ફિડલે કર્ણ સંગીતના સંસ્કાર મારામાં કરવા માંડ્યા છે."

"અને હવે રહ્યું રૂપ જ," મારાથી કહ્યા વગર રહેવાયું નહીં.

"તે માટે હું ચૂકું એમ નથી. મેં ગ્રીસ દેશના શિલ્પીઓના કેટલાક નગ્ન પૂતળાં મંગાવ્યાં છે."

"તે અહીંઆ ક્યાંથી?"

"તને ખબર નથી? તું નવો આવ્યો લાગે છે. હાલ થોડાં વર્ષ થયાં એક મહાત્માની પ્રેરણાથી અહીંઆં એક મોટો આશ્રમ નીકળ્યો છે અને તેમાં અનેક જાતનાં સાધનો મળે છે."

"એ મહાત્મા કોણ?"

"એક રેવડીઆ કરીને છે."

"હેં!" હું હર્ષઘેલો થતાં બોલ્યો.

"હા, પહેલાં તો અમને આ બધું ભાન ન હોતું; પણ એ ગૃહસ્થ આવવાથી અમારી આંખો ખૂલી ગઈ. હવે અમે સુધરવા લાગ્યા."

"પણ મહારાજ! રૂપ, રસ, ગંધ, વગેરેની મોજમજા મેળવવા આટલો તે વળી અભ્યાસ કરવો પડે! અમને તો એ બધું સહેલાઇથી આવે છે."

"ભાઈ! તમે બધા નસીબદાર છો. અમે તો જંગલી હતા. તેમાં હું તો બધાનો શિરોમણિ. નાંખી દેતાં છ હઝાર વર્ષ થયાં મેં એક ધર્તીંગ કાઢ્યું હતું, જેથી હું મૂર્ખો રહ્યો, અને બીજાને રાખ્યા."

"શું ધર્તીંગ?" તિરસ્કારથી ડોસા સામે જોતાં મેં પૂછ્યું.

"મારા મૂર્ખ મનને એમ લાગ્યું કે રૂપ, રસ વગેરેનો ત્યાગ કરવો. વૈરાગ્ય કેળવે ત્યારે માણસ સુધરેલો ગણાય. ભાઈ, એમ માનતાં છ હઝાર વર્ષ ગયાં; અને તેની પીડાએ આ બધી ઇન્દ્રિયો વિરાગી થઈ ગઈ છે. હવે કેળવતાં મુશ્કેલી પડે છે. કોણ જાણે હું સુધરેલો ક્યારે થઇશ?" નિસાસો નાંખતાં તેણે કહ્યું.

"મહારાજ! ક્ષમા કરજો; પણ આપ પૂર્વાશ્રમે કોણ હતા?"

"હું! ભાઈ, જવા દે ને. મને બધા વસિષ્ઠને નામે ઓળખતા.

"કોણ મહાત્મા વસિષ્ઠ!" હું બોલી ઊઠ્યો. "પ્રભુ"—કહીને હું એકાએક મારા સિદ્ધાંતો ભૂલી એ આદિ ઋષિને દંડવત્ પ્રણામ કરવા જતો હતો પણ તેમણે રોક્યો.

"છોકરા! તું મૂર્ખો છે. હું એ માનને લાયક નથી. મહાત્મા રેવડીઆએ મારી ખાતરી કરી દીધી છે કે હું મૂર્ખો છું—હવે બહુ થયું—આ એક શિષ્ય ઠીક પૂછનારો લઈ આવ્યો. મારા અભ્યાસમાં ખલેલ પહોંચે છે."

"હું મૂંગે મોંએ ત્યાંથી ખસ્યો—મને હર્ષ થયો. આ પ્રમાણે રેવડીઆ-પંથ વધશે તો ચોક્કસ સ્વર્ગ સુધરશે ખરું. ધીમેધીમે ફિડલનો બેસૂરો અવાજ કાન પર પડવા લાગ્યો. હું મારા સાથીને લઈ પાછો ઘૂમવા અને મિ. રેવડીઆની બુદ્ધિનાં વખાણ કરવા લાગ્યો. થોડે દૂર જ્યાં એક મહાવૃક્ષના થાળા પર એક બીજો ડોસો ટાંટીઆ મરડી નાંખી પદ્માસને બેઠો હતો. તેની તેજોમય કાંતિ, સફેદ લાંબી દાઢી, માનની લાગણી સ્ફુરાવે એવી હતી. આસપાસ ઘણા લોકો હાથમા નાની કોથળીઓ લઈ ઊભા હતા અને તે એક કોઈ શિષ્ય જોડે વાતો કરી રહ્યો હતો. હું પાસે ગયો, નમન કર્યું અને ઊભો રહ્યો. મહાત્માએ મને જોયો અને પૂછ્યું:

"નવો આવ્યો છે?"

"જી હા! આપના દર્શનનો લાભ મેળવવા અહીંઆં આવ્યો છુ."

"જા! મને ફુરસદ નથી. આ બધા લોકો મને મળવા તલસ્યાં કરે છે એટલે તારી વાત ટૂંકેથી પતાવ."

"મહારાજ! હું તો માત્ર આ બધાં શું કરી રહ્યાં છે તે જ પૂછવા આવ્યો છું." મેં કહ્યું

"એટલી ખબર નથી! આ બધાને ધર્મ અને આચાર વિષે અભિપ્રાય જોઈએ છે માટે મારી પાસે આવવા મથે છે."

"તેમાં આ કોથળીઓ શાની?"

"કેમ? આમાથી જે વધારે પૈસા આપશે તેના લાભનું ધર્મવચન હું કહીશ. હું સૃષ્ટિમાં આદિ સ્મૃતિકાર હતો.

"કોણ, મહાત્મા મનુ '" મે ફરીથી પ્રણિપાત કરતાં કહ્યું.

"હા! મે એક ધર્મશાસ્ત્ર રચ્યું હતુ, પણ તે વખતે હું જરા જંગલી હતો તેથી બધાને માટે શાસ્ત્ર રચો ગયો હતો. હું એમ સમજતો કે બીનસ્વાર્થે ધર્મ શીખવવો તે જ સાર્થ છે

"ત્યારે હવે આપ તે શાસ્ત્રના સિદ્ધાંતો આમ વેચાતા આપો છો?"

"ગાંડા! પહેલા હું જંગલી હતો તે મફત ધર્મ શીખવતો, હવે એક મહાત્માને પ્રતાપે અમે બધા સુધર્યા છીએ અને જે વધારે કિંમત આપે તેના લાભમા મારો અભિપ્રાય આપુ છુ; કારણ કે જ્યાં પૈસો ત્યાં ન્યાય."

"એ મહાત્મા કોણ રેવડીઆ?" હું દરવાનને બોલી ઊઠ્યો.

"હા તે જ! ઊઠો. મારો કિંમતી વખત જાય છે." પણ એ વધુ કહે તે પહેલાં તો હું ત્યાંથી ચાલ્યો ગયો. મારા મિત્ર રેવડીઆની અસર એટલે સુધી પહોંચશે એવો મને જરા પણ ખ્યાલ ન હોતો. શાબાશ મારા વીર! સુધરેલા જમાનાના હિમાયતી તરીકે તારું નામ ઇતિહાસમાં અમર રહી જવાનું.

"ભાઈ!" મને એક સંશય થતાં મારા સાથી તરફ ફરતાં કહ્યું; "આ બધા આટલા બધા કચવાયલા કેમ રહે છે?"

"કોણ જાણે? આ બધા હિંદવિભાગનાં સ્ત્રીપુરુષો એ જ પ્રમાણે કરે છે. વાસનાઓ છોડી, ઇંદ્રિયનિગ્રહ કરી, એમનો સ્વભાવ એવો વિચિત્ર થઈ ગયો છે કે મહાત્મા રેવડીઆના સિદ્ધાંતો સ્વીકારતાં તેમને બહુ જ કચવાટ લાગે છે."

"હરકત નહિ! આખરે સુધર્યા વગર ક્યાં જવાના હતા? મારી કોઠી એમના જૂના જંગલીપણામાંથી બધાને બચાવવા જ જોઈએ." મેં ઉત્તર દીધો.

હવે શું વધારે કહું? અમે બહુ રખડ્યા. બહુ જોયું, અને બધે રેવડીઆપંથનો દિગ્વિજય દેખાયો. મારી છાતી વેંત ઊંચી આવી. તેમાં એકએ દેખાવ ઘણો રસમય હોવાથી તે ચિતરી મારી સ્વર્ગની મુસાફરીનું વર્ણન હું પૂરું કરીશ.

મેં ભગવાન ચાણક્યને જોયા. મિ. રેવડીઆની શીખ પ્રમાણે તેઓ કાર્યદક્ષતા (efficiency) નો પાઠ કરતા દેખાયા. જે મહાત્મા સમસ્ત ઇતિહાસમાં મુત્સદ્દીના શિરોમણિ હતા, જેમણે એક જીંદગીભરમાં આખા ભરતખંડમાં મૌર્યની રાજસત્તા જમાવી હતી, તે પણ હાલના જમાનાની રીતે જ કાર્યદક્ષતા આવે છે એમ કબૂલ કરતા જોયા. તેમણે મૃગચર્મ છોડી ખુરશીટેબલ સ્વીકાર્યાં હતાંઃ પણ પદ્માસનની ટેવ હોવાથી ખુરશી પર ચઢી પદ્માસન વાળ્યું હતું. ધોતીઆથી કાર્યદક્ષતા ન આવવાથી તેમણે પાટલૂન અને મોટાં બૂટ પહેર્યાં હતાં. જટાથી રખેને બેદરકારી પેસી જાય એમ તેના પર ટોપહૅટ ચઢાવી હતી! અહાહા! શો અમારા સિદ્ધાંતોનો દિગ્વિજય!

કારણ કે જ્યાં સુધી માણસ ખુરશીટેબલે બેસે નહીં, પાટલૂનકોટ પહેરે નહીં અને હૅટ માથે લગાવે નહિ ત્યાં સુધી કાર્યદક્ષતા અને મુત્સદ્દીપણું તેનામાં આવે નહીં. જો મહાત્મા ચાણક્યને આ પહેલાં બધી ખબર હોત તો જરૂર ભરતખંડને બદલે એશીઆખંડ પર મૌર્ય મહારાજાઓનો વાવટો ફરકત.

વળી એથી વધારે અસરકારક પ્રસંગ તો એક બીજે ઠેકાણે મળ્યો. મેં એક આકરા જણનું ટોળું જોયું.

"ભાઈ!" મારા સાથીને મેં પૂછ્યું, "આ બધા કોણ છે? માત્ર આ અણીઆળી દાઢીવાળા ઓળખાય છે."

"હા! એ તો મુસ્લિમ ગૌરવનો ભંગ કરનાર મહારાજા શિવાજી: આ પેલા પાવડીએ ચઢી હાથમાં કૂહાડી લઈ ઊભા છે તે મહાવીર પરશુરામ; પેલા ગ્રીક સત્તાને તોડનાર પ્રતાપશાળી ચંદ્રગુપ્ત મૌર્ય; જેનો ડંકો દિગંતે સંભળાતો હતો તે પેલા ઝાડને અઢેલી ઊભા છે એ મહારાજાધિરાજ શ્રીહર્ષ."

"ઓહોહો! પણ આ પેલો સાધુડો આટલા જોસથી એમને શું કહી રહ્યો છે?"

"આ સાધુ જેવો મહાત્મા છે તે જડભરત. એ પહેલાં કંઈ પણ જંતુ દુઃખાય નહીં માટે જમીન પર પગ મૂકતાં પણ ડરતા હતા."

"એમ! તે હવે શું કહે છે!"

"તે આ યોદ્ધાઓને ભાષણ આપે છે"

"શા ઉપર!"

"આ ભારતને નવા પથ ગોઠાવ્યો છે, અને તે આ બધાને કહે છે, કે, 'આપો બાવલા છો, કાયર છો, કારણ કે તેઓ ભાજીપાલો ખાઈને રહે છે.' તે આ બધા વીરોને માંસાહારી થવાનું સૂચવે છે, કારણ કે તે વગર શૌર્ય અને હિંમત આવે નહીં" હું સમજ્યો

"એમ! શાબાશ મારા ભેરુઓ! શી તમારી સ્તુતિ કરું!" કહી હું રોવાના થયો.

આગળ મેં ભગવાન બુદ્ધને જોયા. તે પણ સુધર્યા હતા. અને એક માંદા માણસને કહેતા હતા કે "બોય તારા તું માંદો થયો તે. વિશ્વનિયમ

પ્રમાણે લાયક માણસ જ છે. દુનિયામાં પ્રગતિ કેળવણીએ, ભણતરે લેખકોએ, અને નવમાં તેમ તેના જેવા." મને ડાર્વિન અંકલ ભગવાન જેવું આ વાક્ય મિ. રેનડીના પાસે જ સાંભળ્યા તેમ એમ ગોખ્યું લાગ્યું.

એમ ફરતાંફરતાં ફિરસ્તો ખાનગી પોતે જ નમૂનારૂપ હતો, અને હાલના જમાનાના સિદ્ધાંતો સ્વર્ગલોકમાં કેવા પ્રસરી ગયા છે તેની ખાતરી આપતો હતો.

એક નબળો માણસ માંદો પડ્યો હતો; એક વસ્ત્ર પહેરેલી સુંદર યુવતી સ્ત્રી પગમાં ઊંચી એડીનાં બૂટ પહેરી નાક મરડી ખાટલાની પાસે ગુસ્સામાં ઊભી હતી.

"સતી! મારો જીવ જવા બેઠો છે. મને જરા પાણી આપો," મહામહેનતે શ્વાસ લેતાં પુરુષે કહ્યું.

"મરવા પડ્યા તોયે જંપતા નથી! સત્યવાન! તમે માંદા હતા તો પરણ્યા શા માટે? તમારામાં મારું પૂરું કરવાની શક્તિ ન હોતી તો શું કામ મોકલ્યો હતો નારદને માગું કરવા? તમારા જેવાને વૈરીનો અધિકાર શો?" હાથ પર હાથ પછાડી સાવિત્રીએ કહ્યું.

"સાવિત્રી! જે થયું તે થયું," મરણની અણી પર આવી રહેલા સત્યવાને કરગરતાં કહ્યું. "પણ જરા તો મહેરબાની કર. તું કહે તે હવે કરું. ગમે તેવો પણ હું પતિ."

"તેમાં શું? હું કંઈ ગુલામ નથી. તમારે માટે મારી જીંદગી બગાડવાનો તમને શો હક હતો? ઠીક લો પાણી આપું, પણ તમારી જે મિલ્કત હોય તેનું મારા લાભમાં વિલ કરી આપો."

"આ તેનો વખત છે? પહેલાં ધનની ચિંતા! અરેરેરે! આ વખતે આ શું કહે છે!" સત્યવાને કહ્યું.

એટલામાં યમરાજ આવ્યા. સત્યવાનને પકડ્યો. સાવિત્રીએ સત્યવાનનો પગ પકડ્યો.

બાઇ, બાઈ, યમરાજે કહ્યું: "આ શું કરે છે? આમ મરતા માણસને ખેંચે છે! શું કામ પગ છોડતી નથી? તારા પતિનું મૃત્યુ આવી લાગ્યું છે."

"જવા કેમ દઉં ! ક્યારની કહું છું; પણ એ માનતા નથી. જ્યાં સુધી મારા લાભમાં એ વિધ નહીં કરે ત્યાં સુધી નહીં છોડું. એનો પંથ પકડી હું આવવાની."

"પણ તારે બીજું કંઈ જોઈએ તે માગ, હું આપું. પણ આને છોડ. મારે ઉતાવળ છે."

"ઠીક ! ત્યારે એક બીજો વધારે સુંદર અને સશક્ત પતિ..."

એક પળમાં યમરાજ અંતર્ધાન થયા; સત્યવાન અને સાવિત્રી અદ્રશ્ય થયાં. મારા ઓરડામાં પથારીમાં હું પડ્યો હતો. હું ઝબકીને જાગ્યો. સ્વપ્ન ગયું. સંત મહાત્માઓ ગયા; જ્યાં હું હરખાયો, રેવડીઆપંથનો જયજયકાર ચારે દિશામાં હતો. મિ. રેવડીઆ જેવા સપુતો પૂર્વજો કરતાં સુધરતા જતા હતા.

—નવસિકાઓ

[૪]

રામનારાયણ પાઠક

[જન્મ : ઇ. સ. ૧૮૮૭]

[શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્રના વિષયો સાથે ૧૯૦૮ માં બી. એ. ની પરીક્ષામાં પહેલા વર્ગમાં ઉત્તીર્ણ થયા હતા. ઍલઍલ. બી. થઈ એમણે સાદરા, મહીકાંઠા એજન્સી (હાલ સાબરકાંઠા)માં વકીલાતનો ધંધો આદર્યો પણ તે એજન્સી છોડી તેઓ અધ્યાપનના ક્ષેત્રમાં આવ્યા. મહાત્માજીની વિદ્યાપીઠમાં ગુજરાતીના અધ્યાપક તરીકે તે દાખલ થયા અને ત્યાર પછી રાજપ્રકરણીય ઊથલપાથલોમાં જેલવાસી થઇ આવ્યા પછી પ્રધાનતાએ એ સાહિત્ય અને અધ્યાપનનાં ક્ષેત્રો સફલતાથી ખેડી રહ્યા છે. કાવ્ય, વિવેચન, નવલિકાઓ, નાટકો, હળવું હાસ્ય વગેરે આલેખીને આપણા સાહિત્યકારોમાં એમણે યશ મેળવ્યો છે. 'પ્રસ્થાન' માસિકના એ તંત્રી છે અને હાલ અધ્યાપક કર્વેની સ્થાપેલી હિંદી સ્ત્રીઓની યુનિવર્સિટીમાં ગુજરાતીના અધ્યાપક છે.

'દ્વિરેફ' એ ઉપનામથી એમણે એમની નવલિકાઓના બે સંગ્રહો પ્રસિદ્ધ કર્યા છે. એમની નવલિકાઓમાં એ માનવસ્વભાવનું રસભર અને સુરેખ ચિત્ર આલેખે છે.

નવલિકાકારના સાદરાનિવાસમાં ત્યાંની જક્ષણી ગ્રામદેવીના નામ પરથી એમણે અહીં પસંદ કરાયલી વાર્તાનું નામ લીધું લાગે છે. એમાં એક લેખક ને તેની પત્નીના ગૃહજીવનનું જીવંત ચિત્ર આપ્યું છે. પતિપત્નીના સ્વભાવ બહુ જ કુશળતાથી એમાં આલેખાયા છે. પત્ની નિડર તેમ જ બોલકણી છતાં તેજસ્વી ગૃહિણી છે. પત્ની પરગામ જતાં પતિની સ્થિતિ કેવી થઇ પડે છે તે લેખકે સચોટતાથી વર્ણવી છે. જક્ષણી કોણ? મોતી કૂતરી? થોડાકાળની પરદેશાગત પત્ની? કે જક્ષણી માતા? વાચક આ કોયડાને ઉકેલતોઉકેલતો વિસ્મયમાં ડૂબતો બેઠો હાસ્યરસ અનુભવતો નવલિકાને રસભેર વાંચી પૂરી કરે છે અને એની સ્થાયી અસરનું મીઠું મનન કરી રહે છે.]

જક્ષણી

હું ભાતું કરતી હતી, ત્યાં એમનાં પગલાં સંભળાયાં. હું એમના પગ બરાબર વરતું છું. ક્યારે ગમગીન છે, ક્યારે ઉત્સાહમાં હોય છે, ક્યારે વિચાર કરતાકરતા રેઢના હોય છે, એ બધું વરતુ છું. એમના પગ ઉત્સાહથી ઉપડ્યા, નજીક સંભળાવા લાગ્યા. અંદર આવીને કહે : "કેમ ?" પણ મને ભાતું કરતી જોઈ અચકાઈ ગયા, "કેમ આ શું આદર્યું છે ?"

મેં કહ્યું : "ભાતું કરું છું. બપોરની ટ્રેનમાં જાઉં છું"

"પણ ક્યાં ? શા માટે જાય છે ?'

"મારા અક્ષર સુધારવા અને તમારો અભ્યાસ વધારવા." એક વખત હું સાબે વખત મળી, મારા મનમાં એમ કે એ શુંશું કહેશે, ત્યારે ધીમે રહીને કહે કે 'જુદા રહેવાથી ફાયદો થાય છે. સ્ત્રીઓના અક્ષરો સુધરે છે; કારણ કે સ્ત્રીઓ છે તે દરમિયાન કાગળો લખે છે. તે સિવાય તેમને લખવાનો મહાવરો થતો જ નથી.' અને હું ભેગી હોઉં ત્યારે લગભગ હમેશ જ ફરિયાદ કરે કે મારે લીધે પોતાનો અભ્યાસ આગળ ચાલી શકતો નથી.

"પણ મારા ખાવાકરવાનો કાંઈ વિચાર કર્યો ? આ મોતી શું કરશે ?" મોતી અમારી કૂતરી હતી. મોતી જેવી સફેદ સુંદર સુંવાળી.

મેં કહ્યું : "હિંદુસ્તાનમાં કામ કરનારને ખાવા નથી મળતું પણ કામ નહિ કરનારને મળી રહે છે. માણસને નથી મળતું પણ કૂતરા, કીડીઓ મંકોડા, માછલા, એમને મળી રહે છે. તો મને તમારી કોઇની ચિંતા થતી નથી."

"ભલે જવાની ના નથી પણ કયાં જવુ છે ?"

પૂરીઓ વણતાવણતા મેં કહ્યુ "છુપી પોલિસો અને ગુના પકડવાની વાતો લખો છો ત્યારે એટલુ તમારી મેળે જ શોધી લેજો." કદાચ એમના આવ્યા પહેલાં મારે નીકળવુ પડે માટે મ ચિઠ્ઠી લખીને, તેમના જોવામાં આવે તેમ, એમની અધૂરી લખેલી વારતા ઉપર, દબાવીને મૂકી હતી,

"નારી આંખમાંથી તો કાંઈ ઍક્સ—"

"ગુજરાતીમાં બોલો."

"ક્ષ-કિરણો નિકળે છે!"

મેં પૂરીઓ તળતાં જવાબ આપ્યો: "તું નહિ, એની જગા મારે ઝ-કિરણો નિકળે છે."

"ત્યારે એ ઝ-કિરણો વડે જરા પ્રેમાનન્દનાં નાટકો કોનાં છે કહોને મારાં સર્વજ્ઞા બાઈ! બિચારા 'ઝ' પણ વખાનથી મહેનત કરે તેમને મદદ થશે. તે દહાડે આપ્યાં પણ વાંચ્યાં કેમ નહિ?"

"ચાલો મેં ગીરવ્યું. જમતાંજમતાં વાત કરો. તમે કહેતા હત પ્રેમાનન્દની કૃતિઓ આબાલવૃદ્ધ સર્વને ગમે તેવી છે. આ નાટકો મ ગમતાં નથી તો એ પ્રેમાનન્દનાં નથી એમ સાબિત થયું કે નહિ? તમે ખુશીથી કહી શકો કે એ નાટકો પ્રેમાનન્દનાં નથી."

"હું એમ પ્રસિદ્ધ કરું કે મારી પત્નીને એ નાટકો ગમતાં માટે એ પ્રેમાનન્દનાં નથી! વાહ!"

મેં કહ્યું: "વાહ કેમ? મારો અભિપ્રાય પ્રસિદ્ધ કરતાં શરમાઓ! તમે તો એવા ને એવા રહ્યા, અને પેલા ભાઈએ ગાંધીજીનું મોઢું ગમે કે નહિ એ પોતાની બૈરીને પૂછી યે લીધું, અને પ્રસિદ્ધ પણ કર્યું! તમે તો કોઈ મહાજન વિષે મને પૂછયું પણ નહિ!"

"લે હું પણ એક અગત્યના મોઢા વિષે પૂછું."

"પૂછો."

"મારું મોઢું તને ગમે છે?"

"પણ તમે મહાજન છો?" મેં કહ્યુ.

એક અંગ્રેજ લેખક એક સ્ત્રીપાત્ર પાસે કહેવરાવે છે કે ઇંગ્લંડ પ્રધાન કોણ છે એ કરતાં મારો ધણી કોણ છે એ મારે અગત્યનો પ્રશ્ન છે તો મોઢાની બાબતમાં તો કોઈ બીજાના મોઢા કરતા મારા મોઢાનો પ્ર વધારે અગત્યનો ખરો કે નહિ!"

મેં કહ્યું: "અને ના પાડીશ તો શું કરશો?"

"તું જ કરીશ ને."

"ત્યારે તમારે થોડું આ પંદર દિવસ નહિ જોઈએ. અને મને મુંબઈ જવાની ટિકિટ કઢાવી આપો."

એકદમ ગંભીર થઈ પૂછ્યું: "કેમ કમળાને ઠીક નથી?"

મેં કહ્યું: "કાંઈ ગંભીર નથી પણ ઓપરેશન કરાવવું પડશે એવો ડર છે. જનાના હૉસ્પિટલમાં ઓળખાણથી મળી પણ નહિ શકાય. હું થોડા દિવસ કમળા સાથે રહીશ."

ઓફિસવાળા અમારાં સ્નેહી હતા.

૨

જગતમાં પત્ની વિનાના મનુષ્યની સ્થિતિ બહુ વિચિત્ર છે. એટલી બધી વિચિત્ર કે તેને માટે શબ્દ પણ નથી જડતો. સ્ત્રી પરણી ન હોય તો કુમારિકા, ધણી જીવતો હોય તો સૌભાગ્યવતી, ધણી પ્રવાસે ગયો હોય તો પ્રોષિતભર્તૃકા, મરી ગયો હોય તો વિધવા. કુમારિકા એ સુખ સૌભાગ્ય-શૃંગારનું આલંબન, સૌભાગ્યવતી વાત્સલ્યનું. પ્રોષિતભર્તૃકા વિયોગના શૃંગારનું, વિધવા કરુણનું. પુરુષ પરણ્યો ન હોય તો? વાંઢો. પરણ્યા પછી? વળી પછી શું—પરણેલો, ધણી. સ્ત્રી પ્રવાસ ગઈ હોય તો? તેનું નામ જ નહિ. રાંડ્યા પછી? વિધુર. બિચારો કોઈ પણ રસનું આલંબન નહિ! વાંઢો એટલે જગત બહારનો. પરણ્યા પછી જો સ્ત્રી તરફ આસક્ત હોય તો પોમલો, એમ ન હોય તો લાગણી વિનાનો, નિર્દય. અને મહાને માટે સ્ત્રીનું સૌન્દર્ય, સ્વાતંત્ર્ય હરી લેનારો. ધણી એટલે જ મૂર્ખ. વિધુર એટલે બીજી વાર પરણવાનો ઉમેદવાર, ફાંફા મારનાર, સ્ત્રી મળે તો પાછો ધણી અને ન મળે તો વાંઢો. સ્ત્રી પ્રવાસે ગઈ હોય તો 'શું કર્યું એક દિવસનું છે, કોને ઘેર જવાય? અથવા થોડા દિવસ ગમે ત્યાં કાઢી નાંખશે.' પણ કોઈ દિલસોજી ધરાવે નહિ. દિલગીર દેખાવા જઈએ એ પણ કોઈ દિલગીરીનું કારણ જ સ્વીકારે નહિ।

'સ્ત્રી ન હોય તો થઈ શું ગયું? શું તમને ખાવા નથી મળતું? પહેરવા નથી મળતું? પૈસા નથી મળતા? શું નિરાધાર થઈ ગયા? તમને

શી ખોટ છે? ઊલટું વિ-ધુર એટલે થોડો વખત ધુરા-ધોંસરી નીકળી
ગઈ!' મને લાગે છે કે પુરુષને ધોંસરી ઊપાડવાની એટલી બધી ટેવ પડી
ગઈ છે કે ધોંસરી વિના તેને અડવું લાગે છે. હું એક વાર ગાડામાં મુસાફરી
કરતો હતો ત્યારે એક મકરાણી અધમણની જામગ્રીવાળી દેશી બંદૂક લઈ
સાથે આવતો હતો. મેં કહ્યું: "જમાદાર, બંદૂક ગાડામાં મૂકી દો. કંઈ બો
જેવું નથી." જમાદાર કહે: "એ બોજસે ઠીક ચલા જાતા હૈ." પ્રેમાનંદ કહે
છે તેમ ધણી સુરભિસુત છે. તેને ધોંસરી વિના ખાલી ચાલવું ગમતું નથી.

મંદવાડમાંથી ઊઠ્યા પછી ઓઝાનો છોકરો એક દિવસ જમવા બેઠો
હતો. જમી રહ્યો, કમળા કહે: 'ઊઠ, મોં ધોઉં.' કીકો ઊભો થયો અને
રડવા લાગ્યો. કહે: 'ચલાતું નથી, પગમાં કૈંક થાય છે, કાંટા વાગે છે.'
બેઠેલાં બધાં હસી પડ્યાં. તેને પગે ખાલી ચઢી હતી. સ્ત્રી જાય છે તેથી
બીજું કાંઈ થતું નથી: હૃદયને ખાલી ચડે છે, હૃદય ચાલતું નથી, તેને
જરાજરા કાંટા વાગે છે, અને આપણાથી ન ચલાય તો લોકો હસે છે.

સ્ત્રીનું પુરુષ ઉપર કેટલું પ્રભુત્વ છે! બધા સ્ત્રીસ્વાતંત્ર્યની વાતો કરે
છે. મને લાગે છે કે પુરુષસ્વાતંત્ર્યનો પ્રશ્ન વધારે વિકટ બનતો જાય છે.

હવે કરવું શું? શાસ્ત્રકારોએ કુમારિકા, સૌભાગ્યવતી, પ્રોષિતભર્તૃકા,
વિધવા, સર્વનાં કાર્યોનો વિધિ રસના સિદ્ધાન્ત ઉપર ઠરાવેલો છે, પુરુષને
માટે કશું લખ્યું નથી. પુરુષ પ્રોષિતપત્નીક હોય ત્યારે તેણે શું કરવું ને
શું ન કરવું? ન્હાવું નહિ? પાણી ગરમ કર્યા વિના ચલાવી લેવું? ચહા ન
પીવી? ખરાબ કરીને પીવી? બહાર ખાવું? ઘેર ખાવું? હજામત ન
કરવી? વાળ ન ઓળવા? ઑફિસમાં વખતસર ન જવું? રાતે દીવો ન
કરવો? ખુરશીમાં ઊંઘવું? રાતે જાગી દિવસે ઊંઘવું? શું કરવું ને શું ન
કરવું? ખરેખર, જગતે પુરુષની ઘણી જ ઉપેક્ષા કરી છે.

અંતે ભૂખ લાગી. ભૂખ એ સારી વસ્તુ છે. કાંઈ ન સૂઝે ત્યારે પણ
એ સૂઝે છે. મેં કપડાં પહેર્યાં, ઊઠ્યો, કમાડ વાસવા ગયો ત્યાં પૂંછડું
હલાવતી મોતી પાસે આવી. તે પણ અત્યાર સુધી ગમગીન થઈને બેઠી
હતી. વિરહમાં કાવ્ય સ્ફુરે છે; મને નીચેનું કાવ્ય સ્ફુર્યું:

कच्चिद् भर्त्ताः स्मरसि रसिके त्वं हि तस्याः प्रियेति ×

તેનો ગુજરાતી અનુવાદ પણ તરત જ સ્ફુર્યો:

ધણિયાણીને સ્મરછ કનિ તું વ્હાલી તેની હતી તે!

તમને આમાં દોષો લાગશે. પણ મોતી તો આ સમજી ગઈ. મેં તેને થાબડીને ખુરશી ઉપર બેસાડી કમાડ વાસ્યું.

પહેલાં આવે પ્રસંગે એક વીશીની ઓળખાણ કરી હતી ત્યાં ગયો. મોડું થયું હતું પણ હજી વીશી ચાલતી હતી. મહારાજ નવો આવેલો હતો, પણ જાણે ઘણા વરસથી મને ઓળખતો હોય તેમ કહે: "અહો! સાહેબ, ઘણે દિવસે આવ્યા! આવા દુબળા કેમ પડી ગયા? અહીં જમતા ત્યારે તો સારા હતા શરીરે!" હું તેની પ્રગલ્ભતાથી ઘણો ખુશ થયો. મને જાણે વિચાર કરવા, રમવા એક નવું જ રમકડું મળ્યું.

મેં કહ્યું: "હા મહારાજ, એટલે જ હવે તમારે ત્યાં જમવા આવવાનો છું. પીરસો."

'જે દી 'નવરો દીનોનાથ' તે દી' મહારાજને ઘડ્યો હશે. તેનો વર્ણ ધોળો હતો, બટાટાને બાફીને છાલ કાઢી નાખીએ એવો ધોળો, અને તેની ઉપર કાળા નાના પીળા તલની ઝીણી છાંટ હતી. તેનાં લથડબથડ અંગો જાણે ખસી ન પડે એટલા માટે, કાછિયા સુરણ-બટાટા ગાસડીમાં બાંધે તેમ, કાળી ઝીણી પોતડીથી બંધ બાંધેલા હતાં. પેટ મોટું હતું પણ આ બંધથી તેના બે ભાગ પડી જતા હતા અને ઉપલા ભાગ ઉપર કાળું જનોઈ પરસેવાથી ચોંટી ગયું હતું. ઊભો રહે ત્યારે વચ્ચેથી પગ જરા વધારે પહોળા, ગોળાકાર રહેતા અને પગનું લાદ વિનાનું કોઠના જેવું પડતું. મોમાં જાણે નીચલા જડબામાં એક નહિ પણ દાતની બે હારો જેવું, અથવા આખા જડબામાં જાણે દાઢો જ હોય તેવું જણાતું હતું, અને આટલા પછીને એટલા ખુશ થઈ ગયેલા હશે કે મારી કામી હશે એટલામાં જ તેને કપાળે અને બરડે થાબડયો હશે—કપાળ તરફ ગયું એટલું દગાતું અને વાસો એવો ભ્હાર નીકળેલો હતો.

× कच्चिद् भर्तुः स्मरसि रसिके त्वं हि तस्य प्रियेति । —મેઘદૂત

[illegible] ભાઈ રેવાશંકરનું [illegible] “મહારાજનો [illegible]” [illegible] રસોડામાં ગયા. [illegible] ચમચા અને રેવાશંકરને [illegible] સામે [illegible] રેવનારરવના બોલવા લાગ્યા :

“ભાઈ તો જીવ બાળો. અમે [illegible] ન કરીએ. આ શેઠ છે ને શેઠ, એ પંડ્યા, એમનો જીવ [illegible]. અમારી નાતમાં પાંચેક નાંગાનું નામ પાડી [illegible] લાગવું હતું. અમે તો લોટો માગવા ગયેલા કે ભલે ને અમારી નોકર [illegible], પણ નાતમાં શા સરખા, અમે કોઈની ચાડીચાર ન રાખીએ. નાત [illegible] સંભળાવી દઈએ. હું તો શેઠ હોય તો ય નજર ચૂકાવી ઘી પીરસી દઉં. બહુ કહે તો આ તારી નોકરી, ના નથી કરવા. બ્રાહ્મણના દીકરા છીએ, હાથમાં ઝોળી લઈ માગી ખાતાં કાંઈ શરમ થોડી જ લાગવાની હતી! કેમ હેં?”

મહારાજને વાતના ટેકાની જરૂર જણાઈ તેથી ગમે તે પ્રશ્ન પૂછી નાંખ્યો : “આ પંડ્યા તમારી નાતના છે?”

“હા સાહેબ, એ અમારી નાતમાં હલકા ગણાય. એ તો કન્યા કોઈ ન હોતું આપતું તે મેં આપીને મોટા કર્યા. મારી ભાણેજનો આ સગે હાથે ચાંદલો કર્યો છે પણ મારા લગ્ન માટે તેણે બે વેણે ય કોઈ ને કહ્યાં નથી.”

મેં રેવાશંકર સામું જોઈને કહ્યું : “બિચારા મહારાજ પરણ્યા વિનાના છે ત્યારે! એમને જક્ષણીની વાત કહું?” રેવાશંકરે હા પાડી તે પહેલાં મહારાજ બોલી ઊઠ્યાઃ “જક્ષણી કોણ?”

મેં કહ્યુંઃ “મારે ઘેર એક જક્ષણી છે. સાક્ષાત્ મહામાયા જોઈ લ્યો. રાતે અંધારામાં જુઓ તો એ આંખો દીવા જેવી ઝગારા મારે. જે માનતા માનીએ તે ફળે એવાં છે!”

"ત્યારે મને એક વાર દર્શન કરવા લઈ જાઓ ને!"

મેં કહ્યું: "અરે! અરે! એ શું બોલ્યા! એ તો કોઈને મળતાં જ નથી. બસ દિવસ આખો ઘરમાં બેસી રહે અને ધ્યાન ધર્યા કરે. એમ લોકોને મળવા દે તો પછી લોકો એમની માનતા માનીમાનીને એમને જંપવા પણ દે કે? અને આપણા લોક માગે, તે અક્કલ વિનાનું માગે, નસીબમાં ન હોય એવું માગે. એક બાઈના નસીબમાં છોકરો નહિ ને માગ્યો તે આંધળો છોકરો આપ્યો. બોલો!"

હું બોલતો હતો ને દરમિયાન મહારાજના મુખ ઉપર હર્ષ, ચિન્તા, ઉદ્વેગ વગેરેની રેખાઓ આવીઆવીને ઊડી જતી હતી. છેલ્લું વાક્ય સાંભળી મહારાજનો ઉગ્ર કર્કશ ફિક્કો થયો અને બોલ્યા: "પણ મારા નસીબમાં તો છે. મારું સગપણ તો ભટને ત્યાં થઈ ગયું છે. પણ કન્યા જરા નાના છે. પણ નાની છે પણ રૂપાળી બહુ છે હોં! અને નાની છે પણ સુધ અત્યારથી બધુંય સમજે છે. હું જાઉં તો કહેશે મારા સારુ શું લાવ્યા? અને પાણી મગાવું તો ધમધમ કરતી લાજ કાઢીને ચાલે!" છેલ્લાં વાક્યો બોલતાં મહારાજના હૃદયનો રસ મુખમાં આવતો હતો અને દર ક્ષણે તેનાં હોઠ ઉપરથી ઊભરાવાની ભીતિ રહેતી હતી. મેં શાક માગ્યું. મહારાજ ઝપાટાબંધ ઊઠી શાક લઈ આવ્યા અને મને અને જટાશંકર બન્નેને પીરસ્યું. શાક અને ઘી મહારાજની પ્રસન્નતાના ખાસ ચિહ્નો છે.

મેં કહ્યું: "ત્યારે તો તમારે જક્ષણીમાતાનું કાંઈ કામ નથી."
મહારાજ ઊંડા વિચારમાં પડી બોલ્યા: "તમે વૈદું જાણો છો?"
"ના."

"હું મહેતા રૂપકુંવરીમાહેબને ત્યાં નોકર હતો. એ નવી બાયડી પરણ્યા હતા, તેને રાખતા ન હોતું આવડતું તે મને રાખેલો. માગ ઉપર જાય, પૂરેપૂરો વિશ્વાસ '—નાની બૈરીના ધણીને નોકરની પસંદગીમાં જે દીર્ઘદૃષ્ટિ અને સાવચેત રાખવી પડે છે તેને માટે આ અજાણ ' રૂપકુંવરી ' નગર મને પણ માન થયું—"બૈરી નાની ને વેદને પૂછીને તેમણે ટોપકું ખરચાવ્યું, ને બૈરી તો ગોરી આવડી થઈ!" મહારાજે કાચા હાથનો

પંજો પોતાને ડાબે ખભે અંગૂઠાને આધારે ટેક્વ્યો. "હું એક વાર સાંભળું તો ભૂલું નહિ. મેં ય ખવરાવવા માંડ્યું છે. પણ હજી ઊગી નથી થઈ. એમ કાહૂં કર્યું છે, પણ હજી દીકે નીચી લાગે."

મેં કહ્યું: "ત્યારે બીજી બાઈડી જોઈએ છે?"

"ના, ના, બીજી આવી ન મળે. જક્ષણીમાતાને કહીને ઝટ મોટી થાય એમ કરો. અને મારે ઘેર બૈરી સુખી થાય હોં. જુઓ કશું કામ છે? રાંધું પણ હું, તેને દાળચોખા વીણવા પડે, અને હું રસોયો ખરો પણ બાર વાગે છૂટ્ટો. ગામમાં નીકળું તો મને કોઇ રસોયો ન જાણે. હજામત તો હૅરકટિંગમાં જ કરાવવાનો. આઠ આના તો લે આઠ આના. ને માથામાં તેલ અત્તર પોમેટમ. મહિનામાં એકએ વાર નાટકસિનેમા તો ખરાં જ. બૈરી દુઃખી ન થાય હોં." મહારાજે ધણી તરીકેની સર્વ લાયકાત ગણાવી છેવટે કહ્યું: "ત્યારે હું જક્ષણીમાતાનાં દર્શન કરવા આવું?"

મેં કહ્યું. "ના, એમ તો નહિ. એ તો હું ન હોઉં ને તમે જાઓ તો કૂતરી થઇને વળગે. તમે એમને માટે રોજ ખાવાનું મોકલતા જાઓ."

મહારાજ ખુશ થઈ ગયા. હું જમી રહ્યો. મહારાજે તરત જ ભાણું તૈયાર કરી મને ખબર આપી. મેં કહ્યું: "એ રાત્રે તો જમતાં નથી. સવારે છોકરો મોકલીશ એટલે પહેલાં તેની સાથે મોકલજો. સાંભળો, ફક્ત ચાર રોટલી, ભાતદાળ, શાક નહિ. ઘી પણ જરાક જ. હું પૈસા આપીશ. એ મફત ખાતાં નથી. પણ વખતસર કરવું.

મહારાજ આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા. અને બીજા દિવસથી મોતીનું કામ ચાલ્યું.

૩

હું પાછી આવી. ધાર્યાં કરતાં એક દિવસ વહેલી નીકળી શકી. ઘર ઊઘાડ્યું. સ્ત્રીપુરુષના સમાન હક હોવાથી ઘરની કૂંચીઓ અમે બંને પાસે રહે છે.

ઘરમાં ગઇ. મોતી પૂંછડી હલાવતીહલાવતી સામી આવી. પણ આખા ઘરમાં માત્ર એ જ બરાબર હતી. બાકી જ્યાં જોઉં ત્યાં ધૂળ. ખુરશીઓ સિવાયની બધી વસ્તુઓ, ચોપડીઓ પણ, એમ ને એમ પડેલી.

ટેબલ પર પણ ધૂળ અને કાગળદાબણિયા નીચે મેં ચીઠ્ઠી મૂકેલી તે એમની એમ ! આ પુરુષો તે ભગવાને કેવા ઘડ્યા હશે !

મેં બધું વાળીને સાફ કર્યું. ટેબલ પર જઈ કાચમાં જોયું. રસ્તાનો થાક અને આ ધૂળ ! મનમાં થયું લાવ માથે નાહી લઉં. માથું છોડ્યું. ત્યાં કમાડ ખખડ્યું. મને થયું કે કદાચ એ આવ્યા હશે. સાલ્લાનો છેડો ગળા ફરતો લઈ એમ ને એમ જઈ કમાડ ઉઘાડ્યું. આ કોણ!

એક ઘણો જ કદરૂપો માણસ, કોટ પહેરેલો, તાજા વાળ કપાવી હજામત કરાવેલો, વાળમાં ખૂબ તેલ અને પોમેડ, ઉપર તેલથી રીઢી થઈ ગયેલી ઝારવાળી કાળા ફેલ્ટની ટોપી, પાતળી ચીપીચીપીને પાટલી વાળેલી મિલની ધોતલી, હાથમાં દાતણ. અને આવીને મને પગે પડવા લાગ્યો. હું ભાગી ગઈ. મેં કહ્યું: "અલ્યા કોણ છે ? કેમ આવ્યો છે ?"

"જક્ષણીમાતા ! ખમા કરો ! સેવકના ઉપર મહેર કરો."

મેં કહ્યું "પણ હું જક્ષણી કે દાંડાની ?"

"હમેશ નીકળતો પણ ઘર બહારથી બંધ; આજ તાળું નથી એટલે દર્શન કરવા આવ્યો છું. મારા મનના મનોરથ એક વાર પાર પાડો. તમે કહેશો એ માનતા માનીશ."

"ભાઈ, તને કોઈકે ભરમાવ્યો છે. હું જક્ષણી નથી," કહી મેં કમાડ બંધ કરવા માંડ્યું તો અંદર આવવા લાગ્યો અને કહે. "માતાજી, આજ દિવસ સુધી તમને ખાવાનું મોકલ્યું તે સામું તો જુઓ !" હું ચીડાઈ ગઈ. "વળી તું ખાવાનું મોકલનાર કોણ ? જાય છે કે નહિ ! આ ધોકણું લગાવું !" અને અંદરથી સોટી ધૂરકી, મેં લગાવ્યું જ હોત, પણ તેની દીન મુદ્રા જોઈ પાછું મૂક્યું તે વળી બકયો : "માતાજી, મારા નસીબમાં બેરી છે. મારે નવી નથી જોઈતી. તે ઝટ મોટી થાય એટલું કરો." હવે મારા ગુસ્સાનો પાર ન રહ્યો. મેં હાથમાં ધોકણું લીધું. "હરામખોર" કહી મારવા જતી હતી ત્યાં "ચંડી, કોપ ન કરો" કહી મને અટકાવી, પેલાને આંગળીની નિશાનીથી રવાના કરી, એ અંદર પેઠા; મને ફરી કહ્યું: "ચંડી, પ્રસન્ન થાઓ !"

—દ્વિરેફની વાતો : ભાગ : ૧

[૫]

શંકરપ્રસાદ રાવલ

[જન્મ : ઈ. સ. ૧૮૮૭]

[શ્રી. શંકરપ્રસાદ છગનલાલ રાવલ, મહીકાંઠા એજન્સી (હાલની સાબરકાંઠા એજન્સી)ના ડભોડા-વડોદરા ગામના રહીશ, હાલ મુંબઈમાં, સાહિત્યકાર, શિક્ષક અને સુપ્રસિદ્ધ 'ગુજરાત' માસિકના સહતંત્રી છે. વિવેચન, કાવ્ય, નવલિકા, જીવનચરિત, જૂની ગુજરાતી ભાષાનું સંશોધન વગેરે વગેરે એમના પ્રિય વિષયો છે. એમના સાહિત્યાદર્શોનું અવિરત સેવન કરવામાં એ વર્ષોથી કર્તવ્યશીલ રહ્યા છે. એમની સાહિત્યકૃતિઓની સંખ્યા મોટી છે.

'રસલીલાના વિધવાશ્રમમાં' એ એક શ્રીમંત આદર્શ વિધવાના જીવન ક્ષેત્રની સેવાના ફળરૂપ વિધવાશ્રમની એક ટૂંકી વાર્તા છે. **તટસ્થ**]

રસલીલાના વિધવાશ્રમમાં

નંદકિશોર અને હું બાલસ્નેહી તેમ સહાધ્યાયી હતા. નંદકિશોરે રજવાડાની સેવાઓ કરીકરી અર્થપ્રાપ્તિ કરવાનું પસંદ કર્યું હતું; મારી વ્યાપાર કરવાની નિષ્કામ રસવૃત્તિને મેં વ્યાપાર કરી પોષવાનું પસંદ કર્યું હતું. ગુજરાતની વ્હાલી વતનભૂમિનો ત્યાગ કરી મારી અભિલાષાઓને મેં પૂનાના ક્ષેત્રમાં રોપી. મારી વીસ વર્ષની ઉમ્મરે મારો વ્યાપાર જામી ગયો, મારું કુટુમ્બ અને હું ત્યારનાં પૂનામાં જ વસીએ છીએ. પચાસ વર્ષના પૂનાના ગાઢ સહવાસમાં અમે સર્વ પૂરાં પૂનાશાહી બની ગયાં છીએ. પણ મારી બાલ્યાવસ્થાની ક્રીડાભૂમિ-જન્મભૂમિ-નું લોહી અમારી રગેરગમાં ઊછાળા મારી રહે છે. ગુજરાતની સુરવાટિકા જેવી ભૂમિની મનોહર મૂર્તિ અમે ઘણી વાર હૃદય આગળ ખડી કરીએ છીએ અને પવિત્ર થઈએ છીએ. મહાસાગરો ઓળંગી દૂરદૂર વસેલા ગુજરાતીઓનાં હૃદયો જન્મભૂમિના સ્નેહપક્ષપાતથી આમ કેટકેટલાં ભીંજાઈ જતાં હશે? વ્યાપારી ગણાતા ગુજરાતની

ાપાર્ક વસતી ' લક્ષ્મી કેટલા કાળથી રીસાઈ ગઈ છે! રીસાયેલાં દેવીની
ન્ય ઉપાસના કરી, એમને દેશ દેશાન્તરમાંથી મનાવી લાવી સ્વદેશમાં
ની પુનઃસ્થાપના કરવી : આ જીવનમંત્ર આચરતાંઆચરતાં અમારાથી
સ્તાનમાં આવી જવાનું જવલ્લે જ બની શકતું. વધતી જતી પ્રવૃત્તિઓ
ી અમે માત્ર આવડા લાંબા વખતમાં એકેક વાર જ આવી ગયાં હોઈશું.

પણ ગુજરાતમાં આવી જવાનું ખાસ સ્નેહાકર્ષણ તો મારા મિત્ર હરિશંકરને લીધે હતું. એકનાએક પ્રિય પુત્ર હરિવદનના અકાળ સ્વર્ગવાસ ી એમના જીવનની થાકી ગયેલી અને જૂની નૌકા સાચી આશાના આશ્રય પર ટેકાતી કોઈ એક કિનારા તરફ ખેંચાતી હતી. પણ મારા એ સ્થિતપ્રજ્ઞ મિત્રની નિવૃત્તિકાળની સાત્ત્વિક પ્રવૃત્તિ અપૂર્વ પ્રકારની હતી. વિધવાપુત્રવધૂ રસલીલા અને પૌત્રી શશીલેખા સાથે ગુજરાતનું જ હિત કરવામાં સદા રોકાયલા છતાં મારા ઉપરનો મિત્રસ્નેહ એમણે કદી ય વિસાર્યો નથી. મારા ર એમના વારવાર પત્રો આવતા. એક લાંબા પત્રના અંતભાગમાંના—

" પણ હવે તો એક વાર નિસ્તેજ થતી આંખોને તમારાં મોંઘાં દર્શન કરાવો. આ જીવન હવે અસ્તાચલ ઉપર ચડવાની તૈયારીઓ કરે છે. તમારા મેળાપની મારી આ એકજ છેલ્લી તલસતી આશા પૂરી નહીં પાડો? હવે યે ઉડાણા મારતી ધનાશાને નહીં ઝંપવા દો? જરૂર એક વાર તો આવો—"

—આ વાક્યોએ મારા પર ઊંડી અસર કરી. આથમતી અવસ્થાને મિત્રની છેલ્લી ભેટ કરાવવા માટે મન લલચાયું. મારો પૌત્ર, એની વિધવા માતા અને હું તૈયાર થયાં.

૨

વર્ષાઋતુનો આરંભ થઈ ચૂક્યો હતો. પૂનાને ફરતો ઐતિહાસિક પહાડી પ્રદેશ નવવર્ષાની મહેરથી આનન્દપ્રફુલ્લ થઈ પ્રવાસીનાં હૃદયોને મલકાતે મુખે ન્યાત્યા કરવા માટે નોતરી રહ્યો હતો. રામ, સીતા અને લક્ષ્મણના જેવાં ઉન્નત અને રસિકતામય હૃદયોને આકર્ષનાર, એમની દિવ્ય આંખોને યે તૃપ્તિ આપનાર એ સૌન્દર્યપ્રદેશ રામાયણના વાતાવરણમાં પ્રવાસી-ઓને એકાએક ઉપાડી જાય છે. સુગન્ધમય પવનોની ઠંડી લહરીઓ ખાતા

ડોલતા ડુંગરો પરના ડુંગરો, ડુંગરોને ગોદવનાં વૃક્ષો, વૃક્ષોને ભેટી રહેલી વેલીઓ, વૃક્ષવેલીની છાયા હેઠળ રમતા [illegible] અને વનસ્પતિઓની રમ્ય લીલાઓ, ખળ ખળ રમતાં-દોડતાં-ઝરણાં, અને ઊંડાંઊંડાં કોતર અને ગુફાઓ જોતાંજોતાં સવારના સાત વાગતાથી ચાર વાગતાનો પૂના-મેલનો વખત જોતજોતામાં વીતાવી દઈ અમે મુંબાઈ આવ્યાં. મુંબાઈ એક દિવસ રહ્યાં. બીજા સવારે ઉત્સાહથી કૂદતાં હૈયે કુલાબાની અમારી "ફાસ્ટ પેસેન્જર" ગુજરાતમાર્ગે વળી. ગુજરાતના પ્રદેશના આનન્દ-પવનો અનુભવ્યા. સુરતજીલ્લાનો બાગાયત પ્રદેશ આવ્યો અને પાછળ રહ્યો. ચાર વાગે ભરુચ સ્ટેશને ઊતર્યાં. અમને લેવા આવેલી ગાડી તૈયાર હતી. સ્ટેશનથી પૂર્વ દિશાએ અમારે સાત માઈલ જવાનું હતું; કારણ કે ત્યાંથી કેટલેક દૂર નર્મદાના કાંઠા પર આવેલા એક જનપ્રદેશના એકાન્તમાં નંદકિશોર રહેતા હતા.

ગાડી ઊપડી. ગુલાબરાય અને એની માતા અજાણ્યો રમ્ય પ્રદેશ જોવામાં રોકાઈ ગયાં હતાં. મારે મારી જ સાથે જ વાતો કરવાની હતી.

ગુજરાતી અને દક્ષિણીઓનાં જીવનવિધાન મેં ઘણીવાર સરખાવ્યાં હતાં. ગુજરાતની પ્રવૃત્તિઓ અને પ્રશ્નો મારાં કુટુમ્બીઓની ચર્ચાનો હમેશ-નો વિષય હતાં. જાગ્રત થયેલા ગુજરાતના જીવનપ્રશ્નો મારા મનમાં અનેકવાર ઊઠ્યા હશે એ વાત ખરી; પણ ગુજરાતમાં પ્રવેશ કરતાં જ મારામાં આ વખતે તો નવીન યૌવન આવ્યું. તારી વૃદ્ધ થયેલી કલ્પના યે નવયૌવનાની માફક વિચારસાગરની છોળો ઉપર તરવા ને ફૂદકારા મારવા લાગી. મને કે મારા કોઈ બન્ધુને સંબોધવા લાગી :

"પ્રકૃતિ અને પુરુષ, દેવી અને દેવ, એમની અખંડિત બેલડીઓ, એમના હિતસાધક સહચારો, એમના જીવનસન્દેશની સફલતા સારુ પ્રવૃત્તિ-નિવૃત્તિભર્યાં પર્વાણો, કહેવાતા આધ્યાત્મિક જીવનની ઉન્નતિમાં છાતી કહાડી ચાલનાર તારા દેશને ભલે સારી પેઠે જાણીતાં હોય. તારી–તારા દેશની–અનેક જાતની અવનતિ છતાં આ ઉન્નતિ માટે જગતના ફિલસુફો ભલે તને હમેશાં અભિનન્દન આપ્યા કરે. તું એથી ફૂલાઈ હિમાલયનાં શિખરે

ભલે ચાલે એમ, પણ તારા સંસાર માટે તું કદીપણ મગરૂર થઈ શકે એમ છે! તારાં સંસારના રમણીય ભાગનાં પેઠાં સુખરૂપ કરી તારા સંસારને આગળ વધવા દે છે? જીવન શું છે એટલું યે સમજાવે એવું સામાન્ય જ્ઞાન તારી બન્ને જાતિનાં સંસારીઓના નિવાસના ઉજ્જડ ખૂણાઓમાં પ્રકાશ થઈ ગયું છે! સંસારીની સામાન્ય સ્વતંત્રતા તારા સંસારને ક્યારે સચેતન કરશે! આપણા સામાજિક જીવનની એકતાની ને ઉન્નતિની સિદ્ધિ ક્યારે સાંપડશે!"

"અને ઓ મારા પ્રિય ગરવા ગુજરાત! તારું ગૌરવ શું ભૂતકાળની ગાથાઓમાં કે કવિઓના કવિપણામાં જ મહાવસી રહેવાનું! તારા ફીક્કા મોવાળો સંસાર સ્વપ્નામાં યે કદી પેલાં ઉચ્ચ સુખોની ઝાંખી કરી શકશે! ગુજરાતની નરજાતિ ભલે ગમે તેમ, ગમે ત્યાં મહાલ્યા કરો. પણ ગુજરાતની ઓ સુકુમારજાતિ! તારા ગુજરાતીઓ તારો પુનરુદ્ધાર વિક્રમના પચીસમા સૈકાને યે દેખાડશે કે કેમ? અને દુખી વિધવાઓ! ગુજરાતમાં ઘેરઘેર વધતી જતી વિધવાઓ! અરે, તમારાં અસહ્ય દુખો જોઈને દિવ્ય ધૈર્યવાળા દેવો પણ હશે તો રડી જતા હશે! ગુજરાતના હૃદયો શું પાષાણનાં છે? ગુજરાતના પુરુષોનું પુરુષાર્થ શું એટલપેટિયું છે? વિધવાઓના હૃદયદારક આક્રંદો આંગણાંમાંઆંગણાંનાં શું તેઓ નીરાંતે ઘોરી શકે છે? કલાપીના ઓ કોમળ લાગણીવાળા ગુજરાત! કલાપીને અવતાર આપ્યા પછી યે તું નિષ્ઠુર રહેવાનું સામર્થ્ય ધરાવે છે? ક્યારે બંધ થશે તમારાં કરુણ રુદનો અજ્ઞાનમાં સડતી ઓ બાળવિધવાઓ! નરપિશાચોની મલિન યુક્તિજાળમાં સપડાયલી ઓ નિર્દોષ વિધવાઓ! તમારાં મધ્યરાતોને ભયંકર કરતાં રુદનો કયી કોમળતા મૂકાવશે? કહેવાના મીઠા મંદિરમાં કે સ્વર્ગે ગયેલા પતિના ખાવા ધાતા ઘરમાં જીવનો: તનમહેનતથી થાકેલા હૃદયનાં દુઃખો તું કયા હૃદય આગળ મુક્ત કરે રડે? ઘરઘરના વાસી ટૂકડા ભીખતા તારા નિરર્થક જીવનો અન્ત પણ ક્યાં? એક પાપ કર્યાં પછી અનેક પાપરાક્ષસોના મુખમાંથી તને બચાવવા તારો સમાજ ક્યારે તારી વહારે ધાશે? પુનર્લગ્નને બહાને મારફત બાળ દૂધ મારફતીઆઓને તારા અનાથ મલિન દેહનો નિરંકુશ વ્યાપાર કરતા ક્યારે ગુપ્ત સ્થળોમાંથી ઓગુસચરોને હાથે અટકાવવામાં આવશે? તારા સમાજવાળીઓના કે કોમરાના વકીલોના મગજે શું

[illegible]

[illegible]

[illegible]

આંબા, આસોપાલવ, લીમડા અને [illegible] શોભતી, આકારના છાપરાવાળી, [illegible] ખૂલતા એક ઓરડામાં આરામખુરશી બેઠેલા મારા એક મિત્રને મેં દૂરથી ઓળખી કહાડ્યા. મીણબત્તીના દી[illegible] શાન્ત પ્રકાશ એક શશીમુખી બાલાની દેહલતાને દીપાવી રહ્યો હતો. બાલા શશીલેખા હતી. અમે ઊતર્યા નહીં એટલામાં તો નંદકિશોર [illegible] થઈ ગયા. શશીલેખાએ પુસ્તકને ટેબલ પર મૂકી વાંચવાનું બંધ કર્યું. ઊભી થઈ ગઈ. મિત્રો મળ્યા અને ભેટ્યા. મોટા સોનેરી અક્ષરવાળા પૂ[illegible] "ગુજરાતની વિધવાઓ" નામનું પુસ્તક એક હાથે પકડી લજ્[illegible] ઝૂકતી શશીલેખા નીચે જોઈ ખૂણામાં જાણે ચોંટી ગઈ, થોડીક વાર લજ્જાની નિદ્રામાંથી જાગી મને પગે લાગી. મેં તેને આશીષ આ[illegible] તરત જ ત્યાંથી હસતે મુખે આવકાર આપી એ એની સુરંગગાડ[illegible] અંદર લઈ ગઈ. ગુલાબરાય પણ પાછળપાછળ ગયો.

મૈત્રીના નિર્મળ સ્નેહથી એકત્રિત થવા લાંબા વખતથી અકળા[illegible]

ર્ષુનો સુખસંગમ ઓર અનુભવ અનુભવે છે. નંદકિશોરનું હૃદય મમતાળુ નું. ભક્તિથી ભરપૂર હતું. મારા વ્યાપારીના શુષ્ક હૃદયને લીલું રાખનાર જ મહાહૃદય હતું. અમારો સુખસાગર છલકાઈ ગયો. ઘણી જાતની મે બંનેએ આપલે કરી.

મુસાફરીથી શિથિલ થયેલાં અંગોને શાંતિ આપવા હું ખૂબ નાહ્યો. સાથે સી વાળું કર્યું. નવાજૂની ઉકેલી. સુવા જતાં રસ્તામાં અર્ધી મૂકેલી વિચારમાલા મગજની સપાટી ઉપર ફરીથી તરી આવી. પુરુષ અને પ્રકૃતિ, વ અને દેવીઓ, માનવ અને માનવસ્ત્રીઓ, શશીલેખાના પુસ્તકે વિશેષ દ કરાવેલી, જીવનની અમૂલ્ય અભિલાષીઓને સમાજની બેપરવાઈથી રમાવતી વિધવાઓ એક પછી એક વિવિધ પ્રકારના દુઃખની દાદ લઈ નિસ્તેજ મુખે મને ઘેરીને ઊભી રહી. ભારત! ગુજરાત! તમે ક્યાં? ક્યાં તમારી સ્વતંત્ર ખીલતી વ્યક્તિઓ? ક્યાં વ્યક્તિસ્વાતંત્ર્ય? આ પ્રશ્નોના વમળોમાં મારું મગજ ભમવા લાગ્યું. પણ જોર્તી નિદ્રાને હું મેળવી શકતો હતો. કેસારીતમરાંનો અવાજ, દેડકાંના ડેઉં ડેઉંના અવાજમાં ભળી કઠોર સંગીતથી રાત્રિની શાન્તિને ચીરતો હતો. પણ હું તો ઊંઘી ગયો.

૩

પાછલી રાતનો વખત હશે દેવોના દિવ્ય સનાતન સુખોના પાન કરતાં દંપતીઓ અને મનુષ્યોના ક્ષુદ્ર ક્ષણજીવી, દુઃખથી ભરપૂર સુખો ભોગવતાં ખંડિત દંપતીઓ મેં કોઈ રમ્ય સ્વપ્નામાં જોયાં. મારા કાન પર એટલામાં સંગીતનો અપૂર્વ નાદ પડ્યો. હું અર્ધો જાગતો હોઈશ. કાન માંહેનાં સમગ્ર અવકાશના મર્મને વીંધી નાખતા કોઈ કોમલહૃદય વાંસળીઓના સૂરોએ મારા અંગોને વીંધી નાખ્યાં. એમની પવિત્ર અસરે હું પવિત્ર થઈ રહ્યો. આ ગાનાર કોણ? પાચના ટકોરા થતા મારી આંખો ઉઘડી ગઈ. હું ઊઠીને બહાર આવ્યો. અદ્ભુત રસમાં ન્હાતા અર્જુને કરેલી ગીતાના અભિસારમાં અધ્યાયની પરમાત્માની સ્તુતિ મેં ગવાતી સાંભળી. પાસેના મકાનમાંથી સ્થળને ઊજાગરાવતો એ ગીતપ્રવાહ આવતો હતો આકાશમાં ઝાંખા તારા હતા. એક સ્થળે સુન્દર વાદળીઓનું મસ્તાની ટોળું અસ્ત પામતા

[illegible]

“ [illegible] ”

“ [illegible] ”

“ [illegible] ”

“ [illegible] ”

[illegible] ઉદ્યાનમાં [illegible] એક સારું [illegible] હતું. [illegible] સામે દૂર અનેક [illegible] મકાન હતું. [illegible] દૂર [illegible] ફરતી [illegible] હતાં. [illegible] ઊંચી ઊંચી [illegible] હતા. [illegible] ઉપર નિર્મળ [illegible] હતાં. [illegible] પવિત્ર વાતાવરણ, એમાં [illegible] કરતી [illegible], [illegible] દાદાની [illegible] : એ [illegible] મારા હૃદયને તલ્લીન કર્યું. [illegible] જીવનને કુદરતને [illegible], મનુષ્યત્વનો વિકાસ કરવો, એ માટે યથાર્થ યોગ્ય સ્થળો આના કરતાં બીજાં કદાચ નહીં જ હોય. સુન્દર પ્રદેશમાં ફરવાનું મને મન થઈ આવ્યું. લીસાં [illegible] એક પછી એક વટાવી હું ફરવા લાગ્યો. એક ઠેકાણે મોટા પાયા પર ઓઇલ-વાળો કૂવો, એન્જિન વગેરે આવેલાં હતાં. મજૂર લોક ઉત્સાહભેર કામે વળગી ગયા હતા. જમીનનો વિસ્તાર લગભગ ૭૦૦ વીઘાનો હશે. મજૂરોની હાજરી પૂરતો એક વૃદ્ધ ગુમાસ્તો મને જોઈ મારી પાસે આવી નમીને ઊભો. એના શેઠની જમીનનો પ્રતિહાસ એ મને કહી ગયો. એના ઉત્પન્નનો સદુપયોગ કરતાં એ શેઠ તરફના પૂજ્યભાવથી ભીંજાઈ ગયો. એટલામાં ચારપાંચ જાતનાં ગુલાબની કલગી લાવી એક નોકરે મારા હાથમાં મૂકી. હું ત્યાંથી ફરતોફરતો આગળ વધ્યો ત્યાં તો ગુલાબરાયની પાછળથી બૂમ સંભળાઈ :

“ક્યાં જાઓ છો દાદાજી? પાછા ચાલો. કાકાસાહેબ દૂધ પીવા બોલાવે છે.” હું અટક્યો. ગુલાબરાયે પાસે આવી મને કહ્યું:

"તમે કેમ આવુંઆવું સારું જોવા એકલા ઊઠીને આવતા રહ્યા ? કેમ ના જગાડ્યો ?"

"હું ભૂલ્યો, આર્ય."

"પણ આ બધું કેવું મઝાનું છે ? આપણે રોજ અહીં જ રહેવાનું તો !"

"એટલામાં તને આ બધું ગમી ગયું ?"

"સારું ગમતાં વાર શી !"

"કહે, તને આમાં શું વધારે સારું લાગ્યું ?"

"આ આખું યે તપોવન."

"તપોવન ? તપોવનમાં ઋષિઓ ક્યાં છે ? ઋષિપત્નીઓ કે ઋષિકુમાર-કુમારિકાઓ તેં ક્યાં જોયાં ?"

"કેમ ? તમે નથી માનતા કે આ સ્થળનું ભવિષ્ય ઋષિમુનિઓના આ ભૂતકાળને પણ પાછળ ભગાવશે ? અને કાકા સાહેબને તમે ઋષિ નહીં કહો તો બીજું કોણ કહેશે ? દાદાજી, રમલીલા કાકીને હું તો કોઈ તપસ્વિની જેવાં ઋષિપત્ની ને તપોવનની હરિણી જેવી કુદકા મારતી શશીબહેનને તો ઋષિકન્યા ધારું છું."

"પણ આવા પરાક્રમોથી આપણું શું કલ્યાણ થાય ? વ્યાપાર વગર પૈસા ક્યાંથી ?"

"ત્યારે શું આવી ફલદ્રુપ ભૂમિને તમે વાંઝણી વસુન્ધરા કહેશો ? વ્યાપારનું મૂળ વસુન્ધરા જ હતી ? અને તમે જ કહો છો કે આપણા વ્યાપારી રાજ્યકર્તાઓ સાથે આપણી વ્યાપારી સ્પર્ધા ટકી નથી ને ટકશે પણ નહીં. એકલી કુદરતથી જ નહીં વિસરાયલા બિચારા આપણા સ્વદેશનો તો આવી ખેતી વગર ઉદ્ધાર જ નથી થવાનો."

અમે મુકામે આવ્યા. નંદકિશોરે ઊંઘ વિષે, ઊઠ્યા પછી તરત જ ફરી આવવા વિષે મને પ્રશ્નો કર્યા. દૂધ પીધું. ટપાલ વાંચી.

"ઠીક, ત્યારે ક્યાં ક્યાં ફરી આવ્યા ?" નંદકિશોરે પૂછ્યું.

"તમારા આ સમગ્ર અર્ધા તપોવનમાં."

[illegible]

"બા, મેં જ કૃપાસિન્ધુની સહૃદયતાથી જ આ સંસ્થા [illegible]
ગુજરાતના નિરંકુશ જનાં વિવાહિતોને પોતાના ખોળામાં લીધાં છે. [illegible]
શરૂઆતથી આ મનાઈ જોતાં દેશને માત્ર થોડા જ દિવસોની [illegible]
છે એમ મને લાગે છે. ત્યાર પછી પૂના જઈને અને ક્રાઈસ્ટ [illegible]
પ્રત્યક્ષ આવી તમારે આ બાલસંસ્થાને ઊછેરવી એટલી મારી તમને વીનતી
છે. મારા વડીલ ગિરીશચંદ્ર ઉપરાંત આપણા ગુજરાતના શ્રીમન્ત [illegible]
વિદ્વાન્ અગ્રેસરોની મને મદદ મળતી રહી છે અને ભવિષ્યમાં ઉત્સાહી [illegible]
આપણા દેશજનોનો તો એને આશ્રય મળશે જ. તો [illegible]
કેવી આશા બાંધો ?"

"ઈશ્વર ઉપરની અચળ શ્રદ્ધા ઉપર મંડાયેલું નિઃસ્પૃહી ને મનસ્વી કાર્યકરોનું અનેક ત્યાગભર્યું મહાકાર્ય સદા ચડતીને શિખરે જ જશે. ભવિષ્ય ઉજ્જવલ જ છે."

"પણ આચાર્ય, તમારી દૂરદર્શિતા અને વ્યવસ્થિત બુદ્ધિની સૂચનાઓની અમારે જરૂર છે. આશ્રમનો બાહ્ય વિભાગ તમે નજર તળે કાઢ્યો તેમ આન્તર વિભાગ અને વ્યવસ્થા તમારે, આજે થાક ન લાગ્યો હોય તો, જોઈ આવવાના છે. શશીલેખા તમને બધે ફેરવશે. તમારા પ્રત્યેક પ્રશ્નનો એ ઉત્તર આપશે. શશીબહેન!

પાસેના ઓરડાના બારણામાંથી શશીલેખા તરત જ આવી, અગીઆર અને બેની વચ્ચે આશ્રમમાં ફરી આવવાનું નક્કી કરવામાં આવ્યું.

સાડા અગીઆરે જમ્યા પછી પાનનો ધૂમલો લઈ શશીલેખા અમારી પાસે આવી.

"બહેન! મારી અશક્તિને લીધે કાકાસાહેબની ગરજ તારે માથે છે. તારા એ વડિલ અતિથિઓની પૂજામાં ખામી ન આવે." નંદકિશોરે પૌત્રીને મીઠી સૂચના કરી.

અગીઆર વર્ષની છતાં ચૌદ વર્ષની લાગતી શશીલેખા હજી એક બાલાના જ નિર્મળ ભાવોમાં રમતી હતી. મારી અને ગુલાબરાયની એ નાયક બની. અમે આશ્રમ ભણી પાછા પાછા ચાલ્યા. દરવાજા ઉપરના મુદ્રાલેખ વંચાવી એ બોલી:

"જુઓ, કાકાસાહેબ! આ "પુણ્યજીવન" જેવું અમારા આશ્રમવાસીઓનું જીવન અમે કરવા ધારીએ છીએ. આ "જીવનસિદ્ધિ" મારફત અમે જીવનસિદ્ધિ કરી આખા આશ્રમના જીવનની સિદ્ધિ કરવા ઈચ્છા રાખીએ છીએ."

"સુન્દર ધારણાઓ, સુન્દર ઈચ્છાઓ, પ્રભુને એ કરતાં કાંઈ વિશેષ પ્રિય નહીં હોય." શશીલેખાના તેજસ્વી મુખ ઉપર સરલ ને ગંભીર સહૃદયતા વિસ્તરી હતી.

"શાબાશ! બહેનને બારણે તો બધે, દેવો હીંચવાના! મનુષ્યો મટી શું દેવ થવાના!" આશાવાદી ગુલાબરાયનું હૃદય પણ ઉભરી ગયું.

"નહીં, નહીં, આ [illegible] નહીં. મારી દૃષ્ટિમર્યાદાને વિશાળ કરનાર, અને દેશભક્તિના પાઠ આપનાર મારો પુત્ર તો મારો ગુરુ હતો. આપણા [illegible] દેશભક્ત [illegible] આપણને શું શીખવે એમ છે? સાચા ભારતપુત્રના પુરુષાર્થના ચિહ્નો મેં ગુરુ-વદનમાં જોયાં હતાં." વત્સલતા અને નમ્રતા [illegible] નંદકિશોરે પુત્ર પ્રત્યેનો પૂજ્યભાવ [illegible] વાણીદ્વારા દર્શાવ્યો.

મેં પ્રશ્ન કર્યો: "ગુરુવદને આપેલી પુરુષાર્થમર્યાદા તમે કેટલી સંભાળી?"

"સંભાળી તો મેં નથી—હું સંભાળી શક્યો જ નથી. એના મરણ પછી અનેક વિચારો કરતાંકરતાં હું પણ એના જ મતની શોધ કરી શક્યો

છું કે આપણા વિશાળ કર્તવ્યપ્રદેશમાં આપણે અત્યારે દેશભક્તિને પ્રથમ સ્થાન અનેક દૃષ્ટિઓથી આપવું જ જોઇએ."

"પણ દેશભક્તિને અને આ વિધવાઓને શો સંબંધ ?"

"દેશના મહાપ્રશ્નો સ્ત્રીપુરુષોના મહાપ્રશ્નો છે. આ રીતે દેશભક્તિમાં આપણા સમાજની સુધારણાને બીજી સુધારણાઓ જેટલી જ હું તો ઉપયોગી ગણું છું. આપણી હાલની ખોટી જતી સ્થિતિઓને ફેરવવાને માટે આપણા પુરુષાર્થમાં હું આપણા સમાજને પ્રથમ સાધનરૂપ શરીર ગણું છું."

"પણ તેમાં વિધવાઓનું શું કામ છે ? ભારતનાં ચારે મારતાં પેલાં નિઃસત્વ દેશી રાજ્યો માફક આપણે એમની અવગણના શામાટે ન કરવી ?"

"'અવગણના' બન્નેમાંથી એકની પણ અવગણના આપણા સમાજને—આપણા દેશને—નુકશાનકારક છે. વિધવાઓ આપણા સમાજનું મોટું ઉપાંગ નથી ? એમની અસર આપણને ચિન્તાથી શોષતી નથી ? આપણી સ્ત્રીઓ ઉપર, આપણી સમાજસંસ્થા ઉપર એમની સ્થિતિની બૂરી અસર થતી નથી ? સંશિક્ષિત વિધુરોનું બુદ્ધિથી અકુંઠાતું માનસિક બળ અને અજ્ઞાન વિધવાઓનું હૃદયથી અંકુરાતું બળ આપણે ભાવપૂર્વક વધારીએ છીએ ? આપણા કરતાં વધારે ઉત્સાહથી આત્મસમાજના ભવિષ્યનો વિચાર કરનાર યુવાનોના હાથે થતા વિધવાઓનાં લગ્ન પરીક્ષાતને આપણે હજી પણ અનુમોદન ન આપવું ?" રજવાડાના રાજા અમ્માની વિધવાઓના પક્ષકાર બન્યા.

"પણ યુવાનો ન જતી વિધવાઓને પુનર્લગ્નની નવવધૂઓ કરવા માગે છે. લગ્નોન્મત્ત ઉચ્ચ શિખરોમાંથી વહેતી નિર્મળ સ્નેહસરિતાનાં પાણીને એ લોકો પુનર્લગ્નના પરથી ખેંચાતી નાખવાની ઇચ્છા ધરાવે છે. સ્નેહભાવનાને આમ નીચી ઉતારવી એ સારી વાત છે ? અને તમારા જેવા પાકા પાનના અનુમોદનથી એ ઉદ્ધત ન બને વધારે ઉદ્ધત નહીં થાય ?" મેં મારી સાદી દલીલ રજૂ કરી.

"નહીં, અહીં જ તમે આપણા યુવાનોના સંબંધમાં નિંદા કરો છો. પુનર્લગ્નમાત્રથી વિધવાઓના પુનરુદ્ધાર થશે એમ એ લોકો વિચારી કહે ? બિચારા કર્યા આવે છે ? વિધવાઓનો—એમના જીવનનો—અભ્યાસ આપણા કરતાં

એમણે ત્યારે પ્રાચીન રીતે [illegible] વિધવાઓ નહીં [illegible] નહીં, પણ [illegible] આપણે રહેવા દઈએ. પોતાનું મનુષ્યત્વ ખીલવવા [illegible] યોગ્ય સાધનો અને પછી એમના પ્રશ્નોનું નિરાકરણ કરવાનું એમને જ સોંપી, આપણે પુરુષો [illegible] આપણાથી પરતા નહીં [illegible] એમના [illegible] શુભ વૃત્તિઓ [illegible] પૂરતી મદદ [illegible] જ રહે છે."

"હા, પણ મારા અભિપ્રાય પ્રમાણે તો ધાર્મિક જ્ઞાન કે વૈરાગ્યની વૃત્તિઓમાં એમનું જીવન પૂરું કરાવવું. એમના મનુષ્યત્વની–એમના હૃદયોની વૃત્તિઓ–એ રીતે સંપૂર્ણતા ખીલવશે. એમના પ્રશ્નોનું આમ આપોઆપ નીરાકરણ થઈ જશે."

"હા, આપણા જૂના સંપ્રદાયવાળાઓ આમ 'બડી બડી વાતો' કરીએ છીએ. સંહારક જેવી આપણી રક્ષક રૂઢિઓને આપણે જળબરત જેવા વળગી રહીએ છીએ, અને ઓછી તસ્દીભરેલું કામ ગણી ખરી સ્થિતિ વિષે આપણે આંખમીંચામણાં કરીએ છીએ. સ્થિતિ જૂદી ચાલે છે, આપણે જૂદી વાતો કરીએ છીએ. આપણા દેશકાલનું ગૂઢ જ્ઞાન આપણે ક્યારે જરા પણ મેળવવા પ્રયત્ન કરીએ છીએ? જૂઠા પડી ગયેલા આપણા દેશજીવનને આપણે ક્યારે સચેતન ને સજીવન કરવાના? ધર્મ ને વૈરાગ્યની વાતો કરાય છે પણ આપણો સમાજ વિધવાને ક્યાં એવી સ્થિતિની યોજના કરી આપે છે? હાલ તો કોઈ વિધવા થઈ એટલે ઘરનું એક મૂંગું પશુ વધ્યું. વિધવા થઈ એટલે ઘરમાં એક ચાકરડી વધી. મનુષ્યોનો અવતારહેતુ વિધવાઓ થાય એટલે સમાજે શું અટકાવવો?"

"આપણે ક્યાં અટકાવીએ છીએ? એ પ્રભુઇચ્છા અટકાવે છે. એમનાં નસીબ અટકાવે છે." હું પ્રભુવાદી ને નસીબવાદી બન્યો.

"આપણા લોકોની નિર્બળતા આમ પ્રભુઇચ્છાને બદનામ કરે છે, નસીબવાદી બની નસીબની નિંદા કરે છે. પ્રભુની ઇચ્છા તો સર્વે જ જીવોનું કલ્યાણ કરવાની હોય. વિધવાઓ પણ જીવતાં પ્રાણી છે. એમને એ કેમ જ વિસરી શકે?"

"આ. પણ આપણે વિધવાઓના કલ્યાણમાં ક્યાં વચમાં આવીએ છીએ ?"

"કેમ નહીં ? આજ પુરાણોમાં નહીં તેમની ભાવના ક્યાંક પોષાયા કે શી ? એ શાસ્ત્રીઓનું જીવનમાન આપણે જ્યાં જોઈએ ત્યાં દેખાતું નથી ? ક્યાં સ્ત્રીજીવનની પ્રભુનિર્મિત ભાવના અને ક્યાં તેમની દુર્દશા ને ક્યાં આજ એવી માનવજાતને અધમ કરેલી સ્થિતિ ?"

"સ્ત્રીજીવનની ભાવના વિષેના તમારા આદર્શોથી ત્યારે હું હજી સુધી અજાણ્યો છું ?"

"હા. એ જ શુદ્ધ ભાવના આપણે બહાર કાઢી આપવાની છે. આપણે એ સામાજિક પ્રાણ આપણે અમર કરવાનું છે કે ભાવનાને આપણે પૂજવાની છે. એની પૂજા નહીં કરી આપણે પ્રભુપૂજનથી વિમુખ થયા છીએ. એ જ પ્રભુસેવા.

"પ્રભુપૂજનથી ?"

"હા અકાલ વૈધવ્યે વેઠતી નારીઓ સ્ત્રીઓ જગતનું અર્ધું અંગ નથી ? એ પરમાત્માનું અંગ નથી ? યોગ્ય અર્થમાં ગીતાના શ્રીકૃષ્ણે ગાયેલો સ્ત્રીમહિમા સાંભળો:—

"कीर्तिः श्रीवाक् च नारीणां स्मृतिर्मेधाधृतिः क्षमा ।"*

"આ પ્રભુપૂજન આપણે કેટલી કરી ?"

"આ પ્રભુતાને આપણે અનાદરથી શી રીતે ઉતારીએ ? આપણે તે શું કરીએ ?"

"શું કરીએ એ નિર્બળતા આપણા અનેક હિન્દુઓની નિર્બળતા થઈ પડી છે 'શું કરીએ એ' પ્રશ્નના ખડક ઉપર જ આપણી કેટકેટલી જીવનનૌકાઓના ચૂરેચૂરા થતા જાય છે. આપણે ઘણું કરી શકીએ. સમાજ-સેવા કે ગમે તે પ્રકારની સેવાથી આપણા દેશની ગત કીર્તિને આપણી

* સ્ત્રીઓમાં કીર્તિ, શ્રી, વાક્, સ્મૃતિ, મેધા, ધૃતિ અને ક્ષમા એ સાત પણ હું છું—ગીતા

[illegible] ... [illegible] આજકાલમાં, હવે તો એ દેવીઓને ઉદ્ધારનાં ગીત આનંદમાં [illegible] છે. એ ગીતના વાતાવરણમાંથી જ નવીન આનંદ [illegible] આધુનિક ને નવીન કૃષ્ણ જન્મશે. [illegible] આનંદનો એ સામાજિક ઉદ્ધાર નહીં જુએ; પણ એ [illegible] નંદ[illegible]ની [illegible]ની નસો આ વખતે ખેંચાતી—ફૂલતી—હતી. આનંદના [illegible] થનાર બન્ને ભવિષ્યના વચમાં ઊભા રહી કોઈ મહાદેવાલયમાં [illegible] પ્રેમનું વ્યાખ્યાન આપતો હોય એમ એમની મુખમુદ્રા આત્મતેજથી ઝગમગી ઊઠી હતી.

એમના સહૃદયના અને સાત્ત્વિક ઉન્માદ આગળ મારા વૃથા ધારણ કરેલા પક્ષનું કંઇ ચાલે એમ ન હોતું. હું હાર્યો. મારું હૃદય એમની આગળ નમી પડયું. મૈત્રી એટલે નિર્મળ હૃદય પ્રત્યેની પૂજ્યભાવનાનો સાક્ષાત્કાર મેં તે દિવસે કર્યો. મેં ગળગળા થઈ પૂછયું :

"ત્યારે, નંદકિશોરભાઈ, વિધવાઓને પણ આપણે આપણી સૌભાગ્યવતી સ્ત્રી જેવી ઉચ્ચ સ્થિતિએ લઈ જવી ?"

"મારો અભિપ્રાય તો એવો છે—એ કરતાં યે વિશેષ છે. સધવાઓના સંકુચિત પત્નીધર્મ કરતાં વિધવાઓનો ધર્મ વિશેષ વિશાળ થઈ શકે. એક યોગિની સધવા કરતાં અનેક કુલોની યોગિની નિર્મલ વિધવા થઈ શકે, ધન્વન્તરીની પનોતી પુત્રીઓ જેવી વિધવાઓ શરીરે, ધર્મે, અનીતિએ કે અજ્ઞાનથી સડતા આપણા સમાજની ખરી નાડી જોઈ શકશે અને રાષ્ટ્રીયતાના જીવનક્ષેત્રમાં કોમલ પ્રેમ ને દયાનાં બીજનાં નવાં વાવેતર કરશે. સરસ્વતીની

બહેનો જેવી એ વિધવાઓ દેશને ખૂણેખૂણે જ્ઞાનની લ્હાણીઓ કરશે. શાશ્વત્ કૌમાર્યની અભિલાષાથી બળતી આર્યબાલાઓની એ અંગરક્ષિકાઓ બનશે. કીસના દેવોને નહીં જીતી શકનાર વિધવાઓ સધવા થશે તો યે દિનેદિને હ્રાસ પામતા આર્યસંસારની મબલક પ્રજાથી વૃદ્ધિ કરી સંતુષ્ટ જીવનના પ્રજાને એ આશીર્વાદ આપશે. સ્ત્રીઓનાં ગુપ્ત રહેલાં પ્રબળ સામર્થ્યો આપણા પુરુષોથી અજાણ્યાં છે. નિર્ભયાનિડર વિધવાઓ રાષ્ટ્રનું કેટલું બધું કલ્યાણ કરી શકે ? પણ આપણી બેપરવાઈને લીધે "વિધવાઓના ઈતિહાસમાં" માત્ર રોતાં જ ભવ્ય વિધવાજીવનો છે."

"મેં કહ્યું: " એવી કવી અને કેટલી વિધવાઓનું જીવન વ્યર્થ ગયું !"

"આપણી પ્રજા આગળ સમાજના ઈતિહાસ મૂકાયા નથી તો વિધવા-ના તો કોણ જ મૂકે ? પૂર્ણ ખીલાવ પામ્યા વગર કેટલાં ફૂલો ધૂળમાં રગદોળાઈને રોળાઈ જાય છે ? કુમુદસુન્દરીની કરોડી જીવનકથા ગુજરાતના વિધવાજીવનની મહાકથા નથી ? ગોવર્ધનરામની મનઃસૃષ્ટિની એ મહાકથા નથી ! ગુજરાતની સામાજિક બેપરવાઈની એ કરુણકથા છે. કેટલી કુમુદ-સુન્દરીઓ શ્રીમન્ત કે નિર્ધન ગુજરાતીઓના ઘરમાં હાલ સડે છે ? કુમુદ-સુન્દરીથી કયા દેશપ્રશ્નો અજાણ્યા રહ્યા છે ?"

"ભઈ, નંદકિશોરભાઈ, આપણું સામાજિક જીવન, રાજકીય, આર્થિક કે ધાર્મિક જીવન જેટલું જ પછાત છે. તમારો આ નિષ્કામ આશ્રમ મને ખાતરી છે કે કામધેનુઓનો મઠ થશે. ગુજરાતમાં જોતું દિવ્ય જીવન મઠની સધવાઓ, કુમારિકાઓ કે વિધવાઓ કામધેનુરૂપે દુઝતી રહેશે." મેં મારા હૃદયની આપોઆપ ઊઠતી આશીષો બહાર કાઢી.

વખત ઘણો વીતી ગયો હતો. ન્હાવાની–જમવાની–વેળા થઈ ગઈ હતી.

૬

મારા ગુજરાતમાં મારા વીસ દિવસોનો આનંદ હું પૂરો વર્ણવી શકું એમ નથી. પરમમિત્રની છેલ્લા વખતની મહેમાનગીરીમાં મારી કઈકઈ જીવનની અપૂર્ણતાઓ સંપૂર્ણતાઓ થઈ. અસ્તકાળે કે ઉદયકાળે સૂર્ય જેવા

દીપ્તિમાન નંદકિશોરની એક પરોપકાર જ માટે ઉદારતાપૂર્વક વપરાતી પ્રકારની સમૃદ્ધિ જોઇ મારા જેવા વ્યાપારીની એકલપેટિયા ક્ષુદ્ર દુનિય સમૃદ્ધિ મને પામર લાગી. આર્યાવર્તમાં જન્મ્યા પછી આર્યાવર્ત પ્ર ધર્મનું તીવ્ર ભાન મને પહેલવહેલું રસલીલાના વિધવાશ્રમે કરાવ્યું. હૃદયે મને પણ ખબર ન પડે એમ એ આશ્રમમાં એ લાખ રૂપીય ઉદારતા કરી. મારી કુલવધૂ સુરંગા રસલીલાની દીક્ષા લઈ આશ્રમવાસિ થઈ. શશીલેખાની શાશ્વત્ કૌમારની તીવ્ર અભિલાષા જોઈ મને ને ગુલાબરાયને સ્ત્રીહૃદયના અર્પણની અપૂર્વતાનો ખ્યાલ આવ્યો. શશીલેખા નાનકડી ફિલ્સુફ હતી. સંસારના કે સ્વર્ગના મહાપ્રશ્નો એને હસ્તામલ થઈ ગયા હતા. એની વાતો, એના વિચારો, એના ઉદ્દેશો, એની અ લાષાઓ, એની દિવ્ય દેહમૂર્તિને બીજી સરસ્વતી જેવી દીપાવતાં ગુલાબરાયે પણ નિષ્કામ ને અખંડ રાષ્ટ્રવ્રત લેવાનો નિશ્ચય પાંત્રીસ વર્ષ વયે ગમે તેમ થાય તો યે કરવો એમ નક્કી કર્યું.

કામના દબાણને લીધે અનેક પત્રો પૂનેથી આવવા લાગ્યા. ગાઢ આલિંગન કરી અમો વૃદ્ધ મિત્રોનાં જર્જર શરીરો છેલ્લી વારનાં મળ્યાં, ભેટયાં, વિદાય લીધી. હૃદયમાં ભીકળાટ અને આંખોમાં પાણીની ધારા ચાલી. એક ખંડમાં ભેગું થયેલું સ્ત્રીપુરૂષોનું મંડળ એકસામટું કરુણરસમાં ડૂબ્યું. મિત્રોવિયોગ પણ ઘણો સાલે છે.

વ્હાલું ગુજરાત–ગુજરાતની મહાનદી નર્મદા—તેના સુંદર પ્રદેશમાં આવેલો આશ્રમ–આંસુથી ઝાંખી બનેલી દૃષ્ટિથી અમે ધારીધારીને જોઈ લીધાં. મિત્રના નાનકડા કુટુંબને જોઇ લીધું. મુંબાઇ મૂક્યું. પૂના આવ્યા. વ્યાપારમાં મનને નાંખ્યું, પણ મનની સ્થિતિ ઓર હોય છે. ઘણીઘણી વાર એ ઊડીને ગુજરાતમાં ફરવા જતું. નંદકિશોર, રસલીલા, શશીલેખા કે સુરંગાની સત્પ્રવૃત્તિઓ ઉપર એ ભમતું ને સંતોષામૃત પીતું. સાચાં રાષ્ટ્રસેવક કે રાષ્ટ્ર-સેવિકાઓ પ્રત્યે આપણી કેટલી યે નિર્મળ પ્રીતિ બંધાય છે? પણ મારા હૃદયની દૃઢભક્તિ એક પૂજ્ય હૃદય પ્રત્યે વિશેષ ઢળતી હતી. વિશુદ્ધિની સાક્ષાત્ મૂર્તિસમી વિધવા રસલીલા મારા હૃદયના ઘણીઘણી વાર સ્મરણઅર્ઘ્યો પામતી.

ભવભૂતિએ અરુન્ધતિની વાણીદ્વારા સીતાની કરાવેલી પૂજાનું સ્તોત્ર મેં ઘણીવાર ગાયું હશે. પણ રસલીલાને સંભાર્યા પછી તો ઘણીઘણીવાર પૂજ્યભાવથી પલળી જાઉં છું કદી પે ન સમજી શક્યો હોઉં એમ ગાનો કે:

> " शिशुर्वा शिष्या वा यदसि मम तत्तिष्ठतु तथा
>
> " शिशुत्वं स्त्रैणं वा भवतु ननु वन्द्यासि जगतः ।
> गुणाः पूजास्थानं गुणिषु न च लिंगं न च वयः ॥ "×

—સુંદરીસુબોધ : ફેબ્રુઆરી : ૧૯૧૭

卐

× શિશુ હો કે સ્ત્રી હો, પણ તુ જગમાં વન્દ્ય સહુની.
ગુણીના પૂજાર્હ ગુણ, ન વય, જાતિ નવ કદી.

—મણિલાલ દ્વિવેદીકૃત ઉત્તરરામચરિતનું ભાષાન્તર

[૬]

ગૌરીશંકર જોષી

[જન્મ : ઇ. સ. ૧૮૯૨]

['ધૂમકેતુ' એ ઉપનામથી આપણા અગ્રગણ્ય નવલિકાકાર તરીકે સાહિત્યરસિકોમાં સુપ્રસિદ્ધ **શ્રી ગૌરીશંકર** ગોવર્ધન જોષી, કાઠિયાવાડના **ગોંડળ** પાસેના **વીરપુર** ગામના રહીશ છે. ૧૯૨૦ માં બી. એ. ની પરીક્ષા પસાર કરી, શિક્ષકવૃત્તિ સ્વીકારી, એ ચાલુ અમદાવાદમાં રહે છે.

શ્રી ધૂમકેતુ એમની નવલિકાઓમાં મોટે ભાગે આપણા લોકજીવનનાં વિવિધ પ્રસંગો અને પાત્રોના રસજ્ઞ આલેખક છે. આ ઉચિત પ્રસંગો અને પાત્રો એ આપણા ગ્રામજીવન કે નગરજીવનમાંથી પસંદ કરે છે અને તેમને સરસ રીતે આલેખી વાસ્તવિક અને કલામય કરે છે. એમની નવલિકાઓની સ્વાભાવિક અને મોહક શૈલી એટલી બધી સચોટ છે કે આપણા સાહિત્યના આ અંગને ખીલવનારાઓમાં એ પ્રથમ અને માનવંતુ પદ ધરાવે છે. એમની સુરેખ નવલિકાઓ શતક વટી ગઈ છે. એ નાટયકાર અને ઊંડા ચિન્તક પણ છે. **તણખા** મંડળ ૧ થી ૪ જલબિન્દુ, પ્રદીપ વગેરે એમની વાર્તાઓના સંગ્રહ પ્રસિદ્ધ થઇ ચૂક્યા છે.

'પૃથ્વી અને સ્વર્ગ' એ ધૂમકેતુની એક સુન્દર નવલિકા છે. સ્વર્ગ સમી પૃથ્વીના આદ્ય વાતાવરણને કલ્પી, સુન્દર વિચારમાલાઓ ગૂંથતા ગૂંથતા નવલિકાકાર આરણ્યક ને સુકેશી જેવાં તેજસ્વી પાત્રો ઘડે છે. પણ અહીં પાત્રસૃષ્ટિ તો ગૌણ સ્થાને જાય છે. એમાં સજીવ ને ભવ્ય વાતાવરણ સર્વવ્યાપક બને છે ને એક પછી બીજી પ્રેરક ભાવનાસૃષ્ટિ રચાતી જાય છે.

પૃથ્વી અને સ્વર્ગ

જ્યાં સતલજનાં ઊતાવળાં વેગભર્યાં પાણી હિમાલયની તળેટીનો ભાગ છોડીને પંજાબના મેદાનમાં પ્રવેશ કરે છે ત્યાં ગગનચુંબી ડુંગરાઓની

ખેતર અને પાણી નજર ન પહોંચે તેવાં લાખોલાખમાં ફેલાયેલ ઔષધીઓ
કે હાથમાં હાથ મિલાવી જાણે ગોઠડીઓ કરવા માટી ભેગાં થયાં રહ્યાં છે.
જ્યારે ભજન આસ્વાદવ્યવસ્થામાં હતું ત્યારે એ લોકોનો પણ નિર્ભર અને
રંકૂશ હમ્ચૂંઝિયા શીલોની રચના કર્યા કરતાં. શ્રેણીરીતેથી શાખાઓના
છાયા નીચે ઋષિમુનિની ગાયો ત્યાં ચર્યા કરતી. તેના ચારે કોર પાણી-
પાણી નાની ટેકો આમથી તેમ ફેરવીને ચારે તરફ દોડવા કરતા. ગંભીર
ધ્વનિ આવતાં ઋષિમુનિના મંત્રો જળાધિજલના તરંગ જેવા મેઘને ડુંગરાઓ
પર ઘૂમતા જોઈ રહેતા : ચારે તરફ નવાં પ્રાણ, અમૃતભર્યું જીવન ને
સંતોષભરી જીંદગી જન્મ્યા જતા.

ન ગણી શકાય તેટલાં વર્ષો પહેલાં સતલજના કિનારા પર બે સુખી
કુટુંબ રહેતા હતા. તેમની નાની ઝૂંપડીમાં વેદ અને ઉપનિષદનું તત્ત્વજ્ઞાન
લખ્યા વિનાનું કે બોલ્યા વિનાનું, છાનુંછાનું ફેલાયા કરતું હતું

એક કુટુંબનો ગુરુ અને વડીલ ગૌતમ હતો. તેની પત્નીનું નામ
સુનંદા અને પુત્રીનું નામ સુકેશી. ગૌતમ પાસે સો ગાયો હતી, એક
દિવસમાં ખેડી શકાય તેવું નાનું ફળદ્રુપ ખેતર હતું, અને એક દિવસમાં
ફરી શકાય તેટલી ગોચરની જમીન હતી. તેના ખેતરમાં ઝરણાં હતાં. ને
આગળની જમીનને સતલજ—શતદ્રુ—પોતે બારે માસ છંટકાવ કરતી.

બીજું કુટુંબ ગુરુ શતપર્ણના વડીલપણા નીચે હતું. તે કુટુંબમાં ચાર
માણસો હતા : શતપર્ણ પોતે, તેની પત્ની વિશાખા, પુત્ર આરણ્યક અને
એક પાળેલો ધર્મપુત્ર સુમેરુ. શતપર્ણ પાસે નવ્વાણું ગાયો હતી, ચાર
માણસને બાર માસ ચાલે તેટલી કમોદ જેમાંથી પાકે એટલી જમીન હતી
ને તેની ગાયો ચરાવવા માટે છૂટું મેદાન હતું. જંગલનાં ફળફૂલ લાવવા
માટે શક્તિ હતી: ફરવા માટે ડુંગરા અને સાધનો હતાં: ગાવા માટે ખુલ્લું
આકાશ અને ધરતી હતા. હવા, પાણી ને તેજ શરીરને પ્રસન્ન રાખતાં.
સત્ય અને અહિંસા આત્માને ઉજ્જ્વળ(ના) બન્ને કુટુંબ સુખી હતાં.

મન અધિકારી હોય ત્યારે કુદરતનું ભર્યું સૌંદર્ય જીવનનો મર્મ કહી
બતાવે છે. ડુંગરાઓ પર આરામ લેવા બેઠેલા સમુદ્રના તરંગજેવા મેઘને

નિરાંતનિરાંતનાં આહ્લાદ, ચુંબનો અને ચુમીઓ [illegible] [illegible] જ કરતાં. એમાંથી આગળ કૂદી અને કરતી. પાણિગ્રહ એવા શબ્દના નિર્દેશ વગેરેના પ્રવાહને અનિમિત્ત એને જેવા કરતાં, માટી નવરંગિયો [illegible] આની પાણિગ્રહણ મંત્રાકૃતિ ક્યાંય એવા ગણતાં નહિ.

આનંદભાવો એમના જ્ઞાનમાં હેતુ કે લોભ, સ્પૃહા કે ઈર્ષ્યા એ પ્રવેશ કરી શકતા ન હતાં. ગામ ક્રમસરતાથી કુંજોની મુરલીની દિલકશ આરાધક અને ચુગેરના હિયામાં ખીલતા નવરંગી આકાશ જેવા એમના ભાવો ઉત્પન્ન કરતી. માટી, પાણી ને ગગન એનું હોય,—ઐશ્વર્યાન્વિત હિમા-દ્રિનાં સોનેરી શિખરોનું કે પાનથી મેઘાગેલ ગંગાના કૂલનું કે ગુલાબની પર પડેલા મોતીના જેવા જલબિન્દુનું કે નવકુસુમ જેવી જુવાનીનું,—એ સૌંદર્ય એ ભાવના છે, કલ્પના છે, વસ્તુ નથી માટે અસ્પૃશ્ય અને અનંત પવિત્ર છે. એવાએવા વિચારના પ્રવાહ નીચે સતલજના મેદાન પર આ ત્રણે જણાં ફર્યાં કરતાં.

આસપાસ જે ગામડાંઓ વસ્યાં હતાં ત્યાં બધે આવી જ વ્યવસ્થા હતી. જે કુટુંબમાં કમોદ વધારે પાકતી તે કુટુંબ, બીજા કુટુંબમાં જ્યાં જવ વધારે પાકતાં ત્યાંથી કમોદના બદલામાં જવ લાવતું. પાણીના બદલામાં ગાયનું દૂધ મળી શકતું. ને દર્ભના બદલામાં નવનીત મળતું. જેને ઘેર માટી વધારે હોય તે બીજાને ઘેર માટીનું પાત્ર મૂકીને દૂધનું પાત્ર લઈ આવતું. છોકરાં રમતાંરમતાં જ્યાં થાકી જાય ત્યાં જ જમી લેતાં. જુવાનો જ્યાં ચાંદની ખીલી હોય ત્યાં બેસતા ને વાતો કરતા સૂઈ રહેતા. ત્યાં આંસુ આનંદનાં પડતાં. નિત્ય ખીલેલાં ફૂલ ઉપર ભમરાઓ ગુંજારવ કરતા. કોઈ ઘરને બારણું ન હતું; કોઈના ઘરને મર્યાદા ન હતી. નીતિની લીટી ઘરની ચારે તરફ બરફના જેવી પ્રકાશ્યા કરતી. આવી રીતે તે આખો પ્રદેશ સુખી અને શાંત હતો. હરીફાઈને કનિષ્ઠ પ્રકારનું અનુકરણ માનવાની ત્યાં પ્રથા હતી. એ પ્રદેશમાં વિવાહને કોઇ જાણતું નહિ. પ્રેમને સૌ પીછાનતાં અને પ્રેમથી બંધાએલા યુગલ મૃત્યુથી પણ છૂટાં પડતાં નહિ. ત્યાં વિધવાવિવાહનો પ્રશ્ન કોઈ રાજસી પ્રકૃતિના માણસે હજી રજૂ કર્યો

ન હતો; કારણ કે ત્યાં કોઈ બાળવિધવા થતી નહિ અને મોટી વિધવાઓ બધી પવિત્ર રહેતી. ત્યાં કોઈ વિધુર ન હતો; કારણ કે પ્રેમનું બંધન પુરુષસ્ત્રી સૌને માન્ય હતું. ત્યાં માણસને મારનાર ડૉક્ટર ન હતા; કારણ કે જીવનભર કુદરત હતી. ત્યાં ખોટી મોટાઈ, દળભર્યો વિવેક કે અકારણ ધમાલ ન હતી. ત્યાં આંખ બોલતી ને જીભ મૂંગી રહેતી. ત્યાં વસ્તુ હતી, વસ્તુના ભાવો ન હતા. વ્યાપાર ન હતો, વ્યવહાર ન હતો: મંદિરો ન હતાં, કથા ન હતી: રાજ ન હતું, રાજા ન હતો; કાયદો ન હતો, યંત્ર ન હતાં; હતો માત્ર પ્રેમ. પ્રેમથી વસ્તુ મળતી ને અપાતી. ધર્મ ખૂલ્લા મેદાનમાં ઈશ્વરની પૂજા કરતો. દયામાત્ર અંતરમાં જ ચાલતી. સૌ પોતે પોતાના રાજા હતા. નીતિ એ કાયદો હતો. સત્ય એ મર્યાદા હતી. સદ્‌ગુણને સૌ ધર્મ માનતા, શ્રાપને યંત્ર સમજતા. એવો એ અદ્‌ભુત પ્રદેશ પૃથ્વી ઉપર સ્વર્ગ જેવો પ્રકાશતો.

ઘનશ્યામ વાદળાંઓ હિમાલયને ઘેરીને ઊભાં હતાં. જ્યાં જુઓ ત્યાં અદ્‌ભુત રંગોની અદ્‌ભુત મીલાવટ જામી હતી.

એ વખતે સતલજ પાસેના એક સૌથી ઊંચા ડુંગર ઉપર આરણ્યક અને સુકેશી બેઠાં હતાં.

બધાં મેદાનોમાં ઘાસ ઉપર ફૂલની જાજમ પથરાઈ ગઈ હતી. ડુંગરાઓ ધોવાઈધોવાઈને પશ્ચાત્તાપ પછી બનેલા હૃદય જેવા નિર્મળ થયા હતા. ઝાડ ઉપર નીલો રંગ પથરાયો હતો. પક્ષીઓ દોડતા હતા, મેઘ ઊડતા હતા. કુદરત ખીલી હતી; અને પ્રેમના વિકાસની જે ઋતુ કહી છે તે એ ઋતુ હતી.

સુકેશીના શરીર ઉપર તેના છૂટા વાળ ઊડી રહ્યા હતા. તેનું કમળપત્રથી શરીરનો નીચેનો ભાગ ઢાંક્યો હતો ને ફૂલની ચાદર માથા ઉપર ઓઢી હતી. તેના કાનમાં આરણ્યક ફૂલ પરોવી રહ્યો હતો.

અચાનક શરીરમાં જેમ વિજળીનો સંચાર થાય તેમ બન્નેએ અદ્‌ભુત રોમાંચ અનુભવ્યો.

. પ્રેમની મૂંગી ભાષા તેમની આંખોમાંથી બોલતી હોય તેમ ઘડીભર બન્ને અનિમિષ નેત્રે સામસામે જોઈ રહ્યા.

[illegible]

એટલામાં સુકેશીની દૃષ્ટિ આરણ્યકના હાથ પર પડી. આરણ્યકે પોતાની મુઠીમાં [illegible] હતું. [illegible] સુકેશીએ પોતાના કોમળ હાથથી આરણ્યકની મુઠી ઉઘાડી.

જેમ વાદળાથી ઢંકાયેલી ચંદ્રની કાન્તિ વાદળું દૂર થતાં શોભી રહે તેમ મુઠી ખુલતાં જ ઇન્દ્રનીલમણિની હરિયાળી કાન્તિથી આસપાસની જમીન પ્રકાશી રહી.

"આ શું છે આરણ્યક?" બોલીને સુકેશીએ ઇન્દ્રમણિ પોતાના હાથમાં લીધો.

"આ પત્થર મને શાનકુની ખીણમાંથી મળ્યો છે. નીલાકાશ જેવો એનો ઘેરો શ્યામ રંગ અત્યંત મોહક છે."

સુકેશી ઇન્દ્રનીલમણિ તરફ જોઈ રહી. મણિ વધારે ને વધારે સુંદર લાગતો હતો.

સ્ત્રીને સહજ પ્રેમભર્યા ઉમળકાથી તેણે મણિને પોતાની છાતી પર લગાવ્યો. શ્રીકંઠના લાંછન જેવો તે સુકેશીના સુંદર વક્ષઃસ્થળને શોભાવી રહ્યો.

આરણ્યક આ મોહક સૌંદર્ય જોઈ રહ્યો. પોતાની કમળપત્રથી ઢંકાએલી છાતી પરથી હળવે રહી સુકેશીએ ફૂલની ચાદર દૂર કરી. પ્રભાતમાં જેમ કમળસંપુટ અધખીલ્યું અર્ધવણખીલ્યું શોભી રહે તેમ સુકેશીનું રસયૌવન શોભી રહ્યું. જેમ ભીના શ્વેત બરફના કટકામાં ઘનસ્યામ મેઘનો રંગ સોંસરવો નીકળીને હિમશકલ અવર્ણ્ય જાંબુડા રંગથી રંગી રહે તેમ એ રસપ્રદેશને ઇન્દ્ર ઇન્દ્રનીલમણિએ રંગી દીધો.

કિંચિત્ હાસ્ય કરીને સુકેશી આરણ્યક તરફ ફરીને બોલી, 'આરણ્યક, આ મણિ તો મને શોભે એવો છે."

આરણ્યકે અત્યંત પ્રેમથી એ મણિને સુકેશીની ફૂલની ચાદરમાં છૂપાવી દીધો.

"એ મણિ તારો જ છે સુકેશી."

એ વખતે નીલા મેદાન ઉપર થઈને સુમેરુ ડુંગર ઉપર ચડતો હતો તે ચડતાંચડતાં દેખી ગયો. સુકેશીના કોમળા હાથને ઝીલીને આરણ્યક તેનાં ગોદથી નીચે નમતાં તેણ મૂકી રહ્યો હતો

સુમેરુ આ સ્પર્શને દેખી ગયો.

તે વખતે એ મેદાન પર પરદેશવર્ણી ઈર્ષ્યા ઉછળી.

પાસેનો એક ડુંગર મોટા અવાજ સાથે નીચે ગરી પડ્યો!

તેના અવાજથી વન ધ્રૂજ્યાં પક્ષીઓ નાઠાં, પશુઓ છેડાયાં અને પર્વતોએ પડઘા આપ્યા. એ અવાજથી સુકેશી અને આરણ્યક જાગી ઊઠ્યાં અને તેમની નજરે ડુંગર પરથી પડતો મોટો પથ્થર અને ડુંગર પર ધીમે ધીમે ચડતો સુમેરુ બંને દેખાયા.

સુમેરુને ત્યારથી ઈર્ષ્યા થઈ છે તેણે ઘણીઘણી પીળી ભૂરી બીજી અનેક લાલપીળા ચમકતા પથ્થર ભેગા કર્યા છે. પોતાની ગાયોની ડોકે તેણે રૂપાળા પથ્થરોની માળા લટકાવી છે પણ તેમાં ક્યાંય પેલો ઇન્દ્રનીલમણિ પથ્થર નથી

એક દિવસ ગુરુ શાન્તપર્ણની પાસે જઈને સુમેરુએ કહ્યું કે મારે હવે અરણ્યવાસ કરવો છે.

અત્યંત મધુર અવાજથી ગુરુ બોલ્યા, 'કેમ બેટા! તને શાથી એકાંતવાસ પ્રિય બન્યો છે?' સુમેરુએ કચવાતાં ઉત્તર આપ્યો, 'સુંદર પ્રભાત જેવી સુકેશી આરણ્યક સાથે ફરે છે.'

ગુરુએ કિંચિત હસીને ઉત્તર આપ્યો, 'જે પ્રદેશમાં મનુષ્યો પ્રેમની ઈર્ષ્યા કરે છે, યોગ્ય યુગલને ઈર્ષ્યાથી જુએ છે ત્યાં નરકની ગંધ પેદા થાય છે, ત્યાં યૌવનના રસને બદલે વિકાર પ્રગટે છે; ત્યાં પવિત્ર પ્રેમની સૃષ્ટિને બદલે વિલાસની બદબો છૂટે છે. હે પુત્ર! તું પણ તારી કોઈ યોગ્ય સહ-ધર્મચારિણી શોધીને સુખી થા.'

'ગુરુદેવ! હું સુકેશીને જ મેળવીશ. આરણ્યકને એક ઇન્દ્રનીલમણિ

[illegible]

[illegible]

[illegible]

“ [illegible] સુકેશીએ [illegible] હાથમાં [illegible].

“ આ [illegible] મને [illegible] મળ્યો છે. [illegible] છે. ”

સુકેશી ઇન્દ્રનીલમણિ [illegible] રહી. મણિ [illegible] લાગતો હતો.

તેણે સહજ પ્રેમભાવે [illegible] મણિને પોતાની છાતી પર લગાવ્યો. [illegible] શોભાવી રહ્યો.

આરણ્યક આ મોહક સૌંદર્ય નીરખી રહ્યો. પોતાની કમળપત્રથી ઢંકાયેલી છાતી પરથી હળવે રહી સુકેશીએ ફૂલની ચાદર દૂર કરી. પ્રભાતમાં જેમ કમળસંપુટ અર્ધખીલ્યું અર્ધવણખીલ્યું શોભી રહે તેમ સુકેશીનું રસયૌવન શોભી રહ્યું. જેમ ઝીના શ્વેત અભ્રના કટકામાં ઘનશ્યામ મેઘનો રંગ સોંસરવો નીકળીને હિમશકલ આવર્ણ જાંબુડા રંગથી રંગી રહે તેમ એ રસપ્રદેશને ઇન્દ્ર ઇન્દ્રનીલમણિએ રંગી દીધો.

કિંચિત્ હાસ્ય કરીને સુકેશી આરણ્યક તરફ ફરીને બોલી, ‘ આરણ્યક, આ મણિ તો મને શોભે એવો છે. ”

આરણ્યકે અત્યંત પ્રેમથી એ મણિને સુકેશીની ફૂલની ચાદરમાં છૂપાવી દીધો.

" એવું સુંદર નહિ જ કે સુકેશી."

એ, વખતે તેના ગોઠાન દિવસ સુધી સુમેર ફરજ [illegible] કરતો હતો. તે આનંદિતનાં ફૂલો ગયાં. સુકેશીના [illegible] હાથને [illegible] આરણ્યક તેના સ્નેહથી નીચે નમાવી તેનું સુખી કર્યો હતો.

સુમેર આ તેઓને જોવી ગયો.

તે [illegible] પર [illegible] ફરકાવી.

પાણીનો એક [illegible] સંભળાઈ પડ્યો!

તેના અવાજથી વન ગૂંજતા પક્ષીઓ નાઠાં, પશુઓ ભેગાં થયાં અને [illegible] એ અવાજથી સુકેશી અને આરણ્યક [illegible] અને [illegible] ઊભા પથ્થર અને ડુંગર પર ધીમે ધીમે ચડતો સુમેર જણે દેખાયો.

સુમેરને ત્યારથી સમજાયું છે કે તેનું પાણીપણું બીજા કદી બીજા અનેક હાલતીમાં ચમકતા પથ્થર ભેગા કર્યાં છે. પોતાની [illegible] [illegible] પથ્થરોની માળા લટકાવી છે પણ તેના જેવો ઇન્દ્રનીલમણિ પથ્થર નથી.

એક દિવસ ગુરુ શાન્તપર્ણની પાસે જઈને સુમેરએ કહ્યું કે મારે હવે ગૃહસ્થાશ્રમ લેવો છે.

અત્યંત મધુર અવાજથી ગુરુ બોલ્યા, ' કેમ બેટા! તને શાથી એકાંતવાસ પ્રિય બન્યો છે ? ' સુમેરએ કચવાતા ઉત્તર આપ્યો, ' ગુરુ એકાન્ત કોરી સુકેશી આરણ્યક સાથે ફરે છે '

ગુરુએ કિંચિત હસીને ઉત્તર આપ્યો, ' જે પ્રદેશમાં મનુષ્યો પ્રેમની ઝંખના કરે છે, યોગ્ય યુગલને ઈર્ષ્યાથી જુએ છે ત્યાં નરકની ગંધ પેદા થાય છે. ત્યાં યૌવનના રસને બદલે વિકાર પ્રગટે છે. ત્યાં પવિત્ર પ્રેમની દ્રષ્ટિને બદલે વિલાસની ભાઈઓ ફરે છે. હે પુત્ર ' તું પણ તારી કોઈ યોગ્ય સહધર્મચારિણી શોધીને સુખી થા. '

' ગુરુદેવ ! હું સુકેશીને જ ગોઝીશ. આરણ્યક તેને એક ઇન્દ્રનીલમણિ આપ્યો છે, હું તેને હશ આપીશ. '

સુમેરુએ માટીના નવા પાત્રથી દૂધ ભરવા માંડયું. રજત અને સુવર્ણના કટકા સૌ લેવા લાગ્યા; અંદરઅંદર જોવા લાગ્યા; અરસપરસ દેખાડવા લાગ્યા.

છેટેથી આરણ્યક અને સુકેશી આવતાં હતાં. આખા ટોળામાં સુમેરુ સ્વામી જેવો શોભી રહ્યો હતો તે પેલા ભોળા જુવાન તરફ ફર્યો:

"જુવાન માણસ! તારે મારા દાસ થવું છે?"

"દાસ શું?"

"સત્તા એટલે શું એ તેં જોયું?"

"હા."

"ત્યારે દાસ એટલે શું તે હવે જો; આ બધું એક તરફ મૂક; ત્યાં પત્થર બધા સરખા ગોઠવ, પણે કમળપત્રો ગોઠવી દે. પેલી જગાએ દર્ભાસન નાખી દે."

ભોળો જુવાન તે પ્રમાણે કરવા ગયો.

સુમેરુ ટોળા તરફ ફર્યો. "તમને યાદ રહી જાય માટે બોલો:

"સો પાત્ર જવના બરાબર ત્રણ સુવર્ણના કટકા.' આખુ ટોળું એક સાદે બોલી ઊઠ્યું: 'સો પાત્ર જવના બરાબર ત્રણ સુવર્ણના કટકા!"

"દોઢસો ઘડા દૂધના બરાબર દસ રજતના કટકા." અને એવા [illegible] હિમાલયના વન ગાજવા લાગ્યાં.

"પચાસ ગાયનો એક ઇન્દ્રનીલમણિ" એના પડઘાથી પહાડ પણ જાગ્યા.

"દસ ઇન્દ્રનીલમણિની એક સ્ત્રી!" એ વચને સુકેશી-આરણ્યક [illegible] ટોળાએ સુમેરુને જયજયકાર [illegible], 'દસ ઇન્દ્રનીલમણિની એક સ્ત્રી.'"

[illegible]

[illegible]

તે પોતાના અતિ મૂલ્યવાન પથરાઓ લઈને સવારે આરણ્યકને ત્યાં ગયો. પ્રભાતનો સૂર્ય કમળપત્ર પર પડેલાં જળબિંદુનો સોનાનો મુગટ રચી રહ્યો હતો, ખૂણના ફૂલગુલાબી રંગનાં કમળો જરાક પોપચાં ઊઘાડીને પ્રભાતને નીરખતાં હતાં. ને સુકેશી ત્યાં જળપાત્ર લઈને ઊભી હતી. ઉટના મેદાનમાં સારસ ફરતાં હતા.

પોતાના મહામૂલ્યવાન પથરાઓ સુમેરુએ સુકેશીને ચરણે ધર્યા. સરોવરથી પાણી ભરીને પાછી ફરતી સુકેશી ઘડીભર ત્યાં થંભી. વન એને જોવા થંભ્યાં હતાં, અને સુમેરુ અત્યંત તૃષ્ણાથી એને નિહાળી રહ્યો હતો.

"સુંદરી," તે બોલ્યો. તેના શબ્દમાં વિહ્વળતા હતી અને નસેનસમાં ઘેન હતું.

'સુંદરી! હું તારી પાછળ આવ્યો છું. ઈન્દ્રનીલમણિ કરતાં પણ વધારે મૂલ્યવાન અસંખ્ય પથરાઓ હું તારે માટે લાવ્યો છું. હું તને એમનો હાર કરી આપીશ "

"સુમેરુ!" સુકેશીએ જવાબ વાળ્યો, "પ્રેમને તેં કદી જોયો છે?"

અવાક્ બનીને તે ઊભો રહ્યો. સુકેશીના પ્રવાલ જેવા ઓઠ પર સ્મિત ફરક્યું. તેણે ફરી પૂછ્યું, 'પ્રેમને તેં જોયો છે?"

"ના"

"ત્યારે જો આનું નામ પ્રેમ, જેને તું સંખ્યાથી કે માપથી માપી શકે નહિ, સત્તા અને વૈભવથી ખરીદી શકે નહિ, જે અપ્રમેય છે ને અજેય છે."

પોતે પેલા બાવા માણસને સમજાવ્યું કે જો આનું નામ સત્તા. એનો જ પ્રતિધ્વનિ સંભળાતો હોય તેમ સુમેરુના કાનમાં શબ્દો ગુંજી રહ્યા.

"જો આનું નામ પ્રેમ."

"અને જો એ ક્યાંથી જન્મે છે તે." સુકેશીએ સામેના દશ્ય તરફ આંગળી કરી. સુમેરુ તે તરફ જોઈ રહ્યો.

ખીલતા કમળના રંગથી પાણી છવાયું હતું મેદાનોમાં મયૂરની કળા હતી, સારસબેલડી ધીમી હલકતી ચાલે ફરી રહી હતી; વૃક્ષો, પશુઓ ને વેલીઓ બધાના ઉપર સૌમ્ય તેજ ફેલાઈ રહ્યું હતું.

"જો આ પ્રેમની સૃષ્ટિ!" એટલું બોલતી સુકેશી ચાલી ગઈ.

સંધ્યાના સૂર્યે રંગો પૂર્યા હતા. આરણ્યક અને સુકેશી નીલાં હરિયાળાં મેદાનો વટાવી દૂરદૂરના ડુંગરાઓ પર નજર નાંખી ચાલ્યાં જતાં હતાં. તેમનું આ ગામમાંથી છેલ્લું પ્રયાણ હતું. સુમેરૂએ સુકેશીની આશા છોડી હતી. પણ વિષય જાય અને વિષયનો રસ રહી જાય તેમ તેની તૃષ્ણા ગઈ હતી ને તૃષ્ણાના કાંટા રહ્યા હતા. સુકેશી ને આરણ્યકને જતાં જોઇને તેમની પાસે આવ્યો.

"તમે ક્યાં જાઓ છો?" તેણે પૂછ્યું.

"જ્યાં પ્રેમની સૃષ્ટિ છે ત્યાં. જો પેલાં દૂરદૂર સોનેરી રસે રંગેલાં હિમાદ્રિનાં શિખરોની પેલી મેર."

"અને અહીં—"

"અને અહીં શું! અહીં હવે પૃથ્વી રસ નહીં મૂકે, મનુષ્યો નિર્ભય નહીં રહે, કુદરત કળા નહીં ખીલવે."

મૂંજતાંમૂંજતાં સુમેરૂએ પૂછ્યું: 'એમ કેમ?'

"જ્યાં કામ મપાય ત્યાંથી કળા જાય, વસ્તુ મપાય ત્યાંથી વૈભવ જાય, મનુષ્ય મપાય ત્યાંથી સ્વર્ગ જાય. તેં પૈસા ઉત્પન્ન કર્યા, હવે મનુષ્યોમાંથી પ્રેમ જશે. સાચા પ્રેમને મનુષ્યો ખરીદીની વસ્તુ માનશે. હવે આ જમીનમાં એવું વાતાવરણ આવશે કે મનુષ્યો પ્રેમને નહીં પણ વૈભવને, વિલાસને, વગને, મોટાઈને, સામાજિક મહત્તાને પ્રધાનપદ આપશે. હવે કોઈ પ્રેમ ખાતર નહીં પરણે. આ જમીનમાંથી પ્રેમની ઋતુ જશે. આષાઢી મેઘ પ્રેમ નહીં પ્રગટાવે; વિરહ અને વિરહનાં આંસુ નહીં હોય; સાચું શૌર્ય નહીં હોય; કામિની અને પિયુ નહીં હોય, ઋતુ નહીં હોય, ઋતુનો રસ નહીં હોય; ઉત્સવ, ઉલ્લાસ, શૃંગાર, તેજ કાંઈ નહીં હોય. જીવન નીરસ બનશે; કામના રસને બદલે યંત્રની નિયમિતતા હશે; ઉદારતા બેવકૂફાઈ મનાશે; આતિથ્ય ગાંડપણ ગણાશે; પ્રેમ સગવડતા લેખાશે; પ્રજા બોજો મનાશે; શૃંગાર વિલાસ મનાશે; જ્ઞાની વિચારવૃત્તિ ચતુરાઈમાં ખપશે. અને પ્રેમની સૃષ્ટિ પર જ જગતનું પુનર્વિધાન છે એમ છેકથી રૂપાન્તર કરવાને બદલે માણસો ચારે તરફ થીંગડાં મારવાનું શરુ કરશે."

સુમેરુને ચક્કર આવવા માંડ્યાં.

"આ ક્યારે બનશે? ત્યારે મનુષ્યો કેવાં હશે?"

"ઓ સુમેરુ! તેં જે સારું કર્યું છે તે હવે બન્યા જ કરશે. જ્યારે આ સ્થિતિ પૂરી થશે ત્યારે એ મનુષ્યો સર્પ જેવા હશે. બોલ્યા વિના બીજાને હણશે અને હણ્યા વિના શાન્તિ નહીં પામે."

સોનેરી રંગથી ઢંકાતાં હિમાદ્રિનાં અનેક શિખરો પર ગુલાબી રંગની લાલી ફૂટતી હતી. આશ્ચર્ય અને ગુસ્સેથી તે તરફ, દૂર—દૂર—દૂર ચાલી ગયાં. આછા અંધકારનો પડદો પૃથ્વીને વીંટાવા લાગ્યો. સુમેરુ પણ દૃષ્ટિ નીચે બેસી ગયો. તેણે પોતાનું મોં બે હાથથી છુપાવી દીધું.

"ઓ મહાન પિતા!" તેનાથી ઊંચે આર્ત સ્વરે બોલાઈ જવાયું, "સ્વર્ગ જેવી આ પૃથ્વી આટલી બધી જડ બની ગઈ, અને તે માત્ર મારા દોષથી? તો હવે આ નવા વિચારો શી રીતે નાશ પામે?—"

અને ચારે તરફના અંધારા બોલતાં હોય તેમ લાગ્યું:

"ફેલાયેલા ખોટા વિચારોના ડાઘ પૃથ્વી પરથી નાબૂદ કરવા માટે સ્વાર્પણના ઊનાકાનાં લોહીનું ખમીર જોઈશે."

—તરજુમા : મંગળ પટેલ

卐

[૭]

નવલરામ ત્રિવેદી

[જન્મ : ઇ. સ. ૧૮૯૫]


[શ્રી. નવલરામ જગન્નાથ ત્રિવેદી વઢવાણ શહેરના રહીશ છે. એમનો જન્મ ૧૮૯૫ માં થયો હતો. ૧૯૨૬ માં એમણે એમ. એ. ની પદવી લીધી. હાલ એ અમદાવાદની લાલશંકર ગુજરાત મહિલા પાઠશાળામાં અધ્યાપકપદ પર છે. એમના પ્રિય વિષયો સાહિત્ય, વિવેચન, સમાજશાસ્ત્ર ને રાજપ્રકરણી વિષયો છે. થોડીક કવિતાઓ સાથે થોડીક નવલિકાઓના પણ એ લેખક છે.

આપણા સંસારનું એક દુઃખદ અને કરુણ જીવનચિત્ર આ નવલિકાની નાયિકા કુસુમ પૂરું પાડે છે. બી. એ. સુધી ભણેલી છતાં એના લગ્નજીવનને લાગેલા ઘાતક હિમથી એ પડુંપડું કરતું 'માનવ ખંડિયેર' થઈ રહી છે. નવલિકાકાર એક ટૂંકું છતાં બહુ જ કરુણ ને આપણા ભણેલાનું કજોડાલગ્નનું એક સાચું ને વાસ્તવિક ચિત્ર ખડું કરે છે.]

માનવખંડિયેર

એનું નામ કુસુમ. ફૂલના જેવી જ સુકુમાર તેની દેહ હતી. અતિગૌર વર્ણ, અણીદાર નાક, શાન્ત સ્વભાવ, મધુર અવાજ. ઊંચી અને પાતળી, પણ પ્રમાણસર, ભણવામાં ઘણી હોશિયાર, માબાપની એકની એક પુત્રી. અમદાવાદમાં ૧૯૨૧ માં કોંગ્રેસ ભરાઈ ત્યારે મેં તેને છેલ્લી જોઈ હતી. તે સ્વયંસેવિકા થઈ હતી. બપોરે બાર વાગે એલિસબ્રિજ પરથી ચાલતી આવતી હતી. તડકાને લીધે મોં લાલ થઈ ગયું હતું. હસી તેણે જયજય કર્યા. શો ઉત્સાહ! શું સૌંદર્ય, માધુર્ય, ઓજસ્, આરોગ્ય!

પંદર વર્ષે આજે તેને ફરી જોઈ. બેસી ગએલા ગાલ, લથડતી ચાલ, માથા પર ટાલ પડી ગઈ છે. દાંત પણ થોડા ગયા છે. મંદ કર્કશ અવાજથી તેણે જયજય કર્યા. મને તુર્ત ઓળખ્યો. મેં પણ પછી તો તેને ઓળખી.



બત્રીસ વર્ષની આ યુવતી બાવન વર્ષની બુઢ્ઢીસમી દેખાતી હતી. કેટલી કરી હતી એની આ કંગાલ અવસ્થા! કેવું જમાનાનું! હૃદય રડી ઊઠ્યું. મેં ગભરાતાં પૂછ્યું: 'તમને અવકાશ ક્યારે હશે? મળવા માગું છું. વાત કરવા ચાહું છું. તમે મારાં મિત્રપુત્રી.' 'અત્યારે આવો,' તેણે કહ્યું. 'ફરી પાછો અવસર નહિ જ આવે. મારે ત્યાં હાલ કોઈ જ નથી.'

આડિયાની પોળ, તેમાં પોળ, તેમાં ખડકી. તેમાં ગલી, તેમાં ખાંચો, તેના છેડે એનું ઘર. તાળું ઉઘાડી અંદર ગયા. 'ચહા પીશો?' તેણે પૂછ્યું. 'એ બધું પછી. પહેલાં તો તારી વાત કહે. તને થયું છે શું? તબિયત ખરાબ રહે છે? કે બીજું કાંઈ? મારાથી સંકોચ રાખીશ નહિ. પરગામ ન હોત તો કેટલીયે વાર મળ્યો હોત. તારા પર મને અત્યંત વહાલ હતું, ને હજુ ય છે. તું મારી પુત્રીતુલ્ય છે, નાની બહેનસમી છે.'

'હું બી. એ. થઈ ને બાપુજીને લાગ્યું કે હવે તુર્ત જ લગ્ન થવું જોઈએ. નાતમાં મુરતીઆ થોડા તેમાં મોડું થાય તો એથી યે ઓછા થાય, એટલે તુર્ત જ પતાવવું જોઈએ. શોધખોળ ચલાવી, આશામાં મારું આ ઘર મળ્યું. હું નિંદા કરવા માગતી નથી. કરવી જોઈએ નહિ. કરી શકું નહિ. પણ સત્ય તો કહેવું જોઈએ. હજુ કોઈ સાથે આટલી છૂટથી વાત કરી નથી. તમને કહું છું તમને બાપુજીને સ્થાને ગણું છું.'

'હા, બરાબર છે' મેં ટૂંકમાં પતાવ્યું. તેણે આગળ ચલાવ્યું, 'એ મૅટ્રિક થયા છે ને પછી બેત્રણ વર્ષ કૉલેજમાં અભ્યાસ કર્યો પણ ગણિત ન ફાવવાથી પ્રિવિયસ પાસ કરી શક્યા નહિ. અત્યારે કોર્ટમાં કારકુન છે. ૪૦) મળે છે. મોટું કુટુંબ: વિધવા નણંદ અને સાસુ, ત્રણ નાની નણંદો અને બે નાના દિયરો. એ સૌથી મોટા. છોકરાઓ ભણતા હતા. છોકરીઓ કુંવારી હતી. આ સૌનું, તે વખતે મળતા ત્રીશમાં પૂરું શી રીતે થઈ શકે? એટલે મને ભણેલીને પસંદ કરી. નહિ તો આ ઘર તો કુળવાન, જૂના આચારવિચારવાળા તરીકે પ્રખ્યાત છે. હું શાળામાં પચોતેરના પગારથી દાખલ થઈ. હાલ સો મળે છે.'

'એ તો બરાબર, પણ હું તો તારી આ દશા શાથી થઈ એ જાણવા

માગું છું. ક્યાં તારું પંદર વર્ષ પહેલાંનું રૂપ, તેજ, પ્રભાવ, પ્રકાશ—એ સ
ક્યાં ચાલ્યું ગયું? શાથી ચાલ્યું ગયું?'

'વરસ થયાં ને.'

"શું વરસ થયાં? હું તારા કરતાં વીશ વર્ષ મોટો છું. પણ તા
જેવો ઘરડો નથી લાગતો.

'સ્ત્રીઓની વાત જૂદી અને પુરૂષોની જૂદી!'

'ખોટી વાત. બધું જ મને કહે.'

'એથી શો ફાયદો?'

'ત્યારે મનમાં જ સમજી રીબાવાથી શો ફાયદો? સ્વજન કને મા
વાત કહેવાથી આરામ મળે છે, કાંઈક રસ્તો નીકળે છે.'

'રસ્તો નીકળશે આવતે ભવે. પણ તમારો આગ્રહ છે તો કહું!
પણ જોજો કોઇને કહેવાનું નથી, અને કાંઈ કરવાનું પણ નથી. અહિ
વાત અહિં જ દાટી દેજો. નહિ તો ઊલટાનું મારે દુઃખ વધશે.'

'વા......રૂ.'

મોટામાં મોટું દુઃખ મનનું દુઃખ. કોલેજજીવનમાં શાંશાં સ્વપ્નાં સે
હતાં, અને પછી શું થઈ ગયું! હું કોઈને દોષ દેતી નથી. બિચા
બાપુજી તો સ્વર્ગે ગયા. ને બા પણ છૂટી. વાંક મારા નસીબનો. પણ મા
હૃદયમાં સગડી સળગે છે. શુંશું સંભારું ને કેટલું કહું! એક તરફથી મા
કમાણી જોઇએ છે; છતાં બીજી તરફથી સાસુજીને મન હું ભણી એ
મારો મોટો દોષ છે, એ તો ભણેલાં, એ મેંણું રોજ સાંભળવાનું. 'એમનાથ
નહિ રંધાય' એવા કટાક્ષો કરીને જ મને સર્વ કામો કરવા ઊશ્કેરે. ઘ
કરીને તેમની આ યુક્તિ સફળ જ થતી. તેજીને ચાબૂક પડે ને જેમ
દોડવા માંડે તેમ હું પણ જરા મેંણું સાંભળું ને તુર્ત જ કામ કરવા મં
જાઉં. રાંધવું, વાસણ માંજવાં, કપડાં ધોવાં, પથારીઓ કરવી વગેરે સ
કામો મારે જ માથે આવી પડયાં. બીજા ઉપરઉપરથી મદદ કરવાનો દેખા
કરે, પણ ખરો બોજો મારા ઉપર. એ બધું કરીને અગિયાર વાગે પરવા
કે સાડા અગિયારે નિશાળે દોડું. પાંચ વાગે આવીને રાંધવાનું વગેરે કર

સાતે પરવારું એટલે બે કલાક સામે આવી ઊભી રહેઃ એક તો નિશાળની નોટો વગેરે તપાસવાનું અને ભણાવવાનું હોય તે વાંચવાનું અને બીજું—'

'બીજું પતિસેવા, સતીધર્મ-પતિસેવા.'

'બીજું યે વર્ષોથી આ પ્રમાણે કરું છું. ઈશ્વરની કૃપા છે કે છોકરાંની જંજાળ નથી.'

'આ સ્થિતિમાં તો જંજાળ. પાપ કરતાં પાછું જોયું હશે એટલે પ્રભુએ એટલી કૃપા કરી છે. નહિ તો અત્યારે તમારી સાથે વાત કરવા જીવતી ન હોત.'

કુસુમે વાત પૂરી કરી. બારી તરફ નજર લંબાવી આંગળી ચીંધી કહ્યું, 'સામે જુઓ. જેવો પેલો રોજો છે તેવી હું છું. વર્ષો પહેલાં કોઈ બાદશાહે તે બાંધ્યો હતો. હવે એની મરામત કરનાર કોઈ નથી. વરસાદ તાપ, બાળકો, ભીખારીઓ, ફકીરો, પવન, ધૂળ, ઢોરઃ સર્વ તેને ઘસારો આપી રહ્યાં છે. તેની બધી ઈંટો દેખાય છે. ઘણો ભાગ પડી ગયો છે, બીજો સહેજ રહ્યો છે તે પડતો જાય છે. હું રોજ એ જોઉં છું. વિચારું છું કે કોણ વહેલું જશે? હું કે એ રોજો?'

આશ્વાસનના જૂઠા શબ્દો ઉચ્ચારવાની ધીરજ ન રહેવાથી હું મૂગો-મૂગો જ નમસ્કાર કરી ચાલતો થયો.

[૮]

વિજયરાય વૈદ્ય

[જન્મ : ઈ. સ. ૧૮૯૭]

[શ્રી. વિજયરાય કલ્યાણરાય વૈદ્ય, ભાવનગરના રહીશ, બાલ્યકાળ
મુંબાઈમાં વસી ત્યાં ૧૯૨૦ માં બી. એ. થયા. તે પહેલાં એમણે સાહિ
ક્ષેત્રમાં પ્રવેશ કરી દીધો હતો. આરંભમાં 'વિનોદકાન્ત' ઉપનામથી એમ
લેખો 'વીસમી સદી'માં લખાયા હતા.

'ચેતન' માસિક, 'હિંદુસ્તાન' સાપ્તાહિક, 'ગુજરાત' અને 'યુગધર્મ
માસિકોના એ—એક પછી એકના—સહતંત્રી થયા. આ પછી એમના 'કૌમુ
ત્રૈમાસિકના એ તંત્રી થયા. તેને એમણે માસિક બનાવ્યું. તેનો ત્યાગ ક
એમણે 'માનસી' ત્રૈમાસિક કહાડયું ને હાલ એ તેના તંત્રી છે. એમ
સાહિત્યસેવા આમ ગુજરાતને છેલ્લાં અઢાર વર્ષથી સતત ચાલુ છે. ગુજરા
તેના સાહિત્યકારની કદર હોત તો આ સાહિત્યકાર એની હજી વધુ ને વિસ્
સેવા કરી શકત. સાહિત્યકૃતિઓનાં વિવેચન, રસકલ્પના, ટૂંકી વાર્તા
વિનોદાત્મક કાવ્યો, ઉચ્ચ પ્રકારનું પત્રકારિત્વ : એ એમના પ્રિય વિષયો

'પ્રભાતના રંગ' (૧૯૨૭)માંથી આ ભાવનાત્મક ટૂંકી વાર્તા લેવા
આવી છે. પુરૂષજીવનની પતિતતાને ઉદ્ધારનાર સ્ત્રી છે : એ ભાવનાનો રિ
સ્ફોટ એમણે આ વાર્તામાં સુંદરતાથી ને રસપૂર્વક કર્યો છે.]

પતિતપાવની

પુણ્યશાળી આત્મા પાપમાં પડે તો તેને પ્રાયશ્ચિત આપીને પુન
પુણ્યપન્થે કોણ વાળશે ?

વિનયકુમાર એક વિશુદ્ધ ને સંસ્કારી યુવાન હતો. સોળ વર્ષની ઉમ્મર
ખીલતું યૌવન ને જન્મથી જ સૌજન્યના પ્રભાવ—એ ત્રણનો સુહાગી સંગમ
થાય ત્યારે જીવન પન્થ ઉજ્જવળ ને આલ્હાદક જણાય તો આશ્ચર્ય શું ?

તેને જીવનપન્થ સુગંધી પુષ્પોથી બિછાયેલો જ લાગતો. તે નિર્ભયતાથી એ પન્થે પળતો અને અતુલ સુખ અનુભવતો.

પરન્તુ આનન્દ કોના ટકી રહ્યા છે કે વિનયના ટકે?

સૌભાગ્યનાં એ સુમન નીચે સર્પો હતા. એકદા તેમાં એક વિષધરના વિષદંતે વિનયના આત્માને દંશ દીધો અને તે દિવસથી તેના જ્યોતિર્મય જીવનપ્રદેશે અંધારાં ઊતરવા માંડયાં. શરીરને ઝેર ચઢે તો તો પળેકમાં રગેરગે વ્યાપે છે; આત્માને એટલી ઝડપથી નથી ચઢતાં. વિનયને તો તેથી ખબરે ન પડી કે પોતે કુમાર્ગે જાય છે. પણ તેથી શું? ઈશ્વરના અટળ નિયમો કોના નિવાર્યા નિવારાય છે? વિનયની આત્મદીપ્તિ અને દેહકાન્તિ દહાડેદહાડે ઝંખાવા લાગી. તોય તેને પોતાનો વાંક સમજાતો નહીં. તેને કોઈએ કહ્યું હોત કે વિનય તેં શયતાનને ભગવાન માન્યો છે તો એવાં સાથે એ કેટલે ભગત. બરાબર જ તે તો નિર્દોષ અને અજ્ઞાન હતો. તેને ભાન ન હોતું કે પોતે આત્માની વિરલ વિશુદ્ધતાને કલંકિત કરે છે. તે તો માનતો કે હું સાચાં સુખો માણું છું

આમ ને આમ બેચાર વરસ વીતી ગયાં એક દિવસ વિનય અગાસીમાં ઊભોઊભો ક્ષિતિજ પરના રાતા-પીળા-વાદળને જોઈ રહ્યો હતો. એકાએક તેને કંઈ થઈ આવ્યું—તેને લાગ્યું કે આકાશઅવનીનો જ્યાં સંગમ થતો હતો ત્યાંથી એક ભયાનક કાળી ને કદરૂપી રાક્ષસમી કોઈ મૂર્તિ જાણે ધીરેધીરે ઉપર નીકળતી હતી. પળવાર તો વિનય પત્થરસરખો થઈ ઊભો.

બીજી પળે પેલી આકૃતિ ઓગળી ગઈ તે ઓગળતાં જ વિનયને ચક્કરી આવી ને એ જમીન પર પટકાયો.

માણસોએ દોડાદોડ કરી મૂકી દાક્તરો આવ્યા. વૈદો આવ્યા. પરંતુ આત્માના રોગ એમને હાથે અસાધ્ય છે.

વિનયનાં ઘોર પાપોએ જાણે તે દિન તેને સાક્ષાત દર્શન દીધાં. હવે તેને લાગવા માંડયું કે મલિનતા પોતાના અંગેઅંગે ઝરે છે, પણ તેનું મન કબૂલ કરે એમ ન હોતું. પોતે પાપી છે એ ખ્યાલ જ તેને અસહ્ય ને અસંભવિત લાગતો. તે વિમાસતો: "હું પાપી? વિનય પાપી? ના ના, મારામાં પાપ ક્યાંથી આવે?

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] ફસાવ્યો. [illegible] ના શાપ દીધા. [illegible] જગતને ઝેરી નજરે જોતાં તે શીખ્યો.

[illegible]

તે હતો ત્યાં જ રહેતાં [illegible] નહીં. પણ તેના સ્નેહીઓ તેને એક રળીઆમણી શીતળ ટેકરી પર હવાફેર માટે લઈ ગયા. ત્યાં પહોંચ્યા ત્યારથી જ વિનયના બળતા ઉરને કંઇક રાહત મળી-કાંઈ અપૂર્વ શાંતિ વળવા માંડી. તો યે સંપૂર્ણ શ્રદ્ધાનાં અમૃતે તેના પ્રાણને હજુ પ્રફુલિત ન હોતો કર્યો. પાપનાં લાંછન હજી ક્યાંકક્યાંક વળગેલાં હતાં.

તે રાહત અને શાંતિ, શ્રદ્ધાસમીરની તે મીઠી લહર, તેને કોઈ મહાશક્તિના સાન્નિધ્યની નિશાનીરૂપ હતાં.

*

કિશોરી તેમની સામેના જ બંગલામાં રહેતી. ફરીને જતાંઆવતાં એકાદ બે વાર વિનયે તેને જોઈ હતી. અને જોઇ ત્યારથી જ તે મકાન તેના મનથી દેવમંદિરસમાન હતું.

કલાકોના કલાકો સુધી વિનય તે મનમાન્યા મંદિર ભણી જોતોજોતો બારીમાં બેસતો. બારીમાં એક ફૂલબાગ વિસ્તરતો હતો અને તેમાંનાં ક્યાં-

થી માતનાં શાખાપાંદડાં ગૂંથાઈ ને કિશોરીની સાથે આવેલી બારીથી નયને ભળાતાં કુસુમનાં તે સ્વર્ગ-આગી અન્તનિકાયોથી ફૂવારાંએ એને રોમાંચક કરે છે તે પ્રયોગની અસ્તબ્ધી ગંધ જેમ ન હોતું. વિનયને તેની ખબર ન હોતી.

અરુણોદયે જ્યારે સૂરની ને ઉષાના કાન્તને પહેલી હોય ત્યારે તેને હોરી સામી બારીમાં પ્રવેશ થાતે આવીને શોભે, તો ગરમી અને સૂરની પણ વિનયને મીઠી સાકર લાગે. સામી સાફનો શાન્તિપ્રેરક ગમો હોય, શાનવિહીન ખાગીગમાં ગાભીર્ય જ્યારે વિશ્વને અંગેઅંગે પ્રસરતાં હોય, જનસંઘે કરમાને ઉડતી જાય, ગીતગાના ખાંટની ગવ-પણ દેવીનાં દર્શન હોય તો સાર યે મહત્ત્વ લાગે ખાવા માનું.

તેવે સમે એ વાટ જોતા યાણીને દરોક તેની મૂર્તિને કલ્પનો, પાટેદ, બાળી બારીમ, ત્યાં બેસાડતો "તને કેમ વર્ણવું!—શા માટે વર્ણવું? —કવિઓની કલ્પનામયી, મધુરતાના સત્ત્વમયી, મહિમામયી નિર્બન્ધ તો યે મનબન્ધ-ગૌરવથી સ્વતન્ત્રતી તો યે ગૌરવભરી, તો યે સુખવતી ને ગંભીર; પુષ્પના જેવા પ્રતાપ તેવા તાજા ઓજસ, પાપને પ્રજાળનાર, મુક્તિપંથે દોરનાર; કિશોરી, તને શા માટે જાણું? કેમ કરીને વર્ણવું?" સ્વપ્નું આમ ગરજતું ને ભરતું. સન્ધ્યાનું સમાગમણું આમ જ તેને જગતને છેક ધીરે-ધીરે-ઘોર-અંધારા કાળનાં ત્યારે વિનયના ઉરમાં યે સામે નજર પડતા-સૂનકાર જણાતા.

*

અંતે તપસ્યાના તપશ્ચર્યા ફળી વિનયની અહેને કિશોરી સાથે સહીપણાં બાંધ્યાં અને અત્યન્તમાત્ર ચૌદના પાવમાં અપૂર્વતાવધિ સિંચી. કિશોરી નમતે પહોરે કાન્તા આગળ આવતી અને નયનમાત્રથી વિનયના દુઃખદાઝ્યા હૈયામાં અવનતી ઊર્મિઓ ઊપજાવીને ચાલી જતી.

ધીમેધીમે બંને જણા એકમેક સાથે બોલવા લાગ્યાં. વખત વહેવા સાથે પરિચય વધ્યા અને વિનયના અન્તરપટે શાન્તિના સુખદ રંગો ઘેરા થયા; વૈશાખની સાંઝ વાયુલહરી મીઠી લાગે તેવી મીઠી એ શાન્તિ-અને ઊગતી આશા તેને લાગતી.

વિનય તેને સદાની-પણ લોહીમાંસની એક લાવણ્યવતી પૂતળી તરીકે

નહીં. અખંડ પુણ્યની કે પુણ્યકલિકાસરખી કિશોરીને જોઈને ઉદ્ભવી, ઉન્માદ નહીં, રસિકતા એ રેલતી તો ય વાસનાને રોકતી. એ ઉલ્લાસ રેડતી અને તો ય તેનાં સદ્ગુણસુગન્ધ અને શીલ પદેપદે ફોરતાં.

તેના શબ્દમાં અને નેત્રમાં વિનયે પોતાના પુનરુદ્ધારના મન્ત્રો વાંચ્યા.

*

એક સાંઝે બંને જણાં નિયમ પ્રમાણે સાથે ફરવા ગયાં. ન નિવાસસ્થાન અને પદસંચારને દૂરદૂર છોડીને એકાન્ત સ્થળે પહોંચ્યાં. ઘાસ પર અળોટાઈને પડ્યો અને કિશોરી તેની પાસે બેઠી.

ચારે પાસ અત્યન્ત શાન્તિ પસરતી. એકાદ પાંદડું પણ ફરે તે અગાધ નીરવતાના શત્રુસરખું લાગતું. કોઈ પંખી સહેજ ચીં ચં તો આંખમાં કણું પડતાં જેવી અસ્વસ્થતા થાય તેવી શાન્તિના ચહાનારે

બાળક માતાના ખોળામાં સૂએ તેમ વિનયે કિશોરીના ખોળામાં સૂક્યું. થોડીથોડી વારે તે આંખો ઊઘાડતો ને બંધ કરતો—તે પણ ઘડીકમ તરફ જોતી, ઘડીકમાં ઝાડપાન તરફ, તો ઘડીકમાં અનન્તાનન્ત આકાશ

એટલામાં એક નાનું સોનેરી વાદળું, વ્યોમસાગરમાં સરતા ન નાવ જેવું માથે આવ્યું, તેની કોમળતાને તેના ગુલસુનેરી રંગને મન્દમન્દ ગતિને કિશોરી થોડીવાર જોઈ રહી. વિનયને એ બતાવવા ચયું. તેની મીંચેલી આંખ પર જરા હાથ અડકાડ્યો: "વિનય!"

"શું?" સહેજ ચમકી વિનય જાગ્યો.

"પેલું વાદળું જોયું? કેવું સુંદર છે? કેવું ધીમેધીમે સરે વિનયની નજર ત્યાં ઠરી. પળવાર એમ જોયું ન જોયું ત્યાં તો તે ઓ લાગ્યું. જેવું તે ઓસર્યું કે વિનયને ભૂતકાળ તાજો થયો. પેલો અગાસી દિવસ–પેલું પીગળતું વાદળું–પેલી રાક્ષસી કાળમૂર્તિ–સૌ યે તેને સ્મર એક પછી એક ઊગ્યાં.

ઊગતાં જ તેના નેત્રોની આર્દ્રતા ઊડી ગઈ. કોમળતા ઊડી શીસાજેવી આંખે આ ઓગળતા વાદળાની ઉકલી ફગીને તે નીરખી ર

ક ચીસ પડાઈ ગઈ: "ઓ કિશોરી!" કિશોરી સમજી પણ
સ્વસ્થ થઈ.

"શું છે, વિનય! શું થયું?" તેણે વિનયને કપાળે હાથ મૂક્યો.
થાય છે? છાતીમાં દુઃખે છે?" આટલું કહેતાં તેણે આમપાસ
નાંખી. કોઈ એરડામાં ન હોતું. વિનયનું માથું આસ્તે રહીને ધાસ
રી, તે પાસેના ઝરામાં રમાલ ભીંજવવા ચાલી.

"કિશોરી કિશોરી!"

ને પાછી ફરી વિનયની પાસે આવીને ઘૂંટણભર બેઠી. વિનયે તરત
કિશોરીના હાથમાં મોં છુપાવ્યું ને આંસુના ધોધથી તે કુમળા હાથને
ી મૂક્યા.

*

સૂર્યાસ્ત થવા આવ્યો ત્યાં સુધી વિનયે એમ ને એમ ધ્રુસકેધ્રુસ્કે રડવા
કિશોરીએ તેને રડવા દીધો.

આવી અણુકથ ઘડીઓ પછી વિનય માંડમાંડ સ્વસ્થ થયો. પણ ફરીને
સ્થ થવા માટે જ આ વખત આંસુ ન હોતાં પડતાં—અભિસર્યાં શબ્દ
આ ખરતા હતા વર્ષો લગી હૃદયમાં ધૂંધવાઈ રહેલા પશ્ચાત્તાપનો એ
કો હતો.

"કિશોરી! કિશોરી! મને શું થયું તે તું જાણે છે? મને મારાં પાપ
ર્યાં. મને મારી શરમ આવી. ઓ દેવી, તું ધારે છે કે હું દેહનો જ
ી છું. પણ હું તો આત્માનો ય છું. મારા જેવાને સ્નેહ નથી, શાન્તિ
ી, આનંદ નથી. કિશોરી! કિશોરી! હું પાપી છું—પાપી છું, વિષયી છું.
ી ને પાખંડી છું, મોતને જ લાયક છું. ઓ દેવી! દેવી! તું મારી પાસે
ીશ મા. તું અજાણતાંયે મારા તેજ ઝંખાશે. હું તો અસુર છું ઈશ્વર સામે
બંડ કર્યાં છે મારા માનવબન્ધુઓને શાપ્યા છે, અને પરાપરાણે નરક
ર્યાં છે, અરેરેરે! મને કોણ ઉગારશે? કોણ સુધારશે?

*

પાએક કલાક વીતી ગયો.

કિશોરી ભીના રુમાલથી તેની આંખો લૂછતી હતી. પછી થોડી વાર

તેને [illegible] જવાબ સૂચવ્યો. પણ તે તો [illegible] બબડતો રહ્યો : "હું [illegible] ? કોણ સુધારશે ?"

કિશોરીએ ફરીને તેનું માથું ખોળામાં લીધું અને માથા પર [illegible] ફેરવતાં ફેરવતાં કહ્યું. "વિનય, શાન્ત થાઓ. સૌ સારાં વાનાં થશે."

બાળક માતાની [illegible] માને તેમ વિનય આધીન થયો. [illegible] બંધ કર્યું અને આંખો મીંચી ગયો.

તે નિદ્રામાં પડ્યો હોય તેમ લાગતું હતું. સ્નેહભીનાં [illegible] નયને કિશોરી તેની તરફ જોઈ રહી.

હળવેથી આંખો ઉઘાડીને વિનયે પૂછ્યું: "કિશોરી, તું મને સુધારીશ ?

ઉત્તર મળ્યો નહીં. કિશોરીની સ્નેહાર્દ્ર દૃષ્ટિ તેની તે તેની જ રહી.

એકદમ બેઠા થઈને વિનયે કિશોરીના બેઉ હાથ પકડીને મોં [illegible] ચાંપ્યા. "કિશોરી. તારી એ નજરમાં અખંડ અમીઝરણું છે, પુણ્ય ઉજ્જવળતા છે, જગદુદ્ધારના મંત્ર છે. કિશોરી ! તું મને નહીં સુધારે ? કહેને !

ફરીથી વિનયે તેના બંને હાથ જોરથી આંખ સાથે ચાંપ્યા [illegible] કિશોરીની આંખમાંથી ટપકતાં આંસુ વિનયના નીચા નમેલા માથા પર પડ[illegible]

મહાજ્યોતિના કો બિન્દુસમો શુક્રતારક પશ્ચિમમાં પ્રકાશ્યો. [illegible] સન્ધ્યાના ફૂલગુલાબી આકાશમાં તે ચક્રવર્તી રાજેન્દ્રજેવો એકલો ચમકતો હતો. એક દુઃખી જીવનો જીર્ણોદ્ધાર થયાની ખુશાલીમાં તે[illegible] નાનકડા વદન પર જાણે તેજસ્મિત ફરકતાં.

બંને જણાં ઊઠીને ઊભાં થયાં. ઘર તરફ ચાલ્યાં. કિશોરીના શક્તિમ[illegible] હાથનો ટેકો લઈને વિનય ચાલતો હતો. તેનાં મોંમન હવે શાન્ત હત[illegible] અને મોક્ષમંદિર ભણી દોરતા કો શીરસ્તાસમી કિશોરી પણ ધીરાં, અડ[illegible] નિશ્ચિત પગલાં ભરતી વિનયને તેના પુનર્જન્મેલા સંસારમાં લઈ જતી.

પુણ્યશાળી આત્મા પાપમાં પડે તો સુન્દરીના સ્નેહપ્રભાવ તેને પ્રાયશ્ચિત્ત આપીને પુનઃ પુણ્યપન્થે વાળશે.

—પ્રભાતના રંગ

[૯]

વિશ્વનાથ ભટ્ટ

[જન્મ : ઈ. સ. ૧૮૯૮]

[શ્રી. વિશ્વનાથ મગનલાલ ભટ્ટનો જન્મ ઈ. સ. ૧૮૯૮માં ભાવનગર રાજ્યના ઊમરાળા ગામમાં થયો હતો. તે સંસ્કૃત અને અંગ્રેજી સાહિત્યને ઐચ્છિક વિષયો તરીકે લઈને ૧૯૨૦માં બી. એ. થયા. આર્યોત્કર્ષમંડળ, 'કૌમુદી' 'ચેતન' વગેરે સામયિકોમાં એ સહસંપાદક થઈને અનુક્રમે વિવેચક અને સાહિત્યકાર તરીકે પ્રસિદ્ધિમાં આવ્યા. એમના પ્રિય વિષયો સાહિત્ય, વિવેચન છે અને તે ખીલવવા એમણે પાશ્ચાત્ય અભ્યાસ, મનન અને સ્નેહશ્રમ ઉઠાવ્યા છે. આપણા હાલના તટસ્થ, બહુશ્રુત અને વાચનવાળા વિવેચકોમાં એમને એક અગ્રેસરપદ આપી શકાય. એમની સાહિત્યશક્તિ અખંડિત ચાલુ જ રહી છે. પારિભાષિક શબ્દકોશ, ગુજરાત વિદ્યાપીઠનો સાર્થ જોડણીકોશ તેમ જ ગોંડળનરેશના તૈયાર થતા શબ્દકોશમાં એમણે સંગીન અને સક્રિય ફાળો આપ્યો છે અને એથી શબ્દરચનાના વિવિધ અર્થભેદોનું એ સમર્થ જ્ઞાન ધરાવે છે. એમના સંપાદનો તેમ જ અનુવાદગ્રંથો મોટી સંખ્યામાં છે.

આધુનિક રશિયાના માનવકલ્પનાના નિર્માતાઓમાંના એક સાધુચરિત દીનબંધુ કાઉન્ટ લિયો ટૉલ્સ્ટૉયના લેખોના શ્રી. ભટ્ટના ગુજરાતી રૂપાન્તરો અદ્વિતીય છે. ટૉલ્સ્ટૉયની ટૂંકી વાર્તાઓમાંની 'સુરતનું કાવાખાનું' એ એક બોધક છતાં અસરકારક વાર્તા છે. કાવાખાનામાં દેશપરદેશના જુદાજુદા મજહબના મનુષ્યો આવી ત્યાં 'કોનો ધર્મ શ્રેષ્ઠ?' એ વિષય ચર્ચે છે. જગતના ધર્મોમાં ખરું શું છે, તેમ જ મનુષ્યવ્યક્તિએ કે ધર્મના જૂના પયગંબરોએ આ ગહન ને વ્યાપક વિષયમાં ક્યાંક્યાં ગફલત ખાધી છે તેનું યથાર્થ જ્ઞાન વાચનારને આ વાર્તાની ચર્ચા સંગીન રીતે પૂરું પાડે છે.]

સુરતનું કાવાખાનું

સુરત શહેરમાં એક કાવાખાનું હતું. અનેક પ્રવાસીઓ તથા જગતના જુદાજુદા ભાગોમાંથી એકઠા થયેલા અનેક વિદેશીઓ ત્યાં મળતા અને વાતો કરતા.

[illegible]

[illegible] આ કમનસીબ મૌલવીની દશા એવી કે એ તર્કજાળમાં તે પોતે ગૂંચવાઈ ગયો અને આમ પોતે જ બુદ્ધિ ગુમાવી બેઠો છે એમ સમજવાને બદલે તે તો એમ માનવા લાગ્યો કે વિશ્વનું નિયમન કરે એવું કોઈ ઉચ્ચતર બુદ્ધિયુક્ત તત્ત્વ જ જગતમાં છે નહિ.

આ માણસ કને એક આફ્રિકન ગુલામ હતો એ સર્વત્ર તેની સાથે સાથે ફરતો. મૌલવી જ્યારે કાવાખાનાની અંદર પેઠો ત્યારે આ ગુલામ બહાર રહ્યો અને બારણા આગળ તડકામાં એક ઓટલા પર બેસી આજુબાજુ ગણગણતી માખીઓને ઉડાડવા લાગ્યો. મૌલવી અંદર આવી કાવાખાનામાં એક કોચ પર બેઠો અને પોતાને માટે અફીણના કસુંબાની એક પ્યાલી મંગાવી. એ પ્યાલી ગટગટાવી ગયો અને તેને પરિણામે તેનું મગજ સતેજ થયું એટલે ખૂલ્લા બારણામાંથી તેણે પોતાના ગુલામને બોલાવી કહ્યું :

'એલા કમબખ્ત ગુલામ, તને શું લાગે છે, અલ્લા છે કે નહિ?'

'છે જ વળી, એમાં પૂછવું શું?' ગુલામે કહ્યું અને તરત જ એણે તો પોતાના કમરબંધ નીચેની એક લાકડાની મૂર્તિ કાઢી.

'જુઓ,' એણે કહ્યું, 'જન્મ્યો તે દિવસથી મારી રક્ષા કરનારા આ મારા અલ્લા. અમારા મુલકમાં એકેએક જણ મંત્રેલા ઝાડને પૂજે છે અને એ ઝાડના લાકડામાંથી જ આ મૂર્તિ ઘડેલી છે.'

મૌલવી અને ગુલામ વચ્ચેની આ વાતચીત કાવાખાનામાં બેઠેલા બીજા માણસો આશ્ચર્યપૂર્વક સાંભળી રહ્યા. મૌલવીના પ્રશ્નથી અને તેથી પણ વિશેષ તો તેના ગુલામના ઉત્તરથી તેઓ વિસ્મય પામ્યા.

આમાં એક બ્રાહ્મણ હતો. ગુલામના શબ્દો સાંભળીને તે એના તરફ ફર્યો અને બોલ્યો :

'કમબખ્ત હેવાન, તું શું એમ સમજે છે કે ઈશ્વરને આદમીના કમરબંધ નીચે રાખી શકાય? ઈશ્વર તો એક જ છે અને તે બ્રહ્મ. બ્રહ્મ વિશ્વ કરતાં મોટું છે કેમકે તેણે વિશ્વને ઉત્પન્ન કરેલ છે. બ્રહ્મ એક ને અદ્વિતીય છે, તે જ પરમ સમર્થ પ્રભુ છે અને તેની ઉપાસનાને અર્થે જ ભાગીરથીને કિનારે મંદિરો બાંધ્યાં છે ને તેમાં તેના સાચા પુરોહિત બ્રાહ્મણો તેની પૂજા કરે છે. સાચા ઈશ્વરનું જ્ઞાન એક તેમને જ છે. અને તેમના સિવાય બીજા કોઈને નથી. હજારો વર્ષો વીતી ગયાં અને અનેક જમાના બદલાઈ ગયા, છતાં આ બ્રાહ્મણોની સત્તા ઓછી થઈ નથી; કેમકે એકના એક સાચા ઈશ્વરરૂપ બ્રહ્મ એમનું રક્ષણ કરે છે.'

પોતાના આ શબ્દોથી બધું સર્વેના મનની ચોક્કસ પતીજ થવાની એવા ભાવથી તે બ્રાહ્મણે આમ કહ્યું, પણ ત્યાં એક યાહુદી દલાલ હાજર હતો તેણે એને જવાબ આપ્યો.

'ના, સાચા ઈશ્વરનું મંદિર હિંદમાં નથી. તેમ ઈશ્વર બ્રાહ્મણવર્ગની રક્ષા કરે છે એ વાત પણ સાચી નથી. બ્રાહ્મણોનો ઈશ્વર તે સાચો ઈશ્વર નથી. સાચો ઈશ્વર તો અબ્રાહામ, ઇસાક, ને જેકબનો ઈશ્વર તે જ છે. એના માનીતા ઇઝરાયલ લોકો સિવાય બીજા કોઈનું તે રક્ષણ કરતો નથી. દુનિયાની ઉત્પત્તિ થઈ ત્યારથી અમારી જાતિ ઈશ્વરની માનીતી છે અને અમારા સિવાય બાકી બીજી જાતિ એની માનીતી નથી. અત્યારે તો અમે આખી દુનિયાના જુદા જુદા ભાગોમાં વેરવિખેર થઈ ગયા છીએ, પણ તે તો ઈશ્વર અમને કસોટી કરવા માગે છે એટલા માટે; કેમકે ઈશ્વરે અમને કોલ આપ્યો છે કે એક દિવસ તે પોતાની માનીતી જાતિના સર્વ માણસોને જેરુસલેમમાં એકઠા કરશે. પછી પ્રાચીન જગતમાં પરમ અદ્ભુત એવું જેરુસાલેમનું મંદિર એના પુરાણા વૈભવને પુનઃ પ્રાપ્ત કરશે એટલે ઇઝરાયલને સમસ્ત પ્રજાના નાયકપદે સ્થાપવામાં આવશે.'

આમ બોલતાં બોલતાં એ યાહુદી રડી પડ્યો. હજુ તે આગળ બોલવા જતો હતો, પણ ત્યાં એક ઇટાલિયન પાદરી હતો તેણે તેને વધુ બોલતાં અટકાવ્યો.

'તમારી વાત ખોટી છે,' તેણે યાહુદીને કહ્યું: 'એવી વાત કરીને તો તમે ઇશ્વર પર અન્યાયનું આરોપણ કરો છો. ઇશ્વર કંઈ બીજી બધી જાતિઓ છોડી એક તમારી જ જાતિ પર પ્રેમ ન રાખી શકે, ઊલટું, પ્રાચીન કાળમાં ઇઝરાઈલ લોકો એના માનીતા હતા એ વાત સાચી હોય તો પણ એ લોકોએ એને ગુસ્સે કર્યાને આજે ઓગણીસસો વરસ થઈ ગયાં. એટલા બધા વરસથી તેમણે ઈશ્વરને ગુસ્સે કરેલ છે તેને પરિણામે એ પ્રજાનો નાશ કરવાનું તથા જગતના જૂદાજુદા ભાગોમાં તેને વેરણછેરણ કરી નાખવાનું કામ ઈશ્વરને કરવું પડયું છે એટલે એમના ધર્મમાં હવે કોઈ આવતું નથી અને અહીંતહીં ક્યાંક તે છૂટોછવાયો નજરે પડે છે તે સિવાય તે નાબૂદ થઈ ગયેલ છે. ઈશ્વર તો કોઈ પણ જાતિ પ્રત્યે પક્ષપાત રાખતા નથી. એ તો જેમનેજેમને મોક્ષની ઇચ્છા હોય તે સઘળાને રોમન કૅથોલિક ધર્મનો સ્વીકાર કરવાનું કહે છે; કેમકે એ ધર્મ બહારના કોઈ ને પણ મોક્ષ મળી શકતો નથી.'

ઈટાલિયને આમ કહ્યું, પણ તાકડે એક પ્રોટેસ્ટણ્ટ પાદરી આવ્યો હતો, તે આ સાંભળી લાલપીળો બની ગયો અને તેથી કૅથોલિક પાદરી ભણી વળીને તે બોલી ઊઠયો:

'તમારા ધર્મનાને મોક્ષ મળે છે એમ તમારાથી કેમ કહી શકાય? મોક્ષ તો ફક્ત એ લોકોને જ મળવાનો, જેઓ ભગવાન ઇસુપ્રોક્ત શાસ્ત્રગ્રંથનો તત્ત્વાર્થ સમઝીને તેનું અનુસરણ કરતા હશે.'

એવામાં સૂરતના જકાતખાતામાં નોકરી કરતો એક તુર્ક ત્યાં બેઠોબેઠો ચૂંગી પીતો હતો તે, જાણે પોતે આ બન્ને જણ કરતાં કોઈ ઉચ્ચ ભૂમિકા પર વસતો હોય એવા ભાવપૂર્વક આ બન્ને પાદરી ભણી વળ્યો.

'તમારા રોમન ધર્મમાં તમે જે ગુમાન રાખો છો તે ખોટો છે,' તેણે કહ્યું. બારસો વરસ પર સાચો દીન ફેલાતાં હજરત મહમ્મદ પેગંબર સાહેબે તેની જગા લીધી છે. આ સાચો દીન યુરોપ ને એશિયાના દેશોમાં જ નહિ પણ ચીનના સંસ્કારી મુલકમાં ફેલો પ્રસરી રહ્યો છે એ તમે તમારી નજરે દેખી શકો એમ છો. તમે તમારી જબાનથી કહો છો કે અલ્લાએ યાહુદીઓને તો હવે તજી દીધા છે, અને એના પૂરાવામાં એ યાહુદી લોકોનું જે અપમાન થઈ રહ્યું છે અને એમનો ધર્મ જે હવે ફેલાવો કરી શકતો

નથી એ તમે જાણો છો, તો પછી તમારે હવે ઇસ્લામનું સત્ય સ્વીકારવું જ જોઈએ; કેમકે તે વિજય પામેલો છે અને આખાય હિન્દમાં ફેલાઈ રહ્યો છે. હજરત મહમ્મદ એ અલ્લાના ઈસ્લામમાં છેલ્લા પેગંબર છે. એટલે એમના અનુયાયીઓ સિવાય બીજા કોઈનો ઉદ્ધાર થવાનો નથી. આમાં યે પાછા અલીના નહિ પણ ઉમરના અનુયાયીઓનો જ ઉદ્ધાર થવાનો છે, કેમકે અલીના અનુયાયીઓ દીનને વફાદાર રહ્યા નથી.'

પેલો ઇરાની મોલવી અલીના સંપ્રદાયનો હતો, એટલે આ બોલનો જવાબ આપવાની તેને ઇચ્છા થઈ, પણ વાત આટલે સુધી આવી એટલામાં તો એ કાવાખાનામાં જુદાજુદા ધર્મ તથા સંપ્રદાયોના જે જુદાજુદા માણસો હાજર હતા તેમની વચ્ચે એક મોટી તકરાર જાગી ચૂકી હતી. કાવાખાનામાં એ વખતે ઍબિસિનિયન ખ્રિસ્તીલોકો, તિબેટના લામાઓ, ઇસ્માયલના અનુયાયીઓ અને આતશપૂજકો હાજર હતા. તે સૌ, ઈશ્વરના સ્વરૂપ વિષે તથા તેની ઉપાસનાના પ્રકારપદ્ધતિ આદિ વિષે વિવાદ કરવા લાગ્યા, અને દરેક જણ કહેવા લાગ્યા કે ઈશ્વરનું સાચું જ્ઞાન તો કેવળ પોતાના દેશમાં જ પ્રાપ્ત થયેલું છે અને તેની યથાર્થ ઉપાસના પણ કેવળ પોતાની પ્રજામાં જ થઈ રહેલી છે.

આ રીતે ત્યાં બેઠેલા સૌ મોટામોટા ઘાંટા પાડીને ચર્ચા કરવા લાગ્યા. આમાં અપવાદરૂપ ફક્ત એક ચીનો હતો. તે કોન્ફ્યુશિયસનો અનુયાયી હતો, અને આ ચર્ચામાં કશો ભાગ ન લેતાં તે કાવાખાનામાં એક ખૂણામાં શાંતિથી બેઠો હતો ત્યાં બેઠોબેઠો ચહા પીતોપીતો આ બોલી રહ્યા તે સાંભળી રહ્યો પણ જાતે એ સંબંધમાં કંઈ બોલ્યો નહીં.

પેલો તુર્કસ્તાની તેને ત્યાં બેઠેલો દેખી ગયો, એટલે તેને પોતાના પક્ષ ભણી ખેંચવાની ઇચ્છાથી બોલ્યો :

'અય દોસ્ત ચીનાઈ, મારી વાત સાચી છે એની તું તો જરૂર સાક્ષી પૂરવાનો. અત્યારે તો તું ચૂપકી પકડીને બેઠો છે, પણ જરાક જબાન ખોલે તો મને ખાતરી છે કે તું મારા મતને ટેકો આપવાનો. તારા મુલકના કેટલાક વેપારીઓ મારી મદદ લેવા આવે છે એ લોકો કહે છે કે ચીનમાં અનેક ધર્મો દાખલ થયા છે, છતાં તમે ચીનાઈ લોકો ઈસ્લામને જ સર્વોત્તમ

ધર્મ ગણો છો અને તેથી એ ધર્મ જ તમે રાજીખુશીથી સ્વીકારો છો, તો તો પછી મારા અભિપ્રાયને તારો ટેકો આપ અને ખરા ખુદા અને તેના પેગંબર વિષે તારો મત શો છે તે જણાવ.'

'જરૂર, જરૂર.' ચીનવાસી ભણી વળીને બીજા સૌ બોલી ઊઠ્યા: 'આ બાબતમાં તમારા શા વિચાર છે એ અમને જણાવો જરા.'

એટલે કૉન્ફ્યુશિયસના અનુયાયી એવા એ ચીનવાસીએ પોતાની આંખો મીંચીને પળવાર વિચાર કર્યો. પછી તેણે આંખો ઉઘાડી, અને પોતાના ઝભ્ભાની પહોળી બાંયોમાંથી પોતાના હાથ બહાર કાઢીને છાતી પર અદબ વાળી તે શાન્ત, સ્વસ્થ અવાજે આ પ્રમાણે બોલ્યો:

'મહેરબાનો, મને લાગે છે કે ધર્મવિષયમાં મનુષ્યો એકમત થઈ શકતા નથી તેનું મુખ્ય કારણ તેમનું અભિમાન છે. મારી વાત સાંભળવાની આપની જો મરજી હોય તો મારા કહેવાનો મુદ્દો સ્પષ્ટ કરે એવું એક દૃષ્ટાંત તમારી આગળ રજૂ કરું.

હું જે અંગ્રેજી વહાણમાં બેસીને અહીં આવ્યો તે આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરતુંકરતું આવી આવેલું. રસ્તામાં અમે મીઠું પાણી લેવા સુમાત્રા ટાપુના પૂર્વ કિનારા પર વહાણ નાંગરેલું. એ વખત મધ્યાહ્ન તપતો હતો, તેથી અમારામાંથી કેટલાક આદમી કિનારા પર આવી, એક નાનકડા ગામડાની પડોશમાં આવેલા નાળિયેરીના ઝાડ નીચે બેઠા. અમારી ટોળીમાં જુદીજુદી પ્રજાના આદમી હતા.

અમે ત્યાં બેઠા હતા એવામાં ત્યાં એક આંધળો અમારી પાસે આવ્યો. પાછળથી અમને ખબર પડી કે એને સૂર્યપ્રકાશ પકડવા હતા ને તેથી સૂર્યસ્વરૂપનું [illegible] જ્ઞાન મેળવવા માટે ઘણાંઘણાં વરસથી સૂર્ય સામે સતત રીતે એકીટશે જોયા કરેલું હતું અને તેથી જ એ આંધળો બન્યો.

[illegible] [illegible] પકડવા માટે બહુ લાંબા વખત સુધી એણે સૂર્ય સામે એકધારી રીતે જોયા કર્યું. પણ એનું પરિણામ એક જ આવ્યું કે સૂર્યપ્રકાશથી તેની આંખોને નુકસાન થયું, અને એ આંધળો બન્યો.

પછી તે એમ માનતો:

'સૂર્યપ્રકાશ પ્રવાહી નથી, કેમકે પ્રવાહી હોત તો પાણીની પેઠે તે

એક વાસણમાંથી બીજા વાસણમાં રેડી શકાત, અને પાણી જેમ પવનથી હાલે છે તેમ તે પણ હાલી ઊઠત. તેમ એ અગ્નિ પણ નથી, કેમકે અગ્નિ હોત તો પાણીથી તે બુઝાઈ જાત. એ જ રીતે સૂર્યપ્રકાશ કોઈ સૂક્ષ્મ સત્ત્વ પણ નથી, કેમકે તે આંખ વડે જોઈ શકાય છે; તેમ એ કોઈ સ્થૂલ પદાર્થ પણ નથી, કેમકે તે એક સ્થળેથી બીજે સ્થળે લઈ જઈ શકાતો નથી. આ પ્રમાણે સૂર્યપ્રકાશ એ નથી પ્રવાહી, નથી સૂક્ષ્મતત્ત્વ, તેમ નથી સ્થૂલ પદાર્થ, એટલે સિદ્ધ થાય છે કે એ કંઈ જ નથી."

તે આવી દલીલ કરતો અને નિરંતર સૂર્યને તાકીને જોયા કરતો તથા તેના જ વિચાર કર્યા કરતો, તેથી એ દૃષ્ટિ ને બુદ્ધિ બન્ને ગુમાવી બેઠો. અને આમ જ્યારે એ સાવ અંધ બની ગયો ત્યારે સૂર્યનું અસ્તિત્વ જ નથી એ વાતની એને સો યે સો ટકા ખાતરી થઈ.

આ આંધળાની સાથે એનો એક ગુલામ આવેલો. તેણે તેને પોતાના નાળિયેરના છાપરામાં બેસાડી જમીન પર પડેલું એક નાળીએર ઉપાડી લીધું અને તેનાથી દીવો પ્રકટાવવા માંડ્યો. નાળિયેરની છાલમાંથી એણે વાટ બનાવી, તેના કોપરાને છૂંદીને એમાંથી તેલ કાઢી નાળિયેરની કાચલીમાં નાખ્યું, અને પેલી વાટ પછી તેણે એ તેલમાં પલાળી.

ગુલામ બેઠો બેઠો આ બધું કરતો હતો ત્યાં એ આંધળાએ નિસાસો નાખીને તેને કહ્યું.

"કેમ ભલા, હું કહેતો'તો સૂર્ય છે જ નહિ એ વાત સાચી કે નહિ! જોયું ને બધું કેવું અંધારું ઘોર છે ' તોય આ બધા લોકો કહે છે કે સૂર્ય છે...પણ જો સૂર્ય હોય તો તે શું છે '"

"સૂરજ શું છે એની તો મને ખબર નથી," ગુલામે કહ્યું.

"એ જાણવું એ મારે કામ પણ નથી. પણ અજવાળું એટલે શું એ હું બતાવું છું. આ અત્યારે જ દીવો પ્રગટાવ્યો છે અને એના અજવાળાની મદદથી હું આપની મરજી ઉઠાવી શકું છું તેમ ઝૂંપડામાંથી કંઈ ખોવાતું હોય તો એની મદદથી શોધી પણ શકું છું."

એમ કહીને એ ગુલામે નાળિયેરની કાચલી ઉપાડી અને બોલ્યો:

"આ રહ્યો મારો સૂરજ."

થોડીને આધારે ચાલતો એક લંગડો ત્યાં બેઠો હતો તે આ શબ્દો સાંભળીને હસી પડ્યો અને બોલ્યો :

"તમે તો જનમથી જ આંધળા લાગો છો," તેણે પેલા અંધ પુરુષને કહ્યું, "એટલે જ સૂરજ એટલે શું એની તમને ખબર નથી. પણ ચાલો હું તમને કહું સૂરજ એટલે શું. એ સૂરજ એ અગ્નિનો ગોળો છે. રોજ સવારે તે સમુદ્રમાંથી નીકળીને ઊંચે ચડે છે અને રોજ સાંજે આપણા બેટના ડુંગરાઓમાં આથમી જાય છે. અમે સૌએ એ જોયું છે અને તમારી આંખો જો સાબૂત હોત તો તમે પણ જોયું હોત."

ત્યાં એક માછીમાર આ વાત સાંભળી રહ્યો હતો તે બોલ્યો :

"તમે બોલો છો એ ઉપરથી ચોખ્ખું દેખાઈ આવે છે કે તમે તમારા પોતાના બેટની બહાર કદી પગ મૂક્યો નથી. તમે જો લૂલા ન હોત અને હું રોજ મચ્છી પકડવા હોડકામાં બેસીને જાઉં છું એમ તમે જો આ બેટ છોડીને બહાર નીકળ્યા હોત તો તમને ખબર પડત કે સૂરજ કંઈ આપણા બેટના ડુંગરમાં આથમતો નથી, પણ એ જેમ રોજ સવારે દરિયામાંથી ઊગે છે તેમ રોજ પાછો દરિયામાં જ આથમે છે. હું તમને કહું છું એ જ વાત સાચી છે, કેમકે હું દરરોજ મારી પોતાની નજરે એમ જોઉં છું."

એટલામાં અમારી ટોળીમાં એક હિંદુ હતો તે આ સાંભળીને વચમાં બોલી ઊઠ્યો :

"કોઈ અક્કલવાળો આદમી આવું અર્થવિનાનું બોલે એ જોઈને મને અચરજ થાય છે. અગ્નિનો ગોળો પાણીમાં પડે ને જરાય બુઝાઈ ન જાય એ કેમ બને ભલા ? એટલે સૂર્ય કંઈ અગ્નિનો ગોળો છે જ નહિ, એ તો દેવતા છે, અને પોતાના રથમાં બેસીને સુવર્ણપર્વત મેરુ આસપાસ ફર્યા કરે છે. કોઈકોઈ વખત રાહુ અને કેતુ નામના દુષ્ટ રાક્ષસો એને ગળી જાય છે, અને તેથી એ વખતે પૃથ્વી પર અંધકાર વ્યાપી જાય છે. પણ પછી આપણા તો દેવતાઓ સૂર્યને મુક્ત કરવાની પ્રાર્થનાઓ કરે છે, એટલે એ છૂટો થાય છે. સૂર્ય એક તમારા બેટને જ માટે પ્રકાશે છે એવું તો પોતાના બેટને છોડીને કદી બહાર પગ ન મૂક્યો હોય એવા તમારા જેવા કોઈ મૂરખ જ માને."

પછી ત્યાં એક મિસર દેશનો વહાણવટી હાજર હતો તેનો વારો આવતાં તેણે કહ્યું:

"ના, તમારી વાત ખોટી છે. સૂર્ય કોઈ દેવ નથી તેમ એ કંઈ તમારા હિંદને તેના સુવર્ણપર્વત મેરુની આસપાસ જ ફરતો નથી. મેં ઘણીવાર કાળા સમુદ્રમાં તેમ અરબસ્તાનના કિનારા પર સફરો કરી છે, અને માડાગાસ્કર તથા ફિલિપાઈન બેટોમાં પણ ઘણીવાર ગયો છું. એટલે મેં જોયું છે કે સૂર્ય કંઈ એકલા હિંદને જ પ્રકાશ નથી આપતો, પણ એ તો આખી પૃથ્વીને પ્રકાશ આપે છે. એ કંઈ કોઈ એક પર્વતની આસપાસ ફરતો નથી, પણ એ તો જાપાનથી પણ પેલી પાર દૂરદૂર પૂર્વદિશામાં ઊગે છે, વિલાયતની પણ પેલી પાર દૂરદૂર પશ્ચિમદિશામાં આથમે છે. તેથી જાપાનીઓ પોતાના દેશને 'નિપ્પોન' એટલે 'સૂર્યજન્મસ્થાન' એવું નામ આપે છે અને આ વાતની બરાબર ખબર છે, કેમકે મેં પણ જોયું છે તેમ વિશેષમાં દરિયાના ડુંગરના છેક સુધી સફર કરી આવેલા મારા દાદા પાસેથી પણ મેં ઘણીઘણી વાતો સાંભળી છે."

એ તો એમ ને એમ આગળ બોલ્યા કરત, પણ અમારા વહાણમાંનો એક અંગ્રેજ ખલાસી હતો તે એને અટકાવીને વચ્ચેથી બોલી ઊઠ્યો:

"સૂર્યની દિનચર્યા વિષે અમારા ઈંગ્લેંડના લોકો જેટલું જાણે છે તેટલું દુનિયાના કોઈ દેશના લોકો જાણતા નથી. ઈંગ્લેંડમાં તો સૌને ખબર છે કે સૂર્ય ક્યાંય ઊગતો નથી તેમ ક્યાંય આથમતો પણ નથી. એ તો પૃથ્વીની આસપાસ ફર્યા કરે છે. આ વાતની અમને પાકી ખાતરી છે, કેમકે અમે હમણાં જ પૃથ્વીની પ્રદક્ષિણા કરી આવ્યા, પણ ક્યાંય અમે સૂર્ય સાથે અથડાયા નહિ. જ્યાં જ્યાં ગયા ત્યાં બધે આજની જેમ જ સૂર્ય સવારમાં દેખાતો અને રાતે અદૃશ્ય થઈ જતો."

આમ કહી એ અંગ્રેજે એક સોટી લીધી અને રેતીમાં ગોળ આકૃતિઓ કાઢી સૂર્ય આકાશમાં કેવી રીતે ભ્રમણ કરી રહ્યો છે તથા પૃથ્વીની આસપાસ કેવી ગતે ફરી રહ્યો છે તે સમજાવવા તેણે કોશીશ કરી પણ તે બરાબર સમજાવી શક્યો નહિ, એટલે વહાણના નાખુદા ભણી આંગળી કરી તે બોલ્યો:

"મારા કરતાં આમને વધારે માહિતી છે, એટલે એ બરાબર સમજાવી શકશે.

નાખૂદો બુદ્ધિશાળી પુરુષ હતો. તેને પૂછવામાં આવ્યું ત્યાં સુધી તે બધી વાત શાંતિથી સાંભળતો બેઠો હતો. હવે તેને પૂછ્યું એટલે સૌ તેની તરફ જોવા લાગ્યા. તે બોલ્યો:

"તમે સૌ એકબીજાને ઊંધે માર્ગે ચડાવી મારો છો અને જાતે પણ ખોટી વાત માનીને છેતરાઓ છો. સૂર્ય કાંઈ પૃથ્વીની આસપાસ ફરતો નથી પણ પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે. પૃથ્વી સૂર્યની આસપાસ ફરતાંફરતાં પોતાની ધરીની આસપાસ પણ ફરે છે, અને દર ચોવીસ કલાકના ગાળામાં કેવળ જાપાન, ફિલિપ્પાઈન ટાપુઓ તેમ સુમાત્રા અને અત્યારે આપણે જ્યાં છીએ તે જ ભાગને નહિ, પણ આફ્રિકા, યુરોપ ને અમેરિકા એ બધા ભાગો પણ સૂર્ય ભણી આણે છે. સૂર્ય કંઈ એક જ પર્વત, કે કોઈ એક જ બેટ અથવા સમુદ્ર કે કોઇ એક જ પૃથ્વીને માટે પ્રકાશતો નથી, પણ આ આપણી પૃથ્વીની પેઠે અન્ય નક્ષત્રોને માટે પણ તે પ્રકાશે છે. તમે બધા પોતાના પગ તળેની જમીન જોયા કરો છો તેને બદલે જો ઊંચે આકાશમાં જ જરા જુઓને, તો તમને સૌને આ વાતની સમજ પડે, અને તો પછી તમે કોઈ એમ ધારો નહિ કે સૂર્ય તો ફક્ત તમારા જ કે તમારા દેશને માટે જ પ્રકાશે છે."

પૃથ્વીનો અનેકવાર પ્રવાસ કરનાર અને ઊંચે આકાશનું પુષ્કળ નિરીક્ષણ કરનાર એ સમઝૂ સુકાનીએ આમ કહ્યું.

એ જ રીતે ધર્મની બાબતમાં પણ, કોન્ફ્યુશિયસના અનુયાયી પેલા ચીનવાસીએ આગળ વાત કહેવા માંડી. 'માનવજાતિમાં ભૂલ અને કુસંપ પેદા કરનાર વસ્તુ અભિમાન જ છે. આ વાતમાં સૂર્ય સંબંધમાં જેવું બન્યું હતું તેવું જ ઈશ્વરના સંબંધમાં બની રહ્યું છે. દરેક માણસને પોતાને માટે અથવા એટલા પોતાને માટે નહિ તો છેવટે પોતાના દેશને માટે એક ખાસ અલાયદો ઈશ્વર જોઈએ છે. જેને આખું વિશ્વ પણ સમાવી શકે એમ નથી એવા ઈશ્વરને દરેક પ્રજા તેના પોતાના જ મંદિરોમાં પૂરી રાખવા ઇચ્છે છે.

'ઈશ્વરે પોતે માનવમાત્રને એક જ ધર્મમાં આણી તેમની એકત

ઘરતાને માટે જે એક દિવ્ય મંદિર ઊભું કર્યું છે તેની તોલે કોઈ પણ માનવકૃત મંદિર કદી પણ આવી શકે ખરું ?

'સઘળાં માનવમંદિરો ઈશ્વરી સૃષ્ટિરૂપ આ દિવ્ય મંદિરના નમૂના પર જ બાંધવામાં આવ્યાં છે. દરેક મંદિરમાં સ્વતંત્ર જળકુંડો, ઘુમ્મટો, દીવાઓ, ચિત્રો, તેમ મૂર્તિઓ, શિલાલેખો, સ્મૃતિગ્રંથો, શાસ્ત્રગ્રંથો, નૈવેદ્યો યજ્ઞવેદીઓ તેમ પુરોહિતો હોય છે. પણ ક્યાં મંદિરમાં સાગર જેવો કુંડ છે; આકાશ જેવો ઘુમ્મટ છે; સૂર્ય, ચંદ્ર ને તારા જેવા દીવા છે; અથવા પરસ્પર પ્રેમ રાખતાં, અન્યોન્ય મદદ કરતાં, સચેતન માનવીઓ જેવી મૂર્તિઓ પણ ક્યા મંદિરમાં છે ? માનવજાતિના શ્રેયને અર્થે ઠેરઠેર વેરેલી પ્રસાદીઓ જેવા ઈશ્વરની દયાના સુગમ, સરલ શિલાલેખો પણ બીજે ક્યાં મળવાના છે ? માનવીના પોતાના હૃદયમાં અંકાએલો છે તેવા એકેએક જણને સ્પષ્ટ રીતે સમજાય તેવા શાસ્ત્રગ્રંથ પણ બીજે ક્યાં છે ? પ્રેમાળ સ્ત્રીપુરુષો એકબીજાને માટે જે સ્વાર્થત્યાગ કરી રહેલ છે તેને તોલે આવે એવા યજ્ઞો પણ ક્યાં છે ? એવા સાધુજનનાં હૃદય જેવી યજ્ઞવેદી પણ બીજે ક્યાં મળવાની ?

માનવીનો ઈશ્વર વિષેનો ખ્યાલ જેટલો ઊંચો હશે તેટલો એ તેને વધારે સારી રીતે સમજી શકશે અને જેટલી સારી એની ઈશ્વર વિષેની સમજ હશે તેટલો તે ઈશ્વરની નજદીક પહોંચી શકશે, તેમ તેની ભલાઈ, તેની દયા, અને માનવ પ્રત્યેના તેના પ્રેમનું તેટલે અંશે તે અનુકરણ કરી શકશે.

માટે જે માણસ સૂર્યના સમસ્ત પ્રકાશને વિશ્વમાં વ્યાપી જતો જોતો હોય તેણે એ પ્રકાશના એક જ કિરણને પોતાની ઇષ્ટ મૂર્તિમાં જોનારા અજ્ઞાની પુરુષોનો વાંક જ ન કાઢવો, તેમ તેનો તિરસ્કાર પણ ન કરવો. પોતાની સઘળી શ્રદ્ધા ખોઈ બેઠેલા અને સૂર્યને બીલકુલ દેખી જ ન શકતા નાસ્તિક અંધ પુરુષોનો પણ તેણે તિરસ્કાર ન કરવો.

કાન્ફ્યુશિયસપૂજક ચીનાએ આમ કહ્યું એટલે એ વખતે કાવાખાનામાં બેઠા હતા તે સૌ શાન્ત બની ગયા, અને કોનો ધર્મ ચડિયાતો એ વિષે પછી કોઈએ તકરાર કરી નહિ.

—ટોલ્સ્ટોય ગ્રન્થાવલિ: કથાવલિ: ભાગ બીજો

卐

[૧૦]

તનમનીશંકર શિવ

[જન્મ : ઈ. સ. ૧૮૯૭]

[શ્રી. તનમનીશંકર લાલશંકર શિવ સુરતજિલ્લાના ઓલપાડના વતની છે. ૧૯૨૧ માં એ બી. એ. થયા ને ૧૯૨૫ માં ઍલઍલ. બી. થઇ હાલ સૉલિસિટરની પરીક્ષા માટે અભ્યાસ કરે છે. સાહિત્યલેખનની એમની પ્રીતિ ઘણી જૂની છે. એ આપણાં શિષ્ટ માસિકોમાં વિનોદી કાવ્યો, વાર્તાઓ અને શિષ્ટ સંસ્કૃત સાહિત્યસૌન્દર્યોના સફળ અનુવાદો પ્રસિદ્ધ કરતા રહે છે. શૃંગારત્રિવેણી (૧૯૨૭) એ ત્રણ સંસ્કૃત શૃંગારી કાવ્યોનું એમનું ભાવવાહી ભાષાન્તર છે. 'મૂષકદૂત' એ મેઘદૂતનું બીજું લઇ એમણે રચેલું મુંબાઇનું ખોલી-જીવન ચિતરતું રમૂજી વિનોદકાવ્ય છે. કવીશ્વર જગન્નાથ પંડિતના ભામિની વિલાસનું, કાલિદાસકૃત કુમારસંભવના પાંચમા સર્ગનું એ એમનાં સુન્દર ભાષાંતર પ્રસિદ્ધ થઇ ગયાં છે. અંગ્રેજીમાંથી પણ એ સુન્દર ભાષાંતર કરી શકે છે.

આ વાર્તા: 'તારો: એક બાલસ્વપ્ન 'એ ચાર્લ્સ ડિકન્સની' A Child's Dream of a Star ' નામની નવલિકાની છાયા છે ને તે સરસ ને મનોહર રીતે ઊઠી છે.]

તારો : એક બાલસ્વપ્ન

એક હતો બાળક. તે રખડરખડ કરતો ને કંઈકંઈ વસ્તુઓના વિચાર કરતો. તેને એક બહેન હતી. તે પણ બાળક હતી. ચોવીશે કલાક તેઓ સાથે ફરતાંભટકતાં, ફૂલોની સુંદરતાથી તેમને અજાયબી લાગતી. આકાશની ઊંચાઈ, તેનો ભૂરો રંગ અને ચળકતા પાણીનું ઊંડાણ એક-સરખી રીતે તેમને ચકિત કરતાં. આવું સુંદર જગત ઘડનાર પ્રભુની શક્તિ ને ભલાઈથી તે મુગ્ધ થઈ જતાં.

કોઈ કોઈ વેળા તેઓ એકબીજાને પૂછતાં : કદાચ આ પૃથ્વી પરનાં

બધાં બાળકો ભરી જાય તો આ ફુલો, પાણી ને આકાશ દીલગીર થાય ખરાં ! તેમના મનમાં તો એમ ખાતરી જ હતી કે તે જરૂર દીલગીર થાય. તે કહેતાં : " કળીઓ ફૂલનાં બાળકો છે; ટેકરીઓ પરથી કૂદના પહેલાં રમતીઆળ ઝરણું પાણીનાં બાળકો છે, ને આકાશમાં આખી રાત સંતાકુકડી રમતાં તારાકણો તારાઓનાં બાળકો છે. તેથી તેઓ જરૂર પોતાની રમતનાં સાથીઓ—મનુષ્યનાં બાળકો—ન જોતાં દુઃખી થાય જ. "

બીજા બધા તારાઓથી પહેલો એક ચળકતો તારો મંદિરના શિખરની પાસે કબરો ઉપર રોજ ઊગતો. તેને તેઓ સર્વ તારાઓથી મોટો ને સુંદર ગણતાં; ને હાથમાં હાથ પકડી, બારી આગળ ઊભાં રહી, દરરોજ રાતે તેને જોતાં. જેને એ પહેલો જણાતો તે બોલી ઊઠતું : " મેં તારો જોયો. " પછી તો ધીરેધીરે બન્નેને ખબર પડી ગઈ કે તારો ક્યારે ને ક્યાં ઊગે છે. તેથી ઘણી વખત બન્ને જણાં એકસાથે પણ " મેં તારો જોયો ! " એમ બોલી ઊઠતાં; ને તેઓ એનાં એટલાં બધાં મિત્ર થઈ ગયાં કે પથારીમાં સૂતી વખતે ફરીવાર તારાને જોઈ લેતાં, ને ઊંઘથી આંખ ઘેરાઈ જતી ત્યારે પણ 'પ્રભુ ! તારાનું ભલું કરો !' એમ બોલતાં.

હજુ તો એ છોકરી નાની હતી—છેક જ નાની હતી—ત્યા તો તે સપડાઈ પડી. ને એટલી બધી નબળી પડી ગઈ કે બારી પાસે તેનાથી ઊભા પણ રહેવાતુ નહિ. હવે તે બાળક એકલો દુઃખમય આંખે જોતો. તારો દેખાતાં તે પથારીવશ થયેલી ફીક્કી બહેનને કહેતોઃ " મને તારો દેખાયો !" ને તેના હોઠ મલકતા. તે મંદ અવાજે બોલતી; " પ્રભુ, એ તારાનું ને મારા ભાઈનું કલ્યાણ કરો ! "

અને પછી તો થોડા જ દિવસોમા ને બાળકને એકલા તારા ભણી જોવાનો વખત આવી મળ્યો. તે ફીક્કું મુખ હવે પથારીમા નથી. સામેની પેલી જૂની કબરો વચ્ચે એક ખાલી જગામા એક નાની કબર ઊભી છે. આંસુભરી આંખે તે બાળક તારા તરફ જુએ છે ત્યારે તે તારો તેના તરફ લાંબાં કિરણો નાખે છે.

આ કિરણો એવા સરસ ચળકતા ને પ્રકાશપથી સ્વર્ગ સુધીનું

એવો સુંદર રસ્તો કરતાં દેખાતાં કે જ્યારે આ બાળક–એકલો ને અટૂલો–ઊંઘી જતો ત્યારે એને તારાનું સ્વપ્નું આવતું ને પેલાં કિરણોના રસ્તેથી અસંખ્ય લોકોને લઈ જતા દેવદૂતોને પથારીમાં પડ્યોપડ્યો જોતો. બીતરે ખોલી તારો પણ પોતામાં રહેલી તેજની વિશાળ દુનિયાનું ને લોકોને આવકાર દેવા ઊભા રહેલા બીજા કેટલા યે દેવદૂતોનાં દર્શન કરાવતો.

આ બધા દેવદૂતો તારા પર ચડી આવતા લોકો તરફ એમની તેજસ્વી આંખો ઢાળતા, ને કેટલાક તો પોતાની હારમાંથી દોડી આવી, કોઈ કોઈ લોકોની ડોક પર તૂટી પડતા, ને વ્હાલભર્યા ચુંબનોથી તેમને નવડાવી તેજના ચોકમાં લઈ જતા. આ લોકોના સંગાથમાં એ દેવદૂતોને એટલો બધો આનંદ થતો કે એ જોઈને આ બાળકથી પથારીમાં પડ્યાપડ્યા પણ હર્ષથી રડી પડાતું.

પણ કેટલાક દેવદૂતો લોકો સાથે આમ ભળતા નહિ. તેમાંના એકને એ બાળક ઓળખતો હતો. જે મુખડું એક વખત માંદગીભર્યું, ફીકકું પથારીમાં ઢળી પડ્યું હતું તે જ મુખ હવે તેજસ્વી પ્રભાભર્યું થઈ ગયું હતું. તો પણ આ બાળકના હૃદયે એને પોતાની બહેન તરીકે ઓળખી કાઢી.

એની બહેન તારાના દરવાજા આગળ ભમ્યા કરતી. તેણે બીજા લોકોને લઇ જતા દેવદૂતોના નાયકને પૂછ્યું: "મારો ભાઈ આવ્યો?"

તેણે જવાબ આપ્યો: "ના."

આ સાંભળી નીરાશ થઈ તે પાછી વળતી હતી, ત્યાં તો એ બાળક હાથ પહોળા કરી બોલી ઊઠ્યો: "ઓ બહેન, હું આ રહ્યો! મને લઈ જા!" ને તે બાળાએ તેના તરફ ચમકતી આંખે જોયું. આ વખતે રાત હતી. તારો હજુ તે બાળકની આંસુભરી આંખ પર ને તેના આખા યે ખંડમાં સુંદર લાંબાંલાંબાં કિરણો વેરતો હતો.

તે દિવસથી જીંદગીને અંતે જે ઘેર જવાનું છે તે ઘર તરીકે તે તારા તરફ બાળક રોજરોજ જોતો; ને તેની બહેન ત્યાં હોવાથી તે એમ પણ માનતો કે આ પૃથ્વી ઉપરાંત પેલા તારામાં પણ એનું ઘર છે.

પછી તેને ઘેર એક ભાઈ આવ્યો. હજુ તો તે બોલતાં પણ શીખ્યો ન હતો ત્યાં તો તે અહીંથી ઊપડી ગયો.

વળી એને પેલા તારાનું, ત્યાં જતા લોકોનું, ને તેમને લેવા રહેતા દેવદૂતોનું સ્વપ્નું આવ્યું.

ફરી વળી બહેને પેલા દૂતોના નાયકને પૂછ્યું:

" મારો ભાઈ આવ્યો ? "

તેણે કહ્યું: " હા, પણ પેલો નહિ, બીજો. "

આ બાળક, પોતાના ભાઈને બહેનના હાથમાં જોયો કે એકાએક બોલી ઊઠ્યો; " ઓ બહેન, હું અહીં છું ! મને પણ લઈ જા ! " ને બહેને એના તરફ જોયું ને હસી ને તારો ચળકી રહ્યો.

હવે એ બાળક જુવાન થયો. તે ચોપડામાં ગૂંથાયલો રહેતો. એટલામાં એની એક ઘરડી દાસીએ આવીને કહ્યું: " તારી બા આ દુનિયા છોડી ગઈ, ને તેના વહાલા બાળકને આપેલા તેના છેલ્લા આશીર્વાદ કહેવા હું આવી છું. "

વળી ફરી તેણે રાતે પેલો તારો ને પેલી લોકોની જૂની ટક જોયાં.

એની બહેને પેલા નાયકને પૂછ્યું. " મારો ભાઈ આવ્યો ? "

તેણે કહ્યું " ના, તારી મા આવી. "

આખા યે તારામંડળમાં હર્ષનો પડઘો પડી રહ્યો—મા ને તેનાં બે બાળકો એકબીજાને વળગી પડ્યાં. આ જોઈ ફરી આ બાળક હાથ પહોળા કરી બોલી ઊઠ્યો, " ઓ બા ! ઓ બહેન ! ઓ ભાઈ ! હું અહીં છું ! મને લઈ જાઓ ! " તેમણે જવાબ આપ્યો, " ધીરજ ધર ભાઈ, તારો પણ વખત આવશે. ને તારો ઝળકી રહ્યો.

તે પુખ્ત ઉમ્મરનો થયો. તેના વાળ ધોળા થવા લાગ્યા. એક દિવસ સગડી પાસે દુઃખમાં ડૂબેલો, આંસુભર્યો ને ખુરશી પર પડ્યો હતો ત્યારે તે તારો ફરી ઝબક્યો.

બહેને પેલા નાયકને પૂછ્યું. " મારો ભાઈ આવ્યો ? "

તેણે જવાબ આપ્યો " ના, પણ તેની એક દીકરી આવી છે. "

તે મરદે—પેલા પહેલાના બાળકે—તરતમાં જ ગુમાવેલી પોતાની પુત્રીને પેલા વર્ગમાં દેવરૂપ બનેલી જોઈ, ને તે બોલી ઊઠ્યો: " મારી પુત્રીનું

[illegible] ... ને તેઓ પણ [illegible] ... [illegible] ... આવી રહ્યો છું! ઓ પ્રભુ! [illegible]"

ને તારો તો ચળકતો જ રહ્યો.

[illegible] ... ને [illegible] ... ને [illegible] ... એક રાતે [illegible] ... ત્યારે [illegible] "[illegible]"

[illegible] ... "[illegible]."

ને એણે કહ્યું: "હા, તમે ખરું કહો. મારાં બધાં ગીતો [illegible] ગઈ ગઈ છે ને હું આગલની પેઠે તારા તરફ જોયા કરું છું." ઓ પ્રભુ! મારી યાદ જેવો રહેલાં પેલાં મારાં બાળકો માટે તે પેલો તારો ચળકતો હતો ને માટે હું તારો કેટલોએક પાડ માનું!"

ને પેલો તારો તો ત્યારે ચળકતો જ હતો. હજુ યે તેની કબર પર તે ચળકે છે.

—લેખકના તૈયાર થતા નવલિકાસંગ્રહમાંથી

卐

[૧૧]

લીલાવતી મુનશી

[જન્મ : ઇ. સ. ૧૮૯૯]

[શ્રી. લીલાવતી કનૈયાલાલ મુનશી આપણા સફળ નવલિકાકારોમાં એક તેજસ્વી તારિકા છે. અને આપણા સ્ત્રીલેખકોમાં તો એમના જેટલી તેજસર સફળતાથી ને સંગીનતાથી બીજી કોઈ લેખિકાએ આપણા સાહિત્યના આ અંગને નથી ખીલવ્યું. આરંભમાં કાશ્મીરની નોંધપોથી, સુરેખ રેખાચિત્રો, સરસ, સુન્દર, કથાયુક્ત વિવિધ શૈલીની નવલિકાઓ લખી લીલાબહેન મુનશીએ આપણા સાહિત્યની સારી એવી સેવા નિર્વિવાદ રીતે ઉઠાવી છે.

સાહિત્યસેવા સાથેસાથે એમણે લોકસેવાના જુદાજુદા ક્ષેત્રોમાં કાર્ય કરવા માંડ્યું ને હાલ તો એથી એ બહુ જ ઓછું લખે છે. છતાં આપણા સાહિત્યના ઇતિહાસમાં એમણે જે ફાળો નોંધાવ્યો છે તે કોઈ રીતે ભૂલવા જેવો નથી જ.

આ લેખિકા એમની સ્ત્રીજાતિના પક્ષપાતી ને પ્રચારક છે. એમની વૃત્તિ નવીન યુગના બંડખોર સ્ત્રીત્વની છે. આ વૃત્તિએ લાગણી ને કલાની ધગશ સાથે એમની સાહિત્યકૃતિઓમાં જીવંત આત્માનો વ્યાપક સંચાર કર્યો છે.

" અવસાન. દીક્ષા ને વેદના " એ એમની એક વાસ્તવિક ને સુંદર નવલિકા છે. દેહલગ્નની એક વિધવા એના એકના એક પુત્રની અતિપ્રેમાળ માતા છે. એ આપણાની લાકડી માંદગીમાં મરણોન્મુખ થાય છે ને માતાનું હૈયું ચિરાઈ જાય છે. એક પ્રોફેસર પુરુષમિત્ર આ પુત્રની સારવારમાં સાથી થાય છે ને સહચાર્યવિકાસ થતાં ઉપકારવશતામાં પ્રણયી બને છે. નાદાન છતાં એકદમ અંકુશ સત્તાધારી પુત્રને માતાની આ પ્રણયદશા રુચી નહીં ને તેનામાં ઇર્ષ્યા કેળવાઈ. અંતે ઉદાસ થાય ને એના માતા મગજ ઉપર તેની આડી અસરમાં જ તે આત્મઘાત કરે. પ્રેમાળ ને પ્રણયી માતાની આ કરુણ સ્થિતિમાં એના દીક્ષા ને વેદના કરુણ અવસાન થાય છે.]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

મારા પર એમનો સ્નેહ [illegible] બહુ હતો, પણ [illegible] રીતે થતાં. સ્નાન કર્યા પછી [illegible] ખેદ થતો. [illegible] આનંદ એમને આવતું ન હતું. [illegible] રહેતા. [illegible] ની પૂતળીની માફક મારી [illegible] ની એ ફિકર રાખતા. અને આ સર્વના બદલામાં મારામાંથી [illegible] તેટલો રસ—મારા યૌવનનો રસ—એમને માણવો હતો. હું એમની પત્ની છું એ ખ્યાલ એમને સતત રહેતો.

અત્યારે એમને યાદ કરીને બે નિઃશ્વાસ હું નાખું છું; પણ ત્યારે તો મને ત્રાસ જ થતો. પિતૃગૃહમાં મને સંસ્કાર મળ્યા હતા, ઉત્કટ ભાવનાઓનાં સ્વપ્ન દેખ્યાં હતાં. માતાપિતા મરી ગયાં અને પિત્રાઈ કાકાને આશરે હું પડી. તરત જ એમણે મારો માર્ગ કઢાડ્યો. આવા વરને પરણાવવા માટે નાતજાતમાં માન પામ્યાં તે જુદું.

મારા વિવાહની વાત ચાલતી ત્યારે પરણવાનું કોણ જાણે કેમ મને ગમતું નહિ. મારી એક સખીને દૂર બોલાવી મેં છાનામાનાં વાત કરી હતીઃ 'તારા! મને આ વર ગમતો નથી.' ત્યારે એણે મારા પર ચઢાવેલાં ચક્ષુઓ હજુ મને યાદ છે. પણ શું કરું? પરણું નહિ તો ક્યાં જાઉં? બા અને પિતાજીએ મારા માટે શીશી આશાઓ ઘડેલી?

મારે તો એક કોડીલો હૃદય જોઈતો હતો. મારા હૃદયનો સ્વામી, પ્રેમનો નાથ, એનાં નયને માં સમાવે એવો પરમેશ્વર ! આ બધું તો વાર્તાઓમાં હોય એ મને હવે ખબર છે. પણ ત્યારે આ મારી માનસમૂર્તિના સ્થાને મારા શરીરનાથને સ્થાપવા જરા વસમું લાગ્યું હતું.

આ તો બધી જૂની વાતો છે શા માટે એને સંભારવી ! આ જગતમાં આવાં આશાકુસુમોને ખીલવવાનું સ્થાન નથી.

બે માસનો બાળકપુત્ર મૂકી મારા પતિએ એમની આ લોકની યાત્રા પૂરી કીધી. શોક દેખાડવો જોઈએ એટલો વ્યવહાર તો મને આવડતો. ને શોક થયો યે હતો. પણ પ્રિયતમ મરતાં થાય એવો તો નહિ જ.

જગતને કહ્યું કે હું હવે નીરાધાર થઈ. સ્નેહીઓને મન એ દુઃખની હોય હતો.

સગાંઓના દુઃખમાં સ્વાર્થનો છાનો સંતોષ ભળતો. મારા સૌભાગ્ય-મરણાંશે ઓનરાતો નાખ્યા હતા. મારો બાળકપુત્ર એ જ મારી આશાનો એકમાત્ર આધાર બનતો.

મારા દુઃખમાં દીલાસો દેવા ઘણાં જણ આવતાં. કોઈ મારા આયુષ્યના અવશેષને ભક્તિમાં જ નિર્ગમાવવાનું કહેતા; કોઈ ભગવદ્ગીતાનો કર્મયોગ સૂચવતા. કોઈ મને જ્ઞાન પ્રાપ્ત કરવાનું કહેતા. કોઈને મન મારા બાળક-પુત્રને ઉછેરવામાં જ મારા કર્તવ્યની સમાપ્તિ ભાસતી.

મારા વિધવાજીવનનું પ્રથમ વર્ષ વ્રતોઓથી વીંટાઈને અને મારા પુત્રની સેવામાં મેં વ્યતીત કર્યું. પતિના મૃત્યુની દીલગીરી તો થતી પણ એમનો વિયોગ બહુ સાલતો ન હતો. એ જીવ્યા હોત તો હું માત્ર એમની વૃત્તિઓની દાસી રહેવાને સરજાયેલી હતી. એમના મૃત્યુથી મને આનંદ તો ન હતો પણ સ્વતંત્રતાની શાન્તિ તો હતી જ. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે એ સિવાય એમને માટે હું વધારે શું કહી શકું ?

છસાત વર્ષ આમ ને આમ વહી ગયાં. મારો બાળકપુત્ર ઇન્દુકલાસમો વધતો હતો. એનામાં રૂપ હતું. હોશીયારી યે હતી. એનો દેહ નીરોગી અને આકર્ષક હતો. મારો એના પરનો સ્નેહ પ્રતિદિન વધતો હતો. માત્ર

[illegible]
[illegible]
[illegible]
કરવાનો મારો નિશ્ચય હતો.

[illegible] મતિ અનુસાર કરવા હું મથતી.

બાળક શાન્તનુનો [illegible] વિકાસ મારી ચિન્તાનો વિષય બન્યો હતો. માતાનાં લાડ એને મળતાં પણ પિતાના [illegible] એને [illegible] માતા પિતાની ગરજ સારે પણ પિતાના [illegible] નથી પૂરાતી. [illegible] પિતા વિના કંઈક [illegible] ખામી રહી જ જાય છે. હું આ સમજતી અને એનો માર્ગ કાઢવા કંઈ કંઈ વિચારો કરતી. શાન્તનુ માતાના સ્નેહમાં પિતાના જ્ઞાનથી વંચિત ન રહે, માતાની કોમળતામાં પિતાના [illegible] રંગાયા વિનાનો ન રહી જાય એ એક મારી મોટી ફીકર હતી. ઘણીવાર મને એની ચિંતા થતી.

મારા પિતાનો એક દૂરનો ભાઈ અમારી ઘણીવાર ખબર રાખતો. સમાજમાં એની પ્રતિષ્ઠા હતી. એનો અભ્યાસ હમણાં જ પૂરો કરી કોલેજમાં પ્રોફેસરની પદવી એણે સ્વીકારી હતી. માણસમાં એને ઘણી આશાઓ હતી. અને સમાજ માટે–જગત માટે—કંઈ કંઈ કરી જવાના ઉમેદો એ મદા સંભળાવતો. મને યે એના પ્રતિ માન અને શ્રદ્ધા હતાં. શાન્તનુ માટે હું ઘણીવાર એની સલાહ લેતી. લગ્નની ધૂંસરી હજુ એને ગળે ન હોતી ભેરવાઈ, એટલે એ શાન્તનુને માટે ઘણો સમય ફાજલ કરી શકતો.

દિવસેદિવસે કિશોરીલાલ સાથે અમારો સંબંધ એક જ કુટુંબનાં લોકો જેવો થતો જતો હતો. બાળક શાન્તનુનું વ્હાલ એના પર કંઈ અજબ હતું, શાન્તનુ પર પણ એની સ્નેહની ધારાઓ વર્ષતી.

કેટલેક અંશે મારી ચિંતામાં યે મને નિરાંત હતી. કિશોરી પ્રતિ મારી ઉપકારવૃત્તિ સહજ હતી.

પતિ વિનાના મારા જીવનના દિવસો સરિતાના શાંત પ્રવાહસમા આમ આમ શાંતિમાં સરી જતા હતા. હજુ એ સરિતામાં કદી પુર ન હોતાં આવ્યાં. કદી આવશે એવું સ્વપ્ન પણ ન હોતું. શાન્તનુમાં જ વિશ્વ આખું સમાઈ ગયું હતું.

મારા હૃદયમાં કદી વેગ આવતા, પણ ચિરંજીવ ન હોતા બનતા. શાન્તનુનો મીઠો અવાજ એવાં સર્વ સ્વપ્નોનાં અવસાન તરત આણતો.

૩

શાન્તનુની તબિયત કેટલાક સમયથી સ્વસ્થ ન હતી. એની અસ્વસ્થતા કંઈ ન કળાય એમ વણાતી જતી હતી. મારા એ મીઠા પોપટનો સ્વર હમણાંહમણાં બહુ મંદ થતો જતો હતો. એના મુખ પરનાં ગુલાબ કરમાઈ જતાં હતાં. એનું લાલિત્ય અને સ્ફૂર્તિ દિનપ્રતિદિન અદૃશ્ય થતાં જતાં હતાં.

સંબંધીઓ લોકાચાર પાળી ખબર પૂછતા. ભૂત્યો કહ્યું કામ કરી જતાં. મારા આજુબાને કશાથી યે આરામ ન હોતો. કિશોરી એની પુત્રથી અધિકમણી સેવા કરતો. એના જ ઉત્સાહપ્રેરક બળથી હું યે ટકી શકતી હતી. એની સેવાના દરષથી હું ઉપકારવશ બનતી.

એક રાત્રિએ શાન્તનુની પ્રકૃતિ વધારે બગડી, આ શંકાથી મારું હૃદય ધબકતું હતું. કિશોરી નિદ્રાવિહીન નેત્રે શાન્તનુ પાસે બેસી રહ્યો હતો. માના કરતાં યે એની શુશ્રૂષા વધારે અસરકારક હતી. હું હતાશ જેવી કંઈ સૂઝતું ન હોય તેમ શાન્તનુનો કોમળ હસ્ત લઈ બેસી રહી હતી.

વેદનાથી બાળકના મુખની વિકૃતિ ભયંકર બની હતી. એનો ગૂંગળાટ એની સાથે મને યે અસહ્ય થતો જતો હતો. ડાક્ટર આવ્યો પણ એનાથી કંઈ વધારે થઈ શકે એમ ન હતું 'આ દવા અસર કરે તો મને બોલાવજો, નહિ તો પ્રયત્ન મિથ્યા છે.' કહી એ ગયો. કિશોરીના પ્રયત્નો ચાલુ જ હતા. એના કહ્યા પ્રમાણે મશ્ગૂલ હું એ કરતી પણ મારું મગજ કામ નહિ કરતું. શાન્તનુનો કરુણ સ્વર મારા હૃદયમાં સોસરો જતો. શું આ દીપક હોલવાઈ જવાનો?

આખી રાત્રિ શાન્તનુની વેદનાના આર્તસ્વર વચ્ચે સંશયના હિંડોળે ઝૂલતાં વ્હાડી. છેક પરોઢમાં એને જરા આરામ થતો હોય એમ લાગ્યું આખી રાત્રિની વેદના પછી વેદના ઓછી થતાં ગાઢ નિદ્રામાં એ પડ્યો.

રાત્રિના જાગરણ પછી આખી રાતની આ માનસિક સંશયગ્રસ્ત સ્થિતિએ મારા પર વધારે અસર કરી હશે એમ લાગે છે. શાન્તનુની નિદ્રાના મંદ નિઃશ્વાસ હું સાંભળતી હતી. એવામાં નયનોમાં અંધકાર છવાઈ જતો હોય એમ લાગ્યું. હું મૂર્છાવશ થઈ હતી તે તો મેં પછીથી જાણ્યું. ભાન છેક જતું રહે તે પહેલાં ક્ષણવાર કોઈની હિમસમી ઠંડી અંગુલીઓનો સ્પર્શ મેં અનુભવ્યો.

આ સ્થિતિમાં હું બહુવાર નહિ હોઉં. પણ દૃષ્ટિ ખૂલે તે પહેલાં જાગૃતિ તો આવી હતી. કોઈના ઉષ્ણ શ્વાસોચ્છ્વાસ મારા કપોલને સ્પર્શતા હતા. મેં કંઈ ધીરો ગણગણાટ સાંભળ્યો; 'માણેક! માણેક!'

નયનો ખોલતાં કિશોરીનું શ્યામણું મુખ મારા પર લટકતું મેં જોયું. એના નયનોમાં એટલી આર્દ્રતા હતી કે એમાં લખાયેલા ભાવ એમાંથી વગર કહ્યે ટપકી પડતા. અચિંત્યો ગાઢ અરણ્યમાં વિદ્યુતનો ચમકાર થાય એમ મારા હૃદયવનમાં યે પ્રકાશ પડ્યો. તે એક ક્ષણનો જ હતો પણ એમાં તો યુગોની કથા લખાયેલી હતી.

મને જાગતી જોઈ એણે એકદમ સ્વસ્થ થવાનો યત્ન કર્યો. "બ્હેન! કેમ છે હવે તમને?"

"મને શું થયું હતું? શાન્તનુ ક્યાં?"

"આરામથી ગાઢ નિદ્રામાં પડ્યો છે. અતિશ્રમે તમને અસર કરી હતી. તમારે હમણાં ઊઠવાની જરૂર નથી. હું શાન્તનુને જોઉં છું."

"તમે પણ મારા કરતાં ઓછા શ્રમિત નથી. આરામની તો તમને યે એટલી જ જરૂર છે. તમે જાઓ. હું જોઈશ."

"તમારે હમણાં ઊઠવાનું નથી. શાન્તનુની વ્યવસ્થા હું કરું છું. એ ઊંઘે છે એટલે બીજા કોઈના બેસવાથી ચાલશે. તમે સૂઈ જ જાઓ." અવાજમાં એક પ્રકારની સત્તા કે દબાણ જે કહો તે હતાં.

શાસ્ત્રોમાં કહ્યું છે કે અનેક યુગો અને જન્મોમાં અણમોલી કોઈક પળે જ જીવાત્માના અજ્ઞાનનાં પડળ ઊતરી જાય છે અને તે પરમાત્માને દેખે છે. મારી આંખની અંધારી એ એક ક્ષણવારમાં જ ખરી ગઈ હતી. પણ એ શું પામવાને હતી? કિશોરીના અંતરમાં એકલો શાન્તનુ ન હોતો. પણ એની માતાને યે ત્યાં સ્થાન હતું. શાન્તનુને લીધે હું હતી કે મારે લીધે શાન્તનુ હતો તે યે કોણ કહે? ઓ પ્રભુ, આ કેવી શોધ, અને તે યે કેવી પળે!

કોણ જાણે કેમ–મને આ શોધથી ઊંડું આતર દુઃખ ન હોતું થતું. મારી જાતને મેં એ માટે તિરસ્કારી હતી. પાસેના જ ખંડમાં શાન્તનુ નિદ્રામાં મૃત્યુના મુખમાંથી તરતનો જ પાછો આવેલો સૂતો હતો. હું એની જનેતા એને બદલે આવા વિચાર કરું?

એક છાનો સંતોષ થતો હતો. જગતમાં હું છેક એકલી નથી પડી. પણ એક હૃદય મારા માટે તલસે છે. મારે એ સંતોષને આચારમાં ન હોતો આણવો, પણ એથી મારા સ્ત્રીત્વનું અભિમાન સંતોષાતું. સ્ત્રીના ને પુરુષના સ્વભાવમાં એવાં તે શાં તત્ત્વો હશે કે એને પરસ્પરના આશ્રય વિના નથી ચાલતું?

પણ કિશોરીની સાથે બેસતાં હવે સંકોચ તો વધશે જ. કંઈ કારણ આપ્યા વિના એને અટકાવાય પણ કેમ? શાન્તનુને તો એનું ઘેલું લાગ્યું હતું. શાન્તનુની આ સ્થિતિમાં એના વિના ચાલી પણ કેમ શકે?

નિદ્રા હવે આવે એ અશક્ય હતું. જાગૃતિદશામાં યે વિચારના ભૂતાવળ મને ચારે દિશાએથી ઘેરતા, અને હું વિધવા છું એ ભાન મને અતિ તીવ્રતાથી કરાવતા.

મૃત્યુ અને જીવન વચ્ચે શાન્તનુના જીવનનો તાર અદ્ધર ઝૂલતો હતો. આવી એક નહિ પણ અનેક રાત્રિઓ પર્યંત હું અને કિશોરી એની પાસે બેસી રહેતાં. શાન્તનુની વેદનાને લીધે કિશોરીની શાન્તનુની માતા પ્રત્યેની અનુકંપા પણ વધતી જતી હતી અને નિઃશબ્દ યામિનીની નીરવતામાં એ અનુકંપાનો પડઘો મારા અંતરમાં પડતો. કિશોરીએ શાન્તનુને જીવાડ્યો

હતો અને એકાદ એની સ્મૃતિ તે અજાણી હતી. એનું અંતર મેં [illegible]
છે એ મેં સમજ્યો. અને એ [illegible] દરકાર પણ નહિ કરેલ. [illegible]
પરણી હતી. પણ મારા પતિ એ મારા હૃદયના સ્વામી ન હોતા બન્યા. [illegible]
તૃપ્તિને અર્થે એ મને સમજાવતા અને [illegible], પણ મારે હૃદય જેવી
કોઈ વસ્તુ છે એવો એમને વિચાર સરખો યે ન હોતો આવ્યો. મારી કોમળ
એ લાગણી નહોતા ઓળખતા. મારા આત્માને ઓળખવાની એમને કદી
દરકાર ન હોતી કરી.

મારા યૌવનકાળની શરૂઆત હજુ [illegible] ન હોતી. પ્રભુએ [illegible]
મેં મારા પર સ્થાપ્યું હતું પણ અંતરનો એક ખૂણો ખાલી રહેલો
પણ જ્યારે વિધાતાનો હસ્ત મારા એ અમૂલ્ય ધન પર [illegible]
ત્યારે નિર્બળતા મારામાં પૂરેપૂરી પ્રકાશની.

કિશોરી મારી વેદના સમજતો. મારા પર દયાથી એ દાઝતો. કો
પણ પ્રસંગે એના હૃદયનાં દ્વાર મારે માટે એણે નહિ ઉઘાડ્યાં હોત. વિધિની
ક્રૂરતાએ હૃદયનાં પડળ ઉઘાડી નાંખ્યાં હતાં. મારે યે આશ્વાસનની કેટલી
જરૂર હતી? આ દારુણ કાળમાં હું ટકી જ કેમ શકત?

પણ મારા હૃદયની મૂંઝવણનો પાર ન હોતો. કિશોરી મારા મિત્ર
કરતાં કંઈક વધારે હતો એ તો મેં ક્યારનું યે જોયું હતું. પણ એ વસ્તુસ્થિતિ
સ્વીકારવા હું તત્પર ન હતી. પર પુરુષનો વિચાર કરવો એ મારે મન પાપ
હતું. હું વિધવા છું એ કથા મારા કપાળમાં લખાઈ હોય તેમ મારાથી એ
ક્ષણવાર વીસરાતી ન હોતી. શાન્તનુના મંદવાડમાં એણે મારા સ્વામીની
પદવી પૂરી હતી. બાળકના મંદવાડમાં અભિન્નહૃદય દંપતીસમાં અમે કંઈક
લાગતાં. એ મંદવાડે જ અમને નિકટ આણ્યાં હતાં. આનો અંત શો હશે એ
વિચારે મારું અંતર કંપતું.

તો યે આ વિચારને દેશવટો દેવા હું તત્પર ન હોતી. ભય હતો છતાં
મનને માર્યા છતાં, હૃદયને એથી એક પ્રકારનું સુખ મળતું. આત્મનિર્ભર્ત્સનાથી યે
એ આનંદ જતો ન હોતો રહેતો. ઘણી વસ્તુઓ મગજને નહિ ગમતી છતાં
અંતર સ્વીકારતું, નાના પ્રસંગોના અને વાક્યોના અર્થ બુદ્ધિ વિધવાધર્મ
પ્રમાણે કરતી છતાં હૃદય ન હોતું બોલતું.

કિશોરી મારામાં થયેલો ફેર જોતો. મને કોઈ નાના પ્રસંગે કે વાક્યથી દુભવાં ન પડાય માટે સાવચેત રહેતો. પણ એ સાવચેતીથી અંતરની વાત વધારે સ્પષ્ટતાથી ઉઘાડી પડતી.

ક્યાં સુધી આમ ચાલી શકે? આ મૂંઝવણનો માર્ગ કાઢવાનો કિશોરીએ જ નિશ્ચય કર્યો હોય એમ લાગ્યું. અને આવા પ્રસંગોનું ચિત્ર મારે માનસપટ પર રેખાએ રેખાથી અંકિત થયેલું છે, પણ એ તો મારા અંતરના ગુપ્ત ભંડારનું એક રત્ન છે. એને હું જગત સમક્ષ મૂકી એનું મૂલ્ય ઉતારવા નથી માગતી. પણ મારા અત્યાર સુધીના જીવનપથના માર્ગે મહત્ત્વનું સ્થાન પણ એ જ પ્રસંગ છે. એને સંતાડી યે કેમ રખાય!

કહું ત્યારે? એણે મને પુનર્લગ્નનું સૂચન કર્યું. પુનર્લગ્ન એ નામ એને ઘટતું તો નથી. મારા પ્રથમના લગ્ન એ લગ્ન કહી શકાય?

મારા એકલવાયા જીવનની ક્ષમા માગવા એ પરવાનગી માગતો હતો. મારા પિતા વિનાના પુત્રનો એ પિતા થવા આતુર હતો. સમાજનાં સર્વ સંકટો સહી લેવા એ તત્પર હતો—જો હું પરવાનગી આપું તો.

એના શબ્દોમાં મારા પ્રત્યેની દયા અને સ્નેહ ઝરતાં. એના વાક્યોમાં અમૃતરસ ઝરતો. હું પરવાનગી આપું તો આખા જગતની સામે એ એકલે હાથે ઝૂઝવા તૈયાર હતા. નહિ તો પ્રતિવાદનો એક શબ્દ ઉચ્ચાર્યા વિના જીવનભર કુંવારી રહેવાની એની ધારણા હતી. એના જ્વલંત ભાવનાભર્યા દેખાવથી જ અવિશ્વાસ ક્યાં યે નાસી જતો એવું, શાન્તનુનું અને મારું ભાવિ મારા એક વચનને દોરે લટકી રહ્યું હતું.

તે આખી રાત્રિ મેં વિચાર કર્યો. શાન્તનુને જરા આરામ હતો એટલે મને યે આરામ મળી શકે તેમ હતું.

કિશોરીના પ્રશ્ને મને ગૂંચવી હતી. મારું હૃદય એને ચરણે ઝૂકી પડ્યું હતું તે તો સ્પષ્ટ હતું પણ મારા સંસ્કાર એને સ્વીકારવાને તત્પર ન હોતા.

બુદ્ધિ કહેતી શાને માટે તું એનો સ્વીકાર ન કરે? તારા પિતા-વિહોણા બાળકને કિશોરીસમો પિતા ક્યાં મળશે? જગતમાં કોઈ એવું નથી કે તે તારા બાળકના પિતાની ગરજ સારે. કિશોરીના હાથમાં શાન્તનુનું

ભાવિ ઉજ્જવળ બને એમ હતું. નહિ તો પિતા વિનાનો બાળક શ્રીમંતના બાળક કરતાં સારો થવાની આશા ન હતી. મારામાં એટલી શક્તિ કે જ્ઞાન ન હોતાં છતાં જીવનની કોઈ દિશામાં એને મારાથી ચઢિયાતો જોવાના કોડ હતા. કિશોરીની સહાયતાથી એ કાર્ય સહેલું બનશે?

છતાં એ હૃદય ના કેમ પાડે છે? મારા વિધવાવ્રતને કલંક એથી લાગે ખરૂં? હું પરણી ત્યારે મને કોણે પૂછ્યું હતું? સગાંએ મને સ્વાર્થ આપ્યો. મારા ઉરમાં એણે કદી યે વિજય જગાડયો હતો? શા માટે હું કિશોરીને નહિ સ્વીકારૂં?

સમાજ શું કહેશે? જે સમાજમાં કન્યાઓનો અધિકાર મૂંગા પશુઓથી વધારે નથી, તે સમાજની આજ્ઞા માનવી એ ધર્મ છે? સમાજ પવિત્રતાનો પોકાર પાડે છે! એ પવિત્રતા સાચવવાની ફરજ માત્ર સ્ત્રીની જ છે. દેહ-લગ્નોના ગૃહસ્થાશ્રમને ગૃહસ્થાશ્રમ કહી શકાય? એથી પવિત્રતાની વ્યાખ્યામાં સમાજને અધુરાપણું નથી લાગતું. પણ સંસાર શું તે પૂરૂં જાણે ત્યાર પહેલાં વિધવા થાય તેને લગ્નની છૂટ નહિ. સમાજની પ્રતિષ્ઠા ને પવિત્રતા એમાં નષ્ટ થઇ જાય!

પણ હું તો પુત્રવતી વિધવા છું એમ કોઇ કહે? આ રીતે હું પુત્રનું હિત બગાડું છું ખરી? કિશોરીસમો સહૃદય પિતા તો ભાગ્યશાળી બાળકને જ મળે. અને હું પુત્રવતી છું એથી શો ફેર પડે? બાર વર્ષે બાળક જન્મે એવા સમાજમાં પુત્રવતી બાળવિધવા યે ન જડે તો કયાં જડશે? પંદર વર્ષે પરણીને સત્તર વર્ષે વિધવા થઈ. મેં લગ્નનો લ્હાવ શો લીધો! કયો પુરુષ બે વર્ષની પરિણીત જીંદગી પાછળ આખી જીંદગી કુરબાન કરવા તૈયાર છે? બાળકવયમાં મારા પતિની વાસનાઓની હું દાસી બની હતી; મારા આત્માની ભૂખ કદી યે ભાગી હતી? મારી પોતાની ઇચ્છા કે બળ ન હોતાં. પવિત્રતા એટલે સમાજરૂપી મદારીની ડુગડુગી પર વ્યક્તિવાંદરના નાચ જેવો શાસ્ત્રાર્થ હશે?

કિશોરીનો સ્વીકાર તો મારા આત્મામાં એ વસે તેથી જ કરૂં. મને તેનામાં શ્રદ્ધા હતી, અને એ શ્રદ્ધાને પરિણામે સ્નેહ પણ જન્મ્યો હતો.

જીવનના ખોટા ખ્યાલો માટે એ જતો કરાય ! શરીરના ધર્મને વશ થઈને આ સંબંધ કરવા મન નથી પ્રેરાતું ! શરીરના સંબંધમાં સંતોષ ન મળે તે તો હું જાણું છું.

જગત એવું નથી કે કિશોરીની સાથેનો વધતો પરિચય એને ન ખૂંચે. દેહ વિનાના આત્માના સંબંધમાં કોણ માનશે ? અને કિશોરી એવો ત્યાગ કરવા તત્પર હોય તો યે એટલો ત્યાગ માગવાનો મને હક છે ? ગમાર શું છે એ મેં તો જાણ્યો છે. એ અનુભવ ટૂંકો નીવડ્યો પણ અજાણ્યો રહ્યો. દર્શનસુખથી યે સ્ત્રી સંતોષ માની શકે : પુરુષ એમ કરી શકે !

હું સ્વાર્થી બની કિશોરીના સહવાસનું સુખ એને મળવાનો સંતોષ કાયમ રાખું. પણ એનાથી એને સંતોષ મળશે ? મારે તો ધર્મપાલનનો વિશ્રામો છે. શાન્તનુ ઉપર મારા પ્રેમ અને ભાવનાઓને ઢોળવાનું સ્થાન છે. શાન્તનુના વિકાસમાં મારા આત્માને યે હું તો વિકસાવી શકું પણ કિશોરી એના આખા જીવનનું દાન મને અને શાન્તનુને સ્વીકૃત રહેવા દે એમાં ન્યાય છે ?"

મારા વિધવાજીવનની કાળાશ જેવો રજનીનો અંધકાર ચોપાસથી ઘેરાતો હતો. એ ધર્મ માટે અધર્મ, સ્નેહ અને કર્તવ્યના યુદ્ધમાં મારું મન ચગડોળે ચડ્યું હતું. મારા પતંગના દોર અત્યારે તો છૂટા હતા. હું નિર્ણય કરું તે પહેલાં તો નિદ્રાદેવીએ એની માતાસમી હૂંફાળી ગોદમાં મને લીધી અને ક્ષણવારમાં તો ચિત્રવિચિત્ર સ્વપ્નોના સાગરને નાવે મને પૂરી દીધી.

૬

ઘણા વિવાદોને અંતે કિશોરીને સ્વીકારવાનો નિર્ણય મેં કર્યો. કંઈ પણ નિર્ણય વિના આશાનિરાશાના પાશમાં પ્રિયજનને અકળાવવો એમાં મને ક્રૂરતા લાગતી. મારો એ નિર્ણય મેં એને જણાવ્યો પણ ખરો.

આ નિર્ણયથી અમારા હૃદયના જલધિમાં ભરતીઓ આવી છલકાઈ ન હોતી ગઈ. સરોવરના શાંત જલસમી અમારા હૃદયમાં યે સ્નેહની શાંતિ વિસ્તરી હતી. એ અણુબંધનામાં અમારા સ્નેહની નિર્મલતા સચવાતી. વધારે વિશ્વાસપૂર્વક એકતા પામેલા હૃદયની એ મિત્રતા હતી. યુવાવસ્થાનો

ઉન્માદ એમાં ન હતો, નમ્રતાયે ન હતી. એક જ આદર્શના પ્રતિબિમ્બમાં અમે બંને એક જ આદર્શનાં બાળ સ્વરૂપો હતાં. પાછા ફરવાના સુખમાં સુખી દિવસ ગાળ્યે જ જતાં હતાં.

શાન્તનુની પ્રકૃતિ પ્રતિદિવસ સુધરતી જતી હતી. પણ અશક્તિ હજુ ઘણી જ હતી. એને હજુ બહારી મુકામ એમ ન હતું.

શાન્તનુનું શય્યાસ્થાન એ અમારું દેવગૃહ હતું. જીવનને નવાજી લાગે એવી કથાઓ અમે એ સ્થળે જ કરી હતી. એના સંભારણાના પવિત્ર અવશેષ હજુયે મેં સાચવી રાખ્યા છે.

પણ કોણ જાણે કેમ, શાન્તનુની પ્રકૃતિ કરતાંયે એના સ્વભાવમાં પડતો ફેર એ કંઈ નવીન લાગતો. કિશોરીની તરફ એ પ્રથમ જેટલું હેત નહિ રાખતો. કિશોરી એને માટે ઘેલો બનતો. શાન્તનુ એના તરફ હમણાંથી કંઈક અભાવ બતાવતો હતો. મંદવાડના ચીડીઆપણાનું એ પરિણામ હશે એમ અમે માન્યું,

અને મારા પરનો એનો માલકીનો ભાવ પણ વધ્યો હતો. દવાઓ મારા જ હાથે લેતો. પાસું બદલતાંયે મારા વિના બીજો હાથ એને ન ગમતો. કોઈનીયે સાથે અને તેમાંયે કિશોરીની સાથે હું વાત કરું તો તે ચીડાતો. કિશોરી એને મનાવવા કંઈ કંઈ યત્ન કરતો પણ તેથી એ વધારે ચીડાતો. એની પ્રકૃતિ પર એની અસર થતી.

ક્યાં સુધી આ સર્વનું કારણ ન કળાયું. એક સમયે એને નિદ્રાવશ જાણી કિશોરી સાથે હું ધીરે સાદે વાત કરતી હતી. સાદી શાન્તનુની પ્રકૃતિના વાર્તાલાપમાંથી એનો પ્રવાહ કંઈ જૂદી જ દિશાએ વળ્યો. ભાવિ જીવનનો એક સુંદર પ્રસંગ કલ્પી અમે એમાં કલ્પનાના રંગ પૂરવાનો લ્હાવ લેતાં હતાં. કિશોરીના મુખ પર એક પ્રકારની સુરખી પથરાઈ હતી. ઓચિન્તી એક તીણી ચીસે અમને ચમકાવ્યાં.

શાન્તનુ જોરથી ઊધરસ ખાતો હતો, અને ફાટેલી આંખે એ અમારા પ્રતિ જોતો હતો. એમાં દુઃખ હતું અને અદેખાઈ યે હતી. એ સમયે હું [illegible]નવા તૈયાર ન હતી, પણ ઘણા પ્રસંગોએ એ મનાવ્યું છે અને એના પર [illegible]નાં અશ્રુએ હું રડી છું. આજ એ વૃથા છે. હાય હાય!

બહેબાકળાંજેવાં હું અને કિશોરી ત્યાં દોડી ગયાં. કિશોરીના સ્પર્શથી બાળક ચમકતો હોય તેમ ભડકતો. કઠીલાઈથી એની એક પણ વીનવણી સાંભળવા ના પાડતો. એના પર દૃષ્ટિ પડતાં યે પાપ લાગતું હોય તેમ પાસાં બદલતો. હું અને કિશોરી આનું કારણ ત્યારે સમજી ન શક્યાં. બાળકના સ્વભાવનો એ એક ફેરો હતો એમ માની લીધું. પણ તેની રાત્રિ મારી અસ્વસ્થતાનો પાર ન હતો.

ઘણીવાર કિશોરી નહિ હોય ત્યારે બાળક વધારે સુખી દેખાતો. પ્રતિદિન એના આ તરંગે સ્પષ્ટ સ્વરૂપ પકડવા માંડ્યું હતું.

બાળક ઘણીવાર પ્રેરણાથી પરખે છે. કિશોરી પ્રતિનો મારો પક્ષપાત એ પારખ્યો ત્યારથી કિશોરી ઉપર એને અભાવ વધતો હતો. બાળકનો આ ભાવ કોઈકોઈવાર પતિ કરતાં યે વધી જાય છે. અને તેમાં યે પોતાના સ્નેહને પાત્ર થયેલા પિતાવિહોણા બાળકમાં એ ભાવ વધારે હોય છે. આ મર્મ મેં પરખ્યું પણ મોડું, ઘણું મોડું. ભૂલ સુધારવાના પ્રસંગ રહે તે પહેલાં.

એક વાર સંયોગવશાત્ કિશોરી એકલો જ શાન્તનુ પાસે હતો. બાળકની માં કરી મોટાંને પણ ભૂલાવી ખવરાવે છે. ઘણે દિવસે શાન્તનુએ પણ કિશોરી તરફ સ્મિત કર્યું. કિશોરીના મૂંઝાતા આત્મામાં એથી પ્રકાશ થયો. શાન્તનુને પૂર્વવત્ કંઈકંઈ વિનોદ કરી રીઝવવાનો યત્ન એણે આદર્યો.

"કાકા! મને એક વચન આપશો?" શાન્તનુએ સ્મિતપૂર્વક એમાં જ પ્રશ્ન કર્યો.

"બોલ! શું કહે છે"

"'કોઈને કહો' કહી જશો."

"ના, નહિ કહી જાઉં. કહે તો ખરો."

"વચન!" "હા વચન"

"ત્યારે મારી બાને તમે ચોરી નહિ જાઓ એવું વચન આપો. બા મારી સાથે વાત કરે છે ત્યારે તમે મને જરા ગમતા નથી. અને કેમ ગમ છે? તમે એને ચોરી જશો. કહો કે નહિ ચોરી જાઉં."

બાળકના આ પ્રશ્ને આભ ફાટે તો યે ન ચમકે એટલો કિશોરી ચમક્યો. બાળકહૃદયની ગૂફાઓ યે ઘણીવાર ગહન હોય છે. આ બાલુડાના ચિત્તમાં આ વિચારે ક્યાંથી વાસો કર્યો એ એક ન ઉકેલાય એવો પ્રશ્ન હતો. વદનને શાંત રાખી કિશોરીએ ઉત્તર આપ્યોઃ

"ગાંડો છે. હું તારી બાને શા માટે ચોરી જાઉં?"

"પણ તમે મને વચન આપોને કાકા."

"ચાલ, નહિ ચોરી જાઉં. હવે ડાહ્યો થશે ને? તું જલદી સાજો થઈ જા. પછી મારી સાથે ઘોડાઘોડા રમવું છે ને?" કિશોરીએ આ વાત મને કરી ત્યારે માંદા બાળકના મનની આ ધૂન હશે એમ મને વધારે લાગ્યું. પણ એ હોય ત્યારે અમે બહુ સંભાળપૂર્વક વાત કરતાં.

શાન્તનુની પ્રકૃતિ પણ આ પછી સુધરતી જતી હતી. કિશોરી પર પણ એની રીસ ઊતરી ગઈ લાગતી. કંઇ દિવસો આમ વીતી ગયા.

આ શાન્તિને લીધે અમારી સાવચેતી યે ઓછી થતી હતી. શાન્તનુનો મરોડ કોઈવાર દેખાતો પણ મને દુઃખી કરવા માટે તે યે પસ્તાતો હોય તેમ એ તરત શમી જતો.

શાન્તનુ એકવાર ખૂબ આનંદમાં હતો. એના મુખ પર તંદુરસ્તીની સુરખી પથરાતી જતી હતી. એના એ સુખી દેખાવે પ્રભુનો પાડ માનતાં હોઈએ તેમ હું ને કિશોરી પરસ્પર સ્નેહભર્યાં નયને જોઈ રહ્યાં. શાન્તનુ એની નવી રમત સાથે રમતો અમારી પાસે જ બેઠો હતો.

એ તે અભાગી પળ! ક્રોધ અને ઈર્ષ્યાથી નિકળી પડતાં નયને શાન્તનુ વારાફરતી કિશોરી અને મારા સામું જોતો. અમે તરત સાવધ થયાં. શાન્તનુને મનાવ્યાના સર્વ પ્રયત્નો સામે એ હઠીલાઈથી થતો.

ઔષધ કે અન્ન એણે તે દિવસે નહિ લીધું. એના નિર્બલ દેહ પર એની અસર ખૂબ થઈ. એ રાત્રે એને સખત તાવ આવ્યો. મારા અભાગી જીવનનાં પાનાં વાંચતી હું એની પાસે બસી રહી.

કિશોરીના સ્વીકારમાં શાન્તનુનું હિત એ મારો પ્રથમ વિચાર હતો. શાન્તનુના વિરોધની મને કલ્પના ન હોતી આવી. માનવીની યોજના યે

મૂર્તિમંત કે ભગવાનના એક હીરા આગળ એમાં વિલાની છે. શાન્તનુનો આવો વિરોધ કરી મેં ઉત્પાત કેવો કર્યો હતો?

કિશોરી કે મારા આત્માનું અર્પણ અને પૂરક બન્યો હતો. શાન્તનુ એ મારા જીવનનો આનંદ અને આત્માની શોભારૂપ હતો. મારું એકાન્ત જિંદગીમાં એકરૂપ થઈ ગયા જેવું હતું. મારું આનંદ મારા બાળક વિના કોઈ પણ વસ્તુનો વિચાર કરવા ના પાડતું. કમળના દીલ જેવા કલેજાની પાંદડી ન જુએ એવાં નેત્રો છે. શાન્તનુ શા માટે એવો નહિ બને? કિશોરી એનો જનક નથી. પણ જનક કરતાં યે એના પિતૃત્વનો અધિકાર વધારે એ ભિન્ન છે!

કિશોરીનો ત્યાગ એ હવે આવશ્યક બન્યો છે. એના વિના મારી સેજ હવે સુકાવાની જ. આત્મભોગ આવશ્યક હોય છે. સુંદર બની શકે!

જીંદગીમાં સુખ એ કેટલાંકને કપાળે લખાયેલું જ નથી હોતું. મારા નસીબના લેખમાં સુખનો આંકડો પડ્યો જ ન હતો. મારા જીવનના બાર વર્ષમાં મીઠી વીતી ગયેલા દિનો એ માત્ર મારો બાલ્યકાળ હતો. પિતાજીના પુનિત છત્ર નીચે માતાની માયાના એ દિન, ભૂમિના સુંદર દશ્યમાં ચિત્રવત્, અંતરના એક ભાગ પર છવાઈ ગયા હતા. પણ ભૂતકાળના એ સુંદર સ્મરણમાંથી આશાનું એક આશાકિરણ પણ નીકળી શકે તેમ ન હતું.

પત્ની થઈ મેં સંસાર નથી માણ્યો. માતા થઈ હું પ્રેરણા નથી પામી. પ્રેયસી થઈ બબ્બે આત્માઓમાં મેં વિષ રેડ્યું. મારા રોઢાલા જીવનને મેં હવે દવામણું યે બનાવ્યું.

શાન્તનુનું શરીર અંગાર માફક બળતું હતું. એને સન્નિપાતનાં ચિહ્નો સ્પષ્ટ જણાતાં. એની લવરીમાં યે એ લવતો, "બા! તમને કાકા ચોરી જાય છે. શાન્તનુને મૂકીને તમે જશો નહિ, હો. બા, કાકાને ન બોલાવશો. હું તમને વ્હાલો છું ને?"

એના બોલેબોલે મારું અંતર ચીરાઈ જતું. મારા અશ્રુની ધાર મેં એના મસ્તક પર વહેવડાવી હતી. મારું હોય તેટલું બળ એકઠું કરી હું કહેતી:

"ભાઈ! તું સાજો થઈ જા. હું કઈ જવાની નથી."

નાટક શરૂ થયો. પ્રવેશો પર પ્રવેશો પસાર થઈ ગયા. પણ પેસ્તનજી આવાને કાંઈ રસ પડતો હોય એમ લાગ્યું નહિ. આખરે એમનાથી ન રહેવાયું તે મને પૂછવા માંડ્યુ ને અમારો સંવાદ નાટક પૂરો થયો ત્યાં સુધી ચાલ્યો. આસપાસ બેઠેલા કેટલીકવાર હસતા ને ઘણીવાર કંટાળો કે તિરસ્કાર વ્યક્ત કરતા, પણ તેથી કંઇ અમારો સંવાદ અટક્યો નહિ. અમે રંગભૂમિ પર આવીને એ સંવાદ ભજવ્યો હોત તો નાટકના ફાર્સ કરતાં અમારો સંવાદ વધારે દીપી નિકળે એવો હતો. એ આખો સંવાદ અહીં ઊતારવો અશક્ય છે. પણ બને તેટલો ક્રમ સાચવી અહીં ઊતારવા પ્રયત્ન કરું છું.

મત્સ્યગંધાએ પ્રવેશ કર્યો. પેસ્તનજીએ નાકને ટેરવે આંગળી અડકાડી પૂછ્યું :

"એવન કોન છે ?"

"મત્સ્યગંધા."

"હીંગ બહુ ખાતી હોસે !"

"શું ?"

"એમ કહુંચ કે હીંગ બહુ ખાતી હોસે."

"કેમ ?"

"તમે કહેવોચને કે એવનનું નામ મત્સ્યગંઢા છે."

"નહીં, નહીં. એનું નામ તો મત્સ્યગંધા—માછલી જેવી ગંધાતી."

"માછલી જેવી ? નહીં, નહીં, એ કંઈ મનાતું નહીં બા. માછલી તે ગંઢાટીઓ હોસે કે ? માછલીની તો મોનાંમાં પાની છૂતે તેવી સુગંઢ આવે."

"તે તો કોણ જાણે પણ એનું નામ તો મત્સ્યગંધા છે."

"વારુ, હોસે, પણ એવને આવો ફૅન્સી દરેસ કાંય કરીઓચ."

"ફૅન્સી ડ્રેસ વળી ક્યાં છે ?"

"આય સું ! કાને ફૂલ ખોસીઆંચ ને આવો ગંદો—મસ—મેલો દરેસ પહેરીઓચ તે સું એવનના માતીડાને સોજ્જાં કપડાંબી નહીં મલટાં હોસે કે ?"

"આ તો અસલના જમાનાનો ડ્રેસ છે."

"એ સું બકોચ ? ટમારાં ને મારાં સમ્માઈ જૂના જમાનાનાં છે. પન એવન વળી કારે કાને ફૂલ ખોસેચ ? ને આવો હંબગ જેવો દરેસ પહેરેચ ?"

"અરે, આનો જૂના જમાનાની વાત છે—બહુ વર્ષો પહેલાંની. અસલ ધરેણાંને બદલે ફૂલ ખોસતાં."

"અરે, ટમે ટો કહેવોચ ને કે તમે અમલથી સુધરેલા જ ઊટા ને કંઈ વેડથી લખીઆ ઊટા ? તો શું મરેનોચ ટમને બનાવટાં નહિ આવરતાં? હું નહિ સમજનો હોય ટો ના કહે, પન બાવા ! કંઈ ના."

"વારુ, ત્યારે સમજતો હોય તેને પૂછજો. મને હવેથી પૂછતો નહિ."

"નહિ ડીકરી, આમ છેરાઈ શું પરેચ ! હવેથી પૂછસઊ નહિ ને આવું દહીંગ જોવસઊ નહીં ? "

થોડીવાર પેસ્તનજી મૂગા રહ્યા. ઘણા પ્રવેશો સમઝ્યા વગર પસાર થવા દીધાથી એમનો જીવ તાળવે આવી ઓડ બહાર નિકળી જવા તલપી રહ્યો હોય એમ એના બ્યયં ઊઘડીને તરત બીડાઇ જતા ઓઠો પરથી લાગતું હતું. પાંડવોએ સ્ટેજ પર પ્રવેશ કર્યો ને એમના ઓઠો ઊઘડી ગયા.

"અરે વલી આય કોન !"

"એ પાંડુરાજાના પુત્રો, પાંડવો કહેવાય છે."

"પાંડવો કોનનુ નામ છે ? એ ઘાટાઓ હોસે ! "

"ના રે ! એ ઘાટાઓ નથી, પણ પાંડુરાજાના પાંચ પુત્રો છે ને એ બધાનું નામ પાંડવો છે."

"સરનેઈમ (અટક) કે ફૅમિલી નેઈમ છે ?"

"એ તો પાંડુના પુત્રો એટલે પાંડવો એ સરનેઈમ કે 'ફૅમિલી નેઈમ' નથી, સમઝ્યા કે ?"

"પન એ બધાનાં એક જ નામ કેમ હોઈ સકે ? તમે પન શુ ફરી કેહોચ કે ?"

"બાવા, અમારા પુરાણની વાતમાં તમે નહીં સમઝો !" મેં કહ્યું."

"હુંબી કાંવ બાવા, નકામો બેજનનું દહીં કરેચ ? ટમારી ફૂલોઓબી કંઈ કમઅક્કલ લાગેચ ! જો પાચ માણસોના પાચ નામ પારનાબી મૂંઝાયચ !"

"એ તો પાંડુના છોકરા તે પાંડવ, ધૃતરાષ્ટ્રના તે ધાર્તરાષ્ટ્ર એમ કહેવાય. પણ બધાનાં પોતાનાં નામ તો જુદા છે."

"આય પેલા જાડીઆએ હાથમાં ઊંધો ટંબુરો કાંવ રાખીવોચ !

"એ તંબુરો નથી. એ તો ગદા છે. એ જાડીઆનું નામ ભીમસેન."

"કેવન મહાભારતનો શું ભાગ ?"

"મહાભારત એક નાટકનું નામ છે."

"એ તો નાનકડું [illegible] [illegible] મહા-ભારત કેવન છે ? એ આપ પોતે મહાભારતનો શું ભાગ ?"

"મહાભારત [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નાટકનું નામ છે."

"નમે [illegible] નામથી [illegible] [illegible] ! આપ પંચે [illegible] નામ [illegible] ને આપના નાટકમાં મહાભારત કોઈ [illegible] [illegible] [illegible] [illegible] હેક [illegible]. કેર !"

દ્રૌપદીએ પ્રણામ કર્યો. પેસ્તનજીએ પુછ્યું: "આપ કોન ?"

"સતી દ્રૌપદી—પાંડવોની સ્ત્રી."

"પન પાનસાની કે મોટાની ?"

"પાંચ ભાઈઓની."

"શું !"

"હા, એ પાંચે ભાઈઓની આ એક સ્ત્રી છે."

"શું બોલીઓ ? પાંચ માનીસ વચ્ચે એક બૈરૂં ! તેની છાતીપાની લીધાં દેખું. ટનેઓ શટ પરી નાખ ભોગ્લવાની આદટ છે શું ?"

"એ તો અમારા શાસ્ત્રની વાત છે."

"શું ટમારા સાસ્ટરમાંથી બધા આવા ગોટાળા જ ભરીઆય કે ?

"અરે, એમ ના બોલ ! એ તો સતી છે."

"સટી ! આય પાંચ માતીસનું બૈરૂં સટી ! તમારો મોરેલિટીનો સ્તેન્દર્ડ ઘનો ઊંચો દેખું ! અમારામાં તો આવા બૈરાંની સાત્મેઓ કોઈ ના જોય." પેલો રૂસ્તમ કરકરીઓ છેની તેની સાથે અમારા સર બહેરામજી જંગબારીની ડીકરી ગુલાં અટરાઈ ઊટી. બંને સાથે ફરવા જટાં, સિનેમાનાટક જોવા જટાં, રૂસ્તમજી કરકરીઓ ગુલાંને દર અઠવાડીએ બે પ્રેઝંત આપતો ને ચાર લવલેતર લખતો; ને તેણી એ પ્રેઝંત લેતી ને લવલેતરના જવાબમાં ચકરડા-ભમરડા જેવા અક્સર કાડી કાગજોઓ લખતી. પછી નશરવાનજી નાકટકુનો દુકતો લંદન જઈ દાક્તર થઈ આયો ને ગુલાંબાઈને એ ચીચોરાવાળો આદમી ગમી ગયો, તે બીચારા રૂસ્તમને નાપાસ કરીઓ ને એ દાકટર જોરે પનીઓ

થઈ. પન અમારી કોમમાં ચુમાંની જ્હીની આવશ્ નહીં. આવ દ્રૌપદીની પૅસાજ તમારા વાનીઆમાં તો ભ્ને ગુણી કહેવાય કેમ! 'નિરો-મૅરેજ'ની સેએ થાઓય ને એકસામટા પાંચ માનીસોને કરે તેઓને સતી કહેઓય! તમે હિંદુઓની જબરા ફંન્ડેમેન્ટલીસ્ટ છેઓ જો."

મેં કંઈ જવાબ દીધો નહીં. થોડી વાર એમણે તિરસ્કારથી રંગભૂમિ સામે જોયા કર્યું. પછી શ્રીકૃષ્ણે રંગભૂમિ પર પ્રવેશ કીધો. રાધા તથા અન્ય ગોપીઓએ આવીને રાસ ખેલવા માંડ્યો. પેસ્તનજી બોલી ઊઠ્યા "આપ આદમીને ઝેરબેર ચઢિયુંચ કે શું?"

"કેમ?"

"જોરો નહીં બિચારો ભૂરોભટ થઈ ગીઓય રે!"

"અરે! એ તો શ્રીકૃષ્ણ."

"હોસે. પન તે ભૂરો કાય બનિયોચ?"

"એમના શરીરનો રંગ એવો જ હતો."

"બિચારો તદ્દન અગ્લી દેખ જેવો લાગેચ, નહીં વારુ?"

"અગ્લી! બદસૂરત? અરે એ તો ખૂબસુરતીનો અવતાર ગણાય છે."

"આપ ખૂબસુરતીનો અવતાર? તુંબી બિચારાને બનાવેચ કાંય? એને જોઈને તો હસેતુમી ટાઈટપ થઈ જાયચ. પન આટલાં બધાં બૈરાંમાં એકલો માનીસ કરેચ શું?"

"આ બધી ગોપીઓ છે. ને એની જોડે શ્રીકૃષ્ણ રાસ રમે છે."

"રાસની ગેઈમ તો મેં સાંભરીજ નહીં."

"રાસ એટલે નાચ—ડૅન્સ."

"આપ એવન એકલો ડૅન્સ કરવાનોચ આટલાં બધાં બૈરાં જોડે?"

"હા."

"ઘરે બૈરું નહીં હોય એટલે ફીકર નહીં. નહીં ટો ઘેરે જતાં વારને એવું દારમ ક્ષીઆવે કેમ ડીકરી! હું ટો બરાબર જાનેચને, હું આવું કરે ટો ટારી ઘેરવાલી ટારા કેવા હાલ કરે રે? પન એવન તો પનેલા નહીં હોસે. એવનને પોતાની સુબાજેવી ડીકરી કોન આપે?"

"અરે! એને તો સોળ હજાર સ્ત્રીઓ છે!"

"[illegible]"

"[illegible]"

"[illegible] ! ઓ મારા [illegible] ! "

"કોઈ સાંભળશે તો તું માર ખાશે. મારે [illegible] મરી રહે. નાટક થઈ રહે પછી ઘેર જતાં જે કહેવું હોય તે કહેજે."

"વાહ, બાબા, હમનાં મૂંગા મરી રહેનાર," કહી [illegible] બોલતાં બંધ થયા. નાટક પૂરો થયો ને અમે બહાર નિકળ્યા એટલે [illegible]ની ઝબાન તરત પાછી ચાલવા માંડી.

"આપ ટમારો ઢરમ કે! હું તો કોઈ ઢરમોથી બિંધું નહીં ડીઅર. ટમને મૉરેલિટીનો કંઈ સેન્સ જ નહીં. એક જનને સોળ હજાર બૈરાં, ને બીજા પાંચ જન વચ્ચે એક બૈરી. ગંડા, મુરલીધર જેવા આડમી ટે ટમારો ખૂબસૂરટીનો ડકરો. જે વાંસલી લઈને રખડિયાં કરે, બૈરાંઓમાં ભમીઆં કરે ને બિચારા કંસ જેવાને લુચ્ચાઈથી મારી નંખાવે ટે ટમારો ભગવાન! જે જરા જૂઠું બોલતાં પાનીપાની થઈ જાય છતાં બૈરીનેબી આડમાં મૂકી જુગાર રમે ટે ટમારા ઢરમરાજ! અરે સમજ્યો કે?" મારું ધ્યાન એના શબ્દો પરથી ખસી જતું જોઈ એણે મોટા અવાજે કહ્યું: "મૂંગો કાંય થઈ ગિયો? સાંભો જવાબ ડેની. આવ ટમારા ઢરમમાં બુડી–રીઝન–(બુદ્ધિ)ની બાહેરની જ વાતો ભચરી મારીચ કે સું?"

દરેક ધર્મનો અનુયાયી અન્ય ધર્મના અનુયાયીને પૂછે છે: 'તારા ધર્મમાં બુદ્ધિ કબૂલ ન કરે એવી જ વાતો છે?' અને આ જ પ્રશ્ન પ્રતિપક્ષી તરફથી પ્રત્યુત્તરરૂપે એને મળે છે.

—મારી નોંધપોથી

卐

[૧૩]

ચંદ્રવદન મહેતા

[જન્મ : ઈ. સ. ૧૯૦૧]

[શ્રી. ચંદ્રવદન ચીમનલાલ મહેતા, સુરતના વતની. સંસ્કૃત અને ગુજરાતી ઐચ્છિક વિષયો લઈ ૧૯૨૪માં બી. એ. થયા. કૉલેજજીવનમાં જ કુશળ નટ અને ઊગતા કવિ તરીકે એમણે સુન્દર આશા આપી હતી. એ ઉચ્ચ પ્રતિના અભિનેતા છે ને રંગભૂમિની રચના ને તે પર ભજવવાની યોગ્ય નાટ્યકૃતિના આયોજનનું ઉચ્ચ પ્રકારનું જ્ઞાન ધરાવે છે. કેટલાએક પ્રસિદ્ધ નાટ્યપ્રયોગોમાં એમણે ગુજરાતી પ્રજાને એમના અભિનયની કલાનો પરિચય સારી રીતે અને વારંવાર કરાવ્યો છે.

શ્રી. ચંદ્રવદન મહેતાએ આપણા સાહિત્યનાં અંગોમાંથી કાવ્ય, નાટક નાટિકા, નવલિકા અને કટાક્ષને પસંદ કરી પોતાના પ્રિય વિષયો બનાવ્યા છે. આપણા નવીન કવિઓમાં અગ્રેસર કવિ અને નાટ્યકારોમાં અગ્રેસર નાટ્યકાર તરીકે એ ગુજરાતી સાહિત્યરસિકોની આલમમાં સુપ્રસિદ્ધ છે.

'જૂલીઅન' એ પત્રોદ્વારા ઘડાયેલી નવલિકાઓની એક સુન્દર શૈલી છે. એક દેશભક્ત નવયુવક એક ફ્રેંચ યુવતી જૂલીઅનનો કેમ પ્રેમપાત્ર બને છે ને તે તેની કેમ સદ્ધર્મચારિણી થાય છે તે નવલિકાકારે વાસ્તવિકતા ને કલાની સરલતાથી આલેખ્યું છે. હૃદય અને બુદ્ધિના ઉચ્ચ ગુણોના સામ્યથી આંતરરાષ્ટ્રીય લગ્નો શક્ય છે કે કેમ તથા આપણા દેશ વિષે સંસ્કારી પાશ્ચાત્યો કેવો પ્રેમભર્યો પૂજ્યભાવ રાખે છે તે વિષે પણ નવલિકામાંથી પુષ્કળ જાણવાનું મળશે.]

[illegible]

[કેટલાક પત્રો : પત્ર ૧ લો]

તા. ———

રા. રા. ———

મારો આ કાગળ વાંચી તમે પણ આશ્ચર્ય જ પામશો એમ હું માનું છું. પરંતુ, મનુષ્યનું નસીબ પાંદડા નીચે ઢંકાયેલું હોય છે એ વાત કેટલી સાચી છે એ મારા આ કિસ્સા પરથી તમને જરૂર સમજાશે. મુંબાઈથી મારે એકાએક નીકળવાનું થયું એટલે મુંબઈથી લખેલા કાગળમાં હું બધું વિગતથી જણાવી શક્યો ન હતો, અને એ ઉતાવળને લીધે મારાથી તમને એ દિવસ મુંબઈ બોલાવી મળવા પણ બોલાવાયું નહીં; પરંતુ અહીં સ્ટીમરમાં તો સમય ગુમાવવાનો એટલે જરા વિસ્તારથી લખી શકીશ ખરો.

મારો સ્વભાવ તો તમે જાણો છો. કાંતો હું માણસોને શોધતો જઉં છું કે માણસો મને શોધતાં આવે છે; ગમે તેમ પણ જેનેજેને હું મળું છું તેની સાથે સારી ઓળખાણ પડતાં મને વાર નથી લાગતી, અને એમ મારૂં મિત્રમંડળ વિશાળ ને વિશાળ થતું જ જાય છે. મારા ગયા પત્રમાં જ મેં તમને જે જર્મન બાઈ વિષે લખ્યું હતું એ જ બાઈ અત્યારે મારી સાથે સ્ટીમર પર છે, અને એની જ કૃપાથકી હું આ પ્રવાસે જઈ શક્યો છું. છેલ્લા બેત્રણ મહિનાથી હું એને ગુજરાતી ભણાવતો, અને ત્યારે મેં જાણ્યું હતું કે એ તો જર્મનીમાં સંસ્કૃતની શિક્ષિકા છે અને હિંદુસ્તાન ટૂંક સમય માટે ફરવા આવી હતી. એણે મુંબઈમાં રહીને ગુજરાતીનો તેમ બીજી ભાષાઓનો પણ બનતો અભ્યાસ કર્યો હતો. મારે ને એને તો ટૂંક મુદતમાં કંઈ એવી જ માયા બંધાઈ ગઈ કે એણે મને મારૂં વાચન વધારવા અત્યંત મદદ કરી, અને ફક્ત ત્રણ મહિનાના સહચારના પરિણામે મને પોતાની સાથે જર્મની લઈ જવાને પણ તૈયાર થઈ. એક દિવસ ચહા પીતાં એણે મને સપ્ટેમ્બર મહિનામાં ભરાનાર પ્રેસ કૅાંગ્રેસ વિષે વાત કરી, અને એ પણ ત્યાં જનાર છે તો મને પણ સાથે લઈ જવાની એણે ઇચ્છા બતાવી.

આની પ્રેસ કૉંગ્રેસમાં તે હું કયા હિસાબે જઈ શકું એ વિષે મારી અશક્તિ-
ના મને વિચાર તો આવ્યો, પણ એણે મારી મુશ્કેલીઓ સહેજમાં ઉકેલી
ખી. એનો સગો ભાઈ વિલ્હેમ જર્મનીના એક પ્રખ્યાત દૈનિકનો તંત્રી છે
ને એનીદ્વારા મને એ કૉંગ્રેસમાં હાજર થવા માટે બનતી મદદ અપાવવા
ન આપ્યું. અને હું પણ એની અત્યન્ત ઉદારતાથી અને માયાભાવથી
રસાઇને અને દુનીઆની પ્રેસ કૉંગ્રેસમાં હાજર રહેવાનો અલભ્ય લાભ
વવાના વિચારે જવા તૈયાર થયો.

૧૪ મી સપ્ટેમ્બરે જીનોવામાં એ કૉંગ્રેસ ભરાશે. ત્યાંના કુંજરયુદ્ધમાં
શું જેવું કીધું તો ક્યાંય કચ્ચરઘાણ મરે, એ હું જાણતો હતો. અને વળી
તે કોણ કે કૉલેજમાં કે ચાલુ ભણતર દરમિયાનમાં કોઈ વર્ષે પણ પહેલા
નંબર આવવાની ધાક આપણે નથી મારી કે નથી વિદ્યાભૂષણના ચાંદલિયા
ગળ્યા, કે કંઈક અહંભાવે રાખીએ; અને વળી આપણે જન્મેલા તે કમ-
નસીબ કાળા હિન્દમાં, એટલે આપણે માટે બધે જ દરવાજા બંધ, છતાં
મય આવે જોઈ વર્તી લેઈશું, એવી આશામાં અત્યારે તો પ્રેસ કૉંગ્રેસમાં
નારાને છાજે એવા કોટ ફરી છાપડ્યો છું. તમારાં ખ્યાલના આ વાંચનાં-
ચનાં કોઠાં મગજ જેવા લીલા થઈ જશે, અને એકમેકના સામું ટગર-
ટગર જોયા કરશો, અને માગ પ્રત્યેની તમારા ગર્વની મમતાને લઈને
મારી છાતી ચેનચેન કૂદશે પણ ખરી અને મારી સાથે હવે તો સંમત
પણ થશો કદાચ કે માનવીનું નસીબ, ખરે જ, પાંદડા તળે જ હોય છે.

ત્યારે અમે ઊપડ્યા ઊપડના અગાઉ તૈયારી કરવામાં પૈસા સંબંધી
દેખરેખની ખટપટ મારે નસીબે મારે માથે ન હોતી એટલે મારો તો કપડાં
અને એવા બધા સરસામાન, ગરમ, સુતરાઉ, રેશમી; સવારનાં, સાંજનાં, જમ-
વાનાં; આપણામાં નુગરા કે અમેરિકન તેમ એક મકલીપીંછીઓ કોટ–જેમ
જ જાતજાતની ટોપી બૂટ, ટાઈ, મેરે ભાગે ગુજરાતી ચોપડીઓનો દમ:
ગીતા રિવાકની, સરસ્વતીચંદ્ર આગળવિલાસ, જયાજયન્ત, સરસ્વતીચન્દ્રનું
પ્રાગનન્દ, કબીરવાણી અખા. એક કાવ્યદોહન, કેટલાં કાલેલકરનાં લેખો,
ને બીજાં 'નવજીવન'પ્રકાશનનાં કેટલાંક નાનાં પુસ્તકો, "ગુજરાત"ને

'કુમાર'ની બધી ફાઈલ વગેરે, બેચારેક સંસ્કૃતનાં થોથાં, બાકીની થોડીક અંગ્રેજી; એક કેમેરા, એક દૂરબીન, કેટલાંક સુખડનાં રમકડાં વગેરે ને દેશી કપડાં વગેરે ઘણો નાનો પરચૂરણ કચરો: એ પાછળ જ ઘણો સમય ગયો. અને વળી 'પરદેશ' જવાનું એટલે ચાર મોટાઓની ઠાવકે મોંડે સલાહ પણ લેવી પડી.

આન્ટીની–પેલાં જર્મન બાઇની–એને હું આન્ટી કહું છું; કાકી—એની–ઊમ્મર—એ જાણવાને તમે કદાચ ક્યારનાં યે ઉત્કંઠિત થઈ ગયાં હશો–લગભગ ૪૦ એક વર્ષની છે, છતાં હજી ત્રીસીમાં ન હોય એમ લાગે છે. મારૂં પહેલા વર્ગનું કેબિન છે, અને સ્ટીમર પર ગુજરાતીઓમાં તો ખાસ નથી જણાતા. બાકી બધા લાગે છે તો ઠીક, પણ એ તો વખત જતાં ખબર પડશે.

મુંબઇ છોડતાં તો માતાની કૂખથી અળગા થતા ન હોઇએ એવું લાગે છે. જ્યાં સુધી દેખાયા કરી ત્યાંસુધી મુંબઇની પાલવા પરની ઇમારતો જોયા કરી, છેલ્લી દીવાદાંડી પણ જોઈ, અને છેવટે તો દૂરબીન વડે અશ્રુભીની આંખે જે કંઈ ઝાંખું જણાયું તે જોયા કર્યું. મનપિંજરથી કંઈકંઈ કલ્પનાઓ હવામાં ઊરાડયા કરી. ઉપર આભ, નીચે પાણી; કેવા રંગનું કહું? પાણી, અમર્યાદ પાણી અને એનાં આ આભમાં ઊડતાં પક્ષીઓના પડછાયા, પેલાં ધોળાં ઊડતાં પંખીઓ, ક્યાં રહેતાં હશે, કેમ ઊડતાં હશે, એના અનેક વિચારો આવે છે. આમ અચાનક જવાનું થવાથી જે સ્નેહીઓને નથી મળી શકયો એમના વિચારો, એમની એક પછી એક છબિ નજર સામે આવતી જાય છે. એની હારમાળા પણ નથી રચાતી. ટોળે મળી બધી નજર સામે ઊભરાય છે. તમારી ત્રગડી સાંભરે છે; પાછું બાલાર્ડ પીઅર સાંભરે છે, લોકોનું ટોળું, ફૂલહાર, હાથહલામણાં, ઊડતી નાનીમોટી રૂમાલવાવટીઓ, અને એ બધામાં નજર સામે ચમકતી હેતાળ આંસુભરી કોક આંખો; અને મેઘ-ધનુષ્યના સાત રંગ જેવી મારી સાત–

વળી લાગણીવશ કહેશો. પણ લાગણીવશ થઇને અહીંથી આ લખાણ અધુરૂં રાખી સ્ટીમર બહાર નજર કરૂં છું તો આ સુંદર ઉત્તરથી દક્ષિણમાં

એકાગ્રતા મનુષ્યનાં દર્શન થાય છે, અને એ ઠમાનમાં આવેલો મારો વ્હાલો હિંદ એ ભરતખંડ! તારે કિનારે આવતાં અને કિનારેથી જતાં કેટકેટલાં દેશને તે અનેક પ્રકારનાં ઊર્મિઆંદોલનોમાં નચાવ્યાં હશે!

બસ : આ કાગળ એડનમાં પોસ્ટ કરીશ. ત્યાંથી તમને મળશે. હજી બીજા પણ લખવા છે, એટલે આજે તો આટલું જ. અને ત્યાં સુધી મારી મુસાફરીમાં પ્રવાસવર્ણનો કે એવું બધું નહીં જેવું જ લખીશ; કારણ કે એ તો હવે બધાને જાણીતું થઈ ગયું છે અને તેમ ફક્ત મારો અંગત વાતો જ લખ્યા કરીશ એ જ.

લિ. ____________

***

[પત્ર ૨ જો]

તા. ____

રા. રા. ____

મારો ગયો પત્ર વાંચી તમને મહિના ખુલાસો મળ્યો હશે, અને હવે તમારા મનમાં તો તું કેમ મોટા માણસ જેવા લાગતો હશે હાલનો, દુનીઆની જેમ ટૂંકિસમાં [illegible] નાનાસૂની વાત છે? [illegible] [illegible] મારવાની [illegible] [illegible] પણ [illegible] નો [illegible] અને [illegible] દુનીઆ [illegible] [illegible] એકાદ [illegible] [illegible] [illegible] [illegible] હતી, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કહાશે, અને [illegible] [illegible] [illegible] થઈ શકે તેમ છે [illegible] પડે.

એડનથી પુષ્કળ મેવા લીધો હશે તે પરંતુ અમે તો મારી [illegible]

૯

[illegible]. અને રાતા સમુદ્રમાંથી પસાર થતાં [illegible] ગરમી લાગી. એ સિવાય વધારે ફેરફાર ખાસ જણાયો નથી. અને મુસાફરીનો પહેલો દહાડો [illegible] તો મેં નહિ જ આપવાનું નક્કી કર્યું છે [illegible] નથી જ [illegible]. પણ એક [illegible] ફેરફાર થઈ ગયો છે [illegible]. સ્ટીમર પર પણ અમે એટલા માટે કેટલાક કાર્યક્રમ ગોઠવાય છે એ તો જુઓ. ગઈ કાલે ફેન્સી ડ્રેસની [illegible] બની અને એને માટે એક જાત નીમી ઈનામો કાઢવામાં આવ્યાં હતાં. એમાં પ્રથમ તો હું ભાગ ન હોતો લેવાનો; કારણ કે આપણે તો બે [illegible] વેશ કરીએ તો બરાબર કરીએ, અને અહીં કોઈ પૂરતા સાધન મળે નહિ, એટલે માંડી વાળ્યું હતું. પણ છેલ્લી ઘડીએ આન્ટીને ઉમેદ થઈ આવી, અને એણે એક રસ્તો બતાવ્યો એટલે હું તૈયાર થઈ ગયો. કોઈ તો સ્ટીમરના કામ કરનારા પાસે જ પોશાક માગી લાવેલા અને એ કામમાં તો આ અંગ્રેજ એટલે ઘણા પોશાકો બહુ જબરા તો ખલાસી કે કેપ્ટન કે બટલર વગેરે બની આવેલા, પણ હું ને નાન્સીનો ઠાઠ જૂદો જ હતો. નાન્સી એ એક ફ્રેન્ચ બાળા છે, હિંદુસ્તાનથી ફ્રાન્સ જાય છે. અમારે એની સાથે ઠીક ઓળખાણ થઈ છે. એને વિષે વધારે પછી લખીશ. આન્ટી પાસે હિંદુસ્તાનથી ખરીદેલા એવા મારવાડી પોષાક હતા. એ ત્યાં જર્મનીમાં કોઈને ભેટ આપનાર હતી. તે એણે નાન્સીને પહેરવા આપ્યા. મારવાડી ઘાઘરો, અને જરીભરતની ચોળી કે કમખો, ને ઝીણી રેશમી સાડી, ઉપર સોનેરી કોર, એકાદ બે મોતીની કંઠી, કાનમાં એરિંગ ને નાન્સી તો એવી લાગે! કપાળે ચાંલ્લો ન હતો, તે આન્ટીનું પણ ભેજું તો, તે લાલ ઝીણો કાગળ લાવી, ગોળ કાપી એવો તો ચોડયો કે નાન્સીનો બધો દેખાવ જ ફરી ગયો. અને મેં જરા ઠમકઠમક ચાલતાં શીખવ્યું. એટલે નાન્સીબાઈ તો નરી જાણે શુદ્ધ મારવાડણ જ!

મેં મારી સાથે ત્રણ બંગાળી ધોતીઆં અને ત્રણ લાંબા સફેદ કોટ, હું જેવા મુંબઈમાં પહેરતો તેવા જ, અને એક લાલ કાયસ્થઈ પાઘડી લીધાં હતાં. કોઈ વખતે હિન્દી પોષાકની જરૂર પડે એમ ધારી રાખ્યા હતા. હા,

તમે તો કમરી, પાપડી, ત્યાં તો કદી પહેરેલ નહિ પણ આ બાજુ તો સાથે એનું વધારે વજન પડે, અને વજન કરતાં યે નવીનતા એટલે પાપડી પહેરી, અને ધોતિયું તો એનું ઓપાઓપીને વાળિયાસાર્ગ પાટલી પાડીને પહેર્યું. અને બીજા દેશની સ્ત્રીઓના મણીબંધ ધોતીઆનો વેશ બનાવી વીંટાળ્યો, હાથમાં નાની લાકડી રાખી અને અમે ત્યાં ખંડમાં સિધાવ્યાં.

ઈનામ પહેલું નાન્સીને ને બીજું મને. તમે તો અજાયબ થશો, નાન્સીને તો મળે, પણ મને કેમ? મને તાદશતા માટે. પાછળથી જણાયું હતું કે જજ સાહેબે મને રામ ગુરાપાઅન ધારેલો, અને આ પોશાકમાં એમને અજબ ચાતુર્ય જણાયેલું; એટલે બીજું ઈનામ મને આપેલું. એ ગ્રેટ રાત્રે ભોજનવખતે જ થયેલો.

પણ એથી ઘણા મુસાફરોની મારા પર આંખ ઠરી ગઈ હતી. કેટલાક તો ઈર્ષ્યાથી યે બળતા હશે. અથવા તો આપણે હિંદુઓ એમ જ ધારી બેસીએ છીએ. મને તો જેની સાથે ગાઢ દોસ્તી બંધાવા માંડી તે તો નાન્સી. એ મને બધાં કરતાં સૌથી વધારે માનની લાગણીથી જુએ છે. મને એના વર્તનમાં કુલીનતા તરવરતી જણાય છે. એની સાથે મેં થોડુંથોડું ફ્રેન્ચ શીખવા માંડ્યું છે, એટલે હું હવે ફ્રેન્ચમાં જ હાંક્યે રાખું છું. આજ નવુંચાર કલાકમાં તો એટલું બધું હિંદુસ્તાન વિષે પૂછે છે, એવાએવા સવાલ, કે ઘણીવાર મને મારા અજ્ઞાન પર દયા આવે છે.

આજ એ મને નથી મળી. સાંજે ફક્ત તૂતક પર જ મળશે. આજે એ આખો દિવસ આરામ લેવાની છે. પણ ગર્વ ટાળે તો એણે મને કંઈકંઈ પૂછ્યું. ચન્દ્રગુપ્ત, અશોક, વૈદિક દેવ, બૌદ્ધ ધર્મ, સંસ્કૃતિથી સંસ્કૃતિ પર કૂદકો, એક યુગ પરથી બીજા પર કૂદકો. જેણે ઈતિહાસ જાણ્યું એટલો કર્યું. કર્યું એમાં યે મતભેદ ચોક્કસ ક્રમ નહીં. પૂરી તવારીખ નહીં. અને વળી એમાં મારુ જ્ઞાનભંડોળ કેટલું? વળી વિશ્વવિદ્યાલયોનો પાઠ્યક્રમ પૂછે, તો એમાં યે ક્રમભંગતા એ પૂછે એ ઈતિહાસના ઊંડા અભ્યાસને ક્યાં યે સ્થાન ન જાણતા વળી એ ગૂંચવી નાંખે. મારાં ઓછાં ખાતા જ્ઞાનને જાગ્રત કરનાર આ બાળાની ઉત્કંઠા હું શી રીતે યથાર્થ સંતોષી શકું? એમ કૉંગ્રેસ-

માં જનારે પોતાના દેશના ભૂતકાળનો કંઈની પણ ખૂબ
અંગ્રેજો, ગણાતી, એક ખરેખરી બાળાની પરશુરામથી માંડી પ્રતાપ
સર્વ પ્રતાપભાવનાઓ વિષેની ઉત્કંઠાના ઉચિત ઉત્તર શી રીતે
" કુમાર "માંથી વીર લક્ષ્મીબાઈનું ચિત્ર બતાવ્યું. અને એણે તો
જોન ઑફ આર્ક સાથે સરખાવવા માંડ્યું. નેપોલીઅન તો મોઢે જ.
એ તો ફ્રેન્ચમાં શબ્દો કરી અક્ષરબંધ બોલી ગઈ હતી. પ્રતાપ ને
પૃથ્વીરાજ જેવા યોદ્ધાઓ હિંદમાં હોય તો પરણું હું તો એવા કોઈ
હું તો ન સમજ્યો એનું ફ્રેન્ચ. પણ આન્ટીએ અંગ્રેજીમાં સમજાવ્યું.
સાંભળી હું તો આભો જ થઈ ગયો હતો. એ સાંભળી મેં એક નિ
પણ નાંખ્યો હતો.

[ચાર દિવસ પછી]

આ કાગળ પોર્ટ સઈદથી પોસ્ટ કરવાનો હતો, પણ રહી ગયો.
હવે જરા સાહેબ બનવા માંડ્યા કેની, એટલે આ ભૂલવાનું શીખ્યા!
તો બ્રિન્ડિસીથી જ પોસ્ટ કરવો પડશે. આજે આખી રાત આ
લખીશ. બીજું કંઈ ખાસ કામ નથી, અને મગજ એટલું હળવું લાગે
કે આ કાગળ એકાએક લખ્યા જ કરું. સાંજે નાન્સી જોડે ખૂબ જ
કરી. આન્ટીએ એને કહ્યું હશે કે મેં કવિતાઓ પણ રચી છે, એટલે
તો મારો પીછો જ ન જ મૂકે. એને બધી સાંભળવી'તી, જોવી
સમજવી હતી. કેવળ જ્ઞાન માટેની એની ધગશ ઉપરાંત આવી રસિકતા
એના હૃદયમાં ભરી હશે એ જાણી મને વધારે અજાયબી થઈ. અજાયબ
સાથે અનેકાનેક વિચારો ઘૂમવા લાગ્યા. ક્યાં આપણા પંડિતો, ક્યાં આપણ
વિદ્યાર્થીઓનો ઉત્સાહ, ક્યાં આપણી અરસિક શિક્ષણપ્રણાલિકાઓ
ક્યાં હું—કોણ હું, ક્યાં મારી આનંદ ખાતર નવરાશે આમતેમ જોડેલ
નિર્જીવ કવિતાઓ ! ક્યાં આ બાળાની જ્ઞાનભક્તિ ?

ફ્રાન્સની છોકરીઓ વિષે કેટકેટલું સાંભળ્યું હતું. એમની અધોગતિ
વિષે તો ઘણું જ સાંભળ્યું હતું. પણ નાન્સી જેવી વિરલ બાળકીઓ પણ
ત્યાં જન્મે છે એ જાણી આનંદ થયો. નાન્સીજેવાં નિર્દોષ પંખીઓ

પ્રાનાં હોય તો પછી ફ્રેન્ચ જેવું સુંદર અને સ્ફુટ: સમૃદ્ધ અને વિપુલ, સાહિત્ય પણ પાકે જ કેમ!

પણ નાન્સીએ તો કમાલ જ કીધો. મારે માટે કંઈ કૃતિઓ વાંચવી પડી એમાં આન્ટીને શાન થઈ. હું વાંચું ને એ સમજાવે. નાન્સી થોડું-ઘણું સમજે ને રડે. વળી વચ્ચેવચ્ચે હું મેં ફ્રેન્ચ ભાષાનો જાઉં ને આન્ટીને હાથ ધરેલી બેસનાર નાન્સી વળી ખડખડાટ હસે વળી નાન્સી કંઈ પ્રશ્નો પણ પૂછતી જાય ને હું યથાશક્તિ ઉત્તર આપતો જાઉં. આખી સાંજ, તે ક્યાંની ક્યાં ચાલી ગઈ એનું ભાન જ ન રહ્યું. અને હું મેં નાન્સી પાસે કંઈ ઓછું નથી શીખ્યો. વિક્ટર હ્યુગોની કવિતા વિશે એની પાસેથી જ મેં તો પહેલાં સાંભળ્યું. અને એ કવિકુલની સાચી ઓળખ પણ નાન્સીએ જ કરાવી. ઘણી વાર એ હ્યુગોના કાવ્યો વાંચી સમજાવે છે, ને મને નવાં આંદોલનોનો અનુભવ કરાવે છે. ફ્રાન્સ! આપણે ત્યાં કાલિદાસ ને ભવભૂતિ ને બાણ ને માઘ ને તુલસી ને..... ટાગોર ને ઇકબાલ ને બંકિમ ને વિદ્યાસાગર ને......પણ ફ્રાન્સ' તારી રત્નાવલિ પણ કંઈ ઓર જ છે, તારા સાહિત્યસર્જકો તો તારા ભાગ્યવિધાતા નિવડ્યા છે. ડૂમા, ને હ્યુગો, ને કૅસાર્ડન, ને મોરિઓ ને રૂસો, ને ચલી પ્રુધોમ, ને રોમેરોલા, ને આનાતોલ, ને

હિંદના સાહિત્યસર્જકો હિંદના ભાગ્યવિધાતા ક્યારે થશે?

બસ ત્યારે. ત્રીજો પત્ર તો જ્યારે લખાય ત્યારે. આ તો કાલે અમે ઈટાલી પહોંચવાના. આ સામે દૂરદૂર ક્ષિતિજમાં જણાતાં ગ્રીસ અને ઇટાલીની ભવ્ય સંસ્કૃતિઓ ચૂસીચૂસી માતબર બનેલા આ ભૂમધ્ય સમુદ્રને હૈયે ઝોલા ખાતા, આન્ટી, નાન્સી અને હું, ત્રણે તૂતકને આ નાકેથી પેલે નાકે એમ મૂંગામૂંગાં—આ ઊંચે દેખાતા આકાશ જેવાં મૂંગાં—આંટા મારતાં; કે કદી એ ભવ્ય સંસ્કૃતિની વાતો કરતાં, યુલાસિસ, પૅરિસ, હેલન, અલેક્ઝાન્ડર, ક્લિઓપેટ્રા, બ્રુટસ, સીઝર, કઈકઈ અદ્દભુતની ચારિત્ર્યોનાં હૃદયંગમ ચિત્રો આલેખતા, નીચે દરિયામાં છલબલ કરતાં મોજાં જોતાં કે આસપાસમાં જણાતી હોડીઓની કોઈ આદર્શ સેવિકાસમી દીવાદાંડીની

અલપઝલપ રોશની જોતાં, માનવહૃદયમાં ઊભરાતા તરંગબુદબુદો, આ નીચે ઉદધિજલમાં ડૂબકીઓ ખાતાં મિનમંડળો માફક હૈયામાં જ શમાવી આ લાંબી દરિઆઈ સફરને અંગે સહેજસાજ જણાતા શ્રમને ઈટાલીના અનેક કીર્તિસ્થંભ જોવાના ઉત્સાહથી સંહારી આ અહીં પથરાયલી અનહદ શાંતિમાં તલ્લીન થઈ, ભવિષ્યમાં અનેક સુંદર સ્વપ્નાં રચવાની આશામાં આજની છેલ્લી રાત્રિ પ્રભુને પ્રાર્થી વારંવાર એ જગનિયંતાનો ઉપકાર માની, વીતાવશું.

લિ. ____________

***

[પત્ર ૩ જો]

તા. ____________

રા. રા. ____________

પરબીડીઆ પરની કાળી લીટીઓ જોઈને તમને ધ્રાસ્કો જ પડ્યો હશે. ખરેખર, મારા જીવનમાં જેજે બનાવ બનતા જાય છે, એ હું જાતે જ એ કેમ બને છે તે સમઝી શકતો નથી. અત્યંત શોકભર હૈયે વહી રહીને આ કાગળ લખું છું. અહીંની અશાંતિ છોડી એક નિર્જન સ્થળે બેસીને શાંત ચિત્તે આ લખવા બેઠો છું ખરો, પણ એટલી બધી વિચારપરંપરાઓ મગજને ગૂંચવે છે કે કેમે કરી મનની વ્યગ્રતા શમતી નથી. હું શા સારૂ અહીં આવ્યો ! ભાવિ હજી મને ક્યાં ધકેલશે ! વગેરે વિવિધ દશાઓ કલ્પનામાં સર્જાય છે, અને એવી સ્થિતિમાં તમને સંભારી આ લખવામાં કેઈક આશ્વાસન શોધું છું. લોઝેનમાં ૧૬ મી સપ્ટેંબરે કૉંગ્રેસ મળી. હું ૧૬ મી અને ૧૭ મી બે દિવસ હાજર રહી શક્યો. ત્રીજે દિવસે મારે એકાએક જવું પડ્યું.

બ્રિંડિસીથી હવે બર્લીન કેમ પહોંચ્યાં, ઇટાલીનાં સુંદર દશ્યો જોઇ જોઈ હું કેટલો પ્રસન્ન થયો, એ વિષે લખવા મારૂં મન જરા યે સ્વસ્થ નથી; કારણ આજે આન્ટી નથી. તા. ૧૮ મી સપ્ટેમ્બરે સાંઝે એ આ

દુનીઆ છોડી દેવલોક પામી છે. બર્લીન આવ્યા પછી મને તો એના ભાઈ સાથે ઘણી દોસ્તી થઈ ગઈ હતી, અને એને મને લોઝેનમાં કૉંગ્રેસમાં જવાને બધી સગવડ કરી આપી હતી, પણ બીજે દિવસે રાત્રે જ તાર આવ્યો અને હું કૉંગ્રેસ પડતી મૂકી બર્લીન આવ્યો. આન્ટીની તબિયત અહીં આવ્યા પછી જરા યે નરમગરમ ચાલતી ન હોતી, પણ અમે કૉંગ્રેસમાં જવાને ઉપડ્યા તેના ચાર દિવસ અગાઉ એને તાવ આવવો શરૂ થયેલો ને તે ન્યુમોનીઆ નિકળ્યો, અને એમાં જ એ ઝડપાઈ ગઈ. એને તાવમાં મૂકીને જવાને મારું મન તો માનતું જ નહીં, પણ આન્ટીએ મમત લઈ ખાસ આગ્રહથી મને મોકલાવ્યો, અને હું ગયો. અને બે દિવસ પછી તાર મળ્યો અને પાછો ફર્યો. બર્લીન આવી મેં તરત જ એના ભાઈને નિકળી આવવા તાર કર્યો, પણ એને આવતા મોડું થયું, અને એ દરમિયાનમાં તો આન્ટી દેહ ત્યાગી ગઈ હતી. એ સ્થિતિમાં મારી ગભરામણનો પાર ન હતો. ત્યાર પછી જે થોડો સમય મને મુશ્કેલીઓ પડી છે એનો તમને હું શો ખ્યાલ આપી શકું ! આન્ટી તો ગઈ. એની સ્નેહાળ હૂંફ જતાં હું તદ્દન એકલવાયો, શું કરવું એ વિચારમાં મૂંઝાયો. એની આપણી નજરે નો અટળક લાગે એટલી દોલતની યોગ્ય વ્યવસ્થા તો થઈ ગઈ, અને બધું રીતસરનું થઈ રહ્યું, પછી મારી સ્થિતિનું મને સંપૂર્ણ ભાન થયું. આલીશાન હોટેલોમાં ઠાઠથી જમનારો હું, મારે ટૂકડો પાઉં ને ગ્લાસ, એ ગ્લાસ બીઅર પર પણ એક દિવસ કાઢવો પડ્યો આન્ટી ૧૦,૦૦૦ રૂપીઆનો એક ચેક મને આપવાનું કહી ગઈ હતી, એનું હિંદુસ્તાનમાં યોગ્ય સ્મારક મારી મુનસફી પ્રમાણે કરવાનું હતું પણ મારો ગજવાખર્ચ તો પૂરો જ થઈ ગયેલો અને મારી વિમાસણ હું જ સમજું. એનો ભાઈ ત્યાં આવ્યો ત્યારે મેં એને મારી હકીકત કહી અને હાલ તરતને માટે એ પ્રેસમડળમાં જ રિપોર્ટર તરીકે કામ કરવા માગણી કરી.

આ કાગળમાં નન્સી વિષે કે કૉંગ્રેસમાં પહેલે દિવસે સાંઝે જુવાનીઆઓ સમક્ષ 'હિંદુસ્તાનના આદર્શો' ઉપર એક ટૂંક ભાષણ મેં આપ્યું હતું એ વિષે લખવાનું મન થતું નથી. નન્સી બે ત્રણ દિવસ અમારી સાથે ઇટાલીમાં ફરી હતી અને પછી એકલી ફ્રાન્સ ચાલી ગઈ. ત્યાર

બાદ એના મૌલિક પ્રયોગો ચાલતા છે, અને [illegible] ઉપર [illegible] નિર્ભર છે. એ તો નહીં જવાં [illegible] પણ [illegible] [illegible] સમાચાર [illegible] છે, એ [illegible] કરે, એ હું જાણું છું. અને આપણામાં તો આપણા આદર્શો [illegible] થી આપણા આદર્શો, નીતિમાં, ચારિત્ર્યમાં; ભાવનામાં, [illegible] સ્વાર્પણમાં; સામાજિક જીવનથી માંડી આંતરરાષ્ટ્રીય જીવન ને ધાર્મિક જીવન સુધીમાં; કેટકેટલા ફેરફાર અને ભાવાન્તર કે જે એક વિચારથી સમજાય, અને આદર્શોનું સ્વરૂપનું સિદ્ધ કરતા જતાં આપણું આખું [illegible] દશાને અંગે કયાં [illegible] થઈ જાય કે એ બાબત પણ જણાવી, અને હજી નીતિના પ્રબળ વેગ સામે એ આદર્શો નવું ચૈતન્ય પ્રજામાં યે આપતા જ કરશે, એવાં આશાવચન પણ કહ્યાં. એ ભાષણ કેવું થયું અને એની શી અસર થઈ એ તો આ સાથે મોકલેલાં એકબે અંગ્રેજી અને ફ્રેન્ચ છાપાની કાપલીમાંથી વાંચી લેજે.

પણ એવાં ટાહ્યલાં લખવા બેસીશ, તો મારો ઇતિહાસ રહી જશે. આન્ટીના ભાઈની ચીઠ્ઠીઓ લઈ હું મારી પાસે જે કંઈ હતું તે વેચી, લોઝેનની ટીકીટ લઈ હું ત્યાં આવ્યો, ને કૉંગ્રેસના સેક્રેટરી જેમ્સ ડબલ્યુ બ્રાઉનને મળ્યો. એણે મારે માટે સારી લાગણી બતાવી, અને તે જ દિવસે કૉંગ્રેસના ઉપપ્રમુખ ડૉ. સ્ટેનલી હુબર્ટ પાસે મને લઈ ગયો. તે રાત્રે ડૉ. હુબર્ટે બધાંને જમવા નોતર્યાં હતા, અને મને પણ નિમંત્રણ પાઠવવામાં આવ્યું. ત્યાંના પેલેસ હોટેલમાં એ ભોજન લેતી વખતે મારી ખુરશી બીજા વિભાગમાં હતી. એમાં કેટલાક વયોવૃદ્ધ વિદ્વાનો વેજિટેબલ ભોજન લેવાના હતા. હું યે હજી તો 'શાકાહારી' જ રહ્યો છું, એટલે મારે માટે બીજો વિભાગ હતો, અને ત્યાં બેઠેલા વિદ્વાનો 'શાકાહારી' કહેવડાવવામાં જરાયે નાનપ માનતા ન હતા. ભોજન દરમિયાન મારી બરાબર સામે બેઠેલી એક સુંદર છોકરી–હશે કદાચ ૧૮, ૧૯, ૨૦ વર્ષની–મારા સામું વારંવાર ધારીધારીને જોયા કરતી હતી, અને એના જોવા પરથી મને એ કદાચ ઓળખતી હોય એમ પણ મને લાગ્યું.

ભોજન પૂરું થતાં જ કોઈ લઈ એક નોકર મારી પાસે આવ્યો. ડૉ. કુબર્ટ અને મળવા આમંત્ર હતા. હું ગયો, અને મારી સામે બોલી પેલી બાઈ પણ મારી પાછળપાછળ આવી. ડૉ. હુબર્ટે મારી સાથે હસ્તધૂનન કર્યું કે તરત જ પેલી બાઈએ મારી ઓળખ આપવા માંડી. "પાપા! એ જ ગૃહસ્થ એને વિષે જ હું કહેતી હતી. ખરેખર ! તે દિવસે એમનું ભાષણ અત્યંત રસિક અને વિદ્વત્તાભર્યું હતું."

મેં એને ટૂંકમાં મારી મુસીબતનો ખ્યાલ આપ્યો, અને જેમ બને તેમ વહેલા પાછો હિંદ ફરવા માટે યોગ્ય વ્યવસ્થા થાય એટલા માટે વિનંતિ પણ કરી. એ માયાળુ ગૃહસ્થે મને એક તીક્ષ્ણ નજરથી બરોબર જોઈ લઈ હાવભાવથી એટલું જ કહ્યું, "તમે આજથી મારા મહેમાન છો, અને અમે ઇંગ્લેંડ થઈ અમેરિકા જઈએ ત્યાં સુધી—જોઈએ તો ઈંગ્લંડ સુધી—ફરજો, ને ત્યાંથી હિંદ જજો."

પ્રેસ કૉંગ્રેસ વિષે એ લોકનો કાર્યક્રમ કઈ દિન પહેલાં મુંબઈમાં 'સાંજવર્તમાન' માં કે 'મુંબઈસમાચાર' માં મેં વાંચ્યો હતો. ઘણે ભાગે જુલાઈની શરૂઆતમાં, તે જોઈ લેજો. ત્રણ દિવસની કૉંગ્રેસની બેઠક પછી આ અમેરિકન પત્રકારોની ટોળી યુરોપના કયાકયા સ્થળે ફરવાની છે, અને કેવા કાર્યથી ફરવાની છે, એ બધુ વિગતવાર આપણાં ત્યાંનાં છાપાંમાં હતું. તમને યાદ હશે કદાચ. મારે એ પ્રમાણે હવે એમની સાથે ફરવાનું નક્કી થતાં, વળી એકવાર મારા આનંદનો પાર રહ્યો નહીં, પણ જે ઉદાર અને માયાળુ અમેરિકનોની કૃપા વડે આજે અહીં જે આનંદ ભોગવી રહ્યો છું, એની ખોટ તો સદાસર્વદા સાલશે જ એ નિઃસંદેહ છે.

મારી સર્વ વ્યવસ્થા ડૉ. હુબર્ટના પુત્ર એડવિનને માથે આવી હતી, એટલે એ મારી બધી અગવડો પર ધ્યાન રાખતો હતો. એ ભોળાદિલના એડવિનની મૈત્રી પણ પ્રભુએ યોગ્ય સમયે મેળવી આપી. આજે અમે લૅાંડન છોડી જનાર છીએ, અમારી આખી મંડળી ઘણે સ્થળે તો સાથે જ રખડશે. આજે સવારે હું હજી જાગ્યો ન હતો એટલામાં એડવિને બારણું ખોલી મને જગાડ્યો. જગાડી માફ માગી અને એની સાથે આવેલી એની

બન્નેની મને ઓળખાણ કરાવી. 'જુલીઅન !' જુલીઅન નામ સાંભળી [illegible] અને એને માટે કંઈકંઈ વિચારો આવી ગયા. અને [illegible] બોલ્ડન [illegible] જે જુલીઅન વિષે [illegible] સાંભળ્યું હતું. એ જ આ જુલીઅન [illegible]

હવે અમારે નિકળવાનો સમય થશે. એટલે આ કાગળ અહીંથી જ બંધ કરું છું. મારી કશી ચિંતા કરશો નહીં. પરમ કૃપાળુ પ્રભુની દક્ષિ[illegible] ઓનો આપણે માનવસમાજમાં ક્યાં ય [illegible] કરી શકવાનાં નથી, હજી મારા ભાવિમાં શું લખ્યું હશે તે તો કોણ જાણે, પણ મને પેલી અંગ્રેજી કાવ્યની પ્રખ્યાત લીટી પ્રસંગોપાત્ત યાદ આવે છે કે દરેક વાદળીને રૂપેરી કિનાર હોય છે જ.

લિ.——————

***

[પત્ર ૪ થો]

તા.——————

રા. રા. ——————

આ પત્ર બર્લીનની ટપાલમાં પડશે ત્યારે હું અને જુલીઅન એક અલાયદી સ્ટીમલૉંચમાં અમારી આખી મંડળી સહિત તરતાં હઇશું, અને આ પત્ર લઇ મેઇલ બ્રિણ્ડિસી તરફ દોડતો હશે, ત્યારે અમે બે, જુલીઅન અને હું, લૉંચના એક સુંદર કૅબિનમાં બેઠલાં હાથમાં હાથ ગૂંથી બેસી ડોવર તરફ ઊડતાં હઇશું, અથવા તો હું ને સુંદર જુલીઅન, હા હું, નિર્મળ જુલીઅન અને એડવિન ત્રણે આનંદભેર વાર્તાલાપ કરતાં હઇશું.

આ કાગળ હું તમને બર્લીનની એક સુંદર હોટેલમાં બેસી લખી રહ્યો છું. અહીં નિરાંત છે, શાંતિ છે, છતાં સોફ્રેન છોડયા પછી આજ સુધીનો ઇતિહાસ એટલા ઝીણા, સુંદર, રમ્ય પ્રસંગોથી ભરપૂર છે કે એમાંથી ક્યું છોડી મારે શું લખવું, એની ગૂંચવણમાથી જ ઊગરી શકતો નથી. આજે અહીંની નિરાંત મળી ન હોત તો કદાચ આ પત્ર લખતે પણ નહીં.

જુલીઅન અને હું અહીં એકલાં—હા, એકલાં, આજના દિવસ માટે અહીં આવ્યાં છીએ, આજ સોળમે દિવસે આન્ટીની કબર પર બેચાર ઊનાં આંસુ સારવા. સવારે એની શાંત સમાધિનાં દર્શન કરી આવ્યાં હતાં, અને સાંજે જુલીઅન અને હું આખા બર્લીનમાં મળી શક્યાં એટલાં સારામાં સારાં ફૂલનો દગલો લઈને પાછાં ગયાં હતાં. અને આન્ટીની કબર સમીપ પહોંચતાં તો એ ફૂલનો મઘમઘાટ ભૂલી ગયાં, અને આન્ટીની સૌમ્ય, શાંત, હસમુખી મૂર્તિ કબરમાંથી બેઠી થતી જણાવા લાગી. ફૂલની એ દાદર ઓરાદતાં તો આંખમાંથી ખળખળ અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો. સગી જનેતા અહીં પોઢી હોય એવી લાગણી થઈ આવી, અને આપણે મૈત્રીઋણનું સાચું રહસ્ય તો ક્યારે સમજવાના હતા, પણ કોણ જાણે કેમ, આપોઆપ જ મારા પગ ચાર વખત એની આસપાસ ફર્યા, સાષ્ટાંગ કર્યા, ભૂમિ ચૂમી અને હું કેટલો પોચા હૃદયનો છુ એ તો તમે જાણો છો ને? રડ્યો, ખૂબ જ રડ્યો. અને દિગમૂઢ બની જુલીઅન બધુ જોયા કરે, અને પછી તો એ પણ રડે, ને હું રડું, ને એ મને બાઝી પડી, કંઈક શાંત કીધો, અને મૂંગામૂંગાં પ્રાર્થના કરતાં ત્યાંથી અહીં એક પણ અક્ષર બોલ્યા વિના આવ્યા છીએ.

અમારી મુસાફરીનો આછો ખ્યાલ પણ આપવા બનતો પ્રયાસ હું કરીશ, પણ મુખ્યત્વે તો હું મારી અને જુલીઅનની વાતોથી જ કાગળ ભરીશ. મુસાફરીનાં વર્ણનો તો તમને ગમે ત્યાંથી મળી રહેશે, પણ જે આનંદ અને ઉત્સાહથી હું અને જુલીઅન પ્રકૃતિના સુંદર દૃશ્યો નિહાળીએ છીએ એનો ખ્યાલ તમને આપવાનું અત્યન્ત મન છતાં શી રીતે આપી શકીશ?

લૉઝેનથી જીનીવા થઈ તા. ૨૦, ૨૧, ૨૨મી સપ્ટેમ્બરે અમારું મંડળ બરનીમ, આવરલન્ડ, ઈન્ટરલોન, અને ક્યુમરન વગેરે સ્થલ રખડી ૨૩મીએ પેરિસ પહોંચ્યુ પેરિસથી અમારી મંડળીના બે ભાગ થયા. એક ભાગ વડીલોનું, તે ત્યાં જ રહ્યું, અને જુવાનીઆમંડળ પેરિસની આસપાસ ફરવા નીકળ્યુ. અને વળી મોબેજ મેધ કહાડ્યો જુલીઅન હું અને

એડવિન, અમે ત્રણે નૅન્સીના આમંત્રણને માન આપી એને ગામ ગયાં. ત્યાંથી અમે પાછાં પૅરિસ આવી ૩૦ મીએ બર્લીન આવ્યાં છીએ. એડવિન વડીલો સાથે ગયો છે. અમે કાલે ઊપડીશું. અને ગમે તેમ કરી ૨ જીએ અમારૂં આખું મંડળ પાછું લંડનમાં એકઠું થઈ જશે. આ અમારો કાર્યક્રમ.

સ્વિટ્ઝરલૅંડના પ્રત્યેક સ્થળનું વર્ણન ક્યાં કરૂં ? ફોટોગ્રાફ તો અનેક પાડ્યા છે, તે જોજે, પણ બેચાર ઈંચના કેદખાનામાં કુદરત કદી કેદ થઈ શકે ખરી ? પ્રકૃતિદેવીનું શાંત અને સક્રિય શક્તિઓનું દૈવી મિલન જોઈ આંખ અને હૈયું બંને ઠરે છે. ત્યાં વાતાવરણમાં ચૈતન્ય છે, અને એ ચૈતન્ય સોંસરૂં હૈયામાં ઊતરી જાય છે. એવું બેનમૂન સ્થળ હિંદમાં નથી એમ નહીં, પણ આપણા લખપતિઓ ત્યાં એવે સ્થળે ધર્મશાળા કે મંદિર નહિ બંધાવતાં, ગંદાં અને ગીચ ગામોમાં જ બંધાવ્યા કરશે. એ લોકો જ્યારે કુદરતને જોતા થશે ત્યારે જ રમણીયતાની ખરી કિંમત આંકશે.

પણ એવી આડકથાઓથી આ કાગળ નહીં ભરું. જીનીવા છોડ્યા પછીના અમારા પ્રવાસમાં સ્વિટ્ઝરલૅન્ડ કે ઇટાલીની રમણીય ખીણોમાંથી, સુંદર અને આનંદદાયક અનેક દૃશ્યો જોતાં, કે શિરજટાઓ એકમેકમાં ગૂંથવી મંજુલ વાર્તાલાપ કરતાં, સુરેખ ઘટાવાળાં તરૂ નીચેથી જતાંઆવતાં, કો રોલ્સમાં ઊડતાં; કે કો લીલે પાટલે તડકે સૂકવવા મૂકેલી ચોખાની વડીઓ જેવી વનર્વાટિલ સુંદર શ્વેતશૃંગી ટેકરીઓ ચડતાંઊતરતાં; નંદનવનસમા ફૂલભિભરાઉ લતામંડપોમાં એકાંતે બેસી વિશ્રાંતિ લેતાં; કે ગહન ગરવી શીતળ ગિરિગવ્હરોમાંથી પસાર થતાં, મારી પડખે રહી, જ્ઞાનના નિર્મળ વહેતા ઝરામાંથી ગૌરવભરી ટશરો ઊરાડી મને વારંવાર એ મીઠાં વારિ પાનાર જુલીઅને જે આનંદ અને આશ્વાસન આપ્યાં છે, એ સંબંધી કંઈક વધારે વિગતથી કદાચ લખીશ. શા માટે હું એ સંબંધી લખવા પ્રેરાઉં છું તે તો પ્રભુ જાણે, પરંતુ મારા અનહદ આનંદની અનુભવકથા આલેખતાં મારા દીલનો હોંસભિભરો કંઈક શમશે એવી આશામાં એ લખવાનો મારો ધર્મ સમજું છું.

જુલીઅન હિંદુ છે. ચોક્કસ નહીં, ડૉ. હ્યુબર્ટ સ્ટેન્સીનની એ પુત્રી

જુલીઆન એક સાચી હિંદુબાળા જ છે. એને ઘણું સારું સંસ્કૃત આવડે છે, હિંદુ ધર્મનો ઊંડો અભ્યાસ છે, વૈદિક સાહિત્યની આછી રૂપરેખાનું ભાન છે. અને એટલા માટે જ કેવળ એને હિંદુ ગણતો નથી, પરંતુ આટલા સહવાસ પછી હું જોઈ શક્યો છું, કે એણે આખી હિંદુ સંસ્કૃતિ પચાવી છે, એટલું જ નહીં પણ એ આખી સંસ્કૃતિ એણે પોતાને વશવર્તી બનાવી દીધી છે. એની રગરગમાં અને સંસ્કારમાં અને કુલીન મર્યાદા અને વિશિષ્ટ વ્યક્તિત્વ જણાય છે.

એનું વર્તન સંયમી છે, એટલું જ નહીં પણ ધર્મમય છે. વારંવાર હસ્તધૂનન કરવાની પાશ્ચાત્ય રૂઢિને એ વખોડે છે. હવે તો મારી પાસેથી નમસ્કારવિધિ શીખી ગઈ છે, એટલે એનાથી જ ચલાવે છે. એ સંપૂર્ણ 'શાકાહારી' છે. એના નીતિના સિદ્ધાંતો એના દેશના નીતિના સિદ્ધાંતોથી તદ્દન જુદા જ છે. એની ચારિત્ર્યભાવના તદ્દન ઊંચી અને શુદ્ધ છે. એનો આદર્શવાદ આપણા અદ્વૈતવાદને ઘણે અંશે મળતો છે. એના સૌન્દર્યમાં છટા છે, અંગેઅંગમાં વિશુદ્ધિ અને ચેતન છે; એની મુખ પરની કાંતિ એના ચારિત્ર્યના તેજ સાથે સ્પર્ધા કરે છે, એટલે જ ક્ષણેક્ષણે એ વધુ સુંદર જણાય છે. એના ગૌર વદન પર સ્મિત મીઠાશ છે. આ મારી સામે બેસી એ પડખે કંઈ વાંચ્યા કરી છે એના વાળનો અંબોડો આપણે ત્યાંના જેવો જ બેઠો નીચો જણાય છે. હાલમાં અહીં જે 'ટાવરફેશન'ના ઊંચા અંબોડા વળાય છે એવા નહીં. અને વળી એણે રમણી વિષે વાંચ્યું હશે ને વેણી બાંધતાં શીખી છે એની વેણી એટલે અત્યારે ગુલાબનાં ફૂલ અંબોડે ખોસી મૂકે. અહીંની કુંજ પરથી એવા એ થોડાંક ફૂલ લઈ આવી છે, ને જ અત્યારે ખોસીને બેઠી છે પણ એના સૌન્દર્યનાં જ વખાણ કર્યાં કરું તો તમે ચીડાશો, ને પૂછશો કે છબિ જ શા માટે ન મોકલી? અહીં કેમેરાનો શો તોટો પડ્યો છે? પણ એ છબિ ભાગ્યે જ પડાવે છે. મારી સાથે એનામાં એ કેટલીક ધૂન છે પરણ્યા પહેલાં છબિ પડાવવી જ નહીં, એમ એ માને છે. અને વળી છબિમાં તમે એને નહીં જ ઓળખી શકો. એના સૌન્દર્યની ખરી સુરખી, કેમેરા કદી નહીં ઝડપી શકે. અને વળી છબિ મોકલું તો તમે

તો ક્યાં ને ક્યાં છાપી મારશે. વારે ઘડીએ ઊંચેઊંચે વ્યોમમાં વિહરી સ્વર્ગનાં સુંદર સ્વપ્ના એકઠાં કરી લાવનારી એ ભાવનાશીલ, ચિંતનશીલ, છતાં રમતિયાળ અને નિર્દોષ જુલીઅનને તમે એક પોસ્ટ કાર્ડમાં કદી કેદ નહીં કરી શકો.

જીનોવાથી નિકળ્યા પછી જુલીઅને ફક્ત મારી જ સાથે છૂટથી વાર્તાલાપ કર્યો છે. ભરતખંડના ઐશ્વર્ય સંબંધી, એની સમૃદ્ધિ સંબંધી, એની વિશાળ જ્ઞાનની શાખા–પ્રશાખા–સંબંધી, અનેક કથા આખ્યાયિકા સંબંધી, એના ગૂઢ તત્ત્વજ્ઞાન સંબંધી; યોગ, મોક્ષ, આત્મા; પરમપદઃ કંઈક અભેદ ભેદ ઉકેલી પદેપદે નવી સૃષ્ટિમાં જન્મતાં જોઈએ છીએ. એનું વાચન વિશાળ છે, પણ એથી ઊંડુ એનું ચિંતન છે. જાણે નૅન્સીનો વિરાટ્ અવતાર. એડવિન અમારી વાતો સાંભળે છે, પણ એ સાંભળવા પૂરતો જ. પણ એ તો સાંભળે યે છે. બીજા દેખાવખોર માફક છેતરતો નથી. એનું મગજ થાકે ત્યાં સુધી સાંભળેસમજે, નહીં તો મૂંગો રહે.

નૅન્સીને ગામ ફક્ત જુલીઅન, એડવિન ને હું એ ઉપરાંત યુવાન-મંડળમાંનાં બેત્રણ એક દિવસ માટે જઈ આવ્યાં. પણ એ એક દિવસનો મારો અભિમાનઇતિહાસ અનેક મીઠાં અને મોંઘાં સ્મરણોથી ભરપૂર છે, ને ભરપૂર રહેશે. બાળકજેવી નૅન્સી તો હજી જ્ઞાનકુંડમાં જરાજરા ચંચૂપાત કરતી હતી, છતાં એની પૂજાભાવના અનેરી હતી. એને ત્યાં અમે લગભગ સવારે નવ વાગે પહોંચ્યાં. પણ એણે તો આખું ગામ નોતરેલું. કંઈકંઈ તૈયારીઓ કરી મૂકેલી. એડવિન અને જુલીઅનને ઓળખાવ્યાં, અને તરત જ સહેજવારમાં બધાં ગાઢમિત્રો થઈ રહ્યાં. અંગ્રેજ સિવાય બધી પ્રજા વધારે મળતાવડી હશે કદાચ!

બપોરે જમ્યા પછી નૅન્સીએ ડાક જમાવ્યો. પ્રથમ વાતે તો એણે એડવિન અને જુલીઅનનું એક અજ્ઞાન દૂર કર્યું, ને તે મારી કવિતા સંબંધી. જુલીઅનની આંખમાં તો એ જાણીને ઝળઝળીઆં આવી ગયાં. એ વાત એને ન કહેવા માટે મને મીઠો ઠપકો પણ આપ્યો. સાંઝે ટોળું બન્યું. બધાં ગામ બહારની એક નાની ટેકરી પર ગયાં. વળી તે દિવસે હતો

રેસ્ટોરાં. જે ભાવે તે ખાવે. ત્યાં એક ફિરસ્તાનાં કંઈક ખંડિયેર છે. અને એ ખંડિયેરના રેખામય ખૂણેથી પગથી ગલીઆમણાં દરપો દેખાય છે. ત્યાં ચોખ્ખો આ તમારો કવિરાજ પોતાની કવિતા લલકારતા હતા. લલકારતો હશે કે ગાતો હશે તે તો પ્રભુ જાણે. પણ બધા ધ્યાન દઈને ન સમજતાં છતાં સાંભળતાં હતાં. નૅન્સી બનતે પ્રયાસે એનું ફ્રેન્ચ કરતી અને સમજાવતી. જુલીઅન તે પરમભક્તિથી સાંભળે. સાંભળે ને પ્રફુલ્લ થાય. અને જે કોઈ પૂછે તેની આગળ ભારોભાર વખાણ કરે. અમારા યુવાન-સંગમના જોડીદારે—પ્રેમના ખાં હતી—તે ચપોચપ લખવા જ માંડ્યું. અને બીજે દિવસે તો બધું છાપામાં.

અને તે દિવસે બધાએ મારો તો ઘાણ જ કાઢ્યો. સન્ધ્યાની દિવ્ય રંગાવલિ રચાતાં, મને એક ફૂલબ્ધેલમાં નાખી ખેંચ્યો. અને જ્યાં જુઓ ત્યાં ફૂલ જ ફૂલ—ફૂલના ઢગલામાં દાટી દીધો મને. આ ફ્રેન્ચ લોકો ફૂલની પાછળ તો કંઈ અજબ ગાંડા છે. ફૂલનો વરસાદ, ને ફૂલની ચાદર, ને ફૂલની જાજમ. ફૂલ જ ફૂલ. નૅન્સી તો મારું અભિમાન સાતમે આકાશે જ ચઢાવતી. એ તો મને એમના વિદ્યાલયની સાહિત્ય પરિષદનો પ્રમુખ નીમવા માટે કહેવા આવી. તમે બધા આ વાંચીને હસશો. અરે, મારી દયા યે ખાશો કદાચ. મારા અભિમાનને વ્યર્થ પણ ગણશો કદાચ. પણ શું કરું ? જે બન્યું તે લખું છું. બાકી હું ક્યાં નથી જાણતો ? હું પ્રમુખ ! પ્રમુખ ! મને પોતાને જ આ વિચાર પર પોતા પર હસવું આવે છે. હું પૂરો જુવાન પણ નહીં, નિશાળીઓ, તૂટભડાળીઓ, ઉપરછલ્લો, અનેકાનેક રીતે નાલાયક, તે વળી પ્રમુખ શાનો !'

બધો સમારંભ પતતાં અમે ઘર જવા નીકળ્યાં. નૅન્સી વહેલી નાઠી. એ વહેલી જઈ ભોજનપ્રબંધ કરવા માગતી હતી. હું ને જુલીઅન, ગામપાદરે બધું રોકું વિખેરાતા ઉભરાતાં રહ્યા હજી શરીર પર ફૂલ તો લદાયલાં જ હતાં. ત્યાં પાસેનું એક નાનું જળાશય જોઈ ઘર પહોંચવાનું અમે નક્કી કર્યું. એડવિન સાથે ન આવ્યો. અમે એ જળાશયની સુંદર કિનારી પર આછાઆછા પ્રકાશમાં લીલી હરિયાળી ઉપર ચાલતાં હતાં. અને પછી ત્યાં

સાહિત્યની ગોષ્ઠી જામી. કાલિદાસથી શેક્સપીઅર, ને દાન્તે, ગાંધીજીથી વિક્ટર હ્યુગો પર મૂકેલો, ને આઈનસ્ટાઈન સુધી, અને ગાંધીજી ગુરુદેવ સુધી તે આગમનિગમના વેદ, ઉપનિષદ ને છેવટે પાતંજલ યોગ, એમ આખું ગપગપ પુરાણ ચાલ્યા જ કર્યું. જુલીઅન તો વચ્ચેવચ્ચે કેટલાયે સંસ્કૃત શ્લોકનો અર્થ માગે, ને હું યથાશક્તિ, યથામતિ, યથાબુદ્ધિ સમજાવું જાઉં, અન્ધારાં વીંટળાવા માંડેલાં. અને અમે વાતોએ ચઢેલાં ઠેઠ મોડાં ઘ પહોંચ્યાં ત્યારે તો બધાં અમારી રાહ જોઈ ને જમ્યા વગર બેસી રહેલાં અને અમે ભૂલાં પડ્યાં હઈશું એવી કેટલાકને ચિંતા પણ થવા માંડેલી. ગોડવિન ને જુલીઅન બંને મળતાં જ બેસી પડ્યાં, ને મેં માફ માગવા માંડી, પણ નૅન્સીએ તરત જ કહ્યું, 'એ તો અમે જાણતાં જ હતાં, બંને પૂરાં વાતુડીઆં છે, ચાલો, જમવા માંડો હવે.'

ને બરાબર ચોવીસ કલાક ત્યાં રહી, નૅન્સીના આતિથ્યની અને મધુર સ્મૃતિઓ વડે અમારો સ્મરણભંડાર વધારે ઉજ્જવલ કરી, અને શુભેચ્છાઓ લઈદઈ, અમે પાછાં ફર્યાં. મારા જીવનમાં ફ્રાન્સ જો કોઈ જીવંત મૂર્તિને લીધે સ્મરણીય રહેશે તો તે નૅન્સી ને નૅન્સીના આતિથ્ય ને લીધે જ.

આ કાગળ અતિ લાંબો થવાના ભયે હું ફ્રાન્સનાં સ્થળવર્ણનોમાં નહીં ઊતરૂં. પણ એકએ તરી આવતી વાત લખ્યા વગર રહેવાતું નથી. આપણે ત્યાંનાં મંદિરો જેવાં અહીં પણ ઘણે સ્થળે નેપોલિઅન અને જોન ઑફ આર્કનાં દહેરાં છે, અને એ બેને માટે ગરીબ વર્ગની પૂજ્યભાવના અજબ અને અચલ છે. સૈકાઓ થયાં ડગી નથી. અને સૈકાઓના સૈકાઓ વહી જશે તો યે ડગશે નહીં, એવાં ઊંડાં એમની ભક્તિનાં મૂળ છે. અન્ય પ્રજાઓ એ બે વીરવિભૂતિઓ માટે ગમે તેમ ચિતરે, કહે, પણ ફ્રાન્સમાં તો એ મૂર્તિઓનું સ્થાન અદ્વિતીય છે અને રહેશે. અનેક વીરપુત્રોની એ પ્રેરણામૂર્તિઓ છે. ભરતખંડમાં એવી અનેક મૂર્તિઓ હોવા છતાં તે પ્રેરકમૂર્તિઓ ક્યારે થશે તે તો પ્રભુ જાણે!

અમે ૨૯ મીએ એટલે ગઈ કાલે પૅરિસથી નિકળી અહીં બર્લીન

ભૂખ્યાં છીએ હું ને ફકત જ્યુલીઅન. અને આજે આખો દિવસ આન્ટી માટે પ્રાર્થના કરવામાં જ ગાળ્યો છે. અત્યારે શાંત ચિત્તે આ પત્ર લખી રહ્યો છું. કાલ સવારે વહેલાં અહીંથી મોટરમાં નિકળી જનાર છીએ. જતાં-જતાં ફરી એકવાર આન્ટીની સમાધિનાં છેલ્લાં દર્શન કરતાં જઈશું. અત્યારે તો ઘણું મોડું થઈ ગયું છે, એટલે આ બંધ કરીશ. અને હવે હવે લંડન જઈને કાગળ લખીશ. હું ઊંઘીશ નહીં ત્યાં સુધી જ્યુલીઅન સૂવાની જશે નહીં, આ કાગળ લખું છું એમ એ જાણે છે એટલે મૂંગીમૂંગી એ ફક્ત વાંચ્યા જ કરે છે અને હું જાગીશ ત્યાં સુધી જાગશે. આછા-આછા લીલા પ્રકાશમાં એની ગૌરવર્ણી કાયા અને રતુમડું મોં કંઈ અનેરા રંગ ધરી રહે છે. જ્યુલીઅન! એનો પેલો અંબોડો-કેવો સુંદર એ કેશ-કલાપ! એ પર શોભતા ત્રણ રંગીન ગુલાબ આન્ટીની કબર પરથી આ-ણેલાં—જાણે આન્ટીની પ્રસાદી! આન્ટી! તે આજે નથી! ગઈ જ કાલે તો એ વાતો કરતી હતી! કેટલી એની માયા! કેવી એની મમતા! ચાલો, બસ કરીશ હવે તો. હૃદયના ધબકારા વધે છે, ને તમે કહેશો કે એમ લાગણીવશ થયે શો ફાયદો? પણ જ્ઞાન કરતાં ભક્તિ જ પ્રભુને તો વધારે પ્રિય છે. જય! જય!

લિ. ________

***

[પત્ર ૫ મો]

તા. ________

ર. રા. ________

મારો છેલ્લો પત્ર વાંચી તમે શાશા વિચારો કર્યા હશે એ હું કલ્પી શકું છું. જ્યુલીઅનનું અને મારું નામ તમે કેટલી યે વાર ચર્ચ્યું હશે એ પણ કલ્પી શકું છું. પરંતુ મને ખાતરી છે કે આ પત્ર વાંચી તમારી બધી ઉસાસાઓ શમી જશે. કુનાર્ડ લાઈનની રાજમહેલ જેવી 'લુકેશીઆ' નામની સ્ટીમર પરથી આ પત્ર લખી રહ્યો છું. એ હું આવતી કાલે હવે

ત્રણચાર કલાક ફ્રાન્સના બ્રેસ્ટ બંદરે અટકાવાનાં છીએ ત્યાંથી પોસ્ટ કરીશ. હવે અમેરિકા જઈએ છીએ. ફક્ત બે જ દિવસ ત્યાં રોકાઈ હું હિંદુસ્તાન પાછો ફરીશ.

આ સુંદર સ્ટીમર વિષે આપણાં છાપાઓમાં વર્ણનો આવ્યાં હતાં, તે તમે વાંચી લેજો. એમાં જેજે સગવડો છે, જેજે રમતગમતનાં સાધનો ગોઠવેલાં છે, તે વિષે કશું જ લખતો નથી. આ અમેરિકનોની વૈભવ માણવાની અભિલાષાઓને ધન્ય છે. શાંત રજનીમાં ચન્દ્રપ્રકાશમાં આ એક નાના ફળદ્રુપ ટાપુ જેવી સ્ટીમર વિશાળ સાગર પર તરી રહી છે, અને હું આજે લખું છું, તે ભાંગ્યુંતૂટયું વાંચવાનો પ્રયત્ન કરતી જુલીઅન મારે ખભે ડોકું રાખી મારી પડખે ઊભી રહી છે. અને એના શ્વેત હાથીદાંત જેવા એક હાથે મારા માથાના વાળ ગૂંચવી રહી છે. પરંતુ આ રમ્ય અનુભવોને પળભર પડતા મૂકી અમે બર્લીનથી લંડન જઈ શુંશું કર્યું એ ઇતિહાસમાં જ ઊતરીશ. તા. ૩ જી એ અમે લંડન પહોંચ્યાં. અને અહીં પણ અમારી મંડળી વિખરાઈ ગઈ. કોઈ કેમ્બ્રિજ તો વેપારી બુદ્ધિવાળા માન્ચેસ્ટર, તો ઈતિહાસના શોખીનો જૂનાપુરાણા કિલ્લા જોવા, તો કુદરતરસીઆ લેકડિસ્ટ્રિક્ટમાં, જેમને જેમ રૂચ્યુ તેમ ઊપડી ગયા. વડિલો તો મુખ્યત્વે લંડનમાં જ રહ્યા. એમને તે પાછી પાર્લામેન્ટ. મુલાકાત, ડિનરપાર્ટી બધું જ કની ?

પ્રથમ તો અમે આપણી સાવકી ય માતાસમી, અને એડવિન જુલીઅનની છૂટા છેડા કરેલી માસમી, પાર્લામેન્ટ જોઈ. ખરેખર, એની મહત્તા અને ગાંભીર્ય મેં ધાર્યા હતાં તેવાં જ લાગ્યાં. આ લોકની કાર્યશકિતમાં ને બુદ્ધિબળમાં મુત્સદ્દીપણું એટલું બધું તેજ રહે છે કે રાજદ્વારી કોયડો એ જ લોકો સહેલાઇથી ઉકેલી શકે ને વણી શકે. પણ એ રાજદ્વારી પ્રકરણ કયાં ખોલું ? વેસ્ટ મિન્સ્ટરમાં જઇ ઇંગ્લેંડની મહાવિભૂતિઓને નમસ્કાર કર્યા. એના વિશાળ અને ભવ્ય ખંડમાં ફરતાંફરતાં મારા થનગન નાચતા હૈયાએ તો જગદંદ્ય કવિઓને શ્રદ્ધાભરી અંજલીઓ દીધી. અનંત નિદ્રા સેવનારી આ મહાવ્યક્તિઓને સંભારતાં કોઈને પણ એની એલેજી સાંભરે

જ. અન્તેની કબર આગળ તો મારાં આંસુ ખાળ્યાં જ નહીં ગયાં. ચોગરદમ નવો પત્થર. પણ એમાં યે લાખોનાં દિલ પીગળાવવાની શક્તિ જાણી મેં પત્થરોને પણ ધન્યવાદ અપાયો. મારું મૌન જુલીઅન વધારતી. હું કંઈ જરૂરનું જોવા ચૂકું તો એ પ્રિયાગમે મારું ધ્યાન ખેંચે. એડ્વિન પણ ક્યાંમૂંગો વાતાવરણમાં ગૂંગળાતો ચાલે.

ચેકસ્પીઅરનું મકાન જોયું. જુલીઅન, હું ને એડ્વિન અમારી ત્રિપુટી સાથે જ ફરતી. બર્નાર્ડ શૉને મળ્યા. દુનીઆમાં જીવનીજાગતી પ્રચંડ મનોબળ ધરાવનારી ફક્ત બે જ વ્યક્તિઓ. ધડપણ આવે તેમ જુવાન થતા જ જાય એવા બર્નાર્ડ શૉ ને આલ્વા એડિસન શૉને તો મળ્યા. અમેરિકામાં પ્રસંગ મળશે તો એડિસનને પણ મળીશું. અને ઇંગ્લૅંડના શૉદાદાને જોયા. એવા જ એક બીજા દાદાને પણ મળી આવ્યાં. તે હાર્ડીદાદા. બાપદા એરોમાફ આપના પરવારે ત્યારે અમારી સાથે વાતો કરે ને ? આખી અંગ્રેજી વાંચનાર આલમને તીખાં તમતમતાં સત્યનિષ્ઠ લખાણોથી વિંધનાર શૉને, અને આખી અંગ્રેજી આલમનાં આંસુઓને હૃદયને ખૂણેખૂણેથી અનેક પંક્તિઓ વડે ખેંચનાર આ વૃદ્ધ જાદુગર હાર્ડીને મળવાથી તો અત્યંત આનંદ થયો. શૉનું મદારી જેવા સ્નેહાળ હાસ્ય અને હાર્ડીની આંખમાં જમેલાં ઠરી રહેલાં આંસુઓ, અમે કદી ભૂલીશું નહીં. જુલીઅન તો કહે છે કે એણે તો શૉની ચમકતી આંખોમાં આખો સેન્ટ-જોનનો નાટક ભજવાતો જોયો, અને ધર્મની પ્રપંચી જાળ ઉકેલવાની હિંમત પિછાની, અને હાર્ડીની આંખમાં આખી ટેમ કોઈ તેજસ્વી લિપિમાં લખાયેલી વાંચી. ઇંગ્લૅંડમાં કરેલી આ બે જાત્રાઓ અમે જીવનમાં કદી ભૂલીએ એમ નથી.

પણ આ સાહિત્યયાત્રા સાથે એક સ્નેહયાત્રાનો પ્રસંગ પણ અહીં જ હવે જણાવી દઉં. જુલીઅન, હું અને એડ્વિન, પ્રકૃતિદેવીએ પાથરેલા ઝીણા પરિધાનસમાં લીલી વનવેલીઓમાં જે સુંદર સરોવર શોભી રહ્યાં છે તે જોઈ કોઈએ ખાસ આગ્રહ કરી કહેલું તેવી એક લીસ્ટરટ્વીન નામની જગા જોવા ગયાં. અત્યંત વિષમ ચઢાવવાળા કેટલાક ચઢાવો ચઢી અમે એ સ્થળે

પહોંચ્યાં. અમારી ગાડી સહેલાઈથી ચઢી અને ડ્રાઈવર હોશીઆર હોઈ જરા પણ ચિંતા થવા ન દીધી. એક સરોવરની આસપાસ બે જરા ઊંચી ટેકરીઓ એવી આકર્ષક રીતે ખડી છે કે કોઈપણ પ્રવાસીનું ધ્યાન ખેંચ્યા વગર નહીં રહે. અહીં માનવીએ પોતાની કળાનો હાથ પણ બતાવ્યો છે. એ બંને ટેકરીઓને મોટા તારનાં દોરડાંવતી બાંધી દેવામાં આવી છે. અને સામી બાજૂ પર જવાઆવવાને ત્યાં સીકાં રાખવામાં આવ્યાં છે. આ સીકાં વિજળીબળે ચાલે છે. અને એમાં બબ્બે માણસો એકી વખતે જઈ શકે છે. અને આ બાજૂથી પેલી બાજૂ જતાં પંદર મિનીટ લાગે છે. અને નીચે સરોવર. તાર તૂટયો તો—પણ બધા કંઈ આપણા જેવા હોય છે? સાહસિકતા શીખતાં આપણને કંઈ સૈકા જોઈશે.

જુલીઅન, એડવિન અને હું એની એક બાજૂએ આવી ઊભાં. બે જ જણ જઈ શકે એમ હતું. એડવિન અમને બેને જ મોકલવા માગતો. હું એ બે જણને જવા કહેતો પણ એડવિનનો મમત મારા કરતાં જબરો. અમારે સામી બાજૂ જઈ સીકુ પાછું મોકલવાનું હતું. એ અડધો કલાક થોભવા કરતાં એડવિન મોટરમાં એટલો સમય ફરવા ગયો. અને અમે બે એ સીકામાં ગોઠવાયાં. સરરર...એ પંદર મિનીટનો અલભ્ય અનુભવ! જાણે ઊડયાં. પડયાં, ગયાં. ઓ : ધબક ધબક, ઉપર આભ, નીચે નિર્મળ જળ. પડયાં તો પાતાળમાં! સુખરૂપ હવે સામે પાર પહોંચ્યાં. અને સીકુ પાછું મોકલાવ્યું.

ત્યાં એક નાનું વિશ્રાંતિગૃહ હતું. ને સાથે નાનોશો બાગ. એથી અગાડી રસ્તો જ ન હતો. બાગ સુંદર હતો. જાણે નાનો માધવીમંડપ. એ માધવીમંડપમાં બેઠાંબેઠાં પ્રકૃતિદેવીનાં દર્શન કરવાનાં, અને એ માધવીમંડપમાં જ અમારાં સ્નેહબીજ ફૂટયાં. પ્રકૃતિદેવીની નિરંતર આરાધના કર્યા પછી એના મધુર પ્રસાદ પચાવીપચાવી, અમે ત્યાંની અગમ્ય લીલામાં અમે અમારા આત્માને સ્વતંત્ર રીતે ફૂદવા જ દીધો. એ પરિસ્થિતિમાં જે કંઈ બન્યું એનો હું સંપૂર્ણ અહેવાલ આ પત્રમાં લખીશ. મને પળેપળ યાદ છે. અને ઉપરથી તમને તો અમારે માટે જે ખ્યાલ બંધાય તે ખરો, બાકી હું તો

એક દર્શન લખવાનો મારો ધર્મ સમજું છું ને લખીશ જ. તે રસ્તે હવેથી હું ને જુલીઅન કર્મ આરંભે જીવન છળીએ જોઈએ. એ અમૃતચોપડીએ અમારો પ્રેમ પ્રગટ્યો. એ માધવીમંડપમાં હું ગયો ન ગયો હશે, ને જુલીઅને હળવેહળવે મારી આંખમાં જોઈ, મારા આત્માના ઊંડાણ સુધી જોયું ને બોલી. એ શું બોલતી હતી તેનું મને ભાન હતું. એ વાર્તાલાપ શી રીતે પરિક્રમવાનો હતો એનું યે મને ભાન હતું. પહેલાં તો એ કંઈ શ્લોક ગણગણી ને પછી મારે ખભે એના બન્ને હાથ મૂકી બોલીઃ

'आनंदरूपममृतं यद्वा विभाति।'–"આનંદસ્વરૂપમાં જ મને તો અમરત્વ જણાય છે." ને હું કંઈ બોલતો તો એ તરત મને અટકાવી એ તો ચલાવ્યે જ રાખતી. 'आनंदाद्धेव खल्विमानि भूतानि जायन्ते' અને એનો અર્થ એ જ હતો કે આનંદમાંથી જ વસ્તુઓ જન્મે છે ! આજ વર્ષો થયાં મારા હૃદયમાં ભરી મૂકેલા આનંદ આજ ઊભરાય છે. મધમાખ જેવો હું તો જ્યાંત્યાં સાહિત્યમાં, વિજ્ઞાનમાં, કે કુદરતમાં દેવાને શાશ્વત આનંદ આપતું દર્શન જોઉં છું તે બધાંયું મારા હૃદયમાં ભર્યા જ કરું છું. એ સર્વથી ઊભરાઈ મારું હૈયું આજે છલકાય છે. અને તું મારા આનંદસાગર ! આજે હું આ આંખોએ જોઉં છું તે તું યે નથી જોતો શું ? ને આ હું જે અનુભવું છું તે તું યે નથી અનુભવતો શું ? મારા આનંદ જેવો તારો આનંદ પણ નથી ઊભરાતો શું ? તને ને મને સર્વત્ર એક જ આનંદનાં દર્શન થાય છે તો એ આનંદમાંથી જ પ્રેમનો જન્મ થવા દે." મારે ખભે એના હાથનો પૂલ રૂઢ થતો ગયો, અને એ આવેશમાં આ જ્ઞાનભંડાર શી રીતે ખાલવી જતી હશે એ વિષે હું કંઈ યે વિચાર કરી શકું તે પહેલાં તો એણે ચલાવ્યું જ.

"આ આકાશ અનંત આનંદથી ભરપૂર ન હોત તો આપણે શ્વાસોચ્છ્વાસ પણ કેમ લઈ શકતા હોત ! મને આજે ધ્યાનથી સાંભળ તું ના નહીં જ કહે. મારું હૃદય આજે ખોલવા દે. તારા મનમાં મારું ધ્યેય, અને મારા દિલમાં તારું ધ્યેય, આ ટૂંક સમયમાં નથી વસ્યું શું ! હું તો એકમાર્ગી છું. સરસ્વતીની શાળી છાયામાં જ સદૈવ ઊછરી છું; છતાં મારા આત્માની આસપાસ કોઈ અગમ્ય બંધન બંધાયલાં મને લાગે છે. એવી પરતંત્રતા હું

અનુભવું છું. મેં ન [illegible] નહીં [illegible]
'સ્નેહના મૂર્તિમાન' [illegible]
મારા ઉમળકાનો ને આનંદનો પાર નથી રહે પાછો."

"પણ હું સ્વાર્થી છું, મારા રેવડન! હું [illegible]
માંગું છું. હું તારા દેશની નથી, ના, હું હિન્દુ નથી. પણ મને [illegible]
હિન્દુ કે એની હું તને ખાતરી આપું છું. અને નહીં તો [illegible]
જોને, મારી જીવનસારની એ [illegible] પૂરી કરજે, વહાલા!"

હું ધીમેધીમે "જુલીઆન! જુલીઆન!" બોલવા [illegible]
તો [illegible] જ [illegible]. જુલીઆન મારા હૃદયમાં [illegible]
એના હૈયાનો ધબકાર હું સાંભળી શકતો હતો.

જીવનની એ ધન્ય પળમાં અમે [illegible], [illegible], અને શાંત, સુખી,
સંતોષી અને સફળ જીવન ગાળવા, જીવનની એકતા અને અધૂરી પ્રકૃતિ
અભિભેદ ટાળવા ખાતર બને છે, એ ખોટ ટાળવા; જીવનકલા વડે
સ્વયંપ્રકાશના સંપૂર્ણ કિરણો ઝીલીઝીલી; એ પ્રેમકિરણોથી સુગંધિત
હૃદયમાં એકઠા થયેલા ખજાનાનાં અમૂલ્ય રત્નો શોધી, એ રત્નો વડે
અનન્ય જીવન શણગારવા, કલ્પનાની જાદુઈ વસંત સદાકાળ અનુભવવા,
વિચારબુદ્ધિની ગહન ઊંડાઈ માપવા, મનોબળની સમતોલ નિયંત્રણક્રિયા વડે
અલભ્ય, અપ્રાપ્ય અને અશક્ય જણાતું સર્વ કંઈ સિદ્ધ કરવા, મનુષ્યને
પ્રાસાદિત સમગ્ર શક્તિઓને સંપૂર્ણ રીતે ખીલવવા, સૂક્ષ્મમાં સૂક્ષ્મ સંસ્કારો-
ને વધારે ને વધારે વિશુદ્ધ કરી, તે અચલ, અમર, અજર, અલૌકિક
પદને પામવા, અમે અમારા હૃદયમાં પ્રેમદીવડો પ્રગટાવ્યો.

એ અડધા કલાકમાં અમે તળઅતળ સુધીનાં અમારાં હૃદય ઉકેલી
લીધાં. અને એક ગાઢ આલિંગન પણ ઉકેલી અમે જરા વ્યવહારુ વાત
કરી. જુલીઅને તો તે ઘડીથી સંવનનકાળ શરુ કરી અને એકબીજાને પૂરાં
ઓળખી લઈ હિન્દુસ્તાન જઈ લગ્ન કરવા સૂચવ્યું; પણ મેં એમ ન કરતાં
જો અમે પરણી શકીએ એમ હોય તો જ સંવનનકાળ શરૂ કરવો, એડવિન
આવે ત્યારે એની સલાહ લેવી, અને લગ્નની શક્યતા ન હોય તો આજે

જે આનંદ ભોગવી રહ્યાં છીએ તે છેવટનો ગણી હમેશભરની વિદાય લેવી. અને લગ્ન તો એ થઈ જ ગયાં હતાં ને? આત્મા ક્યાં જુદાઈ ઓળખવા રહ્યા હતા?

પણ મને વિચાર સરખા યે જુલીઅને કરવા ન દીધા. એ તો કહે કે એડ્વિન કે ડૉ. હ્યુબર્ટ કોઈ ના પાડે જ નહીં. મને બોલતો અટકાવી, વળી પાછી જોરથી મને બેટી પડી, અને એની આંખમાંથી આનંદનાં અશ્રુ દડવા માંડ્યાં, એ લૂછું, ન લૂછું ત્યાં તો એડવીન આવી પહોંચ્યો.

એડ્વિનને જોતાં જ જુલીઅન તરત એની પાસે ગઈ, અને અમારી વચ્ચે બેસાડી આખો ઇતિહાસ એણે કહ્યો. એ બધુ પાછું હું લખાણથી નહીં લખું. મને લાગે છે કે જુલીઅને જે શબ્દોમાં કહ્યું તે શબ્દોમાં હું કદાચ નહીં જ કહી શકત. જુલીઅનની ઉર્મ પણ પુનર્જીવન પામી હતી.

એડ્વિને અમારું કામ સહેલુ કરી આપવા ડૉ. હ્યુબર્ટને પૂછવાનું એણે મને જ પોતાને માથે લીધુ, અને પોતા તરફથી અમને એને અંતરનાં અભિનંદનો પણ આપ્યા. જુલીઅનને તો એણે એમ જ કહ્યું કે આ પંદર દિવસમાં તું તારું વ્યક્તિત્વ આટલું બધું અર્પી દેશે, અને આવી મહાન થઈ જશે એમ હું ધારતો ન હોતો પણ ચાલો, આ જાણી મને તો અત્યંત આનંદ જ થયો."

ત્યાંથી અમે પાછા ફર્યાં, અને વળી એ ગાજવા સમીપ આવી પહોંચ્યાં. અને ત્યાં યે એ જ ઝગડો પાછો, અને હવે તો એડ્વિનને બહાનું મળેલું, એટલે એ જ જાગ્યા હું ને જુલીઅન એ પ્રેમદીવાળો પંદર મિનીટ હીંચોળાઈ પહેલા આ બાજુ આવ્યા, અને એડવીન પછી આવ્યો અને અમે અમારે કિનારે [illegible] પહોંચ્યા.

બીજે દિવસે સવારે જ એડ્વિને એના પપ્પાને અમારે પરણ્યાનું કહ્યું. અને તમે માનશો? એ [illegible] દિલના ભલા પિતાએ પોતાના સંતાનની ઇચ્છાને કેટલુ માન આપ્યું હતું! કેટલાક ગામ્ય મુદ્દાએ રજૂ કરી એનો એણે મને જ વધાવી લીધી અને એક પિતાને છાજે એવી કિંમતી સલાહ આપી અમને એક હીરાની વીંટી મુબારકીમાં ભેટ આપી. એ વીંટી અમે [illegible] વારાફરતી પહેરીએ છીએ.

[illegible] સંશોધનાલય આવ્યાનું.

તા. ૧૦ મીએ અમે ઇંગ્લૅંડને રામરામ કર્યા. અંગ્રેજી ખાડી ઓળંગી. એ ખાડીને ઓળંગીને આજે જ સવારે [illegible] નવું નામ આપ્યું. એને એ "પ્રેમની ખાડી" કહે છે. ઇંગ્લૅંડને રામરામ: અત્યારે તો આખા યુરોપને રામરામ: સિસ્ટરસ્ટ્રીન પર આવેલી પવિત્ર પ્રેમકુંજને રામરામ! સાહિત્યસમૃદ્ધ ફ્રાન્સની રંગભૂમિને રામરામ! પૅરિસની પાસે આવેલા મોન્ટાર્ગી ગામને રામરામ. મોન્ટાર્ગીની સુંદર ફૂલવાડીને રામરામ! એ ફૂલવાડીમાં રમતીકૂદતી નિર્દોષ નર્સોને ભાવભર્યા રામરામ! ને એથી દૂર દૂર બર્લીનમાં અનંતનિદ્રા સેવતી આન્ટીને પ્રણામભર્યા રામરામ!

હિંદુસ્તાન છોડતાં જેવા ભાવો જન્મ્યા હતા એથી કંઈ જુદા જ પ્રકારના ભાવો અત્યારે અનુભવું છું. મારી પડખે અત્યારે પાછી જુલીઅન છે. જુલીઅન! બ્રહ્મ પરબ્રહ્મનો કોયડો સમજવા એ ભગીરથ પ્રયત્ન કરી રહી છે. અમારાં હૃદય એકસરખા ધબકારે ધબકી દિનપ્રતિદિન એક જ દિશામાં, એક જ અભિલાષામાં, અને એક જ આશામાં ઊડવા મથી રહ્યાં છે.

હવે કદાચ એક જ કાગળ લખી શકીશ. ને તેમાં મારું ચોક્કસ આવવાનું જણાવીશ. આ પત્ર વાંચી તમે મારે માટે શું ધારશો, ખીજવાશો, અન્તયબ થશો; કોણ જાણે? પણ જેવા વિધિવાયરામાં તણાયો છું તે બધા સવિસ્તર મેં તમને જણાવ્યા છે. પછી તમે મારે માટે ગમે તે ધારો.

જુલીઅન તો હિંદ જોવાને તલસી રહી છે. પણ કોણ જાણે તમે બધાં એનો કેવો સત્કાર કરશો! પણ મને તો શ્રદ્ધા છે કે ભારતખંડમાં સદાસર્વદા અમે તો આવકાર જ છે. જુલીઅન પણ એવી જ આશા રાખે છે. જુલીઅન કેવી છે એ વિષે હવે મારે વધારે લખવાનું રહેતું જ નથી. એ તો ત્યાં જ આવે છે એટલે જોશો જ ને!

ચાલો, ત્યારે, આ કલાક બે કલાકમાં આ ટપાલ જશે. આ કાગળ તમારી તરફ દોડતો હશે અને અમે તો દરિયાની મધ્યમાં ઝોલા ખાતા હઈશું. જુલીઅન ને હું, હું ને જુલીઅન ને એડવિન તમને પ્રણામ પાઠવીએ છીએ.

સિ. ____

* * *

[પત્ર ૬ ઠ્ઠો]

તા. ____

ચિ. રા. ____

આટલા બધા લોકો મુંબઈ તેડવા આવ્યા હતા, તેમાં તમે જ નહીં જણાયાં, તમારા ગામમાંથી એકે નહીં, એટલે થયું તો ખરું કે સાહેબસવારી મુંબાઈ મોડી ક્યાં રખડતા ઊપડી હશે. અને ખબર કઢાવતાં તમારો પત્તો મળ્યો અને તમારો કાગળ પણ મળ્યો, છતાં અહીંની ધમાલને અંગે આ જવાબ મોડો લખું છું તે માફ કરશો. પણ એમાં અહીં આવ્યા પછી જે જે રમૂજી પ્રસંગો બન્યા તે પણ જણાવીશ. તમે હોત તો કેવી મજા આવતે!

મને યાદ છે કે મેં તમને છેલ્લો પત્ર અમેરિકા જતાં લખ્યો હતો. ત્યાંથી અમે તરત જ નીકળ્યા. એટલે ટપાલ લખવા કે નાખવાનો સમય જ ન હતો. ફક્ત મારી પધરામણીના દિવસનો તાર જ તમને બધાને મળ્યો હશે.

હું જાણી જોઈને મુંબઈ ન આવ્યો. પણ કોલંબો ઊતરી રેલ્વેમાં આવ્યો. કેમ તે કદાચ આખો કાગળ વાંચશો તો સમજાશે. ઘણુંએ ચોરી-

બંદર પર મને જુલીઅન સાથે ફર્સ્ટક્લાસમાંથી ઊતરવાની આશા રાખેલી, અને એ હિસાબે કેટલાક પારસી મિત્રો તો બબ્બે હાર પણ લઈ આવ્યા હતા, પણ બધા જ નીરાશ થયા. સવારે ૯ વાગે મદ્રાસ મેઇલ બોરીબંદર આવ્યો કે તરત જ સગાંવહાલાં તથા મિત્રમંડળ વીંટળાઈ ગયાં. બેત્રણ જણાંએ તો મને પૂછયું પણ કે કેમ એકલો જ. મેં સામું તમારી પૂછપરછ કરી વાત ઊડાવી. અને અમે દશેક વાગે ઘેર પહોંચ્યાં.—બ્હેન પણ જુલીઅન ભાભીને જોવા હોંસભેર આવેલી તે યે બાપડી નીરાશ થઈ હતી.

ત્યારે શું જુલીઅન જેવું કંઇ હતું જ નહીં ? અને હું આખો સમય અત્યાર સુધી તમને બનાવતો જ હતો ? અને ત્રણ દિવસ પર જ સુરતમાં જેની સાથે ગાંધર્વવિધિથી પરણ્યો તે જુલીઅન નહીં ?

જુલીઅન મારી સાથે જ હતી. સાથે જ છે, ને સાથે જ રહેશે. મદ્રાસમાં અમે શ. ખબરદારને મળી આવ્યાં ત્યારે જ વેશ બદલ્યો હતો. મેં એને સુંદર રેશમી સાડીમાં મદરાસણ બનાવેલી. અને એ જ પહેરવેશમાં મુંબઈ આવી હતી. મેં એને મુંબઈમાં સીધી તાજમહાલ હૉટેલમાં જવાની સમજ આપી દીધી હતી. અને ત્યાં અગાઉથી તારથી ગોઠવણ કરી મૂકેલી, તે બોરીબંદર પર મારી સાથેના જ કમ્પાર્ટમેન્ટમાંથી ઊતરી એ ટેક્સી કરી સીધી તાજમહાલ ગઈ. અને જતાં મેં કે એણે સહેજ સામું સરખું યે જોયું નહીં. અમે એવો પ્રથમથી જ તાગડો રચ્યો હતો.

બપોરે હું ને—બ્હેન એને મળવા ગયાં હતાં, ત્યાં તો એણે પાછો એનો અંગ્રેજી પોશાક સજી દીધો હતો. એ તો—બ્હેનને એકદમ બાઝી જ પડી, જાણે વર્ષોનાં સહીપણાં !

ત્રીજે દિવસે રાત્રે અમે સુરત જવા ઊપડનાર હતાં. અમારો વિવાહ-વિધિ ત્યાં થવાનો હતો.—બ્હેને અહીં એક દિવસમાં તો જુલીઅનને થોકડે-બંધ આપણી સાડી, લૂગડાં આણી આપ્યાં, અને પહેરતાં પણ શીખવી દીધાં, તે જુલીઅન તો એમાં એવી શોભી નિકળે ! હાથે એકેકી હીરાની બંગડી, ને ગળામાં એકસરી મોતીની કંઠી, રેશમી બનારસી બુટ્ટાવાળો બસમો, માથે સીધો સેંથો, ને કપાળે ચાંલ્લો. જુલીઅન તો ઓળખાય જ નહીં.

અને વેઇ બજાવવો તો પૂરો બજાવવો, એટલે મુંબઈથી નિકળનાં પણ એમ જ બેન્ડ કાઢો. એ સીધી એ જ ટ્રેનમાં કોલાબેથી આવી. અમે પણ ગ્રાંટરોડથી બેઠાં. જો કોઈ મળે તે પૂછે કે, જુલીઅન ક્યાં? ને હું કહું કે જાન સાથે કંઈ હોય?—સુરત જોજો.

ને ગ્રાંટરોડ પર લોકોની ધમાલ. ઘણાં તો પેલા ફર્સ્ટક્લાસના કમ્પાર્ટમેન્ટમાં બેઠેલી બાઈને જોવામાં જુલીઅન વિષે ભૂલી જ ગયાં. કોઈએ એને કોઈ રાજકુંવરી કે'તી, તો કોઈ એ એને કોઈ સ્ટેટની રાણી કે'તી અને હું ને—અહેન જ ફક્ત સમજીએ ને મનમાં હસીએ. ને એમ અમે સુરત પહોંચ્યાં.

પણ સુરતમાં તો બધાંને વહેમ પડવા માંડેલો. પેલી રાજકુંવરીને માટે જૂઠો ઉતારો, અચાનક ટ્રેનમાં થયેલી ઓળખાણ! વગેરે એકાએક મને ન ઉતર્યું, અને માંડે એને અંગ્રેજી પોશાક પહેરાવી અમે એ મંડપ આગળ આવ્યાં, અને પછી એને પૂજાસમયે બસમો અને દેશી પોશાક પહેરાવ્યો, ત્યારે બધાંના ક્ષોભનો પાર ન રહ્યો. વિવાહવિધિ નિર્વિઘ્ને પાર પડ્યો છે, અને હવે તો એડવિન આવશે, અને ડૉ. હ્યુબર્ટ આવશે ત્યારે લગ્ન થશે ત્યારે તો તમારે આવ્યા વગર જરા પણ ચાલશે નહીં.

ચાલો, કાશ્મીરમાં મજા કરજો. વધારે રહેવાનાં હો તો લખજો કે તાર કરજો, કે કદાચ અમે પણ ત્યાં આવી પહોંચીએ. ને તમારાં જુલીઅન-ભાભીના દર્શન કરાવીએ. હવે તો ગુજરાતી પણ ઠીકઠીક આવડવા માંડ્યું છે, અને કદાચ હવેના કાગળમાં એના હસ્તાક્ષર પણ જુઓ તો નવાઈ નહીં. તમને બધાંને ફરી એકવાર મારા ને જુલીઅનના, જુલીઅન ને મારા, જયશ્રીવંદન.

લિ. ———

—સુવર્ણમાળા

卐

[૧૪]

ઝીણાભાઈ દેસાઈ

[જન્મ : ઈ. સ ૧૯૦૩]

['સ્નેહરશ્મિ' ઉપનામથી આપણા નવીન સાહિત્યકારોમાં કવિ તરીકે પ્રસિદ્ધ **શ્રી.** ઝીણાભાઈ રતનજી દેસાઈ સુરતજીલ્લાના ચીખલીના વતની છે. એમનો જન્મ ૧૯૦૩માં થયો હતો. ઈતિહાસ અને રાજકારણના ઐચ્છિક વિષયો લઈ એ ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક થયેલા છે. વિદ્યાપીઠ ચાલી ત્યાંસુધી એ ત્યાં અધ્યાપક રહ્યા હતા. કારાગૃહનિવાસમાં એમણે કાવ્યો ઉપરાન્ત કેટલીક નવલિકાઓ પણ લખી હતી. 'તૂટેલા તાર', 'ગાતા આસોપાલવ', 'સ્વર્ગ અને પૃથ્વી' એ એમની નવલિકાઓના પ્રસિદ્ધ થઈ ગયેલા સંગ્રહો છે.

'ચંપલ' એક સરસ, સફલ અને વાસ્તવિક્તાનું સુરેખ ચિત્ર આલેખતી નવલિકા છે. ખાણમાં કામ કરનાર જુવાન મજૂરને ગરીબાઈને લીધે તેની માતાના પ્રેમથી તૈયાર કરાવેલાં ચંપલ પહેરવા જેટલું અહોભાગ્ય પણ છેવટ ન સાંપડ્યું ! આ નવલિકા આવું કરૂણ જીવન રજૂ કરે છે.]

ચંપલ

શંકરનું ત્રીજું નેત્ર જાણે ઊઘડતું હોય તેવો ગ્રીષ્મનો ઉગ્ર સૂર્ય તણખા વેરી રહ્યો હતો. ધરતી આખી જાણે કોઈ ગાઢ મૂર્છામાં પડી હોય તેમ તાપથી બળીઝળી ત્રાસી રહી હતી. આખા જગતનો એ તાપ જાણે પોતાના વૃદ્ધ શિર પર વહી અંબા સીમમાં આમતેમ ભેગાં કરેલાં થોડાંક ઈંધણ વેચવા બજાર તરફ જઈ રહી હતી. પોતાના પગ હેઠળના અંગારાની કે પોતાને માથે વરસતા તણખાની આજે તેને પડી ન હતી. તેનું ધ્યાન હતું દૂર **શી**વરીના ડુંગરોમાં. તેનો એકનો એક દીકરો, તેના ઉરનો વિસામો, તેના પ્રાણનો આધાર, તેનો રામુ **શી**વરીની પત્થરોની ખાણમાં કામ કરતો

હતો. આ તાપમાં તેના એ કુમળા બાળકની શી સ્થિતિ થતી હશે તે વિચારે અંબાનું હૃદય ફફડી રહ્યું હતું.

ઉનાળાના આ તાપના વિચાર અનેક દિવસથી તેના મનમાં ઘોળાયા કરતા હતા. રામુ ઉસ્લો તેને એક મહીના ઉપર મળ્યો હતો. ત્યારે તેના પગમાં પગરખાં ન હતાં. અંબાએ તે વખતે તેને કહ્યું:

'ભાઈ, આમ ઉઘાડપગે તો કેમ કરીને કામ થાય?'

જવાબમાં રામુ હસીને બોલ્યો:

'મા, ત્યાં તો બધા રસ્તા ચોખ્ખાચટ હોય છે. આપણે ત્યાંના જેવા થોડા જ ત્યાં કાંટા હોય છે? વળી ત્યાંના મોચીઓને આવડે પણ શું? આપણે ત્યાંના ભગવાનનાં ચંપલ આગળ તેમના બધા જોડા પાણી ભરે. એટલે હું માપું આપી જઈશ. તું નીરાંતે કરાવી મોકલજે.'

વાત એમ હતી કે જે કંઈ મજૂરી મળતી તેમાથી માંડ એ મા દીકરાના રોટલા નીકળી રહેતા. પણ રામુ હમેશ પોતે જાણે ભારે સુખમાં હોય એવો જ દેખાવ રાખતો. આ મહેનતમજૂરી કરી માંડ બે પૈસા ભેગા કરી શકતી. પણ અગાઉનું દેવું અને તેનુ વ્યાજ એ બધું તેમની એકેએક પાઈ ખેંચી જતુ. રામુનો વિચાર દિવસરાત મહેનત કરી એ દેવામાંથી છૂટી અંબાને પોતાની સાથે લઈ જઈ તેને ઘરડે ઘડપણ આરામના બે દિવસ મળે એવો હતો. તેથી એ બને તેટલી કરકસર કરી પૈસા બચાવતો હતો. તેના અંગપરનાં કપડા—જો આડાઅવળા ગોઠવેલા દોરાઓનાં ચીંથરાને કપડાં કહી શકાય તો, તે—નામને યોગ્ય હતા. પગમાં તો કાંઈ પણ પહેરવાની તેને બાધા જ હતી. પણ ઉનાળાના તાપનો તેને ખ્યાલ હતો. પથ્થરની એ ધગધગતી ધરતી પર ત્યારે પગ ન માંડી શકાય તે તે બરાબર જાણતો હતો. તે વખતે તો જોડા કે ચંપલ વિના નહીં જ ચાલે. પણ જોડા ખરીદતા પૈસા વધુ પડે. ચંપલ સસ્તામાં થાય અને ભગવાન ઓળખીતો એટલે કાગળ ગાભા મજબૂત ટાંકા મારે તો વરસ આખુ ખાસ્સું નીકળી જાય. આ બધી રામુની ગણતરી હતી. તેમાં બીજી મોટી ગણતરી તો એ હતી કે એ ચંપલ અંબાદ્વારા તૈયાર કરાવાય તો એ બિચારીને

કેટલો બધો આનંદ થાય? કેવા ઉમળકાથી તે કાળજીપૂર્વક ચંપલ તૈયાર કરાવશે? એમ રામુએ ભગવાન પાસે ચંપલ તૈયાર કરી મોકલવાનું અંબાને કહ્યું હતું. અંબા તો રામુ શીવરી ગયો કે તરત જ ભગવાનને ત્યાં જઈ માપું પણ આપી આવી હતી, પણ દારૂડિયા ભગવાને આળસમાં હજુ સુધી ચંપલ તૈયાર કર્યાં ન હતાં.

આજ તો અંબાએ કોઈ પણ રીતે જરૂર પડે તો તેની પાસે બેસી ચંપલ તૈયાર કરાવવાનો નિશ્ચય કર્યો. શીવરીના એ બળતા ડુંગરો, જ્વાળા જેવી પોતાની લાંબી જીભ કાઢી કોઈ કૂતરો ચારે બાજૂએ આગ ફેલાવતો દોડી રહ્યો હોય એવો મધ્યાહ્ન અને તેની વચમાં તાપથી બ્હીલાઈ જતા નાજુક ફૂલ જેવો પોતાનો રામુ—એ જ દૃશ્ય વારંવાર તેના મન આગળ ખડું થવા લાગ્યું. તેને પોતાના પર ચીડ ચડી. આટલા બધા દિવસ સુધી આવી બેદરકારી પોતે કેમ કરી?

પણ એમાં અંબાનો બિચારીનો કંઈ જ વાંક ન હતો. આળસુ ભગવાનમાં લુચ્ચાઈ અને આળસનું પદ સરખા પ્રમાણમાં મંડાયેલું હતું. અંબા પાસેથી માપું લેતાં તેણે બાનાના આઠ આના લીધા હતા. દારૂ પીધા પછી તે વાત યાદ કરવાની તેને જરૂર હતી નહીં. વચ્ચે જે વખત અંબાએ ચંપલની ઉઘરાણી કરેલી ત્યારે તેણે સારું ચામડું નથી આવ્યું,' 'તળીઆનું ચામડું હવે તો ચાર દહાડામાં આવવાનું છે,' વગેરે જવાબો આપી તેને છેતરેલી. આજ તો હવે તેને ત્યાંથી ચંપલ લઇને ઊઠવું એમ અંબાએ નિશ્ચય કર્યો. તેણે ઈંધણનો ભારો બે પૈસા ઓછા લઇને પણ ઝટપટ વેચી ભગવાનની દુકાનનો રસ્તો લીધો. ચંપલ ભગવાને ચૌદ આનામાં કરી આપવાનું ઠરાવ્યું હતું. એટલે તેના બાકીના ૭ આના તેને પહેલા આપી, માથા પર બેસી ચંપલ કરાવવા અંબાએ કમર કસી.

૭ આના હાથમાં પડતાં ભગવાનની આંખ ચમકી. તરત જ તેણે તેને દારૂમાં ફેરવી નાંખ્યા. અંબા સાથે વાતોનાં ગપ્પાં મારતો તે ચંપલ બનાવવા બેઠો. ચંપલ તેણે લગભગ તૈયાર કરી નાંખ્યાં, પણ અમલ હજુ પૂરો ચડ્યો ન હતો, એટલે અંબાને તેણે તે વિષે ફરિયાદ કરી. અને પૂરા અમલ વિના

ટાંકા પણ બરોબર ક્યાંથી લાગે? અંબા પાસે લોટ લેવા માટે ચાર આના બચી રહેલા હતા. ચંપલ સારાં થાય, અને આજ ને આજ મળે એ લોભમાં અંબાએ તેને તે ઊછીના આપ્યા. ભગવાને ચંપલ તૈયાર કરી આપ્યાં તે દિવસે અંબાએ એક ટાણું જ કર્યું, પણ તેનું તેને દુઃખ ન હતું. એવી રીતે એક ટાણું તો શું—નકોરડા અપવાસ પણ અનેક વખત કરીકરી તે ટેવાઈ ગઈ હતી. પણ આજનું એક ટાણું તો તેને ખૂબ ગમે એવું હતું. આજે પોતે પોતાની સાથે અમૂલ્ય વસ્તુ લઈ આવી હતી. અંબા જ્યારે જુવાન હતી, જ્યારે તેના મનમાં અનેક અભિલાષાઓ ભરી હતી ત્યારે પણ તેના કોઈ પણ સુંદર લુગડાએ કે તેના કોઈ ઘરેણાએ તેને એટલી ગાંડી બનાવી ન હતી, જેટલી આજે તેને એ ચપલે હરખઘેલી કરી. રસ્તામાં અનેક વખત તેણે તે ચપલને ધારીધારીને તપાસ્યાં. તેના ટાંકાઓ જોયા, તેનાં નખિયાં જોયાં—એ જોતાંજોતાં તે કેમે કરી ધરાતી જ ન હતી. પોતાના શંભુના પગમાં તે કેવાં શોભશે, તેના ભાઈબંધો પણ કેવા રાજી થતા તેને જોઈ રહેશે, વગેરે અનેક મીઠી કલ્પનાઓ તેણે કરી. રાત્રે ઊંઘમાંથી પણ કેટલીય વખત ઊઠી તેણે તેને લાંબો વખત સુધી હાથમાં રાખી તપાસ્યાં. રખે કોઈ તેને ચોરી પણ જાય એ વિચાર આવતાં તેણે તેને માથા હેઠળ સંતાડ્યાં. ચપલ અંબાને માટે જીવન્ત કાવ્યરૂપ બની ગયાં.

એકેક મહિના પછી પોતાના પાડોશીનો છોકરો શહેર જવાનો હતો એની સાથે શંભુને ચપલ મોકલી આપવાનો અંબાએ વિચાર કરી રાખ્યો; એવામાં તેની ઉપર એક કાગળ આવ્યો. જ્યારેજ્યારે પોતાના પર કાગળ આવતા ત્યારેત્યારે અંબા ધ્રુજી ઊઠતી. અનેક કુશંકાઓ તેના મનમાં ઊભરાઈ આવતી. તેને કાગળ લખનાર જગતમાં માત્ર એક જ જણ હતું—શંભુ! એટલે તે સહેજે કળી શકતી કે પત્ર શંભુનો જ હશે પણ તે માંદો તો ન હોય? એવાએવા અનેક વિચારો તેને ગભરાવી મૂકતા. અન્તે કાગળ જ્યારે એ વંચાવી લેતી ત્યારે જ તેનો જીવ હેઠે પડતો. આજે કાગળ મળતાં જ તેનું શરીર ધ્રુજવા માંડ્યું. તેણે લુગડાના છેડામાં કાગળ બાંધ્યો. [illegible] મોહનલાલ ગાંધીની દુકાન તરફ તે ચાલી. [illegible] મોહનલાલ તેના કાગળ

[illegible]

[illegible] નિશાળના કમ્પાઉન્ડમાં [illegible] મોકલે. નિશાળમાં જતાં કેવી રીતે? અને માસ્તર તે વાંચી આપશે કે કેમ? અનેક પ્રશ્નો તેના મનમાં ઘોળાવા લાગ્યા. આખરે હિમ્મત કરી તે નિશાળના કમ્પાઉન્ડમાં દાખલ થઈ. માસ્તર ક્યારે બહાર નીકળે તેની રાહ જોતી તે બેઠી. આખરે વર્ગમાંથી બહાર આવતાં તેને જોઈ ઓટલે તરત જ પૂછ્યું :

'કોનું કામ છે?'

અંબાએ કહ્યું : 'ભાઈ, આટલો કાગળ વાંચી આપોને?'

'મને અત્યારે કાગળ વાંચવાની ફુરસદ નથી. બીજા કોઈની પાસે વંચાવી લેજે,' એમ કહી અંબાનો બીજો એક પણ બોલ સાંભળવાની પરવા કર્યા વિના માસ્તર બીજા વર્ગમાં ચાલ્યા ગયા. અંબાની નીરાશા અસહ્ય થઈ પડી. આમ છતાં તેણે છેક ધીરજ ગુમાવી નહિ. તે ધગધગતા બપોરમાં તે બેસી રહી. માસ્તર બહાર આવે ત્યારે ફરીથી તેને આજીજી કરવાનો તેણે વિચાર રાખ્યો. બીજો વર્ગ પૂરો કરી માસ્તર જ્યારે બહાર નીકળ્યા ત્યારે અંબાને ત્યાં જ તાપમાં બેઠેલી જોતાં તેમનું હૃદય કંઈક પીગળ્યું. તેમણે કંટાળા ભરેલા અવાજે કહ્યું :

'તમે લોકો કેવાં છો? ગામમાં બીજા બધા મરી ગયા કે અહીં માથું પટકવા આવો છો? લાવ જોઈએ, કોનો કાગળ છે?'

માસ્તરે કાગળ વાંચ્યો. કાગળ શીવરી માઈન્સ હૉસ્પિટલના ડાક્ટર તરફથી હતો. તેમાં હતું કે રામુને અકસ્માત નડવાથી તેને શીવરીમાઈન્સ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે અને તેની ઉપર શસ્ત્રપ્રયોગ કરવામાં આવ્યો છે. જો અંબાને તેની ખબર લેવા જવું હોય તો જઈ શકે છે. પોતાનું મૃત્યુ સામે આવીને ઊભું રહેત તો પણ અંબાને આવો આઘાત થાત નહીં. હબકો થયો તે જમીન ઉપર ઢળી પડી. માસ્તરને તેણે રડતાં રડતાં પૂછ્યું :

'ભાઈ, પણ મારો રામુ સારો તો છે ને ? જરાક તમે ફરીથી વાંચી જુઓને ?'

'હા, હા, મેં વાંચ્યું છે. તારે તેની ખબર લેવા જવું જોઈએ.'

'પણ તેને શું થયું છે ?'

'અકસ્માત.'

'કેવી રીતે ?'

'તે એમાં કંઈ લખ્યું નથી.'

બિચારી અંબા ! રામુને શું થયું હશે તે સંબંધી કંઈ પણ તે જાણી શકી નહીં. શીવરીમાં તે હૉસ્પિટલ કેવી રીતે શોધી કાઢવી, કેમ જવું વગેરે તેને કંઈ જ સમઝાતુ ન હતુ. આખી રાત તેણે રડીરડી વીતાડી.

બીજે દિવસે તે શીવરી જવા નીકળી. સાથે તેણે રામુનાં ચંપલ લીધાં. 'ઈશ્વર કરે ને મારા રામુને કંઈ ખાસ ઈજા થઈ ન હોય !' એમ વારંવાર તેનું મન વિચાર કરવા મંડ્યુ. તેણે અનેક પ્રકારની બાધા લીધી. તેનું કોમળ હૃદય આજ તીવ્ર દુઃખના ભારથી તૂટી રહ્યું હતું.

મહામુશીબતે તેણે હૉસ્પિટલ શોધી કાઢી. રામુના ખાટલા પાસે જતાં તે ફસડી ઊઠી. રામુ ચાદર ઓઢી સુતો હતો. તેની આસપાસ બીજા અનેક દર્દીઓના ખાટલા હતા. એક નર્સ અંબાને રામુ પાસે લઈ આવી. અંબાને જોતાં રામુના ફીક્કા મુખ ઉપર સ્મિત ફરક્યું. તે બોલ્યો :

'મા, તું આવી !'

'હા, ભાઈ, કેમ છે તને ? કેટલુંક વાગ્યું છે ? ક્યાં વાગ્યું છે ?'

'અરે કંઈ નથી. એ તો મા? કાલે સારું થઈ જશે. મેં તો અહીં બધાને ના પણ પાડેલી કે એમાં તને કહેવડાવવું પણ શું? પણ ડાક્ટર સાહેબે નહીં માન્યું. ચાલ, તું આવી તે હવે સારું થયું. કંઈ ચિન્તા કરતી નહીં.'

'પણ ભાઈ, તું કેટલો બધો નબળો પડી ગયો છે? આમ સૂતાં-સૂતાં તો હાડકાં પણ દુઃખતાં હશે. લાવ, તારું માથું દબાવું.'

'અરે, ના, ના, મને કંઈ યે દુઃખતું નથી; પણ લાવ જોઉં, આ પોટલીમાં તું શું લાવી?'

અંબાએ તરત જ પોટલી છોડી. રામુને માટે તૈયાર કરાવેલાં ચંપલ તેમાં હતાં. રામુના મુખ ઉપર ક્ષણભર તીવ્ર વેદનાની એક છાયા ફરકી ગઈ, પણ પછી તરત જ મોં ઉપર સ્મિત ફરકાવતો તે બોલ્યો:

'વાહ, કેવાં સરસ છે, મા! ભગવાનની કારીગરી તે ભગવાનની જ ને? અહીં બધા જડસા જેવા છે. કોઈને કંઈ આવડતું પણ નથી. અને ચામડું પણ કેવું સરસ છે? મારા બધા દોસ્તદારો પણ એ જોઈને ચકિત થઈ જશે. મા! એવાં સરસ છે કે જાણે એને સાચવી જ રાખું.?

'નહીં ભાઈ, એને ઓછાં જ સાચવવા સારુ કરાવ્યાં છે? એ તો પહેરવા માટે છે.'

'હા, હા, હું સાજો થઈને જરૂર પહેરીશ.'

રામુનો કંઠ દુઃખથી રૂંધાતો હતો. અંબા બિચારીને તે કેવી રીતે કહી શકે કે ખાણમાં એક શિલા રડી પડતાં, તેની નીચે તેનો જમણો પગ આવી જતાં, તે ભાંગી ગયો હતો, અને ડૉક્ટરોએ તેના પર શસ્ત્રપ્રયોગ કરી તે કાપી નાંખ્યો હતો!

—સ્વર્ગ અને પૃથ્વી

卐

[૬૫]

અશેપ

[જન્મ : ઈ. સ. ૧૯૦૭]

['અશેષ' ઉપનામવાળા નવલિકાકાર પ્રતિભાની ઝલક દર્શાવનાર આપણા નવીન નવલિકાકાર છે.

'બિચારો કવિ' એ પત્રોદ્વારા સર્જાયેલી એમની વાસ્તવદર્શી નવલિકા છે. વર્તમાનયુગમાં સાથે ઝૂઝતા ગુજરાતી સાહિત્યકારો—કવિઓ—ની સ્થિતિનું વાર્તામાં નિર્મળ પ્રતિબિંબ પડ્યું છે. કવિ, તેની કાવ્યકૃતિઓના દીવદાંડી પ્રકાશકો, મુખ્ય વિક્રેતાઓ, આખો યે સમાજ, ઊલટું એનું શોષણ કરી એને કેવી સ્થિતિમાં રાખે છે તેનું એક કરુણ, તેટલું જ વાસ્તવિક ને રસિક ચિત્ર અહીં બહુ સારી રીતે આલેખવામાં આવ્યું છે.]

બિચારો કવિ

[કેટલાક પત્રો]

[પત્ર ૧ લો]

શ્રી રા. કવિ પંચવદનશર્મા,

તમારા કાવ્યમકરંદ—ચંપાનાં ફૂલ—ની જે એક સો નકલો તમે આજથી ... માસ પહેલાં અમારે ત્યાં વેચાણ મૂકી હતી તે પાછી લઈ જવા કે પછી ખપાવી લેવા સત્વર વ્યવસ્થા કરશો.

આજ સુધીમાં એ પુસ્તક ખરીદનાર કોઈ જ [illegible] નથી [illegible] એ નકામી જગ્યા રોકે છે, ને માટે જાહેર ખબર અને [illegible] તમે [illegible] [illegible] તમારા [illegible] હિસાબ વગેરેની [illegible] [illegible] એ જ પુસ્તકનું વેચાણ કરવા બેઠા હોઈએ.'

અમે સલાહ આપીએ ત્યારે તમને—લેખકોને—કડવું લાગે છે. પ
આવી કઢંગી—કદરૂપી—હાલતમાં ચોપડી છપાવતા પહેલાં અમારા જેવા કો
જાણકારની સલાહ લીધી હોત તો તમને ઉપયોગી થઈ પડત. અને કીંમ
રાખવામાં પણ તમે કાંઈ નિયમ જાળવતા નથી. અંદરના લખાણની કીંમ
તમારે મન ગમે તેટલી હોય છતાં એ જાહેરમાં ન મૂકાય એનું ના
વ્યવહારકુશળતા.

તાજેતરમાં પ્રગટ થયેલા ઘણાખરા કાવ્યસંગ્રહો તમે જોયા જ હશે
તે બધામાં રૂપરંગ પર કેટલું લક્ષ આપવામાં આવ્યું છે તેનો વિચાર તમે
કર્યો હોત તો પણ તમારું પુસ્તક તમે સુધારી શક્યા હોત. પણ આ બધ
સલાહ અત્યારે તો નિરુપયોગી છે. તમને કદાચ ભવિષ્યમાં પ્રકાશન કરે
ત્યારે કામ આવે એમ ધારીને લખું છું.

બીજી એક સલાહ મિત્રભાવે આપું? લખવાની શક્તિ હોય—લખવાનો
ઉત્સાહ હોય—તોપણ કવિતા લખવાનું માંડી વાળો; અથવા ખાનગી કામ
તરીકે રાખો. વાર્તાઓ કે નવલકથા લખવા પ્રયત્ન કરો. જાતે ન સૂઝે તો
અંગ્રેજી કે બીજી ભાષામાંથી વસ્તુ લઈને પણ વાર્તાઓ લખો. આ સલાહ
આપવામાં તમારી કવિતદેવીને મારાથી અન્યાય થઈ જતો હોય તો ક્ષમા
માગું છું. પણ 'લખવું' એ એક ધંધો છે એ આપણા લેખકો ક્યારે સમજતા
થશે એ જ ચિન્તા મને તો થાય છે. એ ધંધામાં પણ માંગ અને ઉત્પન્ન
બંનેને અવકાશ છે એ જેટલું વહેલું સમઝાય તેટલું સારું. એટલે તમારા
જેવા નવા લેખકોને તો હું હમેશાં જ આવી સલાહ આપું છું. બેશક એમાં
અમારું પ્રકાશકોનું અને ચોપડી વેચનારાઓનું હિત પણ સમાયેલું છે એ
કબૂલ કરું છું.

પણ આ બધી તો આડીઅવળી વાત થઇ. અમારાં બેત્રણ નવાં પ્રકાશનો
તૈયાર થઈ ગયાં છે એટલે દુકાનમાંથી નિરુપયોગી સામાન દૂર કર્યે જ
છૂટકો, એટલે જેમ બને તેમ જલદી તમારાં પુસ્તકો અહિંથી લઈ જવાની
વ્યવસ્થા કરશો. જેટલી ઢીલ કરશો એટલી ખરાબી પુસ્તકોની થશે. તસ્દી માફ.

લિ. પૂનમચંદ અભયચંદ,
બૂકસેલર અને પબ્લિશર

***

[પત્ર ૨ જો]

શ્રી સ્ને. ભાઈ પૂનમચંદ,

તમારો પત્ર મળ્યો છે. બધી સલાહ માટે તમારો આભારી છું. આજ સુધીમાં તમારે ત્યાંથી પુસ્તકની પાંચપચીસ નકલ પણ ન વેચાઇ તે જાણીને મને બેશક આશ્ચર્ય થાય છે. પણ બીજાં પુસ્તકોને ધપાવતા આવી ચોપડી માટે તમને ફુરસદ પણ ક્યાંથી મળે! છતાં આજ સુધી તમે એ ચોપડીઓ તમારી દુકાનમાં રાખવા દીધાં તે બદલ તમારો આભાર ન માનું તો હું કૃતઘ્ન ગણાઉં. જેમાંથી કાંઈ પણ આવક ન હોય એ વસ્તુ ભારરૂપ લાગે એટલું તો હું સમજી શકું છું.

તમારી જાણ માટે થોડું લખવાની જરૂર છે. આને છપાવતા પહેલાં આ સંગ્રહ મેં બેએક મિત્રોના ભલામણપત્રો સાથે એક પછી એક જાણીતા વિવેચકોને મોકલાવેલો. તેમનાં નામ તમને ન જણાવું તો ક્ષમા કરશો. એકે અમુક વિવેચકની સલાહ લેવા માટે દોઢ વરસ સુધી સંગ્રહ રાખી રાખ્યો અને પછી વિવેચકની સલાહનો સુયોગ એમને ન મળ્યો એટલે પાછો મોકલ્યો. બીજા એકે પણ એકબીજું કારણ જણાવી એકએક વરસ સંગ્રહ પોતાની પાસે રાખી મૂક્યો. સંગ્રહ પાછો વાળતાં દરેકે તમારી પેઠે જ ઉચિત કે અનુચિત વણમાગી સલાહો આપેલી. આ બધા વિધિમાં કેટલો સમય ગયો તે તમે જાતે જ કલ્પી લેશો. પછી તો સાહસ કરીને મને જેવું સૂઝ્યું તે પ્રમાણે મેં જ સંગ્રહ છપાવી નાખ્યો. બીજાં પુસ્તકોના રૂપરંગ મેં અવશ્ય જોયા છે પણ એવા રૂપરંગ ખરીદવાની મારી શક્તિ નહિ એટલે પ્રલોભનને વશ નથી થયો. વળી લખાણની કીમત તમારા જેવાં કે સામાન્ય ખરીદનાર કરતા અમારે મન અનેકગણી હોય એમ હું માનનારું છું. એને તમે નિર્બળતા માનો તો પણ મને શરમ નહિ લાગે.

આપણા બે પ્રસિદ્ધ વિવેચકોમાંથી એક પાસે ઉપોદ્ઘાત કે પરિચય લખાવવા માટે પણ ઘણી વખત ગુમાવ્યા. પણ પરિચયને બદલે હું તો ખરો અભિપ્રાય પણ ન મળ્યો. એકે પોતાની નાજુક તબિયતનું અને કામના ભરાવાનું કારણ જણાવ્યું. બીજાએ મારો કે મારા માનસનો એમને બીલકુલ પરિચય નથી એવું કારણ જણાવ્યું

જાહેરાત વગેરેમાં અમે તમારે હિસાબે નકલ મોકલી એ હું સ્વીકારું છું. છતાં વર્તમાનપત્રો અને માસિકોને ભાગ્યે નકલો મોકલાવી. વર્તમાનપત્રો-માંનાં ઘણાંખરાં અવલોકનો કાપ્યા વાંચ્યા વગર જ સચવાયાં. માસિકોમાં કોઈ કે પુસ્તકનો સ્વીકાર કર્યો છે. અવલોકન માટે તેમને અવકાશ મળે ત્યારે ખરો. આ ઉપરાંત સીધી જાહેરાત કરવાની મારી શક્તિ નથી. વળી એ બધાં પત્રોના અધિપતિઓના કે અવલોકન લખનારાના પરિચય સાધતાં તો કદાચ મારે બે દશકા વીતાવવા પડે. આવી પરિસ્થિતિમાં મેં જાતે આ પ્રકાશન કર્યું તે ડહાપણ નથી કર્યું એમ તમે અને તમારા જેવા અન્ય માને એ સ્વાભાવિક છે,

વાર્તાઓ કે નવલકથા લખવાની તમારી વ્યવહારુ સલાહ માટે આભાર માનું છું. જીવનમાં અને સાહિત્યમાં કવિતા સાથે એ સ્વરૂપને પણ અવકાશ છે એ હું સમજું છું. પણ માત્ર સૂચના કે સલાહથી જ સર્જન થતાં હોત તો આ જવાબને બદલે તમને એક વાર્તાસંગ્રહ જ મળત. છતાં સર્જક પોતાના સર્જનનો ઝોક વાળી શકે તો તમારી સલાહ ઘણી કીમતી થઈ પડે.

મારા એક સ્નેહીને 'ચંપાનાં ફૂલ'ની તમારે ત્યાંની બધી નકલ હિસાબ કરીને લઈ જવા મેં સૂચના આપી છે એટલે તમે એને સાચવવાના ત્રાસમાંથી સત્વર મુક્ત થશો. કોઈ રડ્યોખડ્યો ખરીદનાર આવે તો એ પુસ્તક અલભ્ય નથી એટલું જણાવશો તો કૃપા થશે. તમારી સલાહ માટે ફરીને આભાર માનું છું.

લિ. પંચવદનનાં નમન

***

[પત્ર ૩ જો]

મહેરબાન શેઠશ્રી પૂનમલાલજીની સેવામાં,

આજ સુધી ગુજરાતી સાહિત્યના ઉદ્ધાર માટે આપ જે આર્થિક મદદ કરતા આવ્યા છો તે જાણીને આ વિનંતિપત્ર લખતા પ્રેરાયો છું.

એમના જેવાની મદદનું મૂલ્ય સાહિત્યજગતમાં કેટલું છે તે અમારા જેવા કવિઓ વિશેષ સમજી શકે એમ મારું માનવું છે

આ સાથે મારો કાવ્યસંગ્રહ નામે 'ચંપાનાં ફૂલ' હું આપને મોકલું છું તે વાંચતા આપને મારી યત્કિંચિત્ સાહિત્યસેવાનો પરિચય થશે એમ ધારું છું. મેં એ પુસ્તકનું પ્રકાશન જાતે જ કર્યું છે એટલે અત્યારે એ ખર્ચના ભારના બોજા નીચે દબાયેલો છું. આપ જેવા સાહિત્યપ્રેમી સજ્જનો પ્રત ખરીદ કરે અને શાળાઓમાં કે બીજી કોઈ શિક્ષણસંસ્થાઓમાં એનો પ્રચાર કરે તો હું બોજમાંથી સત્વર જ મુક્ત થઈ જાઉં. કેટલી મદદની મારી પ્રાર્થનાનો નિર્ણય મારે આપ ઉપર જ છોડવાનો છે અને જ્યારે ગુજરાતના અન્ય પ્રસિદ્ધ સાહિત્યકારોને આપે યથાર્થ સહાય કરી છે તો મને ભય શાનો હોય? આવી મદદ મળતાં મારી સાહિત્યસેવાને જે વેગ અને ઉત્સાહ મળશે તે માટે પણ હું સર્વદા આપનો ઋણી રહીશ.

હું નથી ધારતો કે કમાઈ જવાની લાલચે આપને આ નથી લખતો. મેં સ્વયં પ્રકાશનખર્ચનો હિસાબ બીડેલ છે તે જોતાં આપને વિદિત થશે. અત્યારે તો મારો મુદ્દો અજાણ્યા વહોરી લીધેલા આ બોજમાંથી છૂટવાનો જ છે. એકબાર મિત્રોની સલાહથી પરિચય વગર પણ આપને આ લખવાની હિંમત કરી છે તે બદલ ક્ષમા કરશો. પણ તમારો પરિચય કોનાથી? સાહિત્ય પ્રત્યેનું તમારું વાત્સલ્ય જાણનાર કોને નહિ હોય? આપના જેવા વધારે દાનવીરો આપણા સાહિત્યક્ષેત્રમાં નથી એ ગુજરાતનું કમનસીબ છે. નહિતર ગુજરાતી સાહિત્ય અવશ્ય વિશેષ પ્રગતિમાન બને. આપને કાંઈ સલાહ આપવી એ ધૃષ્ટતા ગણાય. પણ હું અને મારા જેવા અન્ય લેખકો તો ઇચ્છે કે છૂટકછૂટક પૈસા વેરવાને બદલે આપ એક પ્રકાશનસંસ્થા ઊભી કરો અને તેનો લાભ ઊગતા લેખકોને આપો; કારણકે મદદની ખરી જરૂર અમ જેવા ઊગતા લેખકોને જ છે. જેઓ પ્રતિષ્ઠિત થયા છે તેમની પાસે તો બીજો દરેકોઈ પ્રકાશક જશે અને તે કહેશે તેવી શરતો સ્વીકારશે.

[illegible]

[પત્ર : ૮ મો]

રા. કવિ [illegible]

તમારો પત્ર મળ્યો. [illegible] લખવાનું કે, પુસ્તકો અને ગ્રન્થકારોને મદદ કરવામાં શેઠશ્રી પોતે નિર્ણય કરતા નથી. પણ તેમના પરિચિત [illegible] ગૃહસ્થોના અભિપ્રાય પૂછાવે છે. [illegible] પણ [illegible] રા. લક્ષ્મણસિંહ તેઓ અત્રેની મ્યુનિસિપાલિટીમાં [illegible] અભિપ્રાય માટે મોકલતાં, તેમનો અભિપ્રાય મદદ માટે ન આવવાથી તમને કાંઈ પણ મદદ થઈ શકે તેમ નથી તે જાણશો. છતાં આવું કાંઈ તમારે છપાવવું હોય તો અધિપત્રિકાનો વિચાર કરીને પહેલેથી જણાવવું. વળી અત્રેની એક ગુજરાતી સભાના મંત્રીને પૂછતાં તેઓ પણ તમારા વિષે કાંઈ જાણતા નથી. તેમની લાયબ્રેરીમાં પણ તમારું પુસ્તક કે નથી. માટે જ્યાંસુધી તમે પોતે કાંઈક જાણીતા ન થાઓ ત્યાં સુધી તમને શેઠશ્રી તરફથી કાંઈ પણ આર્થિક મદદ મળી શકે તેમ નથી તે જાણશો. આ બાબતમાં હવે વિશેષ પત્રવ્યવહાર કરવાની જરૂર નથી.

લિ. ગોપાળજી અંબારામ,
શેઠ પૂનમલાલના સેક્રેટરી

***

[પત્ર : ૫ મો]

. ભાઈ,

તારો નવરો ઘણો વખત થયાં પત્ર નથી તો ચિંતા થાય છે માટે ...ત કાગળ લખજે. ગઈ કાલે જ કાકાની પરેશી વર્ષગાંઠ ગઈ અને એને ...ર્ષ વરસ પૂરું થયું છે. હવે તું લખે ત્યારે એને અને એની માને ...આશી આપ. અહીં તેડવા આવવાનો નકામો ખરચ કરીશ નહિ. માટે ...ર તો હમણાં અહિં જ રહેવાનો છે.

પીઠે એક ખાસ બાબત જણાવવાની કે પરશોત્તમ કાકા તેમના ...ણમેં રૂપિયાની ઉઘરાણી કરવા આવ્યા હતા. અને હવે તું કમાતો ...ો છે એટલે નકામું એમનું દેવું રાખી વ્યાજ ચડાવવું નહિ એમ કહેતા ...ા છે. તેમાં રોકડા રૂપિયા તો આપણે વહુના સીમંત વખતે લીધેલા ...ને આ જે કાકાને પણ એક વરસ પૂરું થઈ ગયું છતાં તે આપણે ...થી શક્યાં નથી. કાકાને માસ્તરીને મહેનું અને બનતી કરકસર કરવી.

તેં છાપેલી ચોપડી મોકલી હતી તે તો બહેન એને માસરેથી ચાર ...ાલ આવી હતી તે લઈ ગઈ છે. મ નો તારે કામની હશે એમ ધારીને ...ખવી રાખી હતી. ચોપડીઓમાં તો ભણવા માટે જોઈતો ખરચ કરવો ...ે. પણ ભાઈ, જૂની ચોપડીઓ મળતી હોય તો લેવી કે ખરચમાં બચાવ ...ય. તું સમજુ છે એટલે વધારે લખવાની જરૂર નથી. ભગવાન આપણને ...ારી સ્થિતિ દેખાડશે. અહિંના તારા ભાઈબંધો તો તારાં ખૂબ વખાણ કરે ... કાગળનો જવાબ જલદી લખજે.

લિ. તારી માતુશ્રીના આશીર્વાદ

卐

[૧૬]

ઉમાશંકર જોષી

[જન્મ : ઈ. સ. ૧૯૧૧]

[શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોષી ઇડર સંસ્થાનના બામણાગામના વતની છે. ઇ. સ. ૧૯૨૮ માં મૅટ્રિક્યુલેશનની પરીક્ષામાં એ સુમાર ત્રીજે નંબરે આવ્યા હતા. ગુજરાત કૉલેજમાં એ બી. એ. સુધી ભણ્યા ને સત્યાગ્રહના ઝંઝાવાતમાં ઝડપાઈ બે વાર કારાગારવાસી થયા હતા. હવે એમણે બી. એ. ની પરીક્ષા પણ પસાર કરી છે ને હાલ મુંબાઈ ઍમ. એ. નો અભ્યાસ કરે છે.

શ્રી. ઉમાશંકર જોષી ઉચ્ચ પ્રતિના કવિ, નવલિકાકાર અને નાટ્યકાર છે. સાહિત્યનાં આ અંગોની એમની ચાલુ લેખાવલિ—'વિશ્વશાંતિ'કાવ્ય ('૩૧), ગંગોત્રી (કાવ્યસંગ્રહ) ('૩૪), સાપના ભારા (નાટિકાસંગ્રહ) ('૩૬), અને શ્રાવણીમેળો (નવલિકાસંગ્રહ) ('૩૬)—પ્રસિદ્ધ થઇ ચૂકી છે.

'પગલીનો પાડનાર' એ આપણાં જૂનાં સ્ત્રીગીતોમાંથી રન્નાદેનાં આવાહનગીતની પ્રેરિત વાર્તા છે. દાદાજીની પૌત્ર પામવાની મહેચ્છાને છોકરેછોકરે દૂર ને દૂર ઠેલતી અને એ રીતે ગુજરાતી સંસારનું એક વાસ્તવિક ચિત્ર રજૂ કરતી આ એક સરસ નવલિકા છે.]

પગલીનો પાડનાર

શાન્તારામને જીંદગીમાં કશું અણમાણ્યું રહ્યું ન હતું. કરકરિયાવર બાપદાદાની વટ પ્રમાણે કર્યાં હતા ને ઘરબારણું ભિજાણુ રાખ્યું હતું. પાંચ પૂછાતા માણસમાં એમના બોલનું હમેશાં વજન પડતું. છેલ્લા સિંહસ્થવર્ષમાં રહી ગયેલી તે, બદ્રીકેદારની યાત્રા પણ પતાવી લીધી હતી. છતાં કોઈએ એમને 'હવે તો ભગવાન મોત મોકલે તો સારું' એમ બોલતા કદી સાંભળ્યા ન હતા. એમના હૃદયમાં કોઈ પ્રબળ ઈચ્છા પ્રવર્તી રહી હતી જે મોતને ઊંબરો ઓળંગીને અંદર આવવા દેતી ન હતી.

પોતાની પાંચે દીકરીઓને એમણે સારે ઠેકાણે 'નાંખી' હતી. પચ્ચીસેક વર્ષે સૌથી નાનો, પાંચ બ્હેનો વચ્ચે ખોટનો એકનો એક ભાઈ કિસન એ ય સારા ઘરની વહૂ પામ્યો હતો. કિસનની લીલી વાડી જોઈ આંખ ઠારવાની આશાએ શાન્તારામ ડોસા બુઢાપાનો દસરડો કરતા હતા. શાન્તારામને પૂરાં પાંસઠ થઈ ગયાં પણ એમને દાદા કહી મૂછો ખેંચતો, કાલુંકાલું બોલતો, લાકડી પડાવી લઈને ઘોડો કરી દોડી જતો પૌત્ર દેખવા ન મળ્યો.

પૌત્રીઓ બે હતી. બહુ જ મીઠી હતી. શાન્તારામને પણ શરુઆતમાં ઠીક લાગતી. પણ પાછળથી એમને કોણ જાણે કશો રસ ન રહ્યો. ત્રીજું બાળક પણ પહેલાં બેની જ જાતનું જોઈને તો એમને કિસનનાં બાળકો માટે રીતસર કંટાળો જ આવવા માંડ્યો. સુખમાં ગયેલી આખી જીંદગી પર શોકની છારી ફરી વળવા લાગી. શાન્તારામની દીકરીઓ—જે કરતી હતી તેને કે કિસનને પોતાને કુળદીપકની તાલાવેલી ન હતી એટલી ડોસાને હતી. ઊલટું એ લોકો અધીરપ ન હોતાં બનાવનાં એથી ડોસાને ચીડ ચડતી. ધીમેધીમે ડોસાનો જીવનઉલ્લાસ સાવ ઓસરી ગયો. હંમેશ ચાર માણસ વચ્ચે વાતોના તડાકા ચલાવતા એ ય બંધ થઈ ગયું, ને મૃત્યુ માટે બીજી બધી તૈયારી પૂરી થઈ જવા છતાં પૌત્ર જોવાની તીવ્ર વાસનાને લીધે મૃત્યુ કષ્ટરૂપ થઈ પડ્યું.

ડોસાની ઉમ્મર વધતી ગઈ તેમ નીરાશા પણ વધતી ચાલી. ચોથું ને પાંચમું બાળક પણ અણગમતું જ હતું. ચોથીવારની દીકરી નસીબદાર કે કમજાતનું પાણી સુદ્ધાં ખોટયા વગર ચાલતી થઈ. હવેનું બાળક તે દીકરો હશે એમ શાન્તારામને શ્રદ્ધા હતી. 'અમારા વંશમાં એમ જ બનતું આવ્યું છે!' કહીને તે વધાવતી ઊખેળતા. ખરી વાત તો એ હતી કે માત્ર એમને ત્યાં જ પાંચ દીકરી કેડે કિસન અવતર્યો હતો. બાકી એમની વંશાવળીના જ્ઞાન પ્રમાણે પણ પહેલા ચાર પેઢી ઉપર ને બીજુ સાત પેઢી ઉપર એ પ્રમાણે બન્યુ હતું. છતાં આશા અમર છે કહીને કોઈ ડોસાની વાતમાં અવિશ્વાસ બતાવતુ નહીં

શાન્તારામને કોઈ કોઈ વાર થઈ આવતું કે પોતે ભરસુખમાં હતા ત્યારે જીંદગીનો અંત આવ્યો હોત તો કેવુ સારૂં! અત્યારે આમ ભવિષ્યની

મુંઝવણથી પીડાવાનું તો ન રહેત. આપણે તો [illegible] આગળી [illegible] [illegible] એને ગમે એમ એમને લાગતું હતું. [illegible] છે ને [illegible] પારકાની ઘર સંભાળશે. આ ઘરબાર ને [illegible] કિસન પછી કોઈ જ નથી ને?

પડોશીને ત્યાં દીકરાદીકરી હતી. પડોશણે કદી શાન્તારામની છૂપી વ્યાકુળતા [illegible] ડોસાને ગુસ્સાનું કારણ આપ્યું ન હતું. પણ મારી લાચારીથી જે શાક થાય છે એમ માની ઘર્ડને શાન્તારામ ઘણીવાર ધૂંધવાઈને ન બોલવાનું બોલી પણ બેસતા: 'મારી પુંઠ તમારે આવી છે, તમારે!' અને બહુ કોપાયમાન થઈ જાય ત્યારે, 'મારા કિસનને કદીક કે તારી પછવાડે ઘરમાં તણખો મૂકતો આવજે, પછવાડે!' પોતાના બોલવામાંથી એકાદ શબ્દને ભારપૂર્વક છેવાડે લાવીને દાંતના કચકચાટ સાથે વાક્ય પૂરું કરવાની આગળના દિવસોમાં એમને ટેવ પડી ગઈ હતી. ન હોય ત્યાંથી દુઃખી થવાનું કારણ એમને મળી આવતું. એમાં પડોશીના છોકરાની પાંચ દીકરા વચ્ચે બોટની, જોઈતી એવું લાડકું નામ પામેલી દીકરીને કોકવાર નમતા બપોરે અજબ મધુરા કંઠે ગાઈ બેસતી કે

લીંપ્યું ને ગૂંપ્યું મારું આંગણું,
પગલીનો પાડનાર દ્યો ને......

ત્યારે ડોસા એકદમ ખીજાઈ જતા અને રડી પણ પડતા. જોઈતી એની મેળે ગાયે જતીઃ

ધોયો ધફેયો મારો સાણુસો
ખોળાનો ખૂંદનાર દ્યો ને...

શાન્તારામ એકવાર તો એટલા ધૂંઆંપૂંઆં થઈ ગયા કે અડધું ગામ સાંભળે એવી બૂમ પાડીઃ 'જો, આ ધોયકાણું કેમ્યું છે, ધોયકાણું?' પણ જોઈતી એનું નિર્દોષ ગાણું ઓછું બંધ કરવાની હતી? કંટાળીને શાન્તારામ એમના ખાટલા પર પરશાળમાં બેઠાબેઠા મનથી ગણગણતાઃ 'શું સમજે છે એ કાળમુખી? કાંઈ મારા કિસનને વાંઝિયામેણું ઓછું છે? દીકરીએ દીવો રહેશે, દીકરીએ!'

કિસનની વહૂને બાળક અવતર્યું ત્યારે રાત પડી ગઈ હતી. કોઈએ પડોશમાંથી થાળી વગાડી ને આખા ફળિયામાં વધાઈ ફેલાઈ ગઈ કે

[illegible]

[illegible] જ નહીં. શાન્તારામનો હાથ [illegible] હૃદય પણ [illegible]
[illegible] ભૂલી [illegible]

[illegible] શાન્તારામની સ્થિતિ [illegible] ડોસાનું
મોત [illegible] એમ લાગતું હતું. હવે તો ડોસાના
[illegible] પણ [illegible] કિસનની વહુને [illegible]
'[illegible]! [illegible]' અને [illegible] કાનમાં
આંગળી નાંખી દેવું [illegible] ડોસાને [illegible] કે "હાશ, વસવસાનો અમરપટો
લખાવ્યો એ ને [illegible] માજમના હાથની વાત છે!" તો
શાન્તારામ એને [illegible] 'હા હા હું બધું ય જાણું છું. એ કાંઈ
[illegible] જેવા નથી.' [illegible] ઓરડીઓ
[illegible] દીકરો [illegible] ભૂરી [illegible] કરી
હતી એ જ કે [illegible] મારી પાસે ને શીદને બધું બોલાવો છો! એના
મોંઢાનો રંગ જુઓ, [illegible] શાહી જેવો અને મોઢાની મોકળાશ જુઓ!
[illegible] હવા બધું અત્યારે મારી [illegible]
છો! અમારે એવું નથી કરવું એટલે જ તમારા જેવાને અમારી નાનમ
ભણી આંગળી ચીંધવાનું મન થાય છે ને? થાય ભાઈ, થાય!'

ડોસાની તબીયત લથડતી ગઈ. ઉંમર પણ હવે ઓછી થઈ ન
હતી. પણ એ તો કહેતા કે 'અમારામાં કાચા મરણ થયા જ નથી.' અને
દવાદારૂ લેવાને બદલે 'અમારે અમારી જૂની [illegible] દવા ભલી!'
કહી ભૂવાજતિને બોલાવતા અને પોતાની બિમારીને [illegible] કિસનની વહુને
દીકરો અવતરે એ માટે ભૂવાઓને અને જતિઓને કાકલુદીપૂર્વક
વીનવણી કરતા.

ધીમે ધીમે શાન્તારામના જીવનનો અંત પાસે આવવા લાગ્યો. કોઈ

ભરી લાગણીનો જવાબ કે જાણે એમને માટે કંઈ કરવા જેવો હો તો કંઈ એવી ઊકળતા: 'મને તે શું થયું છે? હું કાંઈ ઓછો મરવાનો છું, મારા કિસનનું રૂડું જોયા વિના? એની વહુનું કાંઈ કરો, વહુનું!'

પણ ધીમેધીમે શાન્તારામને પણ મનમાં વસી ગયું કે પોતાને ઈશ્વર કુલદીપકનું મોં જોયા વગર જ ચાલ્યા જવું પડશે, અને આંખો મીંચાઈ જાય એવાં સર્વનાશનાં ચિત્રો એમની દૃષ્ટિ સમક્ષ તરવરવા લાગ્યાં. કિસનની પછી આ બધું પરંપરાનું કારભાર, પાઘડીઓ વગેરે કુળાચાંતિયા થઈ જશે, અને એ એવું થઈ જશે એનુ ચિત્ર જોવા પોતાને જીવવું પડશે, એ વિચારે એમના મોતની બધી મજા બગાડી દીધી. એના કરતાં તો કિસન ન હોત, હું ય ન હોત, બાપદાદા ય ન હોત તો સારું એમ એમના મનમાં ઘોળાવા લાગ્યું. ભૂતકાળ સાથે સંકળાયેલાને પોતાની જોડે સારું ભવિષ્ય સંકાય એવી વૃત્તિ જાગે છે એનો શાન્તારામનુ મન પૂરાવો બની રહ્યું.

નાથુભુવો ડોસાના કાનમાં એના જાડા હોઠ વચ્ચેથી ગણગણતો: 'જીવી જાઓ, રામજી, કનૈયાકુંવરનું મોઢું ભાળીને કળજગનાં સો પૂરાં કરો! નાથુની ફૂંક હજી લગણ તો માતમજી મારી માએ પાછી ઠેલી નથી.'

પણ શાન્તારામની મનોદશા બધી બાજૂથી પીસાતી હતી. હવે જો કોઈ આવીને કહેશે કે કિસનને દીકરી આવી તો ગાંડા થઈ જવાશે એમ એમને—અર્ધા ગાંડા હતા એ સ્થિતિમાં પણ—હદેશત લાગતી હતી. એમના મનમાં જેટલી તીવ્ર વેદના હતી તેટલી બીજા કોઇનામાં ન હતી એટલું જ નહીં, પણ એમની વેદના સમઝવા પૂરતી પણ ઓછામાં સૂઝ હશે. પણ એમ તો દુનિયામાં ઘણા યે માણસોની ઘણી યે વેદનાઓ અણ-ખૂઝી ને અણપંપાળી શમી જાય છે.

નાથુભૂવાએ એક દિવસે ડોસાના કાનમાં મઝાનો ફડ્ફડાટ રેડયો:

'આઠમો જાય છે, રામજી! મહીનો જીવી જાઓ, તો તમારું મોત સધરશે, બીજું શું? માજીએ મને શમણું દીધું કે મારી ડાંગ તમારા કનૈયાએ સંતાડી દીધી.'

શાન્તારામ અરધું સંભળાય, અરધું ન સંભળાય એમ લવ્યા: 'એ કનૈયો સ્તો! કયાં જસોદાનો પેટનો જણ્યો હતો? દુનિયા તો કે'દાડાની સૌની આંખમાં ધૂળ નાંખતી આવી છે, ધૂળ.' નાથુભૂવાએ એક પયગં-

[illegible] એમ [illegible] ઈશારા કરીને પોતાના મનથી જ કહ્યું: 'કોણ હતું કે [illegible], [illegible] હતું! [illegible] [illegible] ન હોય તો!' અને [illegible] હાથમાં ન હોય [illegible]

*   *   *

હિમતની વહુને દિવસ પૂરા થવા આવ્યા હતા એ [illegible] [illegible] ની [illegible] ખબર [illegible] પોતાની [illegible] ની [illegible] [illegible] [illegible] 'હિમતનું મોં જોવા ન મળ્યું' [illegible] ઓછું ને [illegible] શાન્તારામના મનમાં [illegible] હતી! પોતાની અંદરથી [illegible] [illegible] ઘરનો વખતે [illegible] આ સ્થૂળ [illegible] ને શી રીતે સમજાય?

ડોસાને જીવ પર ઊનાકે એવી સ્થિતિ હતી. [illegible] ત્યાં અંદરના ઓરડામાંથી કોઈ આવીને [illegible] બાર [illegible] બાઈઓને અંદર બોલાવી ગયું. કોઈક ગણગણ્યું: 'કેમ, હિમતની વહુને ઠીક નથી?'

શાન્તારામના હાથની નાડી ઝાલીને વૈદ બેઠા હતા. 'બસ!' એમ નિસાસો મૂકીને બોલે છે ત્યાં એક બાઈએ આવીને વધાઈ આપી: 'શામજી, હિમતની વહુને દીકરો આવ્યો!'

કોઈક કહે છે કે એ વખતે નાડી પળવાર છટકીને ઠેકાણે આવી અને શાન્તારામના હોઠમાંથી અર્ધસ્ફુટ શબ્દો આવ્યા કે 'શીદને મારી, મરતી વખતે, દુ:ખિયારી મશ્કરી કરો છો?'

પણ અફસોસ અને અર્ધ ઉલ્લાસના એ વાતાવરણમાં નીચેની ટીકાઓ તો ઘણાંએ સાંભળી હશે:

'જુઓ, આ આટલું સુખ લખ્યું હતું તે પણ ડોસા પામીને મૂઆ!' કોઈનો અવાજ આવ્યો. બીજું કોઈ બોલ્યું. 'ડોસાએ ખોળિયું બદલ્યું, મારા ભાઈ! આગલા ખંડમાંથી અંદરના ખંડમાં ગયા એટલું!'

—[illegible]

પ્રકાશિની

[૧*]

પૃષ્ઠ ૨–૫ સંમતિ–રજા, અનુમતિ. પ્રયોજન–કારણ. તારીફ–વખાણ, કીર્તિ–યાદદાસ્ત, સ્મરણશક્તિ. સંબન્ધ...હુ :—વાતચિત થઇ એટલે સંબંધ–વાળો–સમજાય છે. 'પૂર્ણ' અહીં અશુદ્ધ છપાયલો શબ્દ છે. તેને બદલે 'પૂર્વ' વાંચો. રઘુવંશ–મહાકવિ કાલિદાસનુ એ નામનુ મહાકાવ્ય. એમાં સૂર્યવંશીય રાજાઓનો ઇતિહાસ કાવ્યદૃષ્ટિએ વર્ણવાયો છે. વહીવટદાર–મામલતદાર. પુરાવો–સાહેદી, સાક્ષી, સાબીતી. નાયબ ફોજદાર–ઉપ ફોજદાર, જમાદાર. નોંધણીદાર–સબરજિસ્ટ્રાર. પ્રાર્થયિતા–માગનાર ભલામણ–શીફારસ. કાન ભંભેરે–ફરેફરણી કરે. મહાશય–ગૃહસ્થ. સકારણ–યોગ્ય, વાજબી. સુધરાઈખાતું–મ્યુનિસિપાલિટી ડેપ્યુટેશન–પ્રતિનિધિમંડળ. આનાકાની–કચવાટ, અનિચ્છા.

પૃષ્ઠ ૬–૧૦ બક્ષિસ–ભેટ, સોગાદ. આદમજાત–આદમીની જાત, મનુષ્યજાતિ. ફિલસુફી–મર્માર્થ, તત્ત્વજ્ઞાન, Philosophy. બરતરફ–કાઢી મૂકાયલો. વિસ્તારી–વિગતવાર પુનરુક્તિ–ફરીફરીને કહેવું તે. સજ્જ–તૈયાર. માથાકૂટ–કડાકૂટ. વસુલાતખાતુ–જમીનમહેસુલખાતું, રેવન્યુ ડિપાર્ટમેન્ટ. ની જમા કહાડવી–ઉત્પન્ન કરવી. હેરાન–દુખી. હાંસી–મશ્કરી, હસારત. નિઃસ્વાર્થ–ઓછવનું પરવા–તમા. હરકાર હરામી–આળસુસાઈ, થોડા વખતની. કોન્ટ્રાક્ટી–કોન્ટ્રેક્ટર, કરારથી કામ કરી આપનાર. છાઈ–ધૂળવાળો ચૂનો. આરામી–કામી અદાવતીઆ–દ્વેષીલા, ખારીલા, કીનાખોર. નનામી અરજી–કોઈ નામે અરજ કરવી એ કાર્ય દોષકારક ગણાય છે. તજવીજ–તપાસ. રિપોર્ટ–નિવેદન અહેવાલ રોજ–રોજી. રોજની મજૂરીના પૈસા. પગારુ–

* આ સંખ્યાંક નવલિકાનો અનુક્રમ સૂચવે છે

ભરપાઈ કરૂં. મન મનાવવાં–સાંત્વન આપવી. ચશમપોશી–ઊંધુંચત્તું કરવું તે. તુમાર–પત્રવ્યવહાર, કાગળિયાં. લેવી–સભા.

પૃષ્ઠ ૧૧–૧૫ મણિશંકર–મણિશંકર રત્નજી ભટ્ટ. 'કાન્ત' ઉપનામથી એ કવિ તરીકે સુપ્રસિદ્ધ છે. હક્ક–અધિકાર. કુલ અખત્યાર નદાવે–નિર્વિવાદ રીતે અને બીનદાવે. અઘાટ–હંમેશને માટે. આ દસ્તાવેજી શબ્દપ્રયોગ છે.

[૨]

તા'–તાર, વળ. અસલ આમ કરવું એ બહાદૂરી ગણાતી. જગજાહેર–લોકપ્રસિદ્ધ, હેરત–નવાઇ. પોરસ–વીરત્વ, પાનો. ગુણાનુરાગી–વખાણનાર. મારણ–લૂંટ, હાથ મારવો તે અનુચર–સેવક, તહેનાતી. સાસ–શ્વાસ, પ્રાણ. અચખૂચ–મળ્યા કર્યા વગર. તુંહિ, તુંહિ–તું જ એક, તું જ એક, વિરલ વ્હાય–વાહ. વજ્ર–ઇન્દ્રનું હથિયાર, ભયંકર અસ્ત્ર. પોરસેલ–વીરત્વવાળો. અજોડ –અજોડ, એક જ, મારકણા–ખૂનતરસ્યા. ઢંગધડો–સમતોલપણું. વિમાસણ –વિચાર. વેલડું–વાહન. હેલ–બેડું. પાદર–ભાગોળ. હંસગતિ–રાજહંસના જેવી સ્ત્રીની મનોહર ચાલ.

પૃષ્ઠ ૧૬–૨૦ સાનંદાશ્ચર્ય–આનંદ સાથે નવાઇ. હીંચ–ઘૂમતી ચાલે ચાલવું તે. હકડે–અહીં કને, અહીં. દાયરો–જલસો. અલૌકિક–દૈવી. કામિની–પ્રેમાળ સ્ત્રી. વિમાસી–વિચારી. એરૂ–સાપ. રાફડો–દર. અવગણના–અપમાન. કરકરગડી–હાડડી, મેલી. એંધાણ–નિશાની. કસોટી–પરીક્ષા. રવાજ–વાજું. કુંદ–ખોખરૂં. સોરવ્યું–ગમ્યું, અતીત–બાવો. અડંગા–ધામા. ટાળી દેવો–પૂરો કરવો. જાન–વરયાત્રા. જાનૈયા–વર સાથેનું સાજનમંડળ. મોળિયું–ફેંટો, ફાળિયું. વધ–હત્યા. વરતી–જોતી. કૂખ–સોડ, પાસું.

પૃષ્ઠ ૨૧–૨૫ અકથ્ય–વર્ણવી ન શકાય એવો. હલમલાવી–ખળભળાવી. આનાકાની–હાના, હોસાતૂંસી. આજીજી–વીનતી. ચટકો–મેણું.

[૩]

બૉસ્વેલ અને જૉન્સન–પ્રખ્યાત અંગ્રેજ સાહિત્યકારો. બંને મિત્ર હતા. પહેલાએ બીજાનું અદ્વિતીય જીવનચરિત અંગ્રેજીમાં લખ્યું છે. ફીદા–ખુશખુશ.

-અજિત. ઈશનેઅલ-વરણાગિયા. મતિમંદ-બેવકુફ, કમ અક્કલના.
[illegible]-જીવનકથા, ચરિત. આર્થિક-પૈસા સંબંધી. અનુયાયી-સેવક, મતાનુસારી.
[illegible]-સુધારો. હટાર-ફરવા જવું તે. સહેલગાહ. પંચાત-વાંધો, ન્યૂનતા.
[illegible]-યુગ. વાક્ચાતુર્ય-બોલવાની છટા. જનકવિદેહી-એ નામનો પ્રાચીન
[illegible] રાજર્ષિ. અશોક-બૌદ્ધધર્મી મહારાજા. બેડો-વહાણ. પાર-સામો કાંઠો.
[illegible]-સ્વર્ગસ્થ. પાંખડી-પાંખ, કલ્પના. પેગામ-સંદેશ.

પૃષ્ઠ ૨૬-૩૦ એકપગે-ઈન્તેજાર, આતુર, તલપાપડ. પૂરવાર-સાબીત.
[illegible] કૌટિલ્ય-અર્થશાસ્ત્ર રચનાર અંગ્રેજ લેખક. ટાંચણ-ઈસારા, ઉલ્લેખ.
[illegible]લાલસા-ઈન્દ્રિયોનું સુખ ભોગવવાની ઈચ્છા. શિલ્પીઓ-આરસનાં પૂતળાં
[illegible] કલાકારો. શિરોમણિ-નાયક. ધત્તીંગ-ઢોંગ, મિથ્યાચાર. વિરાગી-
[illegible], ત્યાગી. પૂર્વાશ્રમ-જીવનનો પૂર્વ ભાગ. ખલેલ-વિઘ્ન. પદ્માસન-
[illegible] વાળીને યોગ માટે કરેલું આસન. તેજોમય-પુષ્કળ તેજભરી. તલસ્પર્શી-
[illegible] ઊંડેલાં, ઝંખના કરતાં. આદિ-પહેલો, આદ્ય. સ્મૃતિકાર-ધારા બાંધનાર.
[illegible]ણામ-નમસ્કાર. સાર્થ-મહેલ. હિમાયતી-પક્ષકાર. વાસનાઓ-ઇન્દ્રિયની
[illegible]ઓ. દિગ્વિજય-સર્વગ્રાહક જીત. ભગવાન ચાણક્ય-પ્રાચીન મુત્સદ્દી
[illegible] કૌટિલ્ય. કાર્યદક્ષતા-કામ કરવામાં કુશળતા, પ્રાવીણ્ય.

પૃષ્ઠ ૩૧-૩૫ દિગંત-દિશાઓના છેડામાં, પૃથ્વીની અંતિમ મર્યાદાઓમાં.
[illegible]-બીકણ, નામર્દ. સ્પર્ધા-સ્પર્ધા. મરસાઈ. ભાગ-હમભખ્ખી, દુર્દશા.
[illegible]-ઇજનેરો ધાતુશાસ્ત્રી ને વૈજ્ઞાનિક. વલ્કલ-ઝાડની છાલ કે રેસાનાં
[illegible]. નારદ-બ્રહ્માના માનસપુત્ર. વિસ-મૃત્યપત્ર, ઇચ્છાપત્ર. સશક્ત-શક્તિ-
[illegible], સબળ. અંતર્ધાન-અદૃશ્ય થવું તે.

[૮]

ભાતું-વાટખર્ચીનું ખાવાનું. ગમગીન-દીલગીર, દિલ્હેગસ્યો. આર્દ્ર-
[illegible] ર્હ્યું. ભ્માલ્લ્યું

પૃષ્ઠ ૩૬-૪૦ [illegible]-સ્વર્ગસ્થ મનુભાઈ હરગોવિંદદાસ કાંટાવાળા. પ્રેમા-
નંદને નામે ચડેલાં બન્નુ નાટકો પ્રેમાનંદનાં નથી એ પક્ષના એ પ્રમુખ

હતા. પેલા ભાઈ—શ્રી. ગટુભાઈ લાલભાઈ ઊમરવાડિયા. 'ગુજરાત' માસિકમાં એમણે 'આપણા મહાજનો' એ લેખમાળા લખવી શરૂ કરી હતી તેમાં આ ઉલ્લેખ કર્યો હતો. ઑપરેશન—શસ્ત્રક્રિયા. ઝનાના—માત્ર સ્ત્રીઓનું. સ–ધુર–પરણેલા છતાં પત્નીવિયોગી. આલંબન—આશ્રયસ્થાન. આસક્ત—બહુ જ મુગ્ધ, ગાંડો. પોમલો—પત્નીઘેલો. અડવું—લૂખું. મકરાણી—કાઠિયાવાડની એક મુસલમાનજાતિનો આદમી. જામગ્રી—જામગરી. સુરભિસુત—ગાયનો પુત્ર, આખલો, બળદ. પ્રભુત્વ—સર્વોપરિપણું, સત્તાધીશતા. પ્રોષિતપત્નીક—જેની સ્ત્રી પરદેશ ગઈ હોય તેવો પતિ. ઉપેક્ષા—બેદરકારી. ગમગીન—શોકલીન. પ્રગલ્ભતા—વધારે પડતી હિંમત, ઉચ્છૃંખલતા. દીનોનાથ—દીનાનાથ—ગરીબનો બેલી. લથડબથડ—ઉપરાઉપરી ખડકાયલાં. વાંક–વાંક, મરોડ. તરવાડી—ત્રિવેદી. પંડ્યા—પંડિત. સ્નાડીબાર—શાહે, બાર. સગે—પોતાને. ચાંદલો—વાગ્દાન, વેશવાળ. સાક્ષાત્—પ્રત્યક્ષ, હાજરાહજૂર. મહામાયા—દેવી, આદ્યશક્તિ. ઝગારા—ચળકાટ. માનતા—બાધા, આડી, આખડી.

પૃષ્ઠ ૪૧–૪૫ જંપવા—શાંતિથી રહેવા દેવા. લાજ—ઘૂમટો. શીકરો—થૂંકના છાંટા. અજ્ઞાત—નહીં જાણીતા. એમ—આ પ્રમાણે. કાઠિયાવાડી ભ્રષ્ટ શબ્દપ્રયોગ. 'આમ' પ્રયોગ શુદ્ધ કહેવાય. કાઠું—શરીર. કાગળદાબણિયું—પેપરવેટ. મુદ્રા—ચહેરો.

[૫]

સહાધ્યાયી—સાથે અભ્યાસ કરનારા. નિષ્કામ—સ્પૃહા વગરની. ક્રીડા—રમત. સુરવાટિકા—દેવની વાડી, નંદનવન. અનન્ય—એકનિષ્ઠ. સ્થિતપ્રજ્ઞ—સ્થિર બુદ્ધિના. અસ્તાચલ—જેના ઉપર સૂર્ય આથમે તે પર્વત.

પૃષ્ઠ ૪૬–૫૦ શોહવતાં—શોભાવતાં. દૂલાવતી—ઉછાળતી, ઝૂલાવતી. બાગાયત—દ્રુમવૃક્ષોથી રસાળ. જીવનવિધાન—જીવનવિધિ, પ્રકાર. ચર્યા—છળવટ. બેલડીઓ—જોડાં, યુગલ. સહચાર—સહધર્માચાર, સાથે રહી ફરજ બજાવવી તે. પયાણુ—પ્રસ્થાન. આધ્યાત્મિક—આત્માને લગતા. અવનતિ—પડતી, દુર્દશા. અભિનન્દન—ધન્યવાદ, શાબાશી.

કર્મિષ્ઠા–ઉદ્યમી. અભિનંદન–ઉત્સવ, ઉજમણ. ગૌરવ–માન, અંબોળી–વહેંત. મહાત્મા–વિદ્વાન. સદ્ભાગ્યવતિ–સૌભાગ્ય ભોગવતી. પુનઃ દર્શન–ફરીને મળવાની. આશી સહાયપૂર્વક–જ્યાથી દરવાજા–ઉઘાડ કાઢી નાંખે એવું. આકર–કાર વિલાપ. મોહીત–નિષ્કિલતા. નિકૃષ્ટ–અધમ, પાતળી. પ્રાર્થના–ભિક્ષાવૃત્તિ, ગીધ કરવાનો. પદ્ધિવર–અભ્યુદય. વિપત્–વિપત્તિ. પુરુ કરી–ત્રણેય ગવે, આર ઢળે છે દાય તેમ. નિરંકુશ–અટકાવ વગરનાં–ભાગો. વહાર–મદદ, આશ્રય. મહાન–નિમિત્ત. આફત–આપદ, દુઃખ. એકનિષ્ઠ–ત્યાગી અભિલાષ. સમાનશાસ્ત્રીઓ–સમાનવિષયક જ્ઞાન ધરાવનાર. દાર–દરવાજો. અપાય–નુકસાન ઉદ્ગાર, વગાડ. નિનાદ–અવાજ, તાદશ ચિત્ર જેવું આકાર–ઉપરથી આકૃતિ પુષ્પહારો. આપવી–ન્યાયની કરેલીમાગણી તે. વિનિમય. મર્મ–મર્મભાગ, ખાસ ભાગ. મરતાની–મરણીયો, તોફાની, ટોળાં. નનિમોગભરી–ત્યાગી, આત્માર્પણવાળી. તલ્લીન–ગરક. ગરકાવ અગાસુ–અહિંય, વગર વપરાતી.

પૃષ્ઠ ૫૧–૫૫ પાળી ભરાવદી–ચડી જશે. વાસણી–આક્રમ, વખ્યા. વસુંધરા–પૃથ્વી, ભૂમિ. મૃગ–મૃગ, આરણ. નામમહિમા–નામ પ્રમાણે ગુણ, મદના. સંન્યાસોચિત–જગતને મિથ્યા ગણી ત્યાગી પ્રભુમાં રમ લે એવી. નમતી–આથમતી, ઢળતી. સમારંભ–શુભ શરૂઆત. મનગી–એકતાનથી કાર્ય કરનાર. ત્યાગ–દાન. દૂરદર્શી–લાંબી નજર કરતી, વિચારપૂર્વક કામ કરતી. આન્તર–ભીતર, અંદરનો. સગભરા–મહેમાનગીરી. સુમન–સૌમ્યાગણી. ધારણા–હેતુઓ. મહદ્વના–નિઃશ્વાસપૂર્ણ. સ્મરાવલિઓ–યુદ્ધાલેખ્યો. ધ્યેય–ઉદ્દેશ મહાનુભાવી–મહાશય, મોટા દીલના, ઉદારચરિત. પ્રભાવ–છાપ. દીક્ષા–વ્રતધારણનો વિધિ. ઉચ્ચગામી–ઊંચે ચડાવનારો. વિલીન–એકાકાર, એકરસ. શોકાવેગ–શોકનો ઉભરો લક્ષ્ય–ધ્યેય.

પૃષ્ઠ ૫૬-૬૦ અનુમોદતો–સમતિ મેળવતો. મહાનુભૂતિ–સમભાવ. નીરમ–સૂકો. શ્રેય–આધ્યાત્મિક કલ્યાણ. અનુચિત–અયોગ્ય. દષ્ટિમર્યાદા–ક્ષિતિજ, આકાશપૃથ્વી જ્યાં મળતી ભાસે ને મળે છે તે આભાસરેખા. ખોખરી–ગદ્ગદ. શોકભરી. સુધારણા–સુધારા, મારા ફેરફાર. જીરવવાને–પચાવવાને. નિઃસત્વ–દમ વગરનાં. ઉપાંગ–બીજું અંગ. પક્ષકાર–વકીલ. નવવધૂઓ–નવો–

[illegible] નીરાજન—[illegible], નિર્ગુણ. [illegible] [illegible] [illegible] નથી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ... [illegible] વાનેતર—વાનગી.

પૃષ્ઠ ૬૧—૬૫ શાશ્વત—હમેશના. કૌમાર્ય—કુમારી અવસ્થા. દીક્ષાના દૈત્યો—દીક્ષામાંના ૭ શત્રુઓ, ષડ્રિપુઓ. [illegible]—[illegible], [illegible] દીપ્તિમાન—ઝળકતા. ક્ષુદ્ર—હલકી, પામર. હસ્તામલકવત્—હાથમાંના આમળા જેવા સ્પષ્ટ, [illegible]. અર્ધ્ય—અંજલિ, પૂજનનું દ્રવ્ય. ભવભૂતિ—કરુણરસ જમાવનાર આપણા એક મહાકવિ. માલતીમાધવ, ઉત્તરરામચરિત, મહાવીરચરિતના લેખક. અરુન્ધતી—વસિષ્ઠપત્ની, સપ્તર્ષિમાં માન અને સ્થાન પામેલાં સ્ત્રીઋષિ. વન્દ્ય—પૂજ્ય.

[૬]

પરંપરા—હાર. ગાઢી—ગાઢ, ઉત્કટ. સમિધ—અરણીનાં કાષ્ઠ, એક હોમદ્રવ્ય. જલધિ—સાગર. ભરચક્ક—ઠસ્સોઠસ. ગૌચર—ચરો. ધર્મપુત્ર—કરી લીધેલો પુત્ર, પુત્રીકૃત. કમોદ—ઊંચા પ્રકારની ડાંગર.

પૃષ્ઠ ૬૬—૭૦ નિરંતર—વણઅટક્યા. અનિમિષ નેત્રે—વગર મીંચાતી આંખે. ઘાટી—ઘીચોઘીચ, નિબિડ. વનરાજિ—વનની સુશોભિત વૃક્ષાવલિ, લીલુંવન. સંતાકૂકડી,—સંતાઘો. મેઘાચ્છાદિત—વાદળાંથી ઢંકાયેલા. નવનીત—માખણ. ગુંજારવ—ગણગણાટ. હરીફાઈ—સરસાઈ, ચડસાચડસી, સ્પર્ધા. કનિષ્ઠ—હલકા, છેલ્લી પાયરીના. અનુકરણ—નકલ. પ્રથા—ચાલ, રીવાજ. રાજસી—સાત્ત્વિક અને તામસી વચ્ચેની. પ્રકૃતિ—સ્વભાવ. દંભ—ઢોંગ, મિથ્યાચાર.

ઘનશ્યામ—વાદળાં જેવાં કાળાં. ભીલાવટ—રંગોળી, રંગપૂરણી. નીલો—લીલો. વિકાસ—ખીલવટ, ઊઘાડ. રોમાંચ—રૂંઆંનું ઊભા થવું તે, રોમોદ્ગમ.

ઉત્તરીય-ઉપરનું વસ્ત્ર. હરિયાળી-લીલીછમ. કાન્ત-સ્વાભાવિક, કુદરતી. ઊભાગોળ-કુંડાળામ. શ્રીકંઠ-શિવ. ભાલતલ-લલાટ. કાંચી, તટ. વજ્રદેહ-ખાતી. કમળાપુર-ખીલવવું કમળ. મોંઘવારી—આરપાર. ઢાળ-કરતી. દીર્ઘ-અરેબ્યા.ત્રિભુવનિર્વિકલ્પના. ઉત્થિતપક્ષના. વિલાસ-મોજ. અભ્યો-દુર્ભેદ. સૌધસંચારિણી-આગી, પ્રણી

પૃષ્ઠ ૭૧-૭૫ ૬૮-કમળની જેમ ભાવિ, ૬૬ આરપાર-શ્વાસ, ૧૯ કાર્ડિયોગ્રાફ. રક્ત-રુધિર. આપાતાળ મોટક-નાભિ ઉર્વી. હલોહલ-આરતી. નીલોત્પલ-ભૂરાં કમળો. વિદ્યુલ્લતા-વિજળીનીરેખા. અપમૃત્યુ-બાપી ન શકાય એવો. દરજ-દેખાવ. દેવાદરી-દેવાની, ધીમી ને કમળની ગંભીર-શાન્ત. વિધવ-મન્દિરમુખ. તૃષ્ણા-ચાહના, સ્પૃહા વશ-તાબે, ગીતાજ્ઞાન. જોતો-જયા ભાર, પીડા, બળા. પુનર્વિધાન-નવરચના ભેરવી-મૂળથી. રૂપાન્તર-બીજું રૂપ, ફેર. અંતર-ફેર, નજર પાસ-પાર્શ્વ પરિપૂર્ણ કાળી-સરખી, ફોગ, અભાવ-દુઃખી. નામૂદ-રદ. ખમીર-સત્વ

[૭]

પૃષ્ઠ ૭૬-૮૦ માનવખંડિયેર-મનુષ્યરૂપી ઈશ્વરનું ક્રમમગતું મહાન પ્રમાણસર-સરખી રીતે સુઘડ. એકાગ્ર-તેજ. કંકેશ-અમધુર, નીધુ. મૂરતીઆ-વર. આચારવિચારવાળા-જૂના રહેણીકરણીના, જૂના સંપ્રદાયના, રૂઢિચુસ્ત સ્વજન-ચોનીકાં માણસ, આપ્તજનો. જનતા-પીડા, ભાર. ચીપી-દર્શાવી. રાજેશ્વરે પગનો મીનાગે. મહામત-સમારંભ.

[૮]

પ્રાયશ્ચિત-ફરી પાપ નહીં કરવાનો અંગીકારવિધિ.

પૃષ્ઠ ૮૧-૮૫ મઘમઘવન્તાં-સુગંધીદાર સુમન-ફૂલ વિષધર-સાપ. રગેરગે-નસેનસ. અટળ-નિવારી ન શકાય એવા ત્રિરંગ-ત્રણવર્ણે જ લખવ, એક. ઉપાસક-પૂજક. શરીરબન્ધ-સાધા. પાપતિમિર-પાપરૂપી અંધારાં. દારુણ-ભયંકર, ભુભુક્ષ. ગાઢત-ઘાતા, આશાઓએ. લાંછન-ડાઘા, આરોપ, કાળી ટીલી. સમીર-પવન. સાન્નિધ્ય-પાસે હોવું તે. નિકટતા. મહાલય-હવેલી, મહેલ જવનિકા-પડદો કથાકારો-વાર્તાકારો, નવલકથાકારો.

[illegible]

પૃષ્ઠ ૮૬–૯૦ [illegible]

[૯]

કાચાપાકું—ચડાખાનું, હોટેલ. મોલવી—મુસલમાન શાસ્ત્રી. આદિકારણ—પ્રથમ કારણ, મૂળ કારણ. જીવનભર—આખી જીંદગી સુધી. નિયમન—વ્યવસ્થા. છીપર—પત્થર. સનેજ—ચાલાક. હરામખોર—હરામખોર. હેવાન—ગધેડો. અદ્વિતીય એક જ, માત્ર એક. ઉપાસના—ભક્તિપૂજન. ભાગીરથી—ગંગા, ભગીરથના નામ પરથી ગંગાને એ નામ મળ્યું છે. પુરોહિત—ગુરુઓ, આચાર્યો. પતીજ—ખાતરી. ભાવ—લાગણી. વેરવિખેર—રખડતા ને અટૂલા. કસી જોવું—તાવી જોવું, કસોટી કાઢવી. કોલ—વચન. વેરણછેરણ—છિન્નભિન્ન. છૂટાછવાયા—એકલવાયા. તાકડે—તકે, અકસ્માત. ઇસુપ્રોક્ત—ઇસુ (ક્રાઇસ્ટ)થી ઉપદેશાયેલો. તત્ત્વાર્થસાર—સત્ત્વ, તારણ. ઇમાન—યકીન, આસ્થા, શ્રદ્ધા. દીન—ધર્મ, મઝહબ. જીભાન—બોલી, જીભ, જબાન.

પૃષ્ઠ ૯૧–૯૫ ઉદ્ધાર—મોક્ષ, મુક્તિ. લામાઓ—ટિબેટના બૌદ્ધધર્માચાર્યો. આતશપૂજકો—પારસીઓ, જરથોસ્તના ધર્માવલંબીઓ. તેઓ અગ્નિને પૂજે છે. યથાર્થ—વિધિસરની. ટેકો—અનુમોદન. સ્વસ્થ—શાંત, ઉશ્કેરાયા વગર. નાંગરેલું—લંગર નાંખી થોભાવેલું. સતત—ચાલુ. મુરાદ—ઇચ્છા. બર લાવવા—

ફલ કરવા. સ્વગત–આત્મગત, પોતાને ઉદ્દેશીને. સાવ–પૂરેપૂરો. અસ્તિત્વ–હયાતી, ભાવ. ગામૂત–સહીસલામત. ગોરદેવતાઓ–ગુરુદેવો, બ્રાહ્મણો. અબૂઝ–અજ્ઞાન. સફર–સમુદ્રયાન, સમુદ્રપ્રવાસ. હિલચાલ–ગતિ, ક્રમણ. નાખુદો–મુખ્ય ખલાસી, કૅપ્ટન.

પૃષ્ઠ ૯૬–૧૦૦ નિરીક્ષણ–અવલોકન. પ્રસાદીઓ–કૃપા, મહેરબાની. સુગમ–સહેલા.

[૧૦]

ચકિત–આશ્ચર્યડૂબ્યાં. લથડી પડી–મરણની પથારીએ સૂતી. મલપતા આછુંઆછું હસતા. ભીતર–અંદરનો ભાગ, અભ્યન્તર.

પૃષ્ઠ ૧૦૧–૧૦૫ ઠઠ–ટોળું પ્રકાંડ–મોટો, પ્રચંડ. દેવરૂપ–સ્વર્ગસ્થ.

[૧૧]

અવસાન–મૃત્યુ. આલબેલ–ચોકી, All Well. ગ્રામ્ય–અસભ્ય. માણજો–ભોગવજો. ઉત્કટ–તીવ્ર, બલવાન. આશરે–પલ્લે. કોડીલો–મહત્ત્વાકાંક્ષી. માનસમૂર્તિના–મનથી કલ્પેલા પતિના. અવશેષ–બાકીનું જીવન. નિર્ગમાવવાનું–વીતાવવાનું, ગાળવાનું.

પૃષ્ઠ ૧૦૬–૧૧૦ કચવાટ–ગ્લાનિ. ઊકેલ–ખુલાસો. વંચિત–રહિત, વગરનો. ચિરંજીવ–દીર્ઘકાળના. ભૃત્યો–નોકરો. ઉપકારવશ–ઓશીંગણ, ઋણી. શુશ્રૂષા–ચાકરી, સારવાર. હતાશ–આશાભંગ, નીરાશ. વિકૃતિ–ફેરફાર ગૂંગળાટ–અમૂંઝણ. યંત્રવત્ ('મત્ર' છાપ અશુદ્ધ છે)–સંચા માફક. સોંસરો–સીધો. સંશય–આશંકા, અનિષ્ટના વિચાર. કપોલ–ગાલ. પડળ–પડદા, અસ્તર, અંધારી વિચારના ભૂતાવળ–એક પછી બીજી લખ્ખાબંધ વિચારસૃષ્ટિ. નિઃશબ્દ યામિની–શાંત રાત્રિ. આધિપત્ય–સત્તા, 'હું માતા છું' એ વિચાર. વિધાતા–નસીબની દેવી. અભિજાતદર્પ–એક જ ઉંચના આત્મનિર્ભર્ત્સના–આત્મનિંદા, તિરસ્કાર.

પૃષ્ઠ ૧૧૧–૧૧૮ સાવચેત–સાવધાન. તત્પર–તૈયાર, આતુર. કોડ–અભિલાષ. પરિપ્લુત–નિમગ્ન, પરખેલા કુરબાન–અર્પિત. સ્વીકૃત–સ્વીકારાયેલો.

ગોદ–સોડ. પાસ–જાળ. અક્ષુબ્ધતા–સ્વસ્થતા, વણુડોળાણ. તરલતા–ચપળતા, વેગ. અવ્યક્ત–નિરાકાર. વ્યક્ત–આકારવાળા. જ્હીલે–એટલો. અભાવ–અપ્રેમ, અણગમો. માલકી–આધિપત્ય. સુરખી–ગુલાબી તેજ. તીણી–કારમી. બહેબાકળાં–ભયભીત, આંકળાંકાંકળાં. ફાંટો–તોર. અવિભક્ત–વગર ભાગ પડેલા, એક. ગહન–ઊંડી. મરોડ–ફાંટો, ધૂન. લેખું–ગણતરી. અનન્ય–એકનિષ્ઠ. પુનિત–પવિત્ર. પ્રેયસી–પ્રિયા, પ્રણયિની. દોહ્યલું–દુર્લભ. દયામણું–દામણું, દયાપાત્ર, હલકું. તેલ–અહીં જીવનનું તેલ એ અર્થ છે.

[૧૨]

પૃષ્ઠ ૧૧૯–૧૨૫ સમાલોચના–અવલોકન. મંતવ્યો–વિચારો. પારઑદ્રિક–પારકી, બીજી બુદ્ધિને લગતુ. પર–ઉપર ને અતીત. સૂત્ર–ટૂંકાક્ષરી અર્થવાળું વાક્ય. રહસ્ય–ભેદ. પરત્વે–સંબંધી. સફાઓ–તબક્કા, અવસ્થાઓ. વ્યક્ત કરતા–દર્શાવતા. મત્સ્યગંધા–સત્યવતી, શાંતનુ રાજાની રાણી, ભીષ્મ ગાંગેયની અપર માતા. મૉરેલિતી–મૉરેલિટી–નીતિ, morality, સ્તેન્દર્દ–સ્ટૅન્ડર્ડ–ધોરણ, Standard. અદરાઈ ઊઠી–ચાંલ્લા થયા, વાગ્દાન થયું. દુકતો–છોકરો. મીસાલ–ઠેકાણે. દિવિઝન ઑફ લેબર–Division of labour–શ્રમવહેંચણી. ઓવારી નાંખતાં–વારી જતાં, ફીદાફીદા થઈ જતાં. આડમાં–શરતમાં. પ્રતિપક્ષી–સામાપક્ષનો.

[૧૩]

પૃષ્ઠ ૧૨૬–૧૩૦ કિસ્સો–બનાવ. અલભ્ય–વિરલ. ઢકેરો–ડોળ. મમતા–પ્રેમ. જોગવાઈ–ગોઠવણ, બંદોબસ્ત. ત્રગડી–ત્રિવેણી, ત્રિમૂર્તિ, ત્રિભેટો. નાનીસૂની–રેંજીપેંજી, નિર્જીવ.

પૃષ્ઠ ૧૩૧–૧૩૫ તાદૃશતા–આબેહૂબપણું. સ્ફોટ–ફોડ. પાઠ્યક્રમ–અભ્યાસક્રમ. પ્રતાપભાવનાઓ–તેજસ્વી આદર્શો. પીછો–કેડો, અંત. પ્રણાલિકાઓ–પ્રથાઓ. મૃદુલ–કોમળ, લલિત. વિપુલ–વિશાળ. મમત–હઠ. માતબર–મહાન, સમૃદ્ધ. અક્લાતુની–જ્ઞાનમસ્ત. હૃદયંગમ–હૃદયને રુચે એવાં. બુદ્બુદો–પરપોટા. મીન–માછલીઓ. ઝલપઝલપ–તેજછાયાના ઝબકારા મારતી.

વ્યમના-ઉદ્વેગ, ગ્લાનિ. અદભ્રક-પુષ્કળ જ, પાર વિનાની. આલીશાન-ભારશાહી માલેતુજાર.

પૃષ્ઠ ૧૩૬-૧૪૪ ભજૈકડું-નાચવું. ભાંડો. ભૌમ્ય-ભવ્ય. ઉપાકથા-ઉપકથા, ફાંટા. મંજુલ-મોહક. ટહુકો-ધારા, ફાંક. વશવર્તી-સ્વાધીન, પરવશ સંપર્ક-મહત્તા, સર્વાંપરિપૂર્ણ. પ્રશાખા-ઉપશાખા. સ્વામિત્વ-અવશિષ્ટ, બાકીના. પ્રબંધ-વ્યવસ્થા. હરિયાળી-લીલોતરી. ગોઠડી-મીઠી વાત ચચ્ચર-પ્રકીર્ણ, વિવિધતાભરી.

પૃષ્ઠ ૧૪૫-૧૫૦ સમાધિ-કબરરૂપી સ્મરણમંદિર. રતુમડું-લાલીવાળું. કેશકલાપ-અંબોડો, વેણીકલા. માનુષી-અભિમાનીની. ચાપ, ઓર. મહા-વિભૂતિઓ-મહાપુરુષો. જગદ્વંદ્ય-વિશ્વમાન્ય ને પૂજ્ય. અંજલીઓ-અર્ધ્ય. ઓટો-ગ્રાફ-સ્વહસ્તાક્ષર. પરિધાન-વસ્ત્રો. વિષમ-ખાડાટેકરાવાળા. માધવી-એ નામની વેલ. ત્યક્તેન ભુંજીથાઃ-ત્યાગ કરીને ભોગવ એવો અર્થ થાય. સમૈટાર્થ-સંપાર્થ. પ્રસાદિત-કૃપાપૂર્વક આપેલી. અજર-નવયૌવનભર, વૃદ્ધત્વ વગરનું. તળઅતળ-સાત પાતાળોમાંના બે, નીચેથી ઊંચે સુધી. મંગળાચરણ-પ્રભુને પ્રાર્થના કરવાનો વખત, પ્રભુપારંભ.

પૃષ્ઠ ૧૫૧-૧૫૫ વ્યક્તિત્વ-માનવવિશિષ્ટત્વ. મ્લાન-જીનાયલી, પરવશ. પાણિગ્રહ-અહીં પ્રેમકથા અર્થ છે. ગૌણ-મુખ્ય નહીં એવા, આનુષંગિક. રહીઓ-નોટ ગાંધર્વવિધિ-પ્રથમ દૃષ્ટિના પ્રેમ ઉપરથી થતો લગ્નવિધિ. સંશોધનાલય-પુરાતત્ત્વમંદિર. તાગડો-મંત્ર, તરકટ.

[૧૪]

પૃષ્ઠ ૧૫૬-૧૬૨ ત્રીજું નેત્ર-મહાદેવને ત્રીજી આંખ છે ને ઉપરથી ત્ર્યંબક કહેવાય છે. ઈંધણ-બળતણ, કાઠી. માડ-ભાગ્યે જ, પરાણે. અમલ-ઘેનની સત્તા, અસર. નકોરડા-અન્નપાણી વગરના, અનશન. જીવન્ત-પ્રાણવાન. આજીજી-નમ્ર વીનતી, કાલાવાલા. શસ્ત્રપ્રયોગ-શસ્ત્રક્રિયા, ઑપરેશન. ચકિત-વિસ્મિત.

[[illegible]]

[illegible]

[[illegible]]

[illegible] અપ્રગટ [illegible] વર્ષમાં [illegible] સિંહ રાશિમાં આવે ત્યારે. આ યોગ અનેક વાર વર્ષે આવે છે. [illegible] કનિષ્ઠ. શીશી નાડી—[illegible]. ઠસરડો—ઘસરડો, [illegible] ઝારી—પાત્ર. [illegible]—ગાંડપણ, ઘેલછાં. અભીપ્સા—અભીલાષ. વળ—જોર, [illegible] [illegible]. [illegible]—નફ્ફટી, [illegible] [illegible] [illegible]. [illegible] ને [illegible] લીપેલું. ધોયો [illegible]—ધોયેલો ને ચઢીબંધ. ખૂંદનાર—ખૂંદીને [illegible] નાખના[illegible]

કાળમુખી—અપશકુનિયાળ શબ્દ બોલતી. થાળી વગાડવી એ પુત્ર જન્મનું જાહેર સૂચન છે. વધામણી—ખુશખબર. ડઘાઈ—સ્તબ્ધ થઈ, બીકે [illegible] થયેલી. પેરવી—યોજના. ધરો—સમતુલા, ઢંગ. વકર્યાં—વધી ગયાં. વેતર—જણતર, પ્રસૂતિ. ડીલ—શરીર. મોકળાશ—મુખકલા, મોંની આકૃતિ. [illegible]—પુરાણી, ડોસીવૈદાની. ભૂવાજતિ—ભૂત કાઢનારા ને મંત્રવિદ્યાથી સંતતિ આપનારા સંન્યાસીઓ. ફનાફાતિયા—જમીનદોસ્ત, બેહાલ, તારાજ. ગંઠાય—સંકળાય. માતમજી—માહાત્મ્યવાળી. જોગવી દીધું હોત—ઠીકઠીક કરી નાખ્યું હોત. આડઈસારો—આડો ઉલ્લેખ. સ્વાનુભવ—જાતઅનુભવ. અર્ધસ્ફુટ—અસ્પષ્ટ